# રત્ન સંચય

## ભાગ-૯



आचार्य देव श्री रत्नाकर सूरीश्वरजी म.सा. के शिष्य

उपाध्याय श्री रत्नत्रय विजयजी

શ્રી ગોડીજી પાર્શ્વનાથાય નમઃ

શ્રી જિત-હીર-બુદ્ધિ-તિલક-શાંતિચંદ્ર-રત્નશેખર-રાજેન્દ્રસૂરિભ્યોનમઃ

# રત્ન સંચય ભાગ-૬

## શાસ્ત્રાધારે ૨૫૦ વિષયોનો સંગ્રહ


સંપાદક

**આચાર્યદેવશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.નાં**

**શિષ્ય ઉપાધ્યાય શ્રી રત્નત્રયવિજયજી મ.સા.**



પ્રકાશક

**શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય**

માલવાડા-જિ. જાલોર (રાજ.)

પુસ્તકનું નામ : **રત્નસંચય ભાગ-૬**

વિષય : શાસ્ત્રાધારે 250 વિષયોનો સંગ્રહ

પ્રથમ આવૃત્તિ : નકલ - 3,000 સંવત : 2071

સંપાદક : ઉપાધ્યાયશ્રી રત્નત્રયવિજયજી મ.સા.

કિંમત : રૂ. 60 (સાઈઠ રૂપિયા)

**પ્રાપ્તિસ્થાન**

અમદાવાદ : **શ્રી પારસગંગા જ્ઞાન મંદિર**

બી-૧૦૪, કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પીટલ સામે,

શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

● ફોન (ઘર) ૨૨૮૬૦૨૪૭ (મો.) ૯૪૨૬૫ ૩૯૦૭૯.

શ્રી જૈન પ્રકાશન મંદિર

દોશીવાડાની પોળ, કાળુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

● ફોન : ૨૫૩૫૬૮૦૬

મુંબઈ : **શ્રી મણીલાલ યુ. શાહ**

બી. ૧૦૧, ફીલજોય એપાર્ટમેન્ટ, હીંમતનગર ફ્લેટની પાછળ,

એમ.સી.એફ ક્લબ પાસે, બોરીવલી (વે.), મુંબઈ-૪૦૦ ૦૯૨

● ફોન (ઘ) : ૨૮૯૧૧૪૬૯ (મો.) ૯૮૨૦૧ ૮૫૩૫૩

પાલીતાણા : **શ્રી પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર**

ફુવારાની પાસે, તલેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦ (સૌરાષ્ટ્ર).

● ફોન : ૦૨૮૪૮ - ૨૫૩૩૨૩

મુદ્રક : **નવનીત પ્રિન્ટર્સ, શાહપુર, અમદાવાદ. (નિકુંજ શાહ)**

● મોબાઈલ : 98252 61177

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૨૫૧. | સંયમ જીવનને શુદ્ધ બનાવવા સંયમનાં પર્યાયવાચી શબ્દો | ૧ |
| ૨૫૨. | કાઉસગ્ગમાં શ્વાસેશ્વાસનું પ્રમાણ | ૨ |
| ૨૫૩. | આચારાંગ સૂત્રનાં ૧૮ અધ્યયનો | ૩ |
| ૨૫૪. | સૂયગડાંગના ૨૩ અધ્યયનો | ૩ |
| ૨૫૫. | શાસ્ત્રમાં ૧૦ બોલની દુર્લભતા | ૪ |
| ૨૫૬. | વીર્ય અને તેના ભેદો | ૪ |
| ૨૫૭. | ભાવવીર્યનાં ત્રણ પ્રકાર | ૬ |
| ૨૫૮. | આગમનાં ભારી શબ્દોનો અર્થ | ૬ |
| ૨૫૯. | તિર્યગ્ચ પંચેન્દ્રિયનાં પાંચ પ્રકાર | ૮ |
| ૨૬૦. | સાધુનાં વસ્ત્ર-પાત્રનાં પ્રકારો | ૮ |
| ૨૬૧. | પ્રભુવીરનાં શાસનમાં ૯ જણાએ બાંધેલ તીર્થંકર નામ કર્મ | ૮ |
| ૨૬૨. | બત્રીસ યોગાનાં નામો સંગ્રહ | ૯ |
| ૨૬૩. | શ્રમણોપાસિકા જયંતિ | ૧૧ |
| ૨૬૪. | કયા કારણથી કઈ ગતિ મળે | ૧૨ |
| ૨૬૫. | અનંતર સિદ્ધનાં ભેદો | ૧૨ |
| ૨૬૬. | પ્રદેશી રાજાનાં પ્રશ્નોત્તરો | ૧૩ |
| ૨૬૭. | બાદર તેજસ્કાયનાં પ્રકારો | ૧૬ |
| ૨૬૮. | દશ પ્રકારનાં કલ્પવૃક્ષો | ૧૭ |
| ૨૬૯. | ચક્રવર્તીનું કલ્યાણ ભોજન | ૧૭ |

## રત્નસંચય : ભાગ-૬


| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૨૭૦. | કષાય શબ્દનાં અર્થો | ૧૮ |
| ૨૭૧. | શબ્દ ઈન્દ્રિયનો પ્રાપ્તિક્રમ | ૧૮ |
| ૨૭૨. | જીવને આહાર ગ્રહણનાં પ્રકારો | ૧૯ |
| ૨૭૩. | નવનારૂક કારૂક | ૧૯ |
| ૨૭૪. | જંબુદ્વીપનો ક્ષેત્ર-પર્વત-નદી-કૂટનું પ્રમાણ | ૨૦ |
| ૨૭૫. | બારમાસનાં નામો | ૨૧ |
| ૨૭૬. | મેરુ પર્વતનાં ૧૬ નામો | ૨૧ |
| ૨૭૭. | સામાયિકનું સ્વરૂપ | ૨૨ |
| ૨૭૮. | સામાયિક પારવાનું રહસ્ય | ૨૩ |
| ૨૭૯. | ઉત્તરાધ્યયન સૂત્રનાં ૩૬ નામો | ૨૪ |
| ૨૮૦. | દશ વૈકાલિકનાં ૧૦ અધ્યયનો | ૨૪ |
| ૨૮૧. | દશવૈકાલિકનાં છઠા અધ્યયનનાં ૧૮ આચારનું પાલન | ૨૬ |
| ૨૮૨. | અઢાર જાતની લીપી | ૨૭ |
| ૨૮૩. | પ્રભુવીરની ઘોર તપ | ૨૭ |
| ૨૮૪. | કાઉસગ્ગનાં ૧૯ દોષો | ૨૮ |
| ૨૮૫. | અસમાધિનાં ૨૦ સ્થાનો | ૨૯ |
| ૨૮૬. | છ આવશ્યકમાં પંચાચારનું પાલન | ૩૦ |
| ૨૮૭. | પ્રતિક્રમણનાં પર્યાયવાચી શબ્દો | ૩૦ |
| ૨૮૮. | દશ અચ્છેરાનાં અર્થો | ૩૧ |

| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૨૮૯. | ૫૦૦ હળનું પ્રમાણ | ૩૫ |
| ૨૯૦. | ચંદ્રગુપ્ત રાજાનાં ૧૬ સુપનનો અર્થ | ૩૫ |
| ૨૯૧. | આગમ ગ્રંથનાં વાંચન માટે ૧૪ સંખ્યાનું પરિમાણ... | ૩૭ |
| ૨૯૨. | સૂત્રનાં ૩૨ દોષોનો ત્યાગ | ૩૮ |
| ૨૯૩. | સૂત્રનાં આઠ ગુણો | ૪૧ |
| ૨૯૪. | સૂત્ર ભણવાનાં છ લક્ષણો | ૪૧ |
| ૨૯૫ | સૂત્ર ઉચ્ચારનાં ૧૭ ગુણો | ૪૨ |
| ૨૯૬. | ઈહલોગ વિરૂદ્ધનાં નામો | ૪૪ |
| ૨૯૭. | ઉત્પત્તિસ્થાનનાં ૨૪ ભેદ એટલે ૨૪ દંડક | ૪૪ |
| ૨૯૮. | વૃક્ષનાં ૧૦ વિભાગોને ધર્મનાં ૧૦ ગુણો સાથે સંયોજના | ૪૫ |
| ૨૯૯. | આગમપંચાંગીની વ્યાખ્યા | ૪૫ |
| ૩૦૦. | આગમોનાં ઉપનામો | ૪૭ |
| ૩૦૧. | અરિહંત પરમાત્માની ચાર ઉપમાઓ | ૪૮ |
| ૩૦૨. | મહાવિદેહમાં જઘન્ય-ઉત્કૃષ્ટ તીર્થંકરોની સંખ્યા | ૪૮ |
| ૩૦૩. | મહાવિદેહમાં ચોર્યાસી તીર્થંકરોની પરંપરા | ૪૯ |
| ૩૦૪. | સીમંધર સ્વામીની મુખ્ય વિશેષતાઓ | ૫૦ |
| ૩૦૫. | ચૌદપૂર્વી પણ અનંત ભવ કરે | ૫૧ |

| ક્રમ | વિષય | પા.નં. |
| --- | --- | --- |
| ૩૦૬. | વિજય દેવસૂરિજીનો ઈતિહાસ | ૫૧ |
| ૩૦૭. | બીજાપુર (કર્નાટક)નો ઈતિહાસ | ૫૩ |
| ૩૦૮. | મુનિભાવવિજયજીનો પરિચય | ૫૪ |
| ૩૦૯. | સંઘયણબલ અને ગતિ | ૫૪ |
| ૩૧૦. | ચોસઠ ઈન્દ્રોનાં નામો | ૫૫ |
| ૩૧૧. | પ્રમાદનાં ૮ પ્રકાર | ૫૭ |
| ૩૧૨. | પ્રમાદનાં પાંચ પ્રકાર | ૫૭ |
| ૩૧૩. | પ્રમાદ અને વીર્યની વ્યાખ્યા | ૫૮ |
| ૩૧૪. | લગ્ન પ્રસંગે શું કરવું ? | ૫૮ |
| ૩૧૫. | કઠોર વચનનો ત્યાગ કરવો. | ૫૯ |
| ૩૧૬. | તંદુલીયો મચ્છ એટલે શું ? | ૫૯ |
| ૩૧૭. | પરમાત્માનાં અશોકવૃક્ષની ઉંચાઈ | ૬૦ |
| ૩૧૮. | સત્તર સંડાસા | ૬૧ |
| ૩૧૯. | માર્ગાનુસારીનાં ૩૫ ગુણો | ૬૨ |
| ૩૨૦. | શ્રાવકનાં ૨૧ ગુણો | ૬૫ |
| ૩૨૧. | શ્રાવકનાં ૧૪ નિયમો | ૬૭ |
| ૩૨૨. | ચૈત્યવંદનમાં રાખવાની મુદ્રા | ૬૯ |

| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૩૨૩. | ચૌદ રાજનું પ્રમાણ | ૭૦ |
| ૩૨૪. | અઢીદ્વીપમાં સૂર્યચંદ્રનું પ્રમાણ | ૭૦ |
| ૩૨૫. | ચાર ભાવનાનો અર્થ | ૭૦ |
| ૩૨૬. | ભોજનનાં પાંચ પ્રકાર | ૭૧ |
| ૩૨૭. | બાવીસ પરિષહનાં નામો | ૭૧ |
| ૩૨૮. | વિરતિધર આત્માનો ગુણ વૈભવ | ૭૩ |
| ૩૨૯. | બત્રીસ પ્રકારનાં નાટકો | ૭૪ |
| ૩૩૦. | નવસારીનાં શ્યામલ પાર્શ્વનાથ | ૭૬ |
| ૩૩૧. | શાન્તુમંત્રી-પૌષધશાળાનો સંબંધ | ૭૭ |
| ૩૩૨. | ભરતક્ષેત્ર નામ કેવી રીતે પડ્યું ? | ૭૮ |
| ૩૩૩. | રાજગૃહીનગરનાં રાજ્યની વ્યવસ્થા | ૭૮ |
| ૩૩૪. | મગધદેશે શિશુનાગવંશ | ૭૯ |
| ૩૩૫. | સમ્રાટ સંપ્રતિની પરંપરા | ૮૦ |
| ૩૩૬. | દ્વાદશાંગી એટલે શું ? | ૮૦ |
| ૩૩૭. | જંબુસ્વામીનાં પાંચ ભવો | ૮૧ |
| ૩૩૮. | જંબુસ્વામીનાં ૯૯ કરોડની ગણતરી | ૮૩ |
| ૩૩૯. | મથુરાની કુબેરસેનામાં ૧૮ સંબંધો | ૮૩ |

| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૩૪૦. | ચંદ્રપ્રભ સ્વામી જિનાલય સુરત | ૮૪ |
| ૩૪૧. | શીલ (સદાચાર)નાં છ લક્ષણો | ૮૫ |
| ૩૪૨. | દ્રવ્યક્રિયાને પ્રધાન બનાવવાનાં ચાર લક્ષણો | ૮૬ |
| ૩૪૩. | બહુમાન ભાવનાં પાંચ લક્ષણો | ૮૭ |
| ૩૪૪. | જિનવાણી શ્રવણનાં આઠ ગુણો | ૮૮ |
| ૩૪૫. | સાત પ્રકારનાં ભયો | ૮૯ |
| ૩૪૬. | ત્રણ પ્રકારનાં કરણો | ૮૯ |
| ૩૪૭. | સાત વ્યસનોનું સ્વરૂપ | ૯૦ |
| ૩૪૮. | ઉપકાર કોનો માનવો | ૯૨ |
| ૩૪૯. | પાણીનો કાળ | ૯૨ |
| ૩૫૦. | ભુ-ર્ભૂવઃ સ્વઃ સૂત્રનો અર્થો | ૯૩ |
| ૩૫૧. | દાનધર્મનાં સાત ગુણો | ૯૫ |
| ૩૫૨. | દાનવીર ભામાશાહ | ૯૫ |
| ૩૫૩. | દાનનાં પાંચ ભૂષણ અને દૂષણ | ૯૬ |
| ૩૫૪. | ગીતાર્થ એટલે શું ? | ૯૬ |
| ૩૫૫. | પચ્ચક્ખાણ પારવાની 'છ' શુદ્ધિ | ૯૭ |
| ૩૫૬. | તપ ચિંતવણી કાઉસગ્ગ વિધી | ૯૭ |

| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૩૫૭. | 'પ્રભાવના' શબ્દનો અર્થ | ૯૮ |
| ૩૫૮. | આલોચના એટલે શું ? | ૧૦૦ |
| ૩૫૯. | સમયં ગોયમ મા પમાયએ | ૧૦૨ |
| ૩૬૦. | ક્રિયા અવશ્ય કરવી | ૧૦૩ |
| ૩૬૧. | અનુકંપાદાન કોને અપાય | ૧૦૩ |
| ૩૬૨. | સ્વાધ્યાય શબ્દની વ્યાખ્યા | ૧૦૩ |
| ૩૬૩. | સ્વાધ્યાય કોને કહેવાય | ૧૦૪ |
| ૩૬૪. | મલયગિરિજીની ટીકાઓ | ૧૦૫ |
| ૩૬૫. | જૈન આગમમાં વાંજીત્રના નામો | ૧૦૬ |
| ૩૬૬. | 'નમો તિત્થસ્સ' એટલે શું ? | ૧૦૭ |
| ૩૬૭. | સ્વાધ્યાયથી કર્મ નિર્જરા | ૧૦૭ |
| ૩૬૮. | ધર્મકથાનાં પ્રકારો | ૧૦૮ |
| ૩૬૯. | માનવજન્મની દુર્લભતા બતાવતા પાઠો | ૧૧૦ |
| ૩૭૦. | 'વિનય' શબ્દની વ્યાખ્યા | ૧૧૨ |
| ૩૭૧. | ૧૨૯૬ ગુણો આચાર્યનાં | ૧૧૪ |
| ૩૭૨. | તીર્થ કોને કહેવાય | ૧૧૭ |
| ૩૭૩. | સાધુને પ્રવચનનાં ગુણો | ૧૧૮ |

| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૩૭૪. | સમવસરણમાં પર્ષદાનો પ્રવેશ | ૧૧૯ |
| ૩૭૫. | દેશના પછી બલિ ઉછાળવાની વિધી | ૧૨૦ |
| ૩૭૬. | તિત્થયરસમોસૂરિ | ૧૨૧ |
| ૩૭૭. | આચાર્યની આઠ સંપદા | ૧૨૨ |
| ૩૭૮. | આચાર્ય ભગવંતનાં ૪ વિનયો | ૧૨૫ |
| ૩૭૯. | આચાર્ય ભગવંતને નમસ્કારનું ફળ | ૧૨૫ |
| ૩૮૦. | બાહ્ય-અભ્યંતર પરિગ્રહ | ૧૨૬ |
| ૩૮૧. | પરિગ્રહ કોને કહેવાય ? | ૧૨૭ |
| ૩૮૨. | સંવરતત્વનાં ૫૭ ભેદ | ૧૨૯. |
| ૩૮૩. | કુંતી દ્રૌપદીનું કાઉસગ્ગ ધ્યાન | ૧૨૯ |
| ૩૮૪. | ગાંભૂતીર્થની વિશેષતા | ૧૨૯ |
| ૩૮૫. | નાગાર્જુન યોગી | ૧૩૦ |
| ૩૮૬. | ગુરુ-શિષ્યની છત્રીસી | ૧૩૦ |
| ૩૮૭. | હનુમાનનાં પૂર્વનાં ૭ ભવો | ૧૩૨ |
| ૩૮૮. | અંજના સતીનાં પૂર્વભવો | ૧૩૩ |
| ૩૮૯. | રાવણ-કુંભકર્ણ-બીભીષણ-હનુમાનનાં અભિગ્રહો | ૧૩૩ |
| ૩૯૦. | રાવણનો પરિવાર | ૧૩૪ |
| ૩૯૧. | નિંદાના ભયંકર પાપો | ૧૩૫ |

| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૩૯૨. | અધ્યાત્મવિકાસની દશ ભૂમિકા | ૧૩૬ |
| ૩૯૩. | ૧૦૦ વર્ષનાં આયુષ્યમાં ૧૦ દશા | ૧૩૬ |
| ૩૯૪. | સુખનો ૧૦ પ્રકાર | ૧૩૭ |
| ૩૯૫. | દશ પ્રકારે દીક્ષાની ઇચ્છા | ૧૩૮ |
| ૩૯૬. | સૂક્ષ્મજીવોનાં આઠ પ્રકારો | ૧૩૮ |
| ૩૯૭. | પ્રશ્નપૂછવાના છ કારણો | ૧૩૯ |
| ૩૯૮. | કર્મપુદ્ગલોને ગ્રહણ કરવાની 'છ' અવસ્થા | ૧૩૯ |
| ૩૯૯. | પ્રભુવીરનાં પ્રથમ ચાતુર્માસનાં અભિગ્રહો | ૧૪૦ |
| ૪૦૦. | મેરૂપર્વતનાં મેખલાનું પ્રમાણ | ૧૪૦ |
| ૪૦૧. | મતિજ્ઞાનનાં ભેદોનું સ્વરૂપ | ૧૪૧ |
| ૪૦૨. | મતિજ્ઞાનનાં ૨૮ ભેદો | ૧૪૨ |
| ૪૦૩. | શ્રુતજ્ઞાનનાં ચૌદ ભેદ | ૧૪૩ |
| ૪૦૪. | અવધિજ્ઞાનનાં છ ભેદો | ૧૪૫ |
| ૪૦૫. | મનઃ પર્યવ જ્ઞાનનાં બે ભેદ | ૧૪૫ |
| ૪૦૬. | કેવલજ્ઞાનનો એક પ્રકાર | ૧૪૬ |
| ૪૦૭. | સમક્તિ પ્રાપ્ત કરવા ૬૭ વાનગીઓ | ૧૪૬ |
| ૪૦૮. | અવધિજ્ઞાન - મનઃ પર્યવજ્ઞાન વચ્ચેનો તફાવત | ૧૪૭ |
| ૪૦૯. | સંયમીઓની દશ દશા | ૧૪૮ |

| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૪૧૦. | નવપ્રકારનાં નિયાણાં | ૧૫૦ |
| ૪૧૧. | સમકિતને પ્રાપ્ત કરવા ચાર શ્રદ્ધા | ૧૫૦ |
| ૪૧૨. | સમકિત પ્રાપ્તિનાં ત્રણ લિંગો | ૧૫૧ |
| ૪૧૩. | સમક્તિ પ્રાપ્તિ માટે ૧૦ પ્રકારનો વિનય | ૧૫૨ |
| ૪૧૪. | વિનય કરવાની પાંચ રીત | ૧૫૩ |
| ૪૧૫. | સમકિતની પ્રાપ્તિ માટે ત્રણ શુદ્ધિ | ૧૫૪ |
| ૪૧૬. | સમકિત પ્રાપ્તિ માટે પાંચ દૂષણનો ત્યાગ | ૧૫૪ |
| ૪૧૭. | સમકિતને પામેલા આઠ પ્રભાવકો | ૧૫૫ |
| ૪૧૮. | સમકિતની શોભા વધારવા ભૂષણો | ૧૫૭ |
| ૪૧૯. | સમકિત છે કે નહિ તેનાં પાંચ લક્ષણો | ૧૫૮ |
| ૪૨૦. | સમકિતનાં રક્ષણ માટે છ જયણા | ૧૫૮ |
| ૪૨૧. | સમકિતથી પતિત ન થવા માટે છ આગાર | ૧૫૯ |
| ૪૨૨. | સમકિતને દૃઢ બનાવવા માટે છ ભાવના | ૧૬૦ |
| ૪૨૩. | સમકિતનો મૂળ પાયો સમાન છ સ્થાન | ૧૬૧ |
| ૪૨૪. | સમકિત ગુણનાં ફાયદા | ૧૬૨ |
| ૪૨૫. | સમકિતનાં ૬૭ બોલનું સામાન્ય વર્ણન | ૧૬૩ |
| ૪૨૬. | 'ઉપસર્ગ' શબ્દની વિવેચના | ૧૬૭ |
| ૪૨૭. | દ્યુતિ મુનિની પ્રથમ દેશના | ૧૬૮ |

| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૪૨૮. | દ્યુતિ મુનિની બીજી દેશના | ૧૭૦ |
| ૪૨૯. | દેશનાનો પ્રભાવ ભરત રાજા ઉપર | ૧૭૧ |
| ૪૩૦. | ઉપદેશમાળા ગ્રંથમાં આવતી કથાઓ | ૧૭૧ |
| ૪૩૧. | ચમરેન્દ્ર દેવનો પૂર્વભવ | ૧૭૩ |
| ૪૩૨. | 'મંગલ' શબ્દનો અર્થ | ૧૭૪ |
| ૪૩૩. | શ્રાવણ સુદ પૂર્ણિમાની સાત અજાયબીઓ | ૧૭૫ |
| ૪૩૪. | સંભૂતિ વિજયસૂરિનાં ૧૨ શિષ્યો | ૧૭૮ |
| ૪૩૫. | ભદ્રબાહુસ્વામીની વિદ્વતા | ૧૭૯ |
| ૪૩૬. | ઉવસગ્ગહરં સ્તોત્ર ઉપરની ટીકા | ૧૮૦ |
| ૪૩૭. | ભદ્રબાહુ સ્વામીએ રચેલી નિર્યુક્તિઓ | ૧૮૧ |
| ૪૩૮. | અકબર બાદશાહની વૃદ્ધિ | ૧૮૨ |
| ૪૩૯. | પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો | ૧૮૩ |
| ૪૪૦. | કલ્પસૂત્રની અનેક ઉપમાઓ | ૧૮૪ |
| ૪૪૧. | કયો જીવ કઈ ગતિમાંથી કઈ ગતિમાં જાય | ૧૮૫ |
| ૪૪૨. | લક્ષ્મીદેવી નીચે કમળોની સંખ્યા | ૧૮૬ |
| ૪૪૩. | અષ્ટાંગ નિમિત્તનું સ્વરૂપ | ૧૮૬ |
| ૪૪૪. | માણસને સ્વપ્ન આવવાનાં નવ કારણો ? | ૧૮૭ |
| ૪૪૫. | સ્વપ્નનું ફળ ક્યારે મળે ? | ૧૮૮ |

| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૪૪૬. | સ્વપ્નના ફળ માટે શું કરવું ? | ૧૮૮ |
| ૪૪૭. | ચૌદ સ્વપ્નનું ફળ | ૧૮૯ |
| ૪૪૮. | કલ્પસૂત્રનો મહિમા | ૧૯૦ |
| ૪૪૯. | ૫૬ દિક્કુમારીઓના નામો | ૧૯૦ |
| ૪૫૦. | શૂલાપાણી યક્ષનાં મંદિરમાં પ્રભુને આવેલા ૧૦ સ્વપ્નો. | ૧૯૨ |
| ૪૫૧. | રાજીમતી-નેમિનાથનાં નવભવોનો સંબંધ | ૧૯૩ |
| ૪૫૨. | આદિનાથ-શ્રેયાંસકુમારનાં ભવોનો સંબંધ | ૧૯૩ |
| ૪૫૩. | ચોવીશ તીર્થંકરોનો ગર્ભકાળ | ૧૯૪ |
| ૪૫૪. | સંગમદેવ દ્વારા વીસ ઉપસર્ગો | ૧૯૫ |
| ૪૫૫. | કલ્પસૂત્રની ટીકામાં આવતા દ્રષ્ટાંતો | ૧૯૬ |
| ૪૫૬. | કલ્પસૂત્રમાં સાધુનાં ૧૦ આચારો | ૧૯૭ |
| ૪૫૭. | તેરાગુણથી યુક્ત ચાતુર્માસ સ્થળ | ૧૯૯ |
| ૫૪૮. | સ્થવિર ભગવંતોના નામો અને ગોત્ર | ૧૯૯ |
| ૪૫૯. | છશ્રુતકેવલી | ૨૦૧ |
| ૪૬૦. | સંપ્રતિરાજાનાં ગુરુ આર્ય સુહસ્તિનાં ૧૨ શિષ્યો | ૨૦૧ |
| ૪૬૧. | દશ પૂર્વીનાં નામો | ૨૦૧ |
| ૪૬૨. | આઠેકર્મની સ્થિતિ | ૨૦૨ |
| ૪૬૩. | પુષ્પમાલામાં ફુલોની સંખ્યા | ૨૦૨ |

| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૪૬૪. | પ્રભુવીરનો પરિવાર અને ગોત્ર | ૨૦૩ |
| ૪૬૫. | પ્રભુનાં દીક્ષાનો વરઘોડો | ૨૦૩ |
| ૪૬૬. | ચારતીર્થંકરોનાં ચતુર્વિધસંઘના નામો | ૨૦૫ |
| ૪૬૭. | નાગેન્દ્ર આદિ ચાર ગચ્છોની ઉત્પત્તિ | ૨૦૬ |
| ૪૬૮. | ચેટક રાજાની સાતપુત્રીઓ અને સ્વામીઓ | ૨૦૬ |
| ૪૬૯. | સમુદ્રવિજય રાજાનાં ૧૬ પુત્રો | ૨૦૭ |
| ૪૭૦. | કૃત્રિકાપણ એટલે શું ? | ૨૦૭ |
| ૪૭૧. | વૈરાગ્યનાં પર્યાયવાચી શબ્દો ! | ૨૦૮ |
| ૪૭૨. | રાગનાં પર્યાયવાચી શબ્દો ! | ૨૦૯ |
| ૪૭૩. | દ્વેષનાં પર્યાયવાચી શબ્દો | ૨૦૯ |
| ૪૭૪. | 'શાસ્ત્ર શબ્દનો અર્થ' | ૨૧૧ |
| ૪૭૫. | ચૌદપૂર્વનાં નામો, પદો, વસ્તુઓ, ચૂલિકા | ૨૧૧ |
| ૪૭૬. | પદ, વસ્તુ, ચૂલિકા એટલે શું ? | ૨૧૨ |
| ૪૭૭. | નિંદાનાં કારણે ભવભ્રમણ | ૨૧૩ |
| ૪૭૮. | પ્રભાવક ચરિત્રમાં આવતી કથાઓ | ૨૧૪ |
| ૪૭૯. | ધર્મવૃક્ષમાં નવપદોની નવઅવસ્થા | ૨૧૫ |
| ૪૮૦. | ભરતચક્રી દ્વારા અષ્ટાપદેજિનમંદિર | ૨૧૫ |
| ૪૮૧. | પર્યુષણનાં પાંચ કર્તવ્યો ! | ૨૧૫ |
| ૪૮૨. | શ્રાવકનાં વાર્ષિક ૧૧ કર્તવ્યો | ૨૧૮ |
| ૪૮૩. | કાલકાચાર્ય સમયની ૭ ઘટના | ૨૨૨ |

| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૪૮૪. | દશપયન્નાનાં શ્લોકોની સંખ્યા | ૨૨૨ |
| ૪૮૫. | જૈન ગ્રંથાવળીમાં આવતા ૨૦ પયન્ના | ૨૨૩ |
| ૪૮૬. | સ્થવિરભગવંતોનાં ૧૦ ભેદ | ૨૨૩ |
| ૪૮૭. | દેવકીનાં આઠ પુત્રોનાં નામો | ૨૨૪ |
| ૪૮૮. | ષડ્ દર્શનનાં મુખ્ય ગ્રંથો | ૨૨૪ |
| ૪૮૯. | મલયગિરિજી દ્વારા રચિત સિદ્ધાન્તની ટીકા | ૨૨૫ |
| ૪૯૦. | હરિભદ્રસૂરિ રચિત ઉપલબ્ધગ્રંથો | ૨૨૬ |
| ૪૯૧. | પ્રાણાતિપાત એટલે હિંસા તેનાં ૩૦ નામો | ૨૨૮ |
| ૪૯૨. | મૃષાવાદનાં ૩૦ નામો | ૨૩૦ |
| ૪૯૩. | અદત્તાદાનનાં ૩૦ નામો | ૨૩૧ |
| ૪૯૪. | અબ્રહ્મચર્યનાં ૩૦ નામો | ૨૩૩ |
| ૪૯૫. | પરિગ્રહનાં ૩૦ નામો | ૨૩૫ |
| ૪૯૬. | વાયુકાયની હિંસા કેવી રીતે થાય ? | ૨૩૬ |
| ૪૯૭. | ગુણવર્મા રાજાનાં ૧૭ પુત્રો અને ૧૭ પૂજા દ્વારા મોક્ષ | ૨૩૭ |
| ૪૯૮. | મૌન અગ્યારસનો મહિમા | ૨૩૮ |
| ૪૯૯. | સંગ્રામ સોની દ્વારા શાસન પ્રભાવના | ૨૩૯ |
| ૫૦૦. | ૬૩ પ્રકારનાં દુર્ધ્યાનો અને કથાઓ નામો | ૨૪૧ |

# પ્રસ્તાવના

જેમ સાગરમાંથી રત્નો બહાર નીકળે તેમ જિનશાસનમાં દ્વાદશાંગીને સાગરની ઉપમા આપેલ છે. ગણધર ભગવંતોએ જે દ્વાદશાંગી રચેલ તેમાંથી અત્યાર સુધીમાં ઘણો વિચ્છેદ થઈ ગયો છતાં આપણાં પ્રબળ પુણ્યોદયે જે પણ દ્વાદશાંગી, આગમો, ગ્રંથો, ચરિત્રો પ્રાપ્ત થાય છે. તે ગણધર ભગવંતો પ્રમાણે તો બિંદુ સમાન છે. પરંતુ આપણા માટે તો સાગર સમાન છે. કારણ કે હાલ જે પંચાંગી આપણે પ્રાપ્ત થઈ છે વર્તમાન કાળમાં તેના લગભગ ૯ લાખ જેટલા શ્લોક થાય છે. હવે આપણા જીવન દરમ્યાન નવલાખ શ્લોક વાંચવા એટલે આખો સાગર પાર કરવો એટલી વાર લાગે છતાં આ આગમ-ગ્રંથોનું જે જે વાંચન અત્યાર સુધી કર્યું અને એમાંથી જે જે રત્નો મળ્યાં તેનો સંગ્રહ આ પુસ્તકમાં કરેલ છે. પૂર્વે **રત્નસંચય** ગુજરાતીમાં **૧ થી** ૪ ભાગો પ્રગટ થયા છે. હવે **પાંચમા** અને **છઠા** ભાગમાં શાસ્ત્રાધારે કુલ **૫૦૦** વિષયોનો સંગ્રહ કરેલ છે. દરેક વિષયોની પાછળ આગમગ્રંથનો આધાર પણ લખેલ છે. છતાંકોઈ જગ્યાએ રહી ગયું હોય તો વાંચનારે વિચારી લેવું. બંને ભાગો બરાબર વાંચવાથી ઘણાં વિષયોની જાણકારી આમાંથી પ્રાપ્ત થશે.

શાસ્ત્રાધારનાં ૫૦૦ વિષયો વાંચ્યા પછી જીવનમાં સમકિત વ્રતને નિર્મલ કરી સમ્યગ્જ્ઞાનમાં વૃદ્ધિ કરી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરી સુકૃતનાં સહભાગી બનશો. આ વાંચ્યા પછી બીજાને પણ વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ થાય તે રીતે પ્રયત્ન કરશો. જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ શબ્દોનો વિષયોનો પ્રયોગ થયો હોય તો ક્ષમ્ય ગણાય છે. સાધુ-સાધ્વીજી ભગવંતોને પ્રવચન માટે, વાચના માટે, સંયમ જીવનને ઉજ્જવલ બનાવવા માટે અતિ ઉપયોગી થાય તેવી અંતરની શુભ અભિલાષા.

વિ.સં. ૨૦૭૧
મહાસુદ-૬
શ્રી સીમંધર સ્વામી જૈન તીર્થ
**લોઢાધામ, મુંબઈ.**

**લિ.**
**આચાર્યદેવશ્રી રત્નાકર સૂરિજીનાં**
**શિષ્ય ઉપાધ્યાયશ્રી રત્નત્રય**
**વિજયજી**

## ૨૫૧. સંયમ જીવનને શુદ્ધ બનાવવા સંયમનાં પર્યાયવાચી શબ્દો

(૧) **સંયમ :** પાંચે ઈન્દ્રિયોનાં ૨૩ વિષયો અને મનને વશ કરે તે સંયમ

(૨) **પ્રવજ્યા :** પાપ કાર્યોથી મુક્ત બનીને શુદ્ધ ચારિત્ર યોગમાં પ્રવેશ કરે તે.

(3) **દીક્ષા :** દીયતે ક્ષીયતે ઈતિ દીક્ષા અભયદાન દ્વારા જીવોને બચાવે અને ક્રિયા દ્વારા કર્મોને કાપે તે દીક્ષા

(૪) **નિર્ગ્રંથ :** બાહ્ય અને અભ્યંતર ગ્રંથીઓ (રાગ-દ્વેષ આદિ)ને જે દૂર કરે તે નિર્ગ્રંથ.

(૫) **ઋષિ :** ૭ પ્રકારની ઋતુઓ બતાવેલ છે. તેમની પીડાને સમતાભાવે સહન કરે તે.

(૬) **યતિ :** દરેક ક્રિયા જયણાપૂર્વક કરે તે.

(૭) **સાધુ :** સંયમીને સંયમધર્મમાં સહાય કરે તે.

(૮) **શ્રમણ :** મોક્ષને માટે શ્રમ કરે તે શ્રમણ

(૯) **ભિક્ષુ :** ભ્રમરની જેમ જ્ઞાનદર્શન ચારિત્રની સાધના માટે ભિક્ષાને જે ગ્રહણ કરે તે ભિક્ષુ.

(૧૦) **મહાત્મા :** આત્મ ચિંતન દ્વારા આત્મરમણતામાં આગળ વધે તે.

(૧૧) **યોગી :** દર્શન-જ્ઞાન-ચારિત્રનાં યોગમાં સતત ઉપયોગ રાખે તે યોગી.

(૧૨) **મુનિ :** મૌનપૂર્વક લોકમાં નહિ શ્લોકમાં વિચરે તે મુનિ.

(૧૩) **શિષ્ય :** પોતાની ઈચ્છાનો ત્યાગ કરી ગુરુની ઈચ્છા પ્રમાણે વિચરે તે.

(૧૪) **સંત :** સંસારનો અંત કરીને શાંત બનીને જીવે તે સંત

(૧૫) **ક્ષમાશ્રમણ :** ક્ષમા-માર્દવ-આર્જવ આદિ ૧૦ પ્રકારનાં સંયમ ધર્મનું પાલન કરે તે ક્ષમાશ્રમણ.

(૧૬) **અણગાર :** અધિકરણનાં મૂર્ચ્છાભાવને છોડી માત્ર ઉપકરણને ધારણ કરીને શુદ્ધ ચારિત્ર પાળે તે અણગાર.

(૧૭) **અચેલક :** જીર્ણ અને મલિન વસ્ત્ર ધારણ કરે તે અચેલક.

(સૂયગડાંગસૂત્ર અ. ૧૬/૧૭)

## ૨૫૨. કાઉસગ્ગમાં શ્વાસોશ્વાસનું પ્રમાણ

| | | |
|---|---|---|
| એક લોગસ્સચંદેસુનિમ્મલયરા સુધી | - | ૨૫ શ્વાસોચ્છ્વાસ |
| ૪ લોગસ્સ સાગરવરગંભીરા સુધી | - | ૧૦૮ શ્વાસોચ્છ્વાસ |
| ૧૨ લોગસ્સ ચંદેુનિમ્મલયરા | - | ૩૦૦ શ્વાસોચ્છ્વાસ |
| ૨૦ લોગસ્સ ચંદેસુનિમ્મલયરા | - | ૫૦૦ શ્વાસોચ્છ્વાસ |
| ૪૦ લોગસ્સ ચંદેસુનિમ્મલયરા | - | ૧૦૦૮ શ્વાસોચ્છ્વાસ |

અને ઉપર ૧ નવકારનો કાઉસગ્ગ

(જીતકલ્પ)

## ૨૫૩. આચારાંગ સૂત્રનાં ૨૮ અધ્યયનો

| | | |
|---|---|---|
| ૧. શસ્ત્ર પરિજ્ઞા | ૧૧. શય્યૈષણા | ૨૧. રૂપસપ્તક |
| ૨. લોકવિજય | ૧૨. ઈર્યા | ૨૨. પરક્રિયાસપ્તક |
| ૩. શીતોષ્ણીય | ૧૩. ભાષાજાત | ૨૩. અન્યોન્યક્રિયા સપ્તક |
| ૪. સમ્યક્ત્વ | ૧૪. વસ્ત્રૈષણા | ૨૪. ભાવના |
| ૫. આવંતિલોકચાર | ૧૫. પાત્રૈષણા | ૨૫. વિમુક્તિ |
| ૬. ધૂતાધ્યયન | ૧૬. અવગ્રહપ્રતિમા | ૨૬. ઉપઘાત |
| ૭. વિમોક્ષ | ૧૭. સ્થાનસપ્તતિકા | ૨૭. અનુદ્‌ઘાત |
| ૮. ઉપધાનશ્રુત | ૧૮. નિષીધકા | ૨૮. આરૂહણા |
| ૯. મહાપરિજ્ઞા | ૧૯. ઉચ્ચારપાસવણસપ્તક | |
| ૧૦. પિંડૈષણા | ૨૦. શબ્દ સપ્તક | (આચારાંગ સૂત્ર) |

## ૨૫૪. સૂયગડાંગ સૂત્રનાં '૨૩' અધ્યયનો

| | | |
|---|---|---|
| ૧. સમય | ૯. ધર્મ | ૧૭. પુંડરીક |
| ૨. વૈતાલીય | ૧૦. સમાધિ | ૧૮. ક્રિયાસ્થાન |
| ૩. ઉપસર્ગપરિજ્ઞા | ૧૧. માર્ગ | ૧૯. આહારપરિજ્ઞા |
| ૪. સ્ત્રીપરિજ્ઞા | ૧૨. સમવસરણ | ૨૦. પ્રત્યાખ્યાન ક્રિયા |
| ૫. નરકવિભક્તિ | ૧૩. યથાતથ્ય | ૨૧. આચારશ્રુત |
| ૬. મહાવીરસ્તવ | ૧૪. ગ્રંથ | ૨૨. આર્દ્રકીય |
| ૭. કુશીલપરિભાષા | ૧૫. યમકીય | ૨૩. નાલંદીય |
| ૮. વીર્ય | ૧૬. ગાથા | (સૂયગડાંગ સૂત્ર) |

## ૨૫૫. શાસ્ત્રમાં '૧૦' બોલની દુર્લભતા

- સૂયગડાંગ સૂત્રનાં બીજા વૈતાલીય નામનાં અધ્યયનમાં જીવને ૧૦ બોલની દુર્લભતા બતાવેલ છે.

  (૧) મનુષ્ય જન્મ (૨) આર્યક્ષેત્ર (૩) ઉત્તમકુળ (૪) પાંચે ઈન્દ્રિયની પરિપૂર્ણતા (૫) નિરોગી કાયા (૬) સંતોનો સમાગમ (૭) પરમાત્માની વાણીનું શ્રવણ (૮) જિનવાણી પરશ્રદ્ધા (૯) દીર્ઘ આયુષ્ય (૧૦) સંયમ ધર્મનું આચરણ (સૂયગડાંગ સૂત્ર)

## ૨૫૬. વીર્ય અને તેનાં ભેદો

- **વીર્ય :** વીર્ય એટલે શક્તિ, સામર્થ્ય, પરાક્રમ, તેજ, દીપ્તિ, અંતરંગ શક્તિ, આત્મબળ વિગેરે અર્થમાં વપરાય તે વીર્ય અથવા શરીરમાં રહેલી એક ધાતુ-શુક્ર તરીકે ઉત્પન્ન થાય તે વીર્ય.
- **ભાવ વીર્યનાં પાંચ પ્રકાર બતાવેલ છે.**

(૧) **મનોવીર્ય :** ધર્મનાં કોઈપણ કાર્યમાં સર્વ પ્રથમ મનમાં સામર્થ્ય-શક્તિનો નિશ્ચય કરવો તે મનોવીર્ય.

(૨) **વાગ્વીર્ય :** ધર્મની કોઈપણ ક્રિયામાં બોલવા દ્વારા સામર્થ્ય બતાવવું. સૂત્રોનો શુદ્ધ ઉચ્ચાર ઘોષ પૂર્વક કરવો તે વાગ્વીર્ય.

(૩) **કાયવીર્ય :** ધર્મની દરેક ક્રિયા શરીરનું શોષણ કરવાની ભાવના સાથે ક્રિયા કરવી તે કાયવીર્ય.

(૪) **ઈન્દ્રિયવીર્ય :** પાંચે ઈન્દ્રિયોના વ્યાપારને દેવ-ગુરુ ધર્મનાં કર્મમાં જોડવા તે ઈન્દ્રિય વીર્ય.

(૫) **આધ્યાત્મિક વીર્યનાં ૧૦ પ્રકાર**

(૧) **ઉદ્યમ :** જ્ઞાન ઉપાર્જન (એટલે ગોખવામાં) અને તપાચરણમાં ઉત્સાહ રાખવો.

(૨) **ધૃતિ :** સંયમ અને ચિત્તમાં સ્થિરતા પ્રાપ્ત કરવી.

(૩) **ધીરત્વ :** પરિષહ અને ઉપસર્ગોનાં સમયે અવિચલ રહેવું.

(૪) **શૌંડીર્ય :** દિવસ ઉગે અને ત્યાગની ઉચ્ચકોટિની ભાવના રાખવી. જેમ કે આજે વિગઈનો ત્યાગ છે. આજે આવો અભિગ્રહ ધારેલ છે. નવા નવા અભિગ્રહો ધારણ કરવા તે.

(૫) **ક્ષમાબળ :** ક્રોધ ઉપર કાબુ રાખવો. અન્યોને ક્ષમા આપવાનો ભાવ.

(૬) **ગાંભીર્ય :** સાગરની જેમ ગંભીર બનવું. દરેક વાતોનો સમાવેશ પોતાનાં હૃદયમાં રાખી મુકવો.

(૭) **ઉપયોગબલ :** જ્ઞાન-દર્શન-ચારિત્રની ક્રિયામાં ઉપયોગ રાખવો.

(૮) **તપોબલ :** બાર પ્રકારનાં તપમાં પરાક્રમ બતાવવું.

(૯) **યોગબલ :** મન-વચન-કાયાનાં યોગથી યોગ્ય વ્યાપાર કરવો તે.

(૧૦) **પરાક્રમ :** ૧૭ પ્રકારનાં સંયમમાં પરાક્રમ ફોરવવું તે.

## ૨૫૭. ભાવવીર્યનાં ત્રણ પ્રકાર

(૧) **પંડિતવીર્ય :** સંયમમાં પરાક્રમી, નિર્મલ, સાધુતાસંપન્ન, સાધુઓની સમસ્તક્રિયાને પંડિતવીર્ય કહેવાય.

(૨) **બાલપંડિતવીર્ય :** વ્રતધારી, બારપ્રકારનાં વ્રતોને ધારણ કરવાવાળા શ્રાવકોની ક્રિયાને બાલવીર્ય કહેવાય.

(૩) **બાલવીર્ય :** અસંયમી, અવ્રતી, હિંસા આદિ પાપક્રિયાવાળાને બાલવીર્ય.

**બીજા બે પ્રકારે વીર્યનું વિભાજન :**

(૧) **સકર્મવીર્ય :** કામભોગી, હિંસક પ્રવૃત્તિ, અસંયમીજીવો સકર્મવીર્યવાળા કહેવાય. તેઓ સંસારભ્રમણ દ્વારા દુઃખી થાય.

(૨) **અકર્મવીર્ય :** સંયમી, આધ્યાત્મિક, દયાળુજીવો, અકર્મવીર્યવાળા કહેવાય. જેઓ કર્મોથી મુક્ત બની મુક્તિ પામી શકે.

(સૂયગડાંગસૂત્ર અ. ૮)

## ૨૫૮. આગમનાં ભારી શબ્દોનો અર્થ

(૧) **ગ્રામ :** જે ગામમાં પ્રવેશ કરવાનો પણ કર લાગે.

(૨) **નગર :** જ્યાં કર લાગતા નથી તેવાં લોકોનાં રહેવાના સ્થાન.

(૩) **રાજધાની :** જ્યાં રાજા રહેતા હોય તે નગરને રાજધાની કહેવાય.

(૪) **નિગમ :** જ્યાં વ્યાપારીઓની સંખ્યા વધારે હોય.

(૫) **ખેટ :** જે વસતિની ચારે બાજુ ધૂળ-માટીથી બનેલો કિલ્લો હોય.

(૬) **કર્બટ :** જ્યાં વસ્તુઓનો ક્રય-વિક્રય થતો ન હોય. અનૈતિકત વ્યવસાય હોય.

(૭) **મંડલ :** જ્યાં વસતિની ચારે બાજુ આધાથી ૧ યોજન સુધી ગમન હોય.

(૮) **દ્રોણમુખ :** જ્યાં આવવા જવાનાં જલ અને સ્થળ બંને માર્ગે હોય.

(૯) **પતન :** જલમાર્ગે જવાનું હોય તે જલ પતન, જમીન માર્ગ જવાનું સ્થળપતન.

(૧૦) **આકાર :** જ્યાં સોના-લોઢા વિ.ની ખાણ હોય.

(૧૧) **આશ્રમ :** તાપસોનાં નિવાસ સ્થાન, ધર્મસ્થાનક પાસે રહેવાની સુવિધા.

(૧૨) **સંબાહ :** ધાન્યની રક્ષા માટે સમતલ ભૂમિમાં અનાજ લાવવામાં આવે તે.

(૧૩) **સંન્નિવેશ :** જ્યાં દૂર દેશોમાં વ્યાપાર માટે સમતલ ભૂમિમાં અનાજ લાવવામાં આવે તે.

(૧૪) **ઘોષ :** જ્યાં ઘી-દૂધ વેચનારા ભરવાડો વસતાં હોય.

(૧૫) **આરામ :** વૃક્ષો વેલાથી યુક્ત જગ્યા નગરની નજીક હોય.

(૧૬) **ઉદ્યાન :** પુષ્પો, ફૂલો વૃક્ષોનાં છાયાની સપાટ સ્થાન તે ઉદ્યાન.

(ઠાણાંગસૂત્ર)

## ૨૫૯. તિર્યઞ્ચપંચેન્દ્રિયનાં પાંચ પ્રકાર

(૧) **જલચર :** જલમાં ચાલે તે માછલી, કાચબા, દેડકા વિ.

(૨) **સ્થલચર :** ભૂમિ ઉપર ચાલે તે ગાય, ભેંસ, બકરી વિ.

(૩) **ઉરપરિસર્પ :** છાતી અથવા પેટથી સરીને ચાલે તે સર્પ, અજગર વિગેરે.

(૪) **ભુજપરિસર્પ :** ભુજાનાં બળથી ચાલે તે. ઉંદર, નોળિયા, કાચીડા વિગેરે.

(૫) **ખેચર :** આકાશમાં પાંખથી ઉડે તે કબુતર, પોપટ વિગેરે.

(ઠાણાંગ સૂત્ર)

## ૨૬૦. સાધુ-સાધ્વીજીને ત્રણ પ્રકારનાં વસ્ત્ર પાત્ર કલ્પે

| | |
|---|---|
| ૧. જાંગિક - ઉનનાં વસ્ત્રો | ૧. **તુંબ** - તુંબડાનાં પાત્ર વિ. |
| ૨. ભાંત્રિક - શણનાં વસ્ત્રો | ૨. **કાષ્ટ** - લાકડાનાં પાત્રા વિ. |
| ૩. ક્ષૌત્રિક - રૂનાં બનેલા વસ્ત્રો | ૩. **મટ્ટી** - માટીનાં ઘડા વિ. |

(ઠાણાંગ સૂત્ર)

## ૨૬૧. પ્રભુ મહાવીરનાં શાસનમાં ૯ જનોએ તીર્થંકર નામકર્મ બાંધેલ

(૧) **શ્રેણિક રાજા :** આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર બનશે. **પદ્મનાભસ્વામિ**

(૨) **સુપાર્શ્વ :** આવતી ચોવીશીમાં સૂરનામનાં બીજા તીર્થંકર થશે.

(૩) **ઉદાયી :** આવતી ચોવીશીમાં **સુપાર્શ્વ** નામનાં તીર્થંકર થશે.

(૪) **પોટ્ટિલ અણગાર :** આવતી ચોવીશીમાં **સ્વયંપ્રભ** નામનાં તીર્થંકર થશે.

(૫) **દૃઢાયુ અણગાર :** આવતી ચોવીશીમાં **સર્વાનુભૂતિ** નામનાં તીર્થંકર થશે.

(૬) **શંખશ્રાવક :** આવતી ચોવીશીમાં **ઉદય** નામનાં તીર્થંકર થશે.

(૭) **શતક શ્રાવક :** આવતી ચોવીશીમાં **શતકીર્તિ** નામનાં તીર્થંકર થશે.

(૮) **સુલસા શ્રાવિકા :** આવતી ચોવીશીમાં **નિર્મમ** નામનાં તીર્થંકર થશે.

(૯) **રેવતી :** આવતી ચોવીશીમાં **ચિત્રગુપ્ત** નામનાં તીર્થંકર થશે.

(ઠાણાંગ સૂત્ર)

## ૨૬૨. બત્રીસ યોગ સંગ્રહનાં નામો

- સાધુનાં શ્રમણ સૂત્રમાં આ શબ્દ આવે છે. "બત્તીસાએ જોગસંગએહિં"

(૧) **આલોચના :** પોતાનાં લાગેલા દોષોની ગુરુ સમક્ષ માફી માંગવી.

(૨) **નિર્પ્રલાપ :** શિષ્યે કહેલાં દોષો આચાર્ય કોઈને ન કહે.

(૩) **આપત્સુદ્રઢધર્મ :** આપત્તિઓ વખતે સાધક ધર્મમાં દૃઢ રહે.

(૪) **અનિશ્રિતોપધાન :** અપેક્ષા વિના તપસ્યા કરે.

(૫) **શિક્ષા :** સૂત્ર તથા અર્થનો અભ્યાસ કરે.

(૬) **નિસ્પ્રતિકર્મ :** શરીરની સૌંદર્યતા, સાફ સફાઈ ન કરે.

(૭) **અજ્ઞાનતા :** યશ ખ્યાતિ વિગેરે માટે પોતાનું તપ અજ્ઞાત રાખે.

(૮) **અલોભતા :** વસ્ત્ર, પાત્ર વિગેરે માટે નિર્લોભ પ્રવૃત્તિ કરે.

(૯) **તિતિક્ષા :** ભૂખ તરસ વિગેરે પરિષહોને સહન કરે.

(૧૦) **આર્જવ :** પોતાનો વ્યવહાર સરલ રાખે.

(૧૧) **શુચિ :** સંયમ પાળે, સત્યબોળે, હૃદયની પવિત્રતા રાખે.

(૧૨) **સમ્યક્દ્રષ્ટિ :** સમ્યક્દર્શનમાં શ્રદ્ધા રાખે.

(૧૩) **સમાધિ :** ચિત્તને સંકલ્પ વિકલ્પથી દૂર રાખે.

(૧૪) **આચારોપગત :** પોતાનાં આચરણને શુદ્ધ રાખે.

(૧૫) **વિનયોપગત :** વિનયથી વર્તે અહંકાર ન કરે.

(૧૬) **ધૃતિમતિ :** પોતાની બુદ્ધિમાં ધીરજ રાખે.

(૧૭) **સંવેગ :** સંસારથી વિરક્ત બની મોક્ષની અભિલાષા રાખે.

(૧૮) **પ્રણિધી :** ઇન્દ્રિયો ઉપર સંયમ રાખે એકાગ્ર ચિત્ત રહે.

(૧૯) **સુવિધિ :** ચારિત્રનું સારી રીતે પાલન કરે.

(૨૦) **સંવર :** કર્મનાં આવવાનાં દ્વારનો નિરોધ કરે.

(૨૧) **આત્મદોષોપસંહાર :** પોતાને કોઈપણ દોષ લાગવા ન દે.

(૨૨) **સર્વકામવિરક્તતા :** સર્વ વિષયોથી વિરક્ત રહે.

(૨૩) **મૂલગુણ પ્રત્યાખ્યાન :** અહિંસા વિગેરે મહાવ્રતોનાં ગુણોની આરાધના કરે.

(૨૪) **ઉત્તરગુણ :** ઇન્દ્રિયો લાગતા દોષોનો ત્યાગ કરે.

(૨૫) **અપ્રમાદ :** પોતાની દૈનિક ક્રિયામાં પ્રમાદ ન કરે.

(૨૬) **સમાચારી :** ક્ષણે ક્ષણે સાધુ સામાચારીનું પાલન કરે.

(૨૭) **લવાલવ :** હરપળે પોતાનાં સાધ્વાચાર પાલનમાં સાવધ રહે.

(૨૮) **ધ્યાનયોગ :** ધ્યાન યોગ દ્વારા આત્માને શાંતિ આપે.

(૨૯) **મારણાંતિક :** મરણ આદિ કર્મો આવે ત્યારે શાંતિ રાખે.

(૩૦) **સંગપરિજ્ઞા :** સંગ સોબતને જાણી અયોગ્ય સ્વરૂપનો ત્યાગ કરે.

(૩૧) **પ્રાયશ્ચિત્તકરણ :** પોતાનાં દોષોની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત કરે.

(૩૨) **મારણાંતિકઆરાધના :** મૃત્યુ સમયે દર્શનજ્ઞાન ચારિત્ર તપની આરાધના કરે. **(સમવાયાંગ સૂત્ર)**

## ૨૬૩. પ્રભુવીરની શ્રમણોપાસિકા-જયંતિ

કૌશાંબી નગરનાં રાજા શતાનિકની પુત્રી શ્રાવિકા જયંતિ હતી. જેઓ સાધુ-સાધ્વીજીનાં નિવાસસ્થાનની વ્યવસ્થા કરનારી હોવાથી 'શય્યાતરી' કહેવાતી જ્યારે જ્યારે ભગવાન નગરીમાં પધારે ત્યારે તેમની દેશનામાં જઈને પ્રશ્ન પૂછતી.

(૧) **પ્રશ્ન : હેભંતે ! જીવો ભારેપણું શાનાં કારણે પામે ?**
જ. : અઢાર પ્રકારનાં પાપ સેવનથી જીવ ભારેપણાંને પ્રાપ્ત કરે છે.

(૨) **પ્રશ્ન : હેભંતે ! ભવસિદ્ધિક એટલે શું ?**
જ. : ભવિષ્યમાં સિદ્ધિપદ પ્રાપ્ત કરનાર મોક્ષગમનને યોગ્ય જીવ ભવસિદ્ધિક કહેવાય.

(૩) **પ્રશ્ન : હેભંતે ! જીવો સુતા સારા કે જાગ્રત ? જીવો સબલ સારો કે દુર્બલ ? જીવો ઉદ્યમી સારા કે આળશું ?**
જ. : જે પાપી જીવો હોય તેવાં જીવો સુપ્ત, દુર્બલ, આળસુ સારા

મગર જે ધર્મી જીવો હોય તે જાગ્રત, સબલ અને ઉદ્યમી સારા.

- પ્રભુવાણીથી પ્રભાવિત થઈને જયંતિ શ્રાવિકાએ સંયમ ગ્રહણ કરી મોક્ષગતિને પ્રાપ્ત કરી. (ભગવતી સૂત્ર)

## ૨૬૪. કયા કારણથી કઈ ગતિ મળે ?

(૧) **નરકગતિ :** મહારંભ - ઘોર હિંસાના ભાવ
મહાપરિગ્રહ - મૂર્છાભાવ સાથે અધિક સંગ્રહ
પંચેન્દ્રિયવધ - પાંચ ઈન્દ્રિયવાળા જીવની હત્યા
માંસભક્ષણ - કોઈપણ જાતનું માંસ ખાવુ તે.

(૨) **તિર્યંચગતિ :** માયાચારનું સેવન, અસત્ય વંચન વારંવાર બોલવા સરલ વ્યક્તિને છેતરવા, કોઈ પણ કાર્યમાં ઠગાઈ કરવી.

(૩) **મનુષ્યગતિ :** ભદ્ર સ્વભાવવાળો, સ્વાભાવિક નમ્રતા, દયાપૂર્ણહૃદય, કષાયની મંદતા, ઈર્ષ્યારહિત.

(૪) **દેવગતિ :** દેશવિરતિ શ્રાવકધર્મની આરાધના
મોક્ષનાં લક્ષ્ય વગર કષ્ટ સહન કરવું.
અજ્ઞાનયુક્ત કષ્ટને સહન કરવા
રાગ પ્રત્યે સંયમ રાખવો તે (ઔપપાતિક સૂત્ર)

## ૨૬૫. અનંતર સિદ્ધનાં ૧૫ ભેદ

(૧) **તીર્થ સિદ્ધ :** ગૌતમસ્વામી

(૨) **અતીર્થ સિદ્ધ :** મરૂદેવા માતા

(૩) **તીર્થંકર સિદ્ધ :** ચોવીશ તીર્થંકર

(૪) **અતીર્થંકર સિદ્ધ :** ગૌતમ સ્વામી

(૫) **સ્વયંબુદ્ધ સિદ્ધ :** તીર્થંકરો

(૬) **પ્રત્યેક બુદ્ધસિદ્ધ :** કરકુંડુ રાજા

(૭) **બુદ્ધબોધિત સિદ્ધ :** ગણધરો

(૮) **સ્ત્રી લિંગ સિદ્ધ :** ચંદનબાળા

(૯) **પુરુષ લિંગ સિદ્ધ :** જંબુ સ્વામી

(૧૦) **નપુંસક લિંગ સિદ્ધ :** ગાંગેય અણગાર

(૧૧) **સ્વલિંગ સિદ્ધ :** જંબુ સ્વામી

(૧૨) **અન્ય લિંગ સિદ્ધ :** વલ્કલચીરિ

(૧૩) **ગૃહસ્થ લિંગ સિદ્ધ :** મરૂદેવા માતા

(૧૪) **એક સિદ્ધ :** મહાવીર સ્વામી

(૧૫) **અનેક સિદ્ધ :** ઋષભદેવ સાથે ૧૦૮ (જીવાજીવાભિગ સૂત્ર)

## ૨૬૯. પરદેશી રાજાનાં પ્રશ્નોત્તરો

- પાર્શ્વનાથ પ્રભુનાં પ્રથમ પટ્ટધર શુભદત્ત, બીજ હરિદત્તસૂરિ, ત્રીજા સમુદ્રસૂરિ અને ચોથા કેશીકુમાર શ્રમણ હતા.
- ગૌતમસ્વામી સાથે ચર્ચા કરનાર કેશી મુનિ હતા જેઓ ત્રણ જ્ઞાનનાં ધારક હતા. જ્યારે પરદેશી રાજા સાથે ચર્ચા કરનાર કેશીકુમાર ચૌદપૂર્વી અને ચાર જ્ઞાનનાં ધારક હતા. આમ બંને અલગ હતા.
- શ્વેતાંમ્બિકા નગરમાં રહેવાવાળો પરદેશી રાજા અધાર્મિક, અધર્માચારી

અને ક્રૂર હતો. એનાં જીવનમાં હિંસાનાં કાર્યો ચાલુ હતા.

- આ બાજુ શ્રાવસ્તિ નગરીમાં શ્રમણ કેશી સ્વામી વિચરતા હતા.
- પરદેશી રાજાનાં સારથી ચિત્ત શ્રાવસ્તિ નગરમાં વિચરતા કેશી સ્વામીને શ્વેતાંબિકા નગરીમાં પધારવા આમંત્રણ આપે છે.
- પરદેશી રાજા - 'તજ્જીવ તચ્છરીરવાદ' સિદ્ધાંતને માનતા હતાં. એટલે શરીર છે તેજ જીવ છે. શરીરથી ભિન્ન આત્માનું અસ્તિત્વ નથી અને તે પુનર્જન્મ, પુણ્ય, પાપ, કર્મ સિદ્ધાંત પણ સ્વીકારતો ન હતો.
- કેશીકુમાર - પરદેશી રાજાને કહે છે અમો શ્રમણ નિગ્રંથ છીએ અમો શરીર અને આત્માને ભિન્ન માનીએ છીએ.
- પરદેશી રાજાનાં ૧૦ પ્રશ્નોનો જવાબ કેશીકુમાર શ્રમણ આપે છે.

(૧) નરકે ગયેલા જીવો મનુષ્ય લોકમાં આવી શકતા નથી કારણ કે તેઓનાં પાપકર્મો ક્ષીણ થતા નથી.

(૨) દેવલોકમાં ગયેલા જીવો મનુષ્યલોકમાં આવી શકતા નથી કારણ કે ૫૦૦ યોજન સુધી મનુષ્ય લોકની દુર્ગંધ ઉડે છે.

(૩) કાણા વિનાનાં ઓરડામાંથી જેમ અવાજ બહાર આવે તેમ બંધ ઓરડામાંથી જીવ બહાર આવે છે.

(૪) લોઢામાં અગ્નિ પ્રવેશે છે તેમ લોઢાની કુંભીમાંથી બહારનાં જીવ અંદર પ્રવેશ કરે છે.

(૫) બાલ્યાવસ્થા અને યુવાવસ્થા એક જ આત્મા હોવાથી બંનેમાં કાર્ય કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે.

(૬) યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થાની એક જ આત્મા હોવાથી બંનેમાં કાર્યશક્તિ અલગ અલગ હોય છે.

(૭) જીવતા અને મર્યા પછી માણસનું વજન એક જ સરખું હોય છે કારણ કે શરીરમાંથી નીકળેલ જીવ અરૂપી હોય છે. હલકો કે ભારે નથી.

(૮) જેમ લાકડાનાં અનેક ટુકડા કરવાથી અગ્નિ દેખાતો નથી. તેમ શરીરનાં ગમે તેટલા ટુકડા કરો તો પણ જીવ દેખાશે નહીં.

(૯) જેમ વહેતાં વાયુ કાચનાં રૂપને આપણે દેખી શકતા નથી તેમ જીવ પણ હથેલીમાં રાખીએ તો પણ દેખી શકાતો નથી.

(૧૦) હાથી અને કંથવાનાં જીવો એક સમાન છે પૂર્વ કર્મનાં આધારે જીવને જે શરીર મળે તેમાં જીવનાં અસંખ્યતા પ્રદેશો સંકોચાઈને કે વિસ્તૃત થઈને સમાઈ જાય છે. નાના શરીરમાં સંકોચાય મોટા શરીરમાં ફેલાઈ જાય છે.

- ઉપરોક્ત પ્રશ્નોના જવાબ સાંભળી પરદેશી રાજાનાં ભાવ બદલાઈ જાય છે અને કેશીકુમાર શ્રમણ પાસે શ્રાવકનાં વ્રતો સ્વીકારે છે.
- રાણી સૂર્યકાંતા પરદેશી રાજામાં ફેરફાર દેખી ચિંતિત થાય છે રાજાને વિષ આપીને પુત્રને રાજ્ય સ્થાપે છે.
- રાજા સમભાવપૂર્વક મૃત્યુ પામી સૂર્યાભ દેવ બને છે.
- સૂર્યાભદેવ ભગવાન મહાવીરનાં દર્શને જઈ ૩૨ પ્રકારનાં નાટક બતાવે છે. અને દેવ દેવીઓ ૬૦ પ્રકારનાં વાંજીત્રો વગાડે છે અને ૩૨ માં

નાટકમાં પ્રભુવીર નાં ચ્યવનથીમાંડી મોક્ષ સુધીનાં બધા પ્રસંગો બતાવે છે.

- પ્રભુ વીર કહે છે સૂર્યાભદેવ પરિત્ત સંસારી, સુલભબોધિ આરાધક જીવ છે.
- દેવગતિનું આયુષ્યપૂર્ણ કરી મનુષ્યબની દઢપ્રતિજ્ઞ નામ ધારણ કરશે. સ્થવિરો પાસે દીક્ષા લઈ શુદ્ધ ચારિત્ર પાલી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ પ્રાપ્ત કરશે. (રાજપ્રશ્નીય સૂત્ર)

## ૨૬૭. બાદર તેજસ્કાયનાં ૧૨ પ્રકાર

(૧) **ઇંગાલ :** ધૂમાડા વિનાનો અગ્નિ

(૨) **જ્વાલા :** દીપકની જ્વાલા

(૩) **મુમ્મુર :** રાખમાં રહેલ અગ્નિ

(૪) **અર્ચિ :** અગ્નિથી અલગ થયેલી જ્વાલા

(૫) **અલાત :** સલગતી મસાલ

(૬) **શુદ્ધ અગ્નિ :** લોખંડનાં ગોળાનો અગ્નિ

(૭) **ઉલ્કા :** આગનો તણખો

(૮) **વિદ્યુત :** આકાશીય વિજળી

(૯) **અશનિ :** આકાશમાંથી ખરતા વજ્ર જેવી અગ્નિ

(૧૦) **નિર્વાત :** વૈક્રિય લબ્ધિથી વજ્રપાત થાય તે.

(૧૧) **સંઘર્ષ સમુસ્થિત :** અરણિનાં લાકડાથી પ્રગટ થતો અગ્નિ

(૧૨) **સૂર્યકાંત મણિ :** સૂર્યનાં કિરણોથી સૂર્યકાંત મણિથી પ્રગટ થતો અગ્નિ (જીવાજીવાભિગમ સૂત્ર)

## ૨૬૮. દશ પ્રકારનાં કલ્પવૃક્ષોનો પ્રભાવ

(૧) **મતંગા :** માદક રસયુક્ત ફળો આપે.
(૨) **ભૃંગા :** વિવિધ પ્રકારનાં ભાજન વાસણોની પ્રતિ કરે.
(૩) **ત્રુટિતાંગી :** એમાંથી ૪૯ જાતનાં વાંજીત્રો યુક્તધ્વનિ નીકળે છે.
(૪) **દીપશિખા :** દીપક સમાન પ્રકાશ આપે.
(૫) **જ્યોતિશિખા :** ચંદ્રસૂર્ય જેવો તેજસ્વી પ્રકાશ આપે.
(૬) **ચિત્રાંગા :** જાત જાતની માળાઓ આપે.
(૭) **ચિત્તરસા :** વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ ભોજન સામગ્રી આપે.
(૮) **મણિયંગા :** સુંદર અલંકારો આપે.
(૯) **ગેહાગારા :** મનોહર ગૃહ આવાસ સ્થાનોની સુવિધા મળે.
(૧૦) **અણિગણા :** વિવિધ પ્રકારનાં સુંદર વસ્ત્રોની પૂર્તિ કરે.

(જીવાજીવાભિગમ સૂત્ર)

## ૨૬૯. ચક્રવર્તીનું કલ્યાણ ભોજન

➺ પુંડૂ જાતિની શેરડીનો આહાર કરનારી ૧ લાખ ગાયોનું દૂધ ૫૦.૦૦૦ ગાયોને પીવડાવવામાં આવે અને તેનું દૂધ ૨૫,૦૦૦ ગાયોને પીવડાવમાં આવે આમ કરતા ક્રમશઃ એક ગાય સુધી દૂધ પીવડાવ્યા પછી જે દૂધ નીકળે તેમાં કલમ જાતિનાં ચોખા, સાકર, મેવા, મસાલા નાંખીને પૂર્ણપણે ઉકાળીને બનાવેલો દૂધપાક અત્યંત સ્વાદિષ્ટ બને જેને કલ્યાણ ભોજન કહેવાય તે ચક્રવર્તી જ કરી શકે. (જીવાજીવાભિગમ સૂત્ર)

## ૨૭૦. કષાય શબ્દનાં અર્થો

(૧) કષ એટલે સંસાર આય એટલે લાભ સંસારનો લાભ જેનાથી થાય તે કષાય.

(૨) સ્વભાવથી શુદ્ધ જીવને કર્મોથી કલુષિત કરે તે કષાય.

(૩) શુદ્ધ સ્વભાંવી આત્માને વિકારોથી મલિન કરે તે કષાંય.

(૪) આઠ કર્મોનાં ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના વિગેરેમાં કારણભૂત ભાવો ઉત્પન્ન થાય તે પણ કષાય છે.

(૫) સારી વસ્તુ દેખીને લેવાનું મન થાય અને ખરાબ વસ્તુ છોડવાનું મન થાય તે પણ કષાય છે. (પન્નવણા સૂત્ર)

## ૨૭૧. શબ્દ ઇન્દ્રિયનો પ્રાપ્તિક્રમ

(૧) **વ્યંજનાવગ્રહ :** શબ્દનાં પુદગલોનો કાન સાથે સ્પર્શ થાય તે.

(૨) **અર્થાવગ્રહ :** ત્યારપછી અત્યંત સ્પષ્ટ કાંઈક અવાજ છે તે તેવી જાણકારી થાય તે.

(૩) **ઈહા :** ત્યારપછી કોનો અવાજ હશે તેની સંશયાત્મક વિચારણા.

(૪) **અપાય :** પછી આ તો મારા મિત્રનો જ અવાજ છે એવું નિર્ણાયાત્મક જ્ઞાન લે.

(૫) **ધારણા :** પછી મિત્રનાં અવાજ ને મનમાં ધારી રાખવો તે.

(પન્નવણા સૂત્ર)

## ૨૭૨. જીવને આહાર ગ્રહણ કરવાનાં પ્રકારો

(૧) **અનાભોગ અનિર્વતિત આહાર :** શરીરને ટકાવવા માટે જીવ દ્વારા લેવાતો આહાર.

(૨) **આભોગ નિર્વત્તિ આહાર :** ઉપયોગપૂર્વક પોતાની ઈચ્છાથી લેવાતો આહાર.

(૩) **ઓજ આહાર :** ઉત્પત્તિ સ્થાનમાં જીવ ઉત્પન્ન થઈને પ્રથમ સમયે જ પુદગલોને આહાર રૂપે ગ્રહણ કરે તે.

(૪) **લોમ આહાર :** આહાર યોગ્ય પુદગલોને આહાર રૂપે ગ્રહણ કરે તે.

(૫) **પ્રક્ષેપ આહાર :** જે પુદગલોનો મુખમાં કે શરીરમાં કોળીયો પ્રક્ષેપ (મુકાય) કરાય તે.

(૬) **મનોભક્ષી આહાર :** દેવગતિનાં જીવો શુભ પુદગલો તે મન દ્વારા ગ્રહણ કરે તે. (પન્નવણા સૂત્ર)

## ૨૭૩. નવ નારૂક - નવ કારૂક ૧૮ પ્રકાર પ્રજાજનો

| નવ નારૂક | નવ કારૂક |
|---|---|
| (૧) કુંભાર | (૧) મોચી |
| (૨) પટેલ (ગામના મુખી) | (૨) ઘાંચી |
| (૩) સુવર્ણકાર | (૩) ગાંધી |
| (૪) રસોઈઆ | (૪) રંગારા |
| (૫) ગાયક (ગંધર્વ) | (૫) કંસારા |

| | |
|---|---|
| (૬) વાણંદ | (૬) દરજી |
| (૭) માળી | (૭) ગોવાલ (ભરવાડ) |
| (૮) કથાકાર | (૮) ભિલ્લ |
| (૯) પાન વિક્રેતા | (૯) માછીમાર (જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર) |

## ૨૭૪. જંબૂદ્વીપનાં ક્ષેત્ર પર્વત નદી કૂટ વિ.નું પ્રમાણ

(૧) **ખંડ :** એક લાખ યોજન જંબૂદ્વીપનાં ભરત ક્ષેત્ર પ્રમાણે ૧૯૦ ખંડ થાય.

(૨) **યોજન :** જંબૂદ્વીપનું ક્ષેત્રફળ સાત અબજ, નેવું કરોડ, પિસ્તાલીસ લાખ, ચોરાણુ હજાર, એક સો પચાસ યોજન પોણા બે ગાઉ પંદર ધનુષ અઢી હાથ છે.

(૩) **પર્વત :** જંબુદ્વીપમાં કુલ ૨૬૯ પર્વતો છે.

(૪) **કૂટ :** એટલે પર્વતોનાં શિખર ૪૬૭ કૂટ છે.

(૫) **તીર્થ :** કુલ ૧૦૨ તીર્થ છે.

(૬) **શ્રેણી :** ૧૩૬ શ્રેણીઓ છે તે વૈતાઢ્ય પર્વત ઉપર આવેલી છે.

(૭) **વિજય :** ચક્રવર્તીનાં વિજયરૂપ સ્થાનો ૩૪ છે. ૩૪ રાજધાની, ૩૪ તિમિસ્રગુફા અને ખંડ પ્રપાત ગુફા અને ૩૪ ઋષભ કૂટ પર્વતો છે.

(૮) **કદ :** સરોવરો ૧૬ છે.

(૯) **નદી :** ૧૪.૫૬.૦૨૬ નાની મોટી નદીઓ છે.

(૧૦) **સૂર્ય-ચંદ્ર :** જંબુદ્વીપમાં બે ચંદ્ર બે સૂર્ય, ૫૬ નક્ષત્રો, ૧૭૬ ગ્રહો, ૧૩૩૯૫૦ કોડાકોડી તારાઓ હોય છે. મેરૂપર્વતની સામાસામી દિશામાં રહીને બંને ચંદ્ર સૂર્ય મેરૂને પ્રદક્ષિણા આપે છે.

(૧૧) **મંડલ :** ચંદ્રનાં પ્રદક્ષિણાનાં વર્તુલાકાર માર્ગને મંડલ કહે છે. સૂર્ય ૧૮૪ ચંદ્રનાં ૧૫ મંડળો હોય છે

(૧૨) **યોગ :** પોત-પોતાનાં મંડળ ઉપર પરિભ્રમણ કરતા નક્ષત્રો જેટલો સમય સૂર્ય ચંદ્ર સાથે રહે સાથે પરિભ્રમણ કરે તેને યોગ કહેવાય.

(જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર)

## ૨૭૫. બાર માસનાં નામો

(૧) **કારતક :** પ્રીતિવર્ધન
(૨) **માગસર :** શ્રેયાંસ
(૩) **પોષ :** શિવ
(૪) **મહા :** શિશિર
(૫) **ફાગણ :** હેમંત
(૬) **ચૈત્ર :** વસંત
(૭) **વૈશાખ :** કુસુમસંભવ
(૮) **જ્યેષ્ઠ :** નિદાધ
(૯) **અષાઢ :** વનવિરોહ
(૧૦) **શ્રાવણ :** અભિનંદિત
(૧૧) **ભાદરવો :** પ્રતિષ્ઠ
(૧૨) **આસો :** વિજય

(જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર)

## ૨૭૬. મેરૂપર્વતનાં ૧૬ નામો

(૧) મંદર
(૨) મેરૂ
(૩) મનોરમ
(૪) સુદર્શન
(૫) સ્વયંપ્રભા
(૬) રત્નોચ્ચય
(૭) શિલોચ્ચય
(૮) ગિરિરાજ
(૯) લોકમધ્ય
(૧૦) લોકનાભિ
(૧૧) અચ્છ
(૧૨) સૂર્યાવર્ત
(૧૩) સૂર્યાવરણ
(૧૪) ઉત્તમ
(૧૫) દિશાદિ
(૧૬) અવતંસક

(ચંદ્રસૂર્યપ્રજ્ઞપ્તિ)

## ૨૭૭. સામાયિકનું સ્વરૂપ

**समभावो समाइयं, तणकंचण सत्तुमित्त विसउति ।**

**निरभिस्संगं चित्तं, उचिय पवित्तिपहाणं च ॥** (पंचाशकसूत्र)

**ભાવાર્થ :** સામયિક એટલે સર્વત્ર સમવૃત્તિ, નિરભિષ્વંગવૃત્તિ અને ઔચિત્ય વૃત્તિ પ્રધાન વૃત્તિવાળા વર્તનને સામાયિક કહેલ છે.

(૧) **સર્વત્ર સમાનવૃત્તિ :** સોનાનો ઢગલો હોય કે રેતીનો ઢગલો હોય બંને વસ્તુ પુદ્ગલમય હોવાથી જડ છે. કોઈ સુખ-દુઃખ આપી શકતા નથી. માત્ર સુખ-દુઃખથી વૃત્તિ કલ્પના માત્ર છે. તેનો સમયપૂર્ણ થતાં ચાલ્યા જવાના છે. માટે કરેમિભંતે લીધા પછી માત્ર બે ઘડી સુધી સમાન ભાવ લાવવા માટે અવશ્ય પ્રયત્ન કરવો.

(૨) **નિરભિષ્વંગ વૃત્તિ :** મોહાધીનતાનાં કારણે અનુકુલ સામગ્રી સારી સામગ્રી અથવા સારી વ્યક્તિ અથવા સારા ઉપકરણ ઉપર રાગ કરવો અને પ્રતિકુલ સામગ્રી -વ્યક્તિ-ઉપકરણ ઉપર દ્વેષભાવ રાખવો તે તે અભિષ્વંગ વૃત્તિ અને રાગપણ ન કરવો દ્વેષ પણ ન કરવો તે નિરભિષ્વંગ વૃત્તિ કહેવાય. સાધકે કરેમિભંતે પછી બે ઘડી સુધી આ ભાવ અવશ્ય રાખવો કોઈ પદાર્થમાં આસક્તિભાવ વધી ન જાય તે ધ્યાન રાખવું. કારણ સામાયિક આસક્તિ ભાવને તોડવા માટે છે.

(૩) **ઔચિત્યપ્રવૃત્તિ પ્રધાન વૃત્તિ :** સામાયિકનાં કાળમાં સમતાભાવનાં

પોષક કાર્યો કરવા જેમ કે ગુરુવિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાય-જાપ ધ્યાન આદિ વૃત્તિ ઔચિત્ય વૃત્તિ છે જેનાથી કાષાયિકવૃત્તિઓ નાશ પામે છે. કરે મિભંતે લીધા પછી જે યોગ્ય પ્રવૃત્તિ તેજ કરવી જોઈએ. ત્રણ વિશેષણોથી યુક્ત સર્વશ્રેષ્ઠ કોટિ યુક્ત સામાયિક કહેલ છે. (પંચાશકસૂત્ર)

## ૨૭૮. સામાયિક પારવાનું રહસ્ય

- જયારે શ્રાવક ગુરુ પાસે આદેશ માંગે ઈચ્છાકારેણ સંદિસહભગવન ? સામાયિક પારું ? હવે ગુરુ તે શ્રાવકના ભાવની વૃદ્ધિ કરવા માટે "पुणरविकायव्व" શબ્દ બોલે એટલે આ સામાયિક ફરીથી કરવા જેવું છે. આજ્ઞા નથી આપતા માત્ર વિધેય વાક્યનો પ્રયોગ કરે છે કે આ અનુષ્ઠાન કરવા જેવું છે. ત્યારે શ્રાવક પણ હર્ષ પામીને જવાબ આપે છે. 'यथाशक्ति' સામાયિક પણ મને ખૂબ ગમે છે પરંતુ અત્યારે સંયોગ નથી, સામર્થ્ય નથી જયારે શક્તિ હશે ત્યારે અવશ્ય પ્રયત્ન કરીશ.
- બીજી વખત શ્રાવક જયારે આદેશ માંગે ઈચ્છાકારેણ સંહિસહ ભગવન સામાયિક પાર્યુ ? હે ભગવન્ હવે સામાયિક પારું છું. ગુરુ પણ સમજી જાય છે. હવે આની ઈચ્છા નથી માટે ગુરુ સાવદ્યકાર્યની આજ્ઞા ન આપે માટે "आयारो न मोत्तत्वो" આ પ્રમાણે કહે છે ભલે હાલ તારી શક્તિ ન હોય પરંતુ આ આચાર છોડવા જેવો નથી. આવો ભાવ હૃદયમાં ભરી રાખજે શિષ્ય પણ ગુરુનાં વચન સ્વીકાર કરતા 'तहति' કહે છે એટલે આપ જે પ્રમાણે કહો તે જ પ્રમાણે છે. (સૂત્રસંવેદના)

## ૨૭૯. ઉત્તરાધ્યયન સૂત્રનાં ૩૬ અધ્યયનનાં નામો

| | | |
|---|---|---|
| ૧. વિનયશ્રુત | ૧૩. ચિત્ર સંભૂતીય | ૨૫. યજ્ઞીય |
| ૨. પરિષહ | ૧૪. ઈષુકારીય | ૨૬. સામાચારી |
| ૩. ચતુરંગીય | ૧૫. સભિક્ષુક | ૨૭. ખલુંકીય |
| ૪. અસંસ્કૃત | ૧૬. બ્રહ્મચર્ય સમાધિ | ૨૮. મોક્ષ માર્ગ ગતિ |
| ૫. અકામ મરણીય | ૧૭. પાપ શ્રમણીય | ૨૯. સમ્યકત્વ પરાક્રમ |
| ૬. ક્ષુલ્લકનિર્ગ્રંથીય | ૧૮. સંયતીય | ૩૦. તપો માર્ગ ગતિ |
| ૭. ઉરભ્રીય | ૧૯. મૃગાપુત્રીય | ૩૧. ચરણવિધી |
| ૮. કપિલીય | ૨૦. મહાનિર્ગ્રન્થીય | ૩૨. પ્રમાદસ્થાન |
| ૯. નમિપ્રવજ્યા | ૨૧. સમુકયાલીય | ૩૩. કર્મપ્રકૃતિ |
| ૧૦. દ્રુમપત્રક | ૨૨. રથનેમીય | ૩૪. લેશ્યા |
| ૧૧. બહુશ્રુત મહિમા | ૨૩. કેશી ગૌતમીય | ૩૫.અણગાર માર્ગગતિ |
| ૧૨. હરિકેશીય | ૨૪. અષ્ટપ્રવચનમાતૃ | ૩૬.જીવાજીવિભક્તિ |

(ઉત્તરાધ્યયન સૂત્ર)

## ૨૮૦. દશવૈકાલિક સૂત્રનાં ૧૦ અધ્યયનો

(૧) **દ્રુમપુષ્પિકા :** ધર્મ પ્રશંસા અને સાધુની ગૌચરીની રીત માધુકરી વૃત્તિ

(૨) **શ્રામણ્યપૂર્વક :** સંયમની પૂર્વભૂમિકા, સંયમની સ્થિરતા માટે ધૈર્યની સાધાના.

(૩) **ક્ષુલ્લકાચાર કથા :** બાવન પ્રકારનાં અનાચારનો વિવેક

(૪) **ષડ્જીવનિકાય :** જીવસંયમ અને આત્મસંયમની પ્રધાનતા પણાનું પાલન

(૫) **પિંડૈષણા :** શરીરનાં પોષણ માટે નિર્દોષ આહારની પ્રધાનતા.

(૬) **મહાચાર કથા :** અઢાર સ્થાન દ્વારા સાધક માટે મહાઆચારનું નિરૂપણ.

(૭) **વાક્યશુદ્ધિ :** ભાષા વિવેક, હિતમિત પ્રિય નિરવદ્ય ભાષાનો ઉપયોગ.

(૮) **આચારપ્રણિધી :** આચારનો ખજાનો ચિત્તને આચારમાં પરોવવું.

(૯) **વિનય સમાધિ :** વિનયની પ્રધાનતા, અવિનયનો ત્યાગ તેનાં લાભ-અલાભ આદિ.

(૧૦) **સભિક્ષુ :** શ્રેષ્ઠભિક્ષુ એટલે શ્રેષ્ઠ-સાધુની મહત્તા બાહ્ય અને અભ્યંતર સ્વરૂપ.

(૧૧) **રતિવાક્યાચૂલિકા :** સંયમમાં અસ્થિર થયેલા સાધુને સ્થિરીકરણની પ્રધાનતા.

(૧૨) **વિવક્તિચર્યા ચૂલિકા :** વિવેકયુક્ત આચરણની પ્રાધાનતા અને એકત્વ ભાવના.

**(દશવૈકાલિક સૂત્ર)**

## ૨૮૧. દશવૈકાલિક સૂત્રનાં છઠ્ઠા અધ્યયનમાં ૧૮ આચારનું પાલન

૧. અહિંસાનું પાલન કરવું
૨. જુઠ્ઠું બોલવું નહિ
૩. ચોરી કરવી નહિ
૪. બ્રહ્મચર્યનું પાલન કરવું
૫. સંનિધી રાખવી નહિ
૬. રાત્રિભોજનનો ત્યાગ કરવો
૭. પૃથ્વીકાયનો સંયમ
૮. અપ્‌કાયનો સંયમ
૯. તેઉકાયનો સંયમ
૧૦. વાયુકાયનો સંયમ
૧૧. વનસ્પતિ કાયનો સંયમ
૧૨. ત્રસકાયનો સંયમ
૧૩. અકલ્પ્ય આહારનો ત્યાગ
૧૪. ગૃહસ્થનાં ભાજનમાં જમવું નહિ
૧૫. ગુંથેલી ખુર્સી પલંગ વિગેરેમાં બેસવું નહિ
૧૬. ગૃહસ્થનાં ઘેર બેસવું નહિ.
૧૭. સ્નાન કરવું નહિ
૧૮. વિભૂષાનો ત્યાગ કરવો.

(દશવૈકાલિક સૂત્ર)

## ૨૮૨. પુત્રી બ્રાહ્મીને ૧૮ જાતની લીપી શિખવાડેલી ?

| | | |
|---|---|---|
| ૧. હંસલીપી | ૭. તુરકીલીપી | ૧૩. નાગલીલીપી |
| ૨. ભૂતલીપી | ૮. કીરીલીપી | ૧૪. લાટિલીપી |
| ૩. યશલીપી | ૯. કાવડીલીપી | ૧૫. પારસીલીપી |
| ૪. રાક્ષસલીપી | ૧૦. સૈંથવીલીપી | ૧૬. અનિમિતલીપી |
| ૫. ઉડીલીપી | ૧૧. માલવીલીપી | ૧૭. વાણિકીલીપી |
| ૬. યાવનીલીપી | ૧૨. નડીલીપી | ૧૮. મૂલદેવીલીપી |

(ઋષભદેવચરિત્ર)

## ૨૮૩. પ્રભુ મહાવીરનો ઘોર તપ

| તપનાં નામ | તપનાં ઉપવાસ | તપ કેટલીવાર | કુલ ઉપવાસ |
|---|---|---|---|
| ૧. છ માસી તપ | ૧૮૦ | ૧ | ૧૮૦ |
| ૨. ૫ દિવસન્યૂન છ માસી તપ | ૧૭૫ | ૧ | ૧૭૫ |
| ૩. ચોમાસી તપ | ૧૨૦ | ૯ | ૧૦૮૦ |
| ૪. ત્રિમાસિક તપ | ૯૦ | ૨ | ૧૮૦ |
| ૫. દ્વિમાસિક તપ | ૬૦ | ૬ | ૩૬૦ |
| ૬. ડોઢ માસિક તપ | ૪૫ | ૨ | ૯૦ |
| ૭. અઢી માસિક તપ | ૭૫ | ૨ | ૧૫૦ |
| ૮. માસખમણ | ૩૦ | ૧૨ | ૩૬૦ |
| ૯. અર્ધ માસિક તપ | ૧૫ | ૭૨ | ૧૦૮૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૦. ભદ્રપ્રતિમા | ૨ | ૧ | ૨ |
| ૧૧. મહાભદ્રપ્રતિમા | ૪ | ૧ | ૪ |
| ૧૨. સર્વતોભદ્ર પ્રતિમા | ૧૦ | ૧ | ૧૦ |
| ૧૩. અટ્ઠમ | ૩ | ૧૨ | ૩૬ |
| ૧૪. છઠ | ૨ | ૨૨૯ | ૪૫૮ |
| ૧૫. ઉપવાસ | ૧ | ૧ | ૧ |
| | કુલ = ૪૧૬૬ ઉપવાસ | | |

## ૨૮૪. કાયોત્સર્ગનાં ૧૯ દોષ

(૧) **ઘોટક દોષ :** ઘોડાની જેમ એક પગ વાળીને ઉભા રહેવું.

(૨) **લતા દોષ :** લતાની જેમ શરીરને કંપાવવું.

(૩) **સ્તંભ દોષ :** થાંભલા કે દીવારનો સહારો લેવો.

(૪) **માળ દોષ :** છતની ઉપર મસ્તકને અડાડીને ઉભા રહેવું.

(૫) **શબરી દોષ :** બંને હાથ ગુહ્ય સ્થાન ઉપર રાખવા.

(૬) **વધૂ દોષ :** કુલવધુની જેમ ઝુકાવીને ઉભા રહેવું.

(૭) **નિગડ દોષ :** બંને પગ ફેલાવીને અથવા ભેગા કરીને ઉભા રહેવું.

(૮) **લંબુત્તર દોષ :** અવિધીથી કપડાને લંબાવીને ઉભા રહેવું.

(૯) **ઉર્ધ્વિકા દોષ :** અંગુઠા ભેગી કરી, એડી ફેલાવીને ઉભા રહેવું.

(૧૦) **સ્તન દોષ :** છાતીનો ભાગ ઢાંકીને ઉભા રહેવું તે.

(૧૧) **સંયતિ દોષ :** સ્ત્રીની જેમ પૂરા શરીરને ઢાંકીને ઉભા રહેવું.

(૧૨) **ખલીન દોષ :** લગામની જેમ ચરવલા આગલ રાખવો.

(૧૩) **વાયસ દોષ :** કાગડાની જેમ ચારેબાજુ જોયા કરવું.

(૧૪) **કપિત્થ દોષ :** કપડાને બે પગની વચ્ચે દબાવીને ઉભા રહેવું.

(૧૫) **શીરકંપ દોષ :** માથુ ધુણાવતાં ઉભા રહેવું.

(૧૬) **મૂક દોષ :** મૂંગા માણસની જેમ હું હું કરવું.

(૧૭) **અંગુલિકા દોષ :** આંગલી ફેરવતા રહેવું તે.

(૧૮) **વારૂણી દોષ :** દારૂડીયાની જેમ ડબડબ અવાજ કરવો.

(૧૯) **પ્રેક્ષા દોષ :** વાંદરાની જેમ હોઠ હલાવવા તે. **(આવશ્યક સૂત્ર)**

## ૨૮૫. વીસ અસમાધિનાં સ્થાન

➻ સાધુ-સાધ્વીજી દરરોજ શ્રમણ સૂત્રમાં આ શબ્દ બોલે છે. "વીસાએ અસમાહિટ્ઠાણે હિં" આનાં વીસ પ્રકાર છે. આનું નિવારણ કરવું જોઈએ.

૧. જલ્દી જલ્દી ઉતાવલા ચાલવું.

૨. અંધારામાં દેખ્યા વિના ચાલવું.

૩. ઉપયોગ વિના ચાલવું.

૪. અમર્યાદિત શય્યા આસન રાખવા.

૫. રત્નાધિક ગુરૂઓની સામે બોલવું.

૬. સ્થવિર સાધુનું અપમાન કરવું.

૭. પ્રાણીઓને ઘાત કરવો.

૮. મનમાં રોષ રાખીને બળ્યા કરવું.

૯. ક્રોધ કરવો કટુ વચનો બોલવા.

૧૦. નિંદા કરવી

૧૧. વારંવાર નિશ્ચયાત્મક ભાષા બોલવી.

૧૨. નવા નવા કલેશ ઝઘડા ઉત્પન્ન કરવાં.

૧૩. ક્ષમાપના પછી ફરી ઝઘડા કરવાં.

૧૪. અકાળે સ્વાધ્યાય કરવો.

૧૫. સચિત્ત હાથપગને પોંછવા.

૧૬. રાત્રિમાં મોટા અવાજે બોલવું.

૧૭. સંઘમાં ફાટફૂટ કરવી.

૧૮. કલહ કજીયા કરવા.

૧૯. સવારથી સાંજ સુધી ખાખા કરવું.

૨૦. અનેષીણય આહાર ગ્રહણ કરવો. (દશાશ્રુત સ્કંધ)

## ૨૮૬. છ આવશ્યકમાં પંચાચારનું પાલન

(૧) **સામાયિક :** ચારિત્રા ચારનું પાલન - સાવદ્ય યોગવિરતિ

(૨) **ચઉવીસત્થો :** દર્શનાચારનું પાલન - ઉત્કીર્તન

(૩) **વાંદણા :** જ્ઞાના ચારનું પાલન - ગુણવાનની વિનય પ્રતિપત્તિ

(૪) **પડિક્કમણું :** વીર્યાચારનું પાલન - સ્ખલનાઓની નિંદા

(૫) **કાર્યોત્સર્ગ :** ચારિત્રાચારનું પાલન - વ્રણચિકિત્સા

(૬) **પચ્ચકખાણ :** તપાચારનું પાલન - ગુણ ધારણા (આવશ્યક સૂત્ર)

## ૨૮૭. પ્રતિક્રમણનાં આઠ પર્યાયવાચી શબ્દો

(૧) **પ્રતિક્રમણ :** દિવસ રાત્રિનાં પાપોથી પાછા હઠવુ તે પ્રતિક્રમણ

(૨) **પ્રતિચરણ :** ચારિત્ર ધર્મની સામે જવુ તે પ્રતિચરણ

(૩) **પરિહરણા :** પાપોનો પરિહાર એટલે પાપ કર્મોને છોડવા તે પરિહરણા

(૪) **વારણા :** એટલે આવતા કર્મોને રોકવા તે વારણા

(૫) **નિવૃત્તિ :** ધર્મની પ્રવૃત્તિ થતાં પાપની નિવૃત્તિ થાય તે નિવૃત્તિ

(૬) **નિંદા :** પોતાના લાગેલા પાપ કર્મોની નિંદા કરવી તે નિંદા.

(૭) **ગર્હા :** ગુરુની સામે જઈને પોતાના પાપો પ્રગટ કરવા તે ગર્હા

(૮) **શુદ્ધિ :** પાપકર્મોની આલોચના લઈને શુદ્ધિ કરવી તે શુદ્ધિ.

**(આવશ્યક સૂત્ર)**

## ૨૮૮. દશ અચ્છેરાનો સામાન્ય અર્થ

(૧) **ઉપસર્ગ :** મનુષ્યો, તિર્યઞ્ચો અને દેવ દ્વારા થતાં ઉપસર્ગોને ઉપસર્ગ કહેવાય છે. ભગવાન મહાવીરને તીર્થંકર અવસ્થામાં ગોશાળકે તેજોલેશ્યા છોડી જેનાં કારણે છ મહિના સુધી તીર્થંકરને લોહીખંડ ઝાડા થયા તે એક આશ્ચર્ય કહેવાય. કારણ કે તીર્થંકરને આવું બનતું નથી. છતાં બની ગયું તે અચ્છેરૂ થયું.

**(ભગવતી સૂત્ર શ.૧૫)**

(૨) **ગર્ભસંક્રમણ :** સામાન્ય રીતે તીર્થંકરો સારા (ક્ષત્રિય) કુળમાં જ ઉત્પન્ન થાય પરંતુ પૂર્વકર્મનાં કારણે ભગવાન મહાવીર દેવાનંદા

નીકુક્ષીમાં ઉત્પન્ન થયા અને હરિણૈગમેષી દેવે દેવાનંદાની કુક્ષીમાંથી ત્રિશલા માતાની કુક્ષીમાં ગર્ભરૂપે ફેરવ્યા આ રીતે ગર્ભનું સંક્રમણ થયું તેવું થાય નહિ પરંતુ થયું માટે અચ્છેરું કહેવાય.

**(ભગવતી સૂત્ર શ.૫)**

(૩) **સ્ત્રીતીર્થંકર :** સામાન્ય રીતે પુરુષ જ તીર્થંકર હોય પરંતુ મિથિલાપતિ કુંભરાજાની પુત્રી મલ્લીકુમારી તે ઓગણીસમાં તીર્થંકર થયા. માયાસેવનથી સ્ત્રીવેદનો બંધ થયેલ. માટે સ્ત્રી તીર્થંકરની ઘટના એક આશ્ચર્યરૂપી બની આપણ એક અચ્છેરૂ છે.

**(જ્ઞાતાધર્મ કથા અ. ૮)**

(૪) **અભાવિતપર્ષદા :** તીર્થંકરની દેશના સાંભલવા આવેલ શ્રોતાઓને પરિષદ કહે છે. અને એ દેશના સાંભલીને કોઈ શ્રાવકનાં વ્રતો કોઈક સાધુનાં મહાવ્રતો ગ્રહણ કરે છે. પરંતુ પ્રભુ મહાવીરની દેશનામાં કોઈ શ્રાવક-શ્રાવિકા હાજર ન હતા. માત્ર દેવ-દેવીઓ હતાં. માટે કોઈએ પણ વ્રતનો સ્વીકાર ન કર્યો તે આશ્ચર્યકારી ઘટના કહેવાય. નબનવાનું બની ગયું માટે અચ્છેરૂં કહેવાય.

**(ઠાણાંગ સૂત્ર વૃત્તિ)**

(૫) **કૃષ્ણવાસુદેવનું અપરકંકામાં ગમન :** સામાન્ય રીતે એક ક્ષેત્રમાં એક વાસુદેવ હોય બંને વાસુદેવ ક્યારેય ભેગા થાય નહિ. પરંતુ અપરકંકા નગરીનાં પદ્મનાભ રાજાએ દેવોની સહાયથી દ્રૌપદીનું હરણ કરેલ. નારદ મુનિ દ્વારા સમાચાર મળતા કૃષ્ણ પાંડવોને સાથે લઈ આરાધના દ્વારા મોટો સમુદ્ર પણ પાર કરીને અપરકંકામાં

જઈ યુદ્ધમાં પદ્મનાભ રાજાને હરાવી ભરતક્ષેત્ર તરફ પાછા ફરતાં શંખનાદ કરેલ. એ વખતે ત્યાં રહેલ કપિલ વાસુદેવે અવાજ સાંભળી ત્યાં રહેલા ભગવાન મુનિસુવ્રત સ્વામીને પૂછયું ત્યારે તેમને કહ્યુ કૃષ્ણ વાસુદેવ આવેલા છે ત્યારે કપિલ વાસુદેવ શંખનાદ કર્યો અને કૃષ્ણ વાસુદેવે પણ શંખનાદ કર્યો બંનેના શંખનાદ પરસ્પર મળતા નથી પરંતુ મળી ગયા તે અચ્છેરૂ કહેવાય. (જ્ઞાતા ધર્મકથાંગ સૂત્ર)

(૬) **ચંદ્ર-સૂર્ય વિમાન સહિત નીચે આવવું :** ચંદ્ર-સૂર્ય બંને દેવો પોતપોતાનાં વિમાનમાં બેસી પરિભ્રમણા કરે છે. પરંતુ ભગવાન મહાવીરની દેશના સાંભળવા બંને દેવો મૂળ વિમાન સાથે નીચે આવી ભગવાનનાં સમવસરણ પાસે ઉતર્યા એ પણ સંધ્યા સમયે આવ્યા હતા. આવી રીતે ક્યારેય બનતુ નથી પણ નીચે આવ્યા તે અચ્છેરૂ કહેવાય. (દશવૈકાલિકની ટીકા)

(૭) **હરિવંશ કુળની ઉત્પત્તિ :** ભરતક્ષેત્રની ઉત્તરમાં હરિવર્ષ નામનું ક્ષેત્ર છે. જે યુગલિકભૂમિક કહેવાય ત્યાં યુગલિકોને વંશ પરંપરા હોતી નથી સાથે જ જન્મે સાથે મૃત્યુ પામે. પરંતુ હરિવર્ષનાં એક યુગલિકે હરિ રાજા અને હરિણી રાણીએ ચંપાનગરીમાં રાજ્ય કરી **હરિવંશ** પ્રગટ કર્યો તે એક અચ્છેરું કહેવાય.

(ઠાણાંગ સૂત્ર વૃત્તિ)

(૮) **ચમર ઉત્પાત :** અસુરકુમારચમેરન્દ્રને દેવલોકમાં જઈ સૌધર્મેન્દ્ર પાસે જઈને ઉત્પાત મચાવ્યો. આ ચમરેન્દ્રમાં શક્તિ હોવા છતાં

ક્યારેય આટલાં ઊંચા જાય નહિ પરન્તુ તે ગયો અને ઉત્પાત મચાવ્યો તેથી શક્રેન્દ્ર ગુસ્સે થઈ એની સામે વજ્ર ફેંક્યું પણ ચમરેન્દ્ર તરત જ વૈક્રિય શરીરમાં સૂક્ષ્મરૂપ બનાવી પ્રભુ મહાવીરનાં ચરણ પાસે બેસી ગયો. શક્રેન્દ્રને ખબર પડતા પ્રભુથી ચાર અંગુલ દૂર રહેલા વજ્રને પાછું ખેંચી લીધું. મહાવીરનાં શરણનાં કારણે ચમરેન્દ્રની માફી માગી. આવું ક્યારેય બનતું નથી પરંતુ બની ગયું માટે અચ્છેરૂ કહેવાય. (ભગવતી સૂત્ર શ.૨)

(૯) **એક સમયે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮નું સિદ્ધ થવું :** ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષની અવગાહનાવાળા એક સાથે બે જીવ જ સિદ્ધ થાય પરંતુ ભગવાન ઋષભદેવનાં શાસનમાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ભગવાન ઋષભદેવ તેનાં ૯૮ પુત્રો અને ૮ પૌત્ર એક સાથે નિર્વાણ પામ્યા તેજ સમયે ઐરવત ક્ષેત્રનાં તીર્થંકર નિર્વાણ પામ્યા આવી રીતે એક સાથે ૧૦૮ જીવો મોક્ષ પામ્યા તે અચ્છેરું જાણવું.

(ઠાણાંગ સૂત્ર વૃત્તિ)

**અસંયમીની પૂજા :** આરંભ અને પરિગ્રહથી યુક્ત અસંયમી વ્યક્તિ પૂજા સત્કારને યોગ્ય નથી પરંતુ આ અવસર્પિણીમાં શીતલનાથ તીર્થંકરનાં શાસનમાં અસંયમીની પણ પૂજા થવા લાગી તે પણ એક અચ્છેરું થયું. (ઠાણાંગ સૂત્ર વૃત્તિ)

## ૨૮૯. ૫૦૦ હળનું પ્રમાણ

- ઉપાસક દશાંગ આગમમાં મહાવીરનાં ૧૦ શ્રાવકો વ્રત લેતી વખતે ૫૦૦ હળ પ્રમાણ ક્ષેત્રની જે મર્યાદા રાખે છે તે આ પ્રમાણે

| | |
|---|---|
| ૧૦ હાથ = ૧ વાંસ | ૧ હળ = ૨૦૦૦ વાંસ |
| ૨૦ વાંસ = ૨ નિવર્તન | ૨૦૦૦ વાંસ = ૪૦૦૦ ધનુષ |
| ૨૦૦૦ વાંસ = ૨૦૦ નિવર્તન | ૪૦૦૦ ધનુષ = ૨ કોશ |
| ૧૦૦ નિવર્તન = ૧ હળ | ૫૦૦ હળ = ૧૦૦૦ કોશ |

૧૦૦૦ કોશ એટલે અંદાજ ૭૦૦૦ કિમી. થાય.

## ૨૯૦. ચંદ્રગુપ્ત રાજાના ૧૬ સ્વપ્નોનો અર્થ

- ચંદ્રગુપ્ત રાજા જૈનધર્મી હતો તેમને પૌષધ લઈને રાત્રે સંથારો કરેલ તે વખતે તેમને ૧૬ સ્વપ્ન આવેલ એ વખતે ભદ્રબાહુ શ્રુતકેવળી ત્યાં પધારેલા અને એમને પોતાનાં મુખથી ૧૬ સ્વપ્નનો અર્થ કહેલ.

(૧) **પ્રથમ સ્વપ્ન - કલ્પવૃક્ષની શાખા ભાંગી :** હવે પછી કોઈ રાજા દીક્ષા લેશે નહિ.

(૨) **દ્વિતીય સ્વપ્ન - અકાળે સૂર્યાસ્ત થયો :** મનઃ પર્યવજ્ઞાન કેવલ જ્ઞાનનો અસ્ત.

(૩) **તૃતીય સ્વપ્ન - ચાલણી જેવો ચંદ્ર દેખ્યો :** જૈન ધર્મમાં મતમતાંતર ઘણાં થશે.

(૪) **ચતુર્થ સ્વપ્ન - ચૌટા ઉપર ભૂતો નાચે છે :** દષ્ટિરાગી શ્રાવકો કુગુરૂની ભક્તિ કરશે.

(૫) **પાંચવા સ્વપ્ન - બારફણાવાળો સાપ દેખ્યો :** બાર વરસ સુધી દુષ્કાળ પડશે.

(૬) **છઠ્ઠું સ્વપ્ન - દેવવિમાન પાછું ફરે છે :** જંઘાચારણ વિદ્યાચરણ સાધુઓનો વિચ્છેદ.

(૭) **સાતવું સ્વપ્ન - ઉકરડામાં કમળ ઉગ્યુ :** હલકા કુલમાં ધર્મની ભાવના ઉંચનીચનો ભેદભાવ થશે.

(૮) **આઠવું સ્વપ્ન - આગીયાનો પ્રકાશ દેખાશે :** જૈન ધર્મનો પ્રભાવ થોડો રહેશે.

(૯) **નવમું સ્વપ્ન - દક્ષિણ દિશામાં સુકું સરોવરમાં પાણી ભરેલ જોયું :** દક્ષિણ પ્રદેશમાં કાંઈક જૈન ધર્મ રહેશે. પરંતુ જયાં જયાં પરમાત્માનાં કલ્યાણકો છે ત્યાં ધર્મનો વિચ્છેદ થશે.

(૧૦) **દશમું સ્વપ્ન - સોનાની થાલીમાં કુતરો ખીર ખાય છે :** ઉત્તમ ઘરોની લક્ષ્મી નીચ ઘરોમાં જશે. ઉત્તમ ઘરોની કન્યા પણ નીચ કુલમાં જશે.

(૧૧) **અગ્યારમું સ્વપ્ન - હાથી ઉપર વાંદરો બેઠો :** મિથ્યા ધર્મી રાજા બનશે જૈન ધર્મનો સંશય કરી મિથ્યામત ફેલાવશે.

(૧૨) **બારમું સ્વપ્ન - સમુદ્રે મર્યાદા છોડી દીધી છે :** ઠાકોર હશે તે જુઠાને સાચા સાચાને જુઠા ન્યાય કરશે. કુડકપટ કરી જુઠા ઉપાય બતાવશે.

(૧૩) **તેરમુ સ્વપ્ન - મોટા રથમાં વાછરડા જુત્યા :** વૃદ્ધપણે સંયમ

ઓછા લેશે બાલ દીક્ષા વધારે થશે. ગુરૂને છોડી શિષ્યો અલગ ફરશે.

(૧૪) **ચૌદમું સ્વપ્ન - ઝાંખારત્નો દેખ્યા :** મુનિવરો ગુણ યુક્ત ઓછા મળશે.

(૧૫) **પંદરમું સ્વપ્ન - રાજકુમાર બળદ ઉપર ચઢ્યા :** સગાં-સ્નેહીઓ સાથે વૈરભાવ રાખશે બીજા સાથે પ્રેમથી વર્તશે.

(૧૬) **સોલમું સ્વપ્ન - કાળા હાથી ઝઘડતા દેખાશે :** સંયમીઓ પરસ્પર ઝઘડશે અને વાણીયા વ્યાપારમાં કપટ કરશે તો પણ પેટ નહિ ભરાય. **(જ્ઞાનવિમલસૂરિકૃત સજ્ઝાયમાંથી)**

## ૨૯૧. આગમ-ગ્રંથને વાંચવા માટે ૧૪ સંખ્યાનું પરિમાણ

(૧) **પર્યવ સંખ્યા :** પર્યાય અથવા ગુણની સંખ્યા

(૨) **અક્ષર સંખ્યા :** અકાર વિ. અક્ષરોની સંખ્યા - ગણના જેમ કે નવકાર મહામંત્રના ૬૮ અક્ષર છે.

(૩) **સંઘાત સંખ્યા :** બે અક્ષરોનાં સંયોગને સંઘાત કહે છે. તેની ગણના.

(૪) **પદ સંખ્યા :** ક્રિયાપદ અંતે હોય તેવાં પદોની સંખ્યા તે.

(૫) **પાદ સંખ્યા :** શ્લોકનાં ચોથાભાગને પાદ કહેવાય તેની ગણના.

(૬) **ગાથા સંખ્યા :** પ્રાકૃતભાષામાં લખાયેલ છંદ તે ગાથા. તેની ગણના.

(૭) **શ્લોક સંખ્યા :** સંસ્કૃત-ભાષામાં લખાયેલ છંદ તે શ્લોક.

(૮) **વેષ્ટક સંખ્યા :** બે-ચાર-પાંચ શ્લોક સાથે વાક્યની પૂર્તિ થાય તે.

(૯) **નિર્યુક્તિ સંખ્યા :** યુક્તિપૂર્વક નિશ્ચય કરાય તે અથવા શબ્દોની વ્યુત્પત્તિ પરક વ્યાખ્યા તે.

(૧૦) **અનુયોગ દ્વાર સંખ્યા :** સૂત્રની સાથે અર્થનું જોડાણ થવું તે અનુયોગ આવાં અર્થયુક્ત દ્વારોની સંખ્યા બતાવવી તે.

(૧૧) **ઉદ્દેશક સંખ્યા :** વિષય પ્રમાણે અલગ અલગ ભાગ કરવા તે ઉદ્દેશા.

(૧૨) **અધ્યયન સંખ્યા :** શાસ્ત્રનાં સંપૂર્ણ વિષય પ્રમાણે વિભાગ કરવા તે. જેમ કે જ્ઞાતા ધર્મકથાનાં ૧૯ અધ્યયન છે. ઉદ્દેશાનો સમૂહ તે અધ્યયન.

(૧૩) **શ્રુતસ્કંધન સંખ્યા :** અધ્યયનનો સમૂહ તે શ્રુત સ્કંધ તેનાં વિભાગ જેમ કે આચારાંગ સૂત્રનાં બે શ્રુતસ્કંધ છે.

(૧૪) **અંગ સંખ્યા :** ગણધરો દ્વારા રચિત આગમોને અંગ કહેવાય તેની ગણના. (અનુયોગદ્વાર સૂત્ર)

## ૨૯૨. સૂત્ર બોલતી વખતે ૩૨ દોષોનો ત્યાગ કરવો

(૧) **અલીક દોષ :** સૂત્રમાં કોઈ અસત્ય વચન બોલવું તે.

(૨) **ઉપઘાત જનક દોષ :** પીડા ઉત્પન્ન કરે એવી રીતે સૂત્રો બોલે તો.

(૩) **નિરર્થક દોષ :** જરૂર વગર સૂત્રો બોલ બોલ કરે તો.

(૪) **અપાર્થક દોષ :** અસંબદ્ધ અર્થવાચક શબ્દો બોલવાતે.

(૫) **છલદોષ :** માયાયુક્ત શબ્દો બોલવા તે.

(૬) **કહિત દોષો :** પાપ વ્યાપાર પોષક યુક્ત સૂત્રો શબ્દો બોલાવા તે.

(૭) **નિસ્સારવચન દોષ :** યુક્તિરહિત સાર વિનાનાં શબ્દો બોલવા તે.

(૮) **અધિકવચન દોષ :** જે સૂત્રો બતાવેલા તેનાંથી કાંઈક વધારે બોલે તો.

(૯) **ઉનદોષ :** જે સૂત્રો બતાવેલાં તેમાં કાંઈક અક્ષર ઓછા બોલે તો.

(૧૦) **પુનરૂક્ત દોષ :** એક જ શબ્દને વારંવાર બોલવા તે.

(૧૧) **વ્યાહ્વત દોષ :** પૂર્વ વચનથી ઉત્તરવચનનો વ્યાઘાત (ભંગ કરવો) તે.

(૧૨) **અયુક્ત દોષ :** સૂત્રમાં મન ન રાખે તેથી કાંઈને કોઈ બોલાય તે.

(૧૩) **ક્રમભિન્ન દોષ :** જે ક્રમ બતાવેલ છે તે ક્રમને છોડીને બોલે તો.

(૧૪) **વચનભિન્ન દોષ :** જે વચન બતાવેલ તેનાંથી હિનવચન બહુવચન ભિન્ન બોલે તો.

(૧૫) **વિભક્તિ ભિન્ન દોષ :** સૂત્રોની પ્રથમા આદિવિભક્તિ હોય તેનાથી ભિન્ન બોલે તો.

(૧૬) **લિંગ ભિન્ન દોષ :** પુલિંગ, સ્ત્રીલીંગનાં ધ્યાન વિના બોલે તો

(૧૭) **અનભિક્ત દોષ :** સ્વસિદ્ધાંતમાં જે પદાર્થ નથી તેનો ઉપદેશ કરવો તે.

(૧૮) **અપદોષ :** સ્વર, વ્યંજન, અનુસ્વારનાં ઉપયોગ વિના બોલવું તે.

(૧૯) **સ્વભાવહીન દોષ :** આત્મસ્વરૂપની રમણતા છોડીને બોલવું તે.

(૨૦) **વ્યવહિત હિન દોષ :** જેની વ્યાખ્યા કરવાની છે તેને છોડીને બીજાની વ્યાખ્યા કરવી તે.

(૨૧) **કાલદોષ :** કાળવેલામાં સૂત્ર ગોખવા. ક્રિયા પણ અકાળે કરવી તે.

(૨૨) **યતિ દોષ :** અનુચિત સ્થાને વિરામ લેવો અટકવું તે.

(૨૩) **છવિ દોષ :** એટલે અલંકાર કાવ્યાલંકાર વિગેરેનાં ધ્યાન વિના બોલવું તે.

(૨૪) **સમય વિરુદ્ધ દોષ :** આગમ વિરુદ્ધ સૂત્રોનો ઉચ્ચાર કરવો તે.

(૨૫) **વચન માત્ર દોષ :** સૂત્ર બોલતી વખતે સાથે શુદ્ધ ઉચ્ચાર ન રાખે તો.

(૨૬) **અર્થાપત્તિ દોષ :** સૂત્ર બોલતી વખતે સાથે અર્થનો ઉપયોગ ન રાખે તો.

(૨૭) **અસમાસ દોષ :** સમાસનું ધ્યાન રાખ્યા વિના બોલે તો.

(૨૮) **ઉપમા દોષ :** શાસ્ત્રકારે જે ઉપમા આપેલી તે છોડીને બીજી બોલે તો.

(૨૯) **રૂપક દોષ :** જે સૂત્ર હોય તેનો તેજ પ્રમાણે અર્થ ન ઘટાવે તો.

(૩૦) **નિર્દેષ દોષ :** શાસ્ત્ર આજ્ઞા વિરુદ્ધ બોલે તો.

(૩૧) **પદાર્થ દોષ :** જે સૂત્રનાં પદાર્થો બતાવેલ છે તેને છોડીને ઉપયોગ કરે તો.

(૩૨) **સંધિ દોષ :** સંધિ વિગેરેનું ધ્યાન રાખીને ન બોલે તો.

**(અનુયોગ દ્વાર સૂત્ર)**

## ૨૯૩. સૂત્રનાં આઠ ગુણો

૧. નિર્દોષ
૨. સારવાળું
૩. હેતુયુક્ત
૪. અલંકારયુક્ત
૫. ઉપનીત (દષ્ટાંત યુક્ત)
૬. સવિચાર (સાહિત્યક ભાષા વાળું)
૭. મિત
૮. મધુર (અનુયોગ દ્વાર સૂત્ર)

## ૨૯૪. સૂત્રો ભણવાનાં છ લક્ષણો

(૧) **સંહિતા :** પદનું સ્પષ્ટ ઉચ્ચાર તે સંહિતા. સૂત્રો પ્રાકૃત તથા સંસ્કૃતમાં હોય માટે બોલતી વખતે એક એક શબ્દ અનુસ્વાર દીર્ઘનું ખાસ ધ્યાન રાખવું તેનાથી સ્પષ્ટ અર્થ પણ સમજી શકાશે.

(૨) **પદ :** એક એક પદને છૂટા પાડીને બોલવાતે પદ જેમ કે નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં આ રીતે અટકીને બોલવું તે.

(૩) **પદવિગ્રહ :** પદમાં કોઈ સામાસિક વિગ્રહ હોય તો સામાસિક પદો છૂટાપાડીને બોલવા.

(૪) **પદાર્થ :** છૂટા પાડેલા પદોનાં અર્થનો વિચાર કરવો તે. જેમ કે નમો એટલે નમસ્કાર અત્થુ એટલે થાઓ.

(૫) **ચાલના :** જિજ્ઞાસાવૃત્તિથી પ્રશ્ન ઉઠાવીને જાણકારી પ્રાપ્ત કરવી તે.

(૬) **પ્રત્યવસ્થાન :** પ્રશ્નનાં સચોટ સમાધાન દ્વારા પદનો તાત્પર્યાર્થ જાણવો તે. (અનુયોગ દ્વાર સૂત્ર)

## ૨૯૫. સૂત્રનાં શુદ્ધ ઉચ્ચાર માટે ૧૭ ગુણો

(૧) **शिक्षितम् :** સૂત્રને શિખતી વખતે શબ્દ અને અર્થ સાથે શીખવું તે.

(૨) **स्थितम् :** શિખ્યા પછી ભૂલાય નહિ માટે સ્વાધ્યાય દ્વારા સ્થિર કરવું તે.

(૩) **जितम् :** સૂત્રને આદિથી અંત સુધી અટક્યા વગર બોલવું તે.

(૪) **मितम् :** સૂત્રનાં પદો તેમજ સંપદા ગુરૂ-લઘુ અક્ષરનું ધ્યાનમાં રાખવું તે.

(૫) **परिजितम् :** આનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વીથી સ્વાધ્યાય કરે તે જેઓ નમોઅરિહંતાણંથી હવઈમંગલં અને હવઈ મંગલંથી નમો અરિહંતાણ સુધી બોલવું.

(૬) **नामसमम् :** પોતાનાં નામની જેમ સૂત્રને બરાબર યાદ કરવા કોઈ ઉંઘમાંથી ઉઠાડીને પૂછે તો પણ તરત જ બોલી શકાય તે રીતે.

(૭) **घोषसमम् :** ઉદાત્ત-અનુદાત્ત અને સ્વરિત એમ ત્રણ પ્રકારનાં ઘોષ છે તેનાં ઉચ્ચારપૂર્વક સૂત્ર બોલવા તે અવાજ કાઢીને બોલવું.

(૮) **अहीनोक्षरम् :** સૂત્ર પૂરેપૂરા અક્ષરો સાથે બોલવું એક પણ અડધો અથવા આખો અક્ષર રહી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવું.

(૯) **अनत्यक्षरम् :** સૂત્રોમાં જેટલા અક્ષર લખેલા છે તેટલા જ બોલવા એકપણ અક્ષર વધારે ન બોલવો.

(૧૦) **अव्याविद्धाक्षरम्** : આડુંઅવળું મરડયા વગર સૂત્ર શુદ્ધ સ્પષ્ટ ઉચ્ચાર સાથે બોલવા.

(૧૧) **अस्खलितम्** : જયાં અટકવાનું કહ્યુ તેનું ખાસ ધ્યાન રાખવું...સૂત્રની વચ્ચે ક...અં...અ...આવી રીતે ન બોલાય.

(૧૨) **अमिलितम्** : સૂત્રનાં એક બીજા અક્ષરને ભેગા કરીને ન બોલવા. અલગ અલગ સ્પષ્ટપણે બોલવા નહિ તો ખબર પણ નહિ પડે શું બોલે છે.

(૧૩) **अव्यत्याम्रिडितम्** : સૂત્ર ઘણાં જ મારી મચડીને ન બોલવા. પદ-ગાથા વિગેરે આગળ પાછળ કર્યા વિના ક્રમપૂર્વક શુદ્ધિપૂર્વક બોલવા.

(૧૪) **प्रतिपूर्णम्** : સૂત્રમાં શબ્દ-અક્ષર-માત્રા-હસ્વ-દીર્ઘ બધુ ધ્યાન રાખીને પૂર્ણરૂપે બોલવું એકનો એક શબ્દ વારંવાર ન બોલવો.

(૧૫) **प्रतिपूर्णघोषम्** : જયારે કોઈ પણ સૂત્રનો સ્વાધ્યાય કરો ત્યારે પણ અતિ ઉતાવળે ન કરવો. ઘોષ પૂર્વક શુદ્ધિપૂર્વક કરવો. ઘોષ સમયમાં નવા સૂત્ર ગોખવાની વાત આવે આમાં સ્વાધ્યાયની વાત છે.

(૧૬) **कण्ठौष्ठविप्रमुक्तम्** : ગળું ને હોઠ બરાબર ખુલ્લા રાખીને કંઠય વર્ગનો ઉચ્ચાર બરાબર કરવો. તાલવ્ય, દન્ત્ય, મૂર્ધન્ય, ઓષ્ઠય પોતપોતાનાં સ્થાનેથી ઉચ્ચાર બોલવા.

(૧૭) **गुरुवाचनोपगत्तम्** : ગુરૂની પાસે વાચના લીધા પછી સૂત્ર

ગોખવા વિનયપૂર્વક ગુરૂપાસે ગ્રહણ કરવાથી જલ્દી યાદ થાય છે.

(અનુયોગ દ્વાર સૂત્ર)

## ૨૯૬. ઈહલોગ વિરુદ્ધ કાર્યોનાં નામો

૧. સર્વજનોની નિંદા

૨. ગુણ સમૃદ્ધજનોની નિંદા (આચાર્યાદિની)

૩. લોકમાં પૂજનીય રાજા મંત્રી વિગેરેની નિંદા

૪. બહુજન વિરુદ્ધ લોગોની નિંદા

૫. દેશ, જાતિ, કુલ વિગેરે ઉત્તમ મર્યાદાનું ઉલ્લંઘન

૬. ઉદ્‌ભટ વેશ, ઉદ્‌ભટ ભોગોનું ધારણ

૭. દાનાદિ કાર્યોને ઘણાં પ્રસિદ્ધિ કરવાં

૮. ઉત્તમ પુરુષોની પીડામાં આનંદ પામતો.

૯. છતીશક્તિએ કોઈની રક્ષા ન કરવી.

૧૦. સરલભાવે ધર્મ કરનારની મશ્કરી કરવી. (જયવીયરાય સૂત્ર)

## ૨૯૭. ઉત્પત્તિ સ્થાનનાં ૨૪ ભેદ એટલે ચોવીશ દંડક

૧. સાત નારકનાં જીવોનો એક દંડક ......... ૧

૨. દશભવન પતિ દેવોના દશ દંડક ........ ૧૦

૩. પાંચ સ્થાવર કાયનાં પાંચ દંડક ........... ૫

૪. ત્રણ વિકલેન્દ્રિયનાં ત્રણ દંડક ............ ૩

૫. તિર્યંચ્ચ પંચેન્દ્રિય જીવોનો એક દંડક ...... ૧

૬. ગર્ભજ મનુષ્યનો એક દંડક .............. ૧

૭. વાણવ્યંતર દેવોનો એક દંડક ............ ૧

૮. જ્યોતિષ, દેવોનો એક દંડક ............ ૧

૯. વૈમાનિક દેવોનો એક દંડક .............. ૧

**કુલ દંડક ......... ૨૪**

➺ સાધુ-સાધ્વીજી માટે રજોહરણની દાંડી, શ્રાવક શ્રાવિકા માટે ચરવળાની દાંડી ૨૪ અંગુલીની હોય ૨૪ દંડકને દૂર કરવા માટે.

(ભગવતી સૂત્ર નૈરયિક અધ્યયન)

## ૨૯૮. વૃક્ષનાં ૧૦ વિભાગોને ધર્મનાં ૧૦ ગુણો સાથે સંયોજીત

(૧) **મૂળ** : વિનય

(૨) **કંદ** : ધીરજતા

(૩) **સ્કંધ** : જ્ઞાન

(૪) **ત્વચા** : શુભભાવ

(૫) **શાખા** : અનુકંપા

(૬) **પ્રતિશાખા** : મહાવ્રતની ભાવના

(૭) **પલ્લવો** : ધર્મધ્યાન

(૮) **પત્રો** : નિર્લોભિતા ક્ષમા

(૯) **પુષ્પો** : વાસનાનો નાશ

(૧૦) **ફળ** : મોક્ષફળ

(દશવૈકાલિક સૂત્ર)

## ૨૯૯. આગમની પંચાંગીની વ્યાખ્યા

(૧) **મૂળસૂત્ર** : ગણધર ભગવંત રચિત અંગસૂત્ર, તીર્થંકરનાં શિષ્યો રચિત પયન્ના તથા વિશિષ્ટ પૂર્વધર આદિ મહાપુરુષોએ રચિત ઉપાંગ, મૂળસૂત્ર, ચૂલિકા આદિમાં પ્રાકૃતભાષામાં જે ગાથાઓ,

શ્રુતસ્કંધો, અધ્યયનો અને સૂત્રો આપેલા ચે તે બધા મૂળસૂત્ર મૂળગાથાઓ કહેવાય.

(૨) **ટીકા :** ટીકાનું નિર્માણ સંસ્કૃત ભાષામાં થાય. ગણધર ભગવંત તથા પૂર્વધર આદિ મહાપુરુષોએ જે આગમ ગ્રંથોની રચના કરી છે તેના ઉપર ટીકા એટલે તે જ ગાથા-શ્લોક સૂત્ર આદિ સરલભાષામાં વિસ્તાર કરવો. જેમ કે અંગની ટીકા રચનાર શીલાંકાચાર્ય અને અભયદેવ સૂરિ છે. બાકીનાં ગ્રંથો આગમોની ટીકા મલયગિરિજી, હરિભદ્રસૂરિ, શાન્તિસૂરિ વિગેરે વિદ્વાન આચાર્યો ઘણી ટીકા રચી છે.ટીકા, વૃત્તિ, વિવૃત્તિ, વિવેચન, વિવરણ, વ્યાખ્યા, વાર્તિક, દીપીકા, અવસૂરિ, પંજીકા આવી રીતે વિવિધ નામોનાં ઉપયોગ દ્વારા ટીકા રચાય છે.

(૩) **નિર્યુક્તિ :** યુક્તિપૂર્વક વ્યાખ્યાનો નિશ્ચય કરવો તે નિર્યુક્તિ નિર્યુક્તિની વ્યાખ્યા શૈલી નિક્ષેપ પદ્ધતિ પર આધારિત છે. એક પદનાં જેટલા અર્થ થાય તેટલા બતાવી તેમાં ગ્રાહ્ય અર્થનું સૂચન કરી અપ્રસ્તુતનું નિરાસન પણ કરવામાં આવે છે. આનાં મુખ્યકર્તા ચૌદપૂર્વી ભદ્રબાહુ સ્વામી છે. પૂર્વધરો નિર્યુક્તિ રચે.

(૪) **ભાષ્ય :** સૂત્રનાં ગૂઢ રહસ્યોને સ્પષ્ટ કરવા માટે થોડા વિસ્તાર સાથે પ્રાકૃત ભાષામાં પદ્યાત્મક વ્યાખ્યા લખવામાં આવે તેને ભાષ્ય કહેવાય. જેમ કે હરિભદ્રસૂરિ, શાંતિસૂરિ, સંઘદાસગણિ પ્રસિદ્ધ છે.

(૫) **ચૂર્ણિ :** સંસ્કૃત મિશ્રીત પ્રાકૃતમાં ગદ્યાત્મક વ્યાખ્યાઓ લખવામાં આવે તેને ચૂર્ણિ કહેવાય. આ સાહિત્યમાં અનેક દૃષ્ટાંતો અને કથાઓનાં માધ્યમ દ્વારા મૂળ વિષયને સ્પષ્ટ કરવામાં આવે છે. ચૂર્ણિકાર જિનદાસગણિ, અગસ્ત્યસિંહ સ્થવિર અને પુણ્યવિજય થયેલા.

(૬) **ટબા :** ૧૮ મી શતાબ્દિમાં થયેલા જ્ઞાનવિમલસૂરિ પાયચંદ સૂરિ આદિને ગુજરાતી અને રાજસ્થાની મિશ્ર ભાષામાં ટબાઓની રચના કરેલ. સંસ્કૃત પ્રાકૃત જે શ્લોકો હોય તેમની નીચે તે પ્રચલિત અર્થ સ્થાનિક ભાષામાં અપાતા અર્થને ટબા કહે છે.

(૭) **બાલાવબોધ :** જે પ્રાકૃત-સંસ્કૃત શ્લોકો હોય તેને પણ બાલ જીવો સમજી શકે એવી સરલ ભાષામાં અને મારવાડી આદિ મિશ્રભાષામાં જે રચના થાય તેને બાલાવબોધ કહેવાય. સોમસુંદરસૂરિએ ઉપદેશ માળાનો બાલાવબોબ રચેલ જ્ઞાનવિમલસૂરિ વિગેરે આચાર્યોએ બાલાવબોધ રચેલ.

## ૩૦૦. આગમોનાં ઉપનામો

(૧) **ગમિકશ્રુત :** જે શ્રુતમાં આદિ મધ્યમ અને અંતમાં થોડી વિશેષતાની સાથે ફરી ફરી એજ શબ્દોનું વાક્યોનું ઉચ્ચારણ થાય છે.

(૨) **અગમિક શ્રુત :** જેનાં પાઠો એક સરખા ન હોય, સરખા વાક્યોની જેમાં બહુલતા ન હોય તે અગમિક સૂત્ર. જેમ આચારાંગ સૂત્ર.

(૩) **અંગપ્રવિષ્ટ :** ગણધર ભગવંતો એ અંગોની રચના કરેલ છે તેને

અંગપ્રવિષ્ટ કહેવાય, આચારાંગ સૂત્રથી માંડી દૃષ્ટિવાદ સુધીનાં સૂત્રો.

(૪) **અંગબાહ્ય :** અંગ સિવાયનાં જે ઉપાંગો તે અંગ બાહ્ય કહેવાય તેમની રચના સ્થવિર તથા પૂર્વાચાર્યોએ કરેલ છે.

(૫) **પયન્ના સંગ્રહ :** પ્રત્યેક તીર્થંકરનાં શિષ્યો પયન્નાની રચના કરે જેમ કે ભગવાન મહાવીરનાં ૧૪૦૦ શિષ્યો હતા આટલા પયન્ના રચના થયેલ હાલ ૧૦ પયન્ના છે એમાં ચતુશંરણ પયન્નાની રચના વીરપ્રભુનાં શિષ્ય વીરભદ્રગણિએ કરેલ છે.

## ૩૦૧. અરિહંત પરમાત્માની ચાર ઉપમાઓ

(૧) **મહાગોપ :** છકાય રૂપ ગોકુળ સમૂહને પાલનારા હોવાથી.

(૨) **મહામાહણ :** જગતમાં દયાનો પડહ વજડાવનારા હોવાથી જગતનાં જ્ઞાત.

(૩) **મહાનિર્યામિક :** સંસાર સમુહથી પાર પમાડનારા હોવાથી ભાવ નિર્યામક.

(૪) **મહાસાર્થવાહ :** જગતનાં જીવોને મોક્ષમાર્ગ લઈ જતાં હોવાથી.

## ૩૦૨. મહાવિદેહ ક્ષેત્રમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ તીર્થંકરોની સંખ્યા

- મહાવિદેહ ક્ષેત્રમાં જઘન્યથી વીસ તીર્થંકરો હોય છે. તે તીર્થંકર જ્યારે એક લાખ પૂર્વનો સમય પસાર થાય ત્યારે બીજા તીર્થંકરનો જન્મ થાય અથવા ગર્ભમાં પણ હોય. એમ ચોરાશી પૂર્વનાં આયુષ્યમાં ૮૩ તીર્થંકર બીજા

થાય. આ રીતે સરવાળો કરતાં જઘન્ય કાળે ૮૪ × ૨૦ = ૧૬૮૦ તીર્થંકર થાય. જે કાળે ૧૭૦ તીર્થંકરો ઉત્કૃષ્ટથી વિચરતા હોય ત્યારે પાંચ મહાવિદેહની ૧૬૦ વિજયનાં પ્રત્યેક તીર્થંકર ગણીએ તો ૧૬૦ × ૮૪ = ૧૩૪૪૦ તીર્થંકર થાય અને એમાં પણ પાંચ ભરત પાંચ ઐરવત ક્ષેત્રનાં ૧૦ તીર્થંકર ભેળવતા ૧૩૪૫૦ તીર્થંકર ઉત્કૃષ્ટ કાળે હોય છે.

**(અઢીદ્વીપનાં નકસાની પુસ્તક)**

## ૩૦૩. મહાવિદેહમાં સહચારી ચોર્યાશી તીર્થંકરોની પરંપરા

- વીશવિહરમાનનો જન્મ કુંથુનાથ અને અરનાથ સ્વામીનાં વચ્ચે થયેલ.
- વીશવિહરમાનો દીક્ષા મુનિસુવ્રત સ્વામી અને નમિનાથનાં વચ્ચે થયેલ.
- વીશવિહરમાનની ૧૦૦૦ વર્ષ સુધી છદ્મસ્થ અવસ્થા પસાર કરી એક સાથે કેવલજ્ઞાન પામે છે.
- વીશવિહરમાનો આવતી ચોવીશીમાં સાતમા અને આઠમા ઉદય અને પેઢાલ તીર્થંકરનાં સમયમાં સાથે મોક્ષે જશે.
- દરેક વિહરમાનની ૫૦૦ ધનુષ્યકાયા ૮૪ ગણધરો, ૧૦ લાખ કેવળી, ૧૦૦ કરોડ સાધુ, ૧૦૦ કરોડ સાધ્વીજીનો પરિવાર હોય છે.
- મહાવિદેહની વીસ વિજયમાં ઐકેક તીર્થંકરની સાથે બીજા ૮૩ સહચારી મળી ચોર્યાશી તીર્થંકરો છે. એમાનાં એક કેવલ જ્ઞાની છે. બાકીનાં ૮૩માં કોઈ રાજા, કોઈ યુવાન, કોઈ બાલ આ રીતે વર્તે છે. પ્રત્યેકનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું છે.

- ચોર્યાશી તીર્થંકરમાંથી એક મોક્ષે જતાં ત્ર્યાશીમાં તીર્થંકરને કેવલજ્ઞાન થશે. અને એ ચોર્યાશીમાં ગણાશે. વળી એ જ સમયે એક તીર્થંકરનો જન્મ થશે. આ રીતે ચોર્યાશીની સંખ્યા કાયમ માટે રહેશે. આ વીશ વિજયનાં શાશ્વતા ભાવો આવાં પ્રકારના છે માટે એક સાથે ૮૪ તીર્થંકરો હોઈ શકે છે. તત્વ કેવલગમ્ય. (અઢીદ્વીપનાં નકસાની પુસ્તક)

## ૩૦૪. સીમંધર સ્વામીની મુખ્ય વિશેષતાઓ

૧. સીમંધરસ્વામીનો જન્મ ઉત્તરાષાઢા નક્ષત્ર અને ધનુ રાશિ છે.

૨. એમનાં શરીરની ઊંચાઈ ૫૦૦ ધનુષની છે. લંછન 'વૃષભ' છે.

૩. એમનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વ અને રૂપ અસાધારણ છે.

૪. એમનાં લગ્ન 'રૂક્મિણી' સાથે થયા હતાં. ૮૩ લાખ પૂર્વ સુધી ઘરમાં રહેલા.

૫. એમનાં શાસનમાં મહાવ્રતની સંખ્યા ચાર છે અને વસ્ત્રો વિચિત્ર પણ હોય છે.

૬. એમનાં શ્રમણ વર્ગને રાજપિંડ કલ્પે અને તપસ્યાનું પ્રમાણ આઠ માસનું છે.

૭. એમનાં પરિવારમાં ૧૦૦ ક્રોડ સાધુ, ૧૦૦ ક્રોડ સાધ્વી અને દસ લાખ કેવળી છે.

૮. સીમંધર સ્વામી જે નગરીમાં છે તે સિવાય બીજી સાત નગરીમાં આજે પણ જિનેશ્વરો છે.

૯. એમની ટચલી આંગળીમાં અનંત ઈન્દ્રોનું બળ હોય છે.

૧૦. જન્મ-અષાઢવદ-૧/જન્મ-ચૈત્રવદ-૧૦/દીક્ષા-ફાગણ સુદ-૩/ કેવલજ્ઞાન ચૈત્રસુદ-૧૩ નિર્વાણ કલ્યાણક = શ્રાવણ સુદ-૩.

### એકપૂર્વનાં કેટલા વર્ષ ?

- ચોર્યાશી લાખને ચોર્યાસી લાખથી ગુણીએ તો એકપૂર્વ થાય.
૮૪,૦૦,૦૦૦ × ૮૪,૦૦,૦૦૦ = ૭૦,૫૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦
એટલે સિત્તેર લાખ ક્રોડ છપ્પન હજાર ક્રોડ, વર્ષનું એક પૂર્વ થાય.

## ૩૦૫. ચૌદપૂર્વી પણ અનંતભવ કરે ?

**सुअकेवली आहारग, उज्जुमइ उवसंतगावि उपमाया ।**
**हिडंति भवमणंतं-तदनंतरमेव चउगइया ॥१॥**

- **ભાવાર્થ :** શ્રુતકેવળી, આહારકલબ્ધિવાળા, ઋજુમતિ, મનપર્યવજ્ઞાની અને ઉપશાંતમોહ (એટલે ૧૧ માં ગુણઠાણાવાળા) પ્રમાદનાં યોગથી તેજ ભવની પછી અનંતર ચારે ગતિવાળા થઈ અનંતભવ ભ્રમણ કરે.

(ગુણસ્થાનક ક્રમારોહ)

## ૩૦૬. વિજયદેવસૂરિજીનો ઇતિહાસ

- **જન્મસ્થાન :** ઇડર (ગુજરાત) વિ.સં. ૧૬૩૪ પોષસુદ-૧૩
- **માતા :** રૂપા દેવી **પિતા :** થીરાશેઠ **પુત્ર નામ :** વાસણ
- **દાદાગુરૂ :** જગત ગુરૂહીરસૂરિજી, **ગુરૂદેવ :** આચાર્ય વિજયસેનસૂરિજી
- **દીક્ષા :** વિ.સં. ૧૬૪૩-પાટણ (૯ સાલની ઉંમ્ર)
- **આચાર્યપદ :** સં. ૧૬૫૬ - ખંભાત ૭૦૦ મુનિવરોની હાજરી.

- **ભટ્ટારકપદ :** સં. ૧૬૫૭ પાટણ. પારેખ સહસ્રવીરને ૫૦,૦૦૦ દ્રવ્ય ખર્ચેલ.
- **મહાતપાબિરૂદ :** સં. ૧૬૭૪ માંડવગઢ જહાંગીર બાદશાહે આ બિરૂદ આપેલ.
- **તપ :** પ્રતિદિન એકાસણાનો તપ માત્ર ૧૫ દ્રવ્ય દ્વારા.
- **સ્વાધ્યાય :** સંયમજીવન દરમ્યાન ૫ કરોડ સ્વાધ્યાયની આરાધના.
- **શાસનદેવ :** અઢાર શાસન દેવો એમની સેવામાં હાજર હતાં.
- **પ્રવચન :** સૂરિપદ વખતે શાંતિનાથ પરમાત્માનાં પાંચ ગુણોનું વિવેચન એટલે 'સકલકુશલવલ્લી'ની રચના.
- **પરિવાર :** ૨૫ ઉપાધ્યાય, ૫૦૦ પંન્યાસ, ૨૫૦૦ સાધુઓ, ૫૦૦ સાધ્વિજીઓ, ૭ લાખ શ્રાવક-શ્રાવિકા.
- **સાધર્મિકવાત્સલ્ય :** આચાર્ય ભગવંતની પ્રેરણાથી ૧,૫૯,૦૦૦ શ્રાવકોને ભોજન કરાવો.
- **ગુરૂભક્તિ :** એમની પ્રેરણાથી ગોરધનદાસ શ્રાવકે ૮૪ ગચ્છનાં સાધુ-સાધ્વીની ભક્તિ કરેલ.
- **પ્રતિષ્ઠા :** શત્રુંજય મહાતીર્થ ઉપર આદેશ્વર દાદાનાં જિનાલય પાસે શ્રીમાળી વાછાએ પ્રતિષ્ઠા કરાવેલ...ત્યારપછી પાટણ, ખંભાત, અંતરીક્ષજી, બીજાપુર, સાલડી, ઇડર, મેડતા, સોનગઢ, નડિયાદ આદિ ઘણાં ગામોમાં.
- **સ્વર્ગવાસ :** વિ.સં. ૧૭૧૩ અષાઢ સુદ-૧૧ ઉણમાં. (ગુજરાત)

(જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૪)

## ૩૦૭. બીજાપુર (કર્ણાટક)નો પ્રાચીન જૈન ઇતિહાસ

- બીજાપુરનું પૂર્વે વિંધ્યનગર નામ હતું. આચાર્ય દેવશ્રી વિજયદેવ સૂરિજી ગુજરાતથી વિહાર કરતાં બીજાપુર (કર્ણાટક)માં પધાર્યા. વિ.સં. ૧૬૮૭ થી ૧૬૯૨ ની વચ્ચે ચાર ચાતુર્માસ બીજાપુરમાં એક ઔરંગાબાદ અને બે બુરહાનપુર એમ સાત ચાતુર્માસ કરેલા. બાદશાહ ઇદલશાહે આચાર્ય દેવસૂરિને બીજાપુરમાં ઘણાં સમય સુધી રોકેલા અને એમની પ્રેરણાથી ગોવધ આદિ હિંસા બંધ કરાવેલ.
- આચાર્ય દેવસૂરિજી તથા આચાર્ય સિંહસૂરિજી બંને આચાર્ય ભગવંતે બીજાપુરમાં પ્રથમ પ્રતિષ્ઠા ૧૬૮૭ ની આસપાસ કરાવેલ ત્યારે બીજાપુરનાં શ્રાવક વીરચંદવેલચંદનાં પુત્ર દેવચંદે પ્રતિષ્ઠામાં ૧૬,૦૦૦ દ્રવ્યનો વ્યય કરેલ
- વિ.સં. ૧૬૯૭ માં બીજી પ્રતિષ્ઠા બીજાપુરમાં કરાવેલ તથા ત્રીજી પ્રતિષ્ઠા વિ.સં. ૧૭૦૧ માં કરાવેલ તે વખતે પણ દેવચંદ શ્રાવકે ૮૦૦૦ દ્રવ્યનો વ્યય કરેલ. વિજયપ્રભસૂરિની પંન્યાસ પદવી બીજાપુરમાં થયેલ.
- આચાર્ય દેવસૂરિજી બીજાપુર સંઘ સાથે કરાડ પાર્શ્વનાથ તથા કલિકુંડ પાર્શ્વનાથની યાત્રા પણ કરેલ.
- વિજયપ્રભસૂરિની પંન્યાસપદવી બીજાપુરમાં પ્રતિષ્ઠા વખતે દેવસૂરિનાં હાથે થયેલ.
- दक्षिण्या च कन्नडी बिजापुरे पुरे तथा ।
  प्रतीच्यां च कच्छदेशे, प्रतिष्ठायेन निर्मम ॥ [ **विजय प्रशस्ति** ]

## ૩૦૮. વિજયદેવસૂરિજીનાં શિષ્ય મુનિ ભાવ વિજયજી

- પિતા રાજમલજી ઓસવાલ માતા મૂળીબાઈ પુત્રનું નામ ભાનીરામ

વિ.સં. ૧૬૭૫ માં પુત્ર ભાનીરામનો જન્મ થયેલ તેજ આચાર્ય દેવસૂરિનાં શિષ્ય મુનિભાવ વિજયજી બનેલા. એમને દીક્ષા લીધા પછી આંખ ચાલી ગઈ. પાટણમાં પહોંચ્યા પછી સ્થિરવાસ કર્યો. જાપ ચાલુ રાખ્યો દેવ પ્રસન્ન થયા અને કહ્યું કે અંતરીક્ષ પાર્શ્વનાથની યાત્રા કરવાથી તમને સફળતા મળી જશે. સંઘ સાથે અંતરીક્ષજી પહોંચ્યા. અઠ્ઠમનો તપ કરી સ્તુતિ કરી આંખોમાં રોશની આવી ત્યાંથી વિહાર કરી બીજાપુરમાં આવેલ અને ચાતુર્માસ કરેલ. તેજ ચાતુર્માસમાં એટલે **વિ.સં. ૧૭૦૮ આસોસુદ-૧૦ નાં દિવસે બીજાપુરમાં ચંપકમાળા ચરિત્રની રચના કરેલ.** વિ.સં. ૧૭૧૫ માં પાછા અંતરીક્ષ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરાવેલ. ત્યારપછી અંતરીક્ષ તીર્થમાં આચાર્ય દેવસુરિજી તથા ભાવવિજયજીની ચરણ પાદુકા પધરાવેલ છે.

- ભાવવિજયજીએ ઉત્તરાધ્યયન સૂત્રની ટીકા પણ રચેલ છે.
- અંતરીક્ષ પાર્શ્વનાથની પ્રથમ પ્રતિષ્ઠા મલધારી અભયદેવસૂરિએ કરાવેલ.

(જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૪)

## ૩૦૯. કયા સંઘયણવાળા કયા દેવલોક નરક સુધી જાય ?

(૧) **વજ્રઋષભનારાચ :** મોક્ષસુધી - સાતમી નરક સુધી

(૨) **ઋષભનારાચ :** અચ્યુત દેવલોક - છઠ્ઠીનરક સુધી

(૩) **નારાચ :** પ્રાણત દેવલોક સુધી - પાંચમી નરક સુધી

(૪) **અર્ધનારાચ :** સહસ્રાર દેવલોક સુધી - ચોથી નરક સુધી

(૫) **કીલિકા :** લાંતક દેવલોક સુધી - ત્રીજી નરક સુધી

(૬) છેવટ્ઠું: પ્રથમ ચાર દેવલોક સુધી - પ્રથમ નરક સુધી

## ૩૧૦. ચોસઠ ઈન્દ્રોનાં નામો ભવનપતિનાં ૨૦

- ૧. અસુરકુમાર - ચમર અને બલિ
- ૨. નાગકુમાર - ધારણ અને ભૂતાનંદ
- ૩. વિદ્યુતકુમાર - હરિ અને હરિષહ
- ૪. સુવર્ણકુમાર - વેણુદેવ અને વેણુદાહિ
- ૫. અગ્નિકુમાર - અગ્નિશિખ અને અગ્નિમહાષક
- ૬. વાયુકુમાર - વેલંબ અને પ્રભંજન
- ૭. સ્તનિતકુમાર - સુઘોષ અને મહાઘોષ
- ૮. ઉદધિકુમાર - જલકાંત અને જલપ્રભ
- ૯. દ્વીપકુમાર - પૂર્ણ અને વરિષ્ઠ
- ૧૦. દિક્કુમાર - અમિતગતિ અને અમિતવાહન

**બે શ્રેણીઓનાં બે-બે ઈન્દ્ર હોવાથી ૨૦ ઈન્દ્રો ભવનપતિનાં થયા.**

**વ્યંતરનાં ૧૬ ઈન્દ્ર**

- ૧. કિન્નર - કિન્નર અને કિંપુરિસ
- ૨. કિંપુરૂષ - સત્પુરૂષ અને મહાપુરૂષ
- ૩. મહારોગ - અતિકાય અને મહાકાય
- ૪. ગાંધર્વ - ગીતરતિ અને ગીતયશ
- ૫. યક્ષ - પૂર્ણભદ્ર અને માણિભદ્ર
- ૬. રાક્ષસ - ભીમ અને મહાભીમ
- ૭. ભૂત - સુરૂપ અને પ્રતિરૂપ
- ૮. પિશાચ - કાલ અને મહાકાલ

- **બંને શ્રેણીઓને બે-બે ઈન્દ્ર હોવાથી ૧૬ ઈન્દ્રો ભવનપતિનાં વાણવ્યંતરનો ૧૬ ઈન્દ્ર**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | અપ્રજ્ઞપ્તિક | - | સન્નિદિત | - | સમાન |
| ૨. | પંચપ્રજ્ઞપ્તિક | - | ધાતા | - | વિધાતા |
| ૩. | ઋષિવાહિત | - | ઋષિ | - | ઋષિપાલ |
| ૪. | ભૂતવાહિત | - | ઈશ્વર | - | મહેશ્વર |
| ૫. | કંદિત | - | સુવત્સ | - | વિશાળ |
| ૬. | મહાકંદિત | - | હાસ | - | હાસરતિ |
| ૭. | કુષ્માડો | - | શ્વેત | - | મહાશ્વેત |
| ૮. | પતક | - | પતાક | - | પતકપતિ |

- **દરેકનાં બે-બે ઈન્દ્રો હોવાથી ૧૬ ઈન્દ્રો થયા.**

**જ્યોતિષનાં બે ઈન્દ્ર**

૧. ચંદ્ર, ૨. સૂર્ય. ચંદ્રસૂર્ય અસંખ્ય છે તેનો દેવો પણ અસંખ્ય છે પણ અહીં માત્ર બે જ્યોતિષ ઈન્દ્ર ગણેલા છે.

- **વૈમાનિકનાં ૧૦ ઈન્દ્રો**

૧. સૌધર્મેન્દ્ર, ૨. ઈશાનેન્દ્ર, ૩. સનતકુમાર, ૪. મહેન્દ્ર, ૫. બ્રહ્મ, ૬. લાંતક, ૭. મહાશુક્ર, ૮. સહસ્રાર, ૯. આનત-પ્રાણત દેવલોકમાં - પ્રાણતેન્દ્ર, ૧૦. આરણ-અચ્યુત દેવલોકમાં - અચ્યુતેન્દ્ર

- **કુલ સંખ્યા - ભવનપતિનાં ૨૦, વ્યંતરનાં ૧૬, વાણવ્યંતરનાં-૧૬ જ્યોતિષનાં-૨ વૈમાનિકનાં ૧૦-આમ ૬૪ ઈન્દ્રો થયા.**

## ૩૧૧. પ્રમાદનાં આઠ પ્રકાર

**प्रमादऽज्ञान संशय, विपर्यय रागद्वेष स्मृतिभ्रंश ।**
**योगदुष्प्रणिधान, धर्मानादरभेदा दष्टविधः ॥**

(૧) **અજ્ઞાન :** હિતાહિત વિવેચન શક્તિનો અભાવ.
(૨) **સંશય :** શુભપ્રવૃત્તિનાં આખરી પરિણામમાં શંકા
(૩) **વિપર્યય :** ધ્યેય-ઉદ્દેશ્યનું વિસ્મરણ
(૪) **રાગ :** નાશવંત પદાર્થો ઉપર આસક્તિભાવ
(૫) **દ્વેષ :** પૌદ્‌ગલિક પદાર્થોનાં કારણે મનોવ્યાક્ષેપ.
(૬) **સ્મૃતિભ્રંશ :** માનસિક ધારણાનો અભાવ.
(૭) **યોગદુષ્પ્રણિધાન :** મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિ
(૮) **ધર્માનાદર :** સાધવાલાયક હિતકારી પ્રવૃત્તિ તરફ બેદરકારી.

(યોગશાસ્ત્ર વૃત્તિ પ્ર-૧)

## ૩૧૨. બીજી રીતે પ્રમાદનાં પાંચ પ્રકાર

**मज्जं विषय-कषाया-निद्रा विकहा पंचमी भणिया ।**
**ए ए पंच पमाया, पाडंति घोर संसारे ॥**

(૧) **મદ્ય :** કોઈપણ પદાર્થોનું વ્યસન રૂપે ગાઢ આસક્તિરૂપ સેવન.
(૨) **વિષય :** ઈન્દ્રિયને પોષણ કરનારી વૃત્તિનું સેવન.
(૩) **કષાય :** કર્મોનાં બંધનને ગાઢ કરનારી મોહઘેલછા ભરી વૃત્તિ.
(૪) **નિદ્રા :** ઈન્દ્રિય અને મનની સુસ્તી ભરેલી પ્રવૃત્તિ
(૫) **વિકથા :** કલ્યાણ માર્ગને બાધક તમામ પ્રવૃત્તિ (સૂયગડાંગટીકા)

## ૩૧૩. પ્રમાદ અને વીર્યની વ્યાખ્યા

- पमायं कम्म माहंसु, अप्पमायं तहाऽवरं ।
  तब्भावादेसओवावि, बालं पंडियमेव वा ।।
- ભાવાર્થ : સૂયગડાંગ આગમનાં વીર્યાધિકારમાં પ્રમાદને કર્મ અને અપ્રમાદને અકર્મ કહેલ છે. પ્રમાદથી બાલવીર્ય અને અપ્રમાદથી પંડિત વીર્ય ઉત્પન્ન થાય છે. પાંચ પ્રકારનાં પ્રમાદથી યુક્ત તે બાલવીર્ય અને જે અપ્રમાદી છે તે પંડિતવીર્ય કર્મ તોડવાવાળો જાણવો. અભવ્યનું બાલવીર્ય અનાદિઅનંત અને ભવ્ય જીવોનું બાલવીર્ય અનાદિ સાત અને પંડિતવીર્ય સાદિસાંત કહેલ છે.
- नेयाउयं सुयक्खायं, उवादाय समीहिए ।
  भुज्जो भुज्जो दुहावासं, असुहत्तं तहा तहा ।।
- ભાવાર્થ : તીર્થંકરોએ જ્ઞાન-દર્શન-ચારિત્રને નેતા કહેલ વિદ્વાન પુરૂષો એમાં ઉદ્યમ કરે છે. બાલવીર્ય જેમ જેમ વધતું જાય તેમ તેમ દુ:ખ વધતું જાય છે.
- હેય અને ઉપાદેયની બુદ્ધિ જેમાં રહેલી હોય તે પંડિતવીર્ય
- પ્રમાદમાં જેઓની પ્રીતિ રહેલી હોય તે બાલવીર્ય.

## ૩૧૪. લગ્ન પ્રસંગે શ્રાવકે શું કરવું જોઈએ ?

विवाह व्ययाद्यनुसारेण च सादरं स्नात्रमह-महापूजा रसवती ढोकन चतुर्विध संघ सत्काराद्यपि सत्यापयेद भवहेतु विवाहदेरप्येवं पुण्यैं सफली भवनात् ।

- **ભાવાર્થ :** જેટલો ખર્ચ લગ્નમાં થાય તે પ્રમાણે આદરપૂર્વક સ્નાત્ર મહોત્સવ, શાંતિસ્નાત્ર મહાપૂજા, રસોઈનો થાળ, ચતુર્વિધ સંઘનો સત્કાર વિગેરે અનુષ્ઠાન કરવું જોઈએ જેનાં કારણે આપણે આપણી બુદ્ધિ માત્ર સંસારની વૃદ્ધિ માટે ન બની ધર્મની વૃદ્ધિ માટે થશે. (શ્રાદ્ધવિધી)

## ૩૧૫. કઠોર વચનનો ત્યાગ કરવો ?

- **फरुसवयणाभिआंगो न संजओ सुद्ध घम्माणं ।**

**फरुस वयणेण दिन तवं, अद्विक्खिवंतो वि हणइ मासतवं ।**

वरिस तवं सवमानो, हणइ हणन्तोऽवि सामन्तं ॥

- **ભાવાર્થ :** કઠોર વચન દ્વારા આજ્ઞા કરવી તે શુદ્ધ ધર્મવાળા માટે યોગ્ય નથી. સાધુ અથવા શ્રાવક બધા માટે અયોગ્ય છે. કારણ કે આનાથી આપણાં ધર્મની હાનિ ધર્મની લઘુતા થાય.

— કઠોર વચન દ્વારા એક દિવસનો તપ નાશ પામે છે.

— આક્ષેપ કરવાથી એક મહીનાનો તપ નાશ પામે છે.

— શ્રાપ દેવાથી એક વર્ષનો તપ નાશ પામે છે.

ઉપાધ્યાયજી મ.સા. ૩૫૦ ગાથામાં ફરમાવે છે કે કઠોર વચનનું જલ્પનજેહ, ધર્મીને નહિ સમ્મત નેહ માટે ગૌતમરાસમાં પણ કહ્યું છે ઉત્તમમુખે મધુરી ભાષા માટે પોતાનાં શ્રમણયા શ્રાવક જીવનને ઉજ્જવલ બનાવવા કાઠોર વચનનો અવશ્ય ત્યાગ કરવો.

## ૩૧૬. તંદુલિયો મચ્છ એટલે શું ?

- તંદુલિયા મચ્છની કાયા ચોખાની દાણા જેટલી હોય તે સાતમી નરકમાંથી

આવી ૫૦૦ યોજન પ્રમાણ માછલાંનાં આંખનાં પાંપણમાં ઉત્પન્ન થાય. અને જ્યારે મોટું માછલું પોતાનાં મોઢામાંથી ઘણાં માછલાઓ જવા દે છે ત્યારે પોતે વિચાર કરે છે જો આ જગ્યાએ હું હોત તો એક પણ માછલું જવા ન દોત આવી હિંસક ભાવનાથી અંતર્મુહુર્ત (૪૮ મિનિટમાં પણ ઓછો ટાઈમ)નું આયુષ્ય પૂર્ણ કરી સાતમી નરકે જાય. તે તંદુલીયો મચ્છ ગર્ભ જ સંજ્ઞિ પંચેન્દ્રિય હોય. પ્રથમ સંઘયણ અને પ્રથમ સંસ્થાન હોય. આ મચ્છ સાતમી નરકમાંથી ૩૩ સાગરોપમનું આયુપૂર્ણ કરી તંદુલીયો મચ્છ બને અને પાછો સાતમી નરક જાય માટે ૬૬ સાગરોપમ પ્રમાણ નરકનાં દુઃખને આ સહન કરે.

**मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः ।**

**क्षणेन सप्तमीं याति, जीवस्तण्डुल मत्स्यवत् ॥**

**ભાવાર્થ :** માનવનું મન જ બંધ અને મોક્ષનું કારણ છે. કારણ તંદુલીયો મત્સ્ય માનસિક દુઃખનાં કારણે અંતર્મુહુર્ત માત્રમાં સાતમી નરકે જાય છે.

(ઉપદેશ માળા ટીકા)

## ૩૧૭. પરમાત્માનાં અશોકવૃક્ષની ઉંચાઈ

| નામ | કાયા | અશોકવૃક્ષ |
|---|---|---|
| (૧) ઋષભદેવ | ૫૦૦ ધનુષ્ય | ૬,૦૦૦ ધનુષ્ય |
| (૨) અજીતનાથ | ૪૫૦ ધનુષ્ય | ૫,૪૦૦ ધનુષ્ય |
| (૩) સંભવનાથ | ૪૦૦ ધનુષ્ય | ૪,૮૦૦ ધનુષ્ય |
| (૪) અભિનંદનસ્વામી | ૩૫૦ ધનુષ્ય | ૪,૨૦૦ ધનુષ્ય |

| | | |
|---|---|---|
| (૫) સુમતિનાથ | ૩૦૦ ધનુષ્ય | ૩,૬૦૦ ધનુષ્ય |
| (૬) પદ્મપ્રભસ્વામી | ૨૫૦ ધનુષ્ય | ૩,૦૦૦ ધનુષ્ય |
| (૭) સુપાર્શ્વનાથ | ૨૦૦ ધનુષ્ય | ૨,૪૦૦ ધનુષ્ય |
| (૮) ચંદ્રપ્રભ સ્વામી | ૧૫૦ ધનુષ્ય | ૧,૮૦૦ ધનુષ્ય |
| (૯) સુવિધિનાથ | ૧૦૦ ધનુષ્ય | ૧,૨૦૦ ધનુષ્ય |
| (૧૦) શીતલનાથ | ૯૦ ધનુષ્ય | ૧,૦૮૦ ધનુષ્ય |
| (૧૧) શ્રેયાંસનાથ | ૮૦ ધનુષ્ય | ૯૬૦ ધનુષ્ય |
| (૧૨) વાસુપૂજ્યસ્વામી | ૭૦ ધનુષ્ય | ૮૪૦ ધનુષ્ય |
| (૧૩) વિમલનાથ | ૬૦ ધનુષ્ય | ૭૨૦ ધનુષ્ય |
| (૧૪) અનંતનાથ | ૫૦ ધનુષ્ય | ૬૦૦ ધનુષ્ય |
| (૧૫) ધર્મનાથ | ૪૫ ધનુષ્ય | ૫૪૦ ધનુષ્ય |
| (૧૬) શાંતિનાથ | ૪૦ ધનુષ્ય | ૪૮૦ ધનુષ્ય |
| (૧૭) કુંથુનાથ | ૩૫ ધનુષ્ય | ૪૨૦ ધનુષ્ય |
| (૧૮) અરનાથ | ૩૦ ધનુષ્ય | ૩૬૦ ધનુષ્ય |
| (૧૯) મલ્લીનાથ | ૨૫ ધનુષ્ય | ૩૦૦ ધનુષ્ય |
| (૨૦) મુનિસુવ્રત સ્વામી | ૨૦ ધનુષ્ય | ૨૪૦ ધનુષ્ય |
| (૨૧) નમિનાથ | ૧૫ ધનુષ્ય | ૧૮૦ ધનુષ્ય |
| (૨૨) નેમિનાથ | ૧૦ ધનુષ્ય | ૧૨૦ ધનુષ્ય |
| (૨૩) પાર્શ્વનાથ | ૯ ધનુષ્ય | ૧૦૮ ધનુષ્ય |
| (૨૪) મહાવીર સ્વામી | ૭ ધનુષ્ય | ૮૪ ધનુષ્ય |

## ૩૧૮. સત્તર સંડાસા (એટલે સાંધાની પ્રમાર્જના)

- પગનાં પાછળનાં ભાગની ત્રણ પ્રમાર્જના ચરવળાથી.
- પગનાં આગળનાં ભાગની ત્રણ પ્રમાર્જના ચરવળાથી.
- પગનાં આગળનાં ભાગની ભૂમિની ત્રણ પ્રમાર્જના ચરવળાથી.
- બંને હાથની બે પ્રમાર્જના મુહપત્તિથી.
- ચરવળા ઉપરની ત્રણ પ્રમાર્જના મુહપતિથી.
- ઉભા થતા પગનાં પાછળની ભૂમિની ત્રણ પ્રમાર્જના ચરવળાથી.

૩ + ૩ + ૩ + ૨ + ૩ + ૩ = ૧૭ પ્રમાર્જના જાણવી. (ધર્મસંગ્રહ)

## ૩૧૯. શ્રાવકનાં માર્ગાનુસારીનાં ૩૫ ગુણ

(૧) **ન્યાય સંપન્ન વૈભવ :** જેણે પોતાની સંપતિ ન્યાયપૂર્વક ઉત્પન્ન કરી હોય.

(૨) **શિષ્ટાચાર પ્રશંસા :** શિષ્ટ પુરૂષના વર્તનનો પ્રશંસક હોય.

(૩) **શીલ-કુલ-ગોત્ર સંબંધ :** જેનો કુલ સમાન ન હોય. શીલવાન હોય અને ગોત્ર બીજુ હોય તેના સાથે વિવાહ સંબંધ કરવો.

(૪) **પાપભીરૂ :** સંસારમાં રહીને પાપ કરે પરંતુ મનમાં ડર હોય.

(૫) **દેશાચાર આચરણ :** જેવો દેશ તેવો પહેરવેશ હોવો જોઈએ.

(૬) **અવર્ણવાદ ત્યાગ :** કોઈની પણ નિંદા ન કરનારો હોય.

(૭) **જયણાવાળુ ગૃહ :** જે ઘરમાં હવા પ્રકાશ હોય, જયણા પલાતી હોય, પાડોશી સારા હોય, ઉંડાણવાળો ભાગ ન હોય.

(૮) **સત્સંગ :** જે હંમેશા સદાચારી પુરૂષનો સંગ કરતા હોય.

(૯) **માત-પિતાની પૂજા :** જેઓ માતા-પિતાનો ભક્તિપૂર્વક સત્કાર કરતા હોય.

(૧૦) **ઉપદ્રવ સ્થાનનો ત્યાગ :** દુર્ભિક્ષ, રોગચાળો, લડાઈ આવાં સ્થાનનો ત્યાગ કરવો.

(૧૧) **લોગ વિરુદ્ધચ્ચાઓ :** દેશ, કાળ અને જાતિની અપેક્ષા એ નિંદ્ય ગણાતી વૃત્તિનો ત્યાગ.

(૧૨) **આવક પ્રમાણ ખર્ચ :** જે પ્રમાણે વ્યાપારમાં આવક હોય તેવો ખર્ચ કરનાર હોય.

(૧૩) **વૈભવ અનુસાર વેષ :** પોતાની સંપત્તિ પ્રમાણે પહેરવેશ હોવો જોઈએ.

(૧૪) **બુદ્ધિનાં ગુણ માટે પ્રયત્ન :** (૧) સારી વાત સાંભલવાની ઇચ્છા (૨) સારી વાતને ધ્યાનથી સાંભળવી (૩) તેનાં અર્થને બરાબર સમજવું (૪) તેને યાદ રાખવા (૪) સમજેલ અર્થનાં આધારે તર્કવિતર્ક કરવા. (૬) વિરૂદ્ધ અર્થને દૂર કરવા. (૭) અર્થનું સાચું જ્ઞાન કરવું. (૮) તત્વનો નિર્ણય કરવો.

(૧૫) **ધર્મ શ્રવણ :** દરરોજ જિનવાણીનું શ્રવણ કરવું.

(૧૬) **અજીર્ણ ભોજનત્યાગી :** અજીર્ણ થતાં ભોજનનો ત્યાગ કરનાર હોય.

(૧૭) **કાલે ભોજન કરે :** ભૂખ લાગે ત્યારે સમયની મર્યાદા પ્રમાણે ભોજન કરે.

(૧૮) **ત્રિવર્ગ સાધના :** ધર્મ, અર્થ, કામ ત્રણેને બધા ન પહોંચે તેવી પ્રવૃત્તિ કરે.

(૧૯) **અતિથિભક્તિ :** સાધુ-સાધ્વીજી, સાધાર્મિકની યોગ્ય ભક્તિ કરે.

(૨૦) **મિથ્યાત્વ ત્યાગ :** અભિનિવેશ, પૂર્વગ્રહ, કદાગ્રહ આદિનો ત્યાગ કરે.

(૨૧) **ગુણપક્ષપાતી :** જ્યાં ગુણવાન દેખે ત્યાં નમવાનું મન થાય.

(૨૨) **અદેશ-અકાળ ચર્ચાનોત્ત્યાગ :** નિષિદ્ધ દેશમાં, નિષિદ્ધ સમયનો ત્યાગ કરે.

(૨૩) **બલાબલ જાણ :** જે પોતાનાં અને બીજાનાં બલાબલનો જાણકાર હોય.

(૨૪) **વ્રતધારી પૂજા :** વ્રતધારી હોય જ્ઞાન વૃદ્ધ હોય તેની યોગ્ય પૂજા સત્કાર કરે.

(૨૫) **પોષ્યવર્ગ પોષણ :** યોગ્ય કુટુંબ પરિવારનું પોષણ કરનારો હોય.

(૨૬) **દીર્ઘદર્શી પણું :** કોઈ પણ કાર્યમાં લાંબો વિચાર કરીને પછી કરે.

(૨૭) **વિશેષતાપણું :** જે વિશેષજ્ઞ એટલે વિવેકપૂર્વક કાર્ય કરે.

(૨૮) **કૃતજ્ઞપણું :** પોતાનાં ઉપર કરેલાં ઉપકારને જે યાદ કરતો હોય.

(૨૯) **લોકવલ્લભ :** લોકમાં પ્રિય બનવા માટે બધાની સાથે ઉચિત વ્યવહાર કરે.

(૩૦) **સલજ્જા :** જે લાજ એટલે મર્યાદાવાળો હોય.

(૩૧) **સદય :** જે દયાળુ હોય સામેની પરિસ્થિતિ દેખી દયા આવી જાય.

(૩૨) **સૌમ્ય :** જે સૌમ્ય આકૃતિવાળો એટલે શાંત સ્વભાવવાળો હોય.

(૩૩) **પરોપકાર :** બીજાનાં ઉપકાર કરવામાં પોતે તત્પર હોય.

(૩૪) **ષડ્અંતરંગવર્ગનો ત્યાગ :** કામ, ક્રોધ, માન, લોભ, મદ-મત્સર ઓછા અંતરંગ શત્રુઓનો ત્યાગી હોય.

(૩૫) **ઈન્દ્રિયજય :** જે ઈન્દ્રિય વશ કરી શકે તે માણસ ગૃહસ્થ ધર્મનું પાલન કરી શકે.

## ૩૨૦. જૈન ધર્મરત્ન પામવા માટે શ્રાવકનાં ૨૧ ગુણ

(૧) **અક્ષુદ્ર :** ક્ષુદ્ર એટલે ગંભીરતા રહિત. જે સ્વ પરનાં ઉપકાર કરવા માટે તત્પર હોય તે.

(૨) **રૂપવાન :** સંપૂર્ણ સાંગોપાંગવાળો, પાંચે ઈન્દ્રિય સંપૂર્ણ અને સારા સંઘયણવાળો તે રૂપવાન તેજ ધર્મ કરવામાં સમર્થ બને.

(૩) **સૌમ્યપ્રકૃતિ :** જે સ્વભાવથી સૌમ્ય હોય તે પાપમાં પ્રવૃત્તિ કરી શકતો નથી તેજ બીજાને ઉપશમનું કારણ બને છે.

(૪) **લોકપ્રિય :** આલોક અથવા પરલોકને વિરુદ્ધ કાર્ય ન કરવાવાળો, દાન-વિનય, શીલ ગુણોથી યુક્ત લોકપ્રિય વ્યક્તિ બીજાને બહુમાન ઉત્પન્ન કરાવે છે.

(૫) **અક્રૂર :** અક્રૂર વ્યક્તિ ક્યારેય ક્રૂર (અયોગ્ય) કાર્ય કરી શકતો નથી અક્રૂર જ ધર્મને યોગ્ય જાણવો.

(૬) **પાપભીરૂ :** આલોક અને પરલોકનાં કષ્ટનો વિચાર કરે, અપયશનાં કલંકથી ડરવાવાળો, પાપભીરૂ ધર્મને યોગ્ય છે.

(૭) **અશઠ :** વિશ્વાસ કરવા અને પ્રશંસા કરવા યોગ્ય હોય તો વિશ્વાસુ શઠ પુરૂષનો ક્યારે વિશ્વાસ થતો નથી. અશઠ જ ધર્મ સેવી શકે.

(૮) **દાક્ષિણ્ય :** દાક્ષિણ્ય ગુણ પોતાનું કાર્ય છોડીને બીજાનાં ઉપકાર કરવાવાળો થાય છે તેને જ સર્વજનો અનુસરે છે.

(૯) **લજ્જાલુ :** લજ્જાલુ માણસ અકાર્યથી દૂર રહે છે. સદાચારનું આચરણ કરે છે અને અંગીકાર કરેલા વ્રતને મૂકતા નથી.

(૧૦) **દયાળુ :** ધર્મનું મૂળ દયા છે જિનેશ્વરમાં શાસનમાં દરેક ધર્મમાં દયા ભરેલી છે તેનું જ અનુષ્ઠાન સાચુ કહેલું છે.

(૧૧) **મધ્યસ્થ :** મધ્યસ્થ અને સૌમ્ય દૃષ્ટિવાળો પુરૂષ ધર્મનાં વિચારોને યથાર્થ રીતે જાણે તે ગુણોનો સંગ્રહ કરે અને દોષોને દૂર કરે.

(૧૨) **ગુણાનુરાગી :** ગુણાનુરાગી વ્યક્તિની નજર માત્ર ગુણો તરફ જાય છે. ગુણ રહિત જનોની ઉપેક્ષા કરવાવાળો હોય છે.

(૧૩) **સત્કર્મી :** અશુભકથાનાં સંગતથી વિવેક રત્ન નાશ પામે છે. સત્કથાવાળો જ ધર્મનો અર્થી બની શકે છે. સત્કથાથી જ વિવેક ઉત્પન્ન થાય છે.

(૧૪) **સુપક્ષયુક્ત :** જેનો પરિવાર અનુકુલ, ધાર્મિક અને સદાચારવાળો હોય તે સુપક્ષ આવાં વ્યક્તિઓ વિઘ્ન રહિત ધર્મ ક્રિયા કરે જ.

(૧૫) **દીર્ઘ દર્શી :** દીર્ઘ દૃષ્ટિવાળાનું પરિણામ સુંદર હોય છે. તેમાં કલેશ અલ્પ અને લાભ ઘણો હોય. છતાં માણસોને પ્રશંસાલાયક બને છે.

(૧૬) **વિશેષજ્ઞ :** વિશેષજ્ઞ પુરૂષ પક્ષપાત વગરનો હોય વસ્તુઓનાં ગુણ દોષને જાણીને ઉત્તમ ધર્મનો અધિકારી બને.

(૧૭) **વૃદ્ધાનુગ :** વૃદ્ધ માણસ પરિપક્વ બુદ્ધિવાળો હોય તે પાપનાં આચરણમાં પ્રવર્તતા નથી જે વૃદ્ધ અનુસરણ કરે તેને ગુણોની પ્રાપ્તિ થાય.

(૧૮) **વિનય :** સત્જ્ઞાન - દર્શનનું મૂળ વિનય છે. તે ગુણો મોક્ષનું મૂળ છે. વિનયવાળો જ ધર્મનો અધિકારી છે.

(૧૯) **કૃતજ્ઞ :** કૃતજ્ઞ માણસ જ આ મારા પર ઉપકારી છે એવી તત્ત્વ બુદ્ધિથી માને છે. તેનાંથી ગુણોની વૃદ્ધિ થાય છે. એજ ધર્મને યોગ્ય છે.

(૨૦) **પરહિતાર્થી :** પરહિતમાં રહેનાર પુરુષ ધન્ય બને છે. તે સમ્યગ્ પ્રકારે ધર્મનું તત્ત્વ જાણે છે. તેનું ચિત્ત નિઃસ્પૃહ હોવાથી તથા મહાસત્વવાળો હોવાથી બીજાને સત્માર્ગમાં સ્થાપન કરે છે.

(૨૧) **લબ્ધ લક્ષ્ય :** લબ્ધ લક્ષ્યવાળો જ ધર્મને સુખેથી કરી શકે અને શીઘ્ર કરી શકે. સરલતાપૂર્વક શીઘ્ર શિક્ષાનો પારગામી બને.

(ધર્મરત્ન પ્રકરણ - શાંતિસૂરિ)

## ૩૨૧. શ્રાવકનાં ચૌદ નિયમ

શ્રાવક-શ્રાવિકાને દરરોજ આ નિયમ ધારવાના હોય આ નિયમ ધારવાથી શ્રાવક ઘણાં નિષ્કામનાં પાપોથી બચી જાય છે.

(૧) **સચિત્ત :** દિવસમાં જેટલી વાર સચિત્ત પદાર્થોનું સેવન કરે તેની સંખ્યા તથા વજન નક્કી કરી ધારવું.

(૨) **દ્રવ્ય :** જુદા જુદા નામવાળી અથવા સ્વાદવાળી જેટલી ચીજો ખાવી હોય તેની સંખ્યા ધારવી.

(૩) **વિગઈ :** ઘી, ગોળ, દૂધ, દહીં, તેલ, કડા આ છ વિગઈઓ છે એમાંથી નિરંતર એક વિગઈનો મૂળથી અથવા કાચી વિગઈનો ત્યાગ કરવો.

(૪) **વાણહ :** પગમાં પહેરવાનાં જોડા, ચંપલ, મોજા વિગેરે ધારવા.

(૫) **તંબોલ :** સોપારી, એલચી, ચૂરણ, મુખવાસ વિગેરેનું માપ ધારવું.

(૬) **વત્થ :** દિવસમાં કેટલા વસ્ત્ર વાપરવા તેની સંખ્યા ધારવી.

(૭) **કુસુમ :** સુંઘવાની વસ્તુની ધારણા કરવી તે.

(૮) **વાહન :** ગાડી, ઘોડી, ઉંટ, મોટર, ટ્રેન, ટ્રામ, બસ, વિમાન, આગબોટ, નાવ આદિ વાહનોમાં બેસવાની સંખ્યા ધારવી.

(૯) **શય્યા :** આસન, ગાદી, ખુર્શી, ટેબલ, પલંગ આદિની સંખ્યા ધારવી તે.

(૧૦) **વિલેપન :** શરીરે વિલેપન કરવાની, તેલ, ક્રીમ, પાઉડર આદિની સંખ્યા ધારવી.

(૧૧) **બ્રહ્મચર્ય :** પોતાની શક્તિ પ્રમાણે તિથિ યા દિવસો નક્કી કરવા.

(૧૨) **દિશી :** દશે દિશામાં જવાની દિશા નક્કી કરવી તે.

(૧૩) **સ્નાન :** દિવસમાં કેટલીવાર ન્હાવુ તેની સંખ્યા (ધર્મકાર્ય જમણા)

(૧૪) **ભત્તેસુ :** ભોજન પાણીમાં વજન-માપ ધારવું તે.

- પૃથ્વીકાય - માટી, મીઠુ, ખારો, ચોક આદિ વાપરવાનું વજન ધારવું તે.
- અપ્કાય - પાણી પીવાનું તથા વાપરવાનું માપ ધારવું તે.
- વાઉકાય - પંખા, હીંડોલા, વસ્રની ઝાપટ વિગેરે પ્રમાણ ધારવું તે.
- વનસ્પતિકાય - લીલોતરીનું નામ તથા તેલથી પરિમાણ ધારવું તે.
- ત્રસકાય - અમુક સંખ્યામાં નોકર, પશુ વિગેરે રાખવા તે.
- અસિ - સોય, કાતર, સૂડી, છરી, ચપ્પુ, તલવાર વિગેરે શસ્રો વાપરવાનાં ધારવા. બીજાને પણ ન અપાય તેનો ઉપયોગ રાખવો તે.
- મસિ - ખડિયા, પેન, કલમ, પેન્સીલ વિગેરેની સંખ્યા ધારવી તે.
- કૃષિ - હળ, કુહાડા, પાવડી, કોસ વિગેરે વાપરવાની સંખ્યા ધારવી તે.

## ૩૨૨. ચૈત્યવંદનમાં રાખવાની ત્રણ મુદ્રા

(૧) યોગમુદ્રા :

**अन्नुनंतरिअंगुलि, कोसागारेहिं दोहिं हत्थेहिं ।**

**पिट्टोवरि कुप्पर, संठिएहिं जोडामुद्दत्ति ॥१५॥**

➻ **ભાવાર્થ :** કમળનાં ડોડાની જેમ આંગળીઓને પરસ્પર સંકલેશવાળી કરીને હાથ જોડવા અને કોણી-પેટ ઉપર રાખવી તે યોગમુદ્રા, ઈરિયાવહિ, જંકિંચિ, નમુત્થુણં, સ્તવન આદિમાં આ મુદ્રા કરવી.

(૨) જિનમુદ્રા :

**चत्तारि अंगुलाइं, पुरओ उणाइं जत्थ पच्छिमओ ।**

**पायाणं उस्सग्गो, एसा पुण होइ जिनमुद्दा ॥१६॥**

➻ **ભાવાર્થ :** તીર્થંકર પરમાત્મા જે રીતે કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા તે રીતે બે પગની વચ્ચે આગલનાં ભાગમાં ચાર અંગુલ અંતર રાખી પાછળની પાનીનો ભાગે ચાર અંગુલથી કાંઈક ઓછું અંતર રાખી જમણા હાથમાં મુહપત્તિ ડાબા હાથમાં ચરવળો રાખી બંને હાથ લટકતા રાખવા તે જિનમુદ્રા કાઉસગ્ગમાં તથા સૂત્ર બોલતી વખતે આ મુદ્રા ખાસ રાખવી.

(૩) મુક્તાસુક્તિ મુદ્રા :

**मुत्तासुत्तीमुद्दा, जत्थ समा दोवि गब्भिआहत्था ।**

**ते पुण निलाड़देशे, लग्गा अने अलग्गत्ति ॥१७॥**

➻ **ભાવાર્થ :** મોતીનાં છીપની જેમ બંને હાથની પોળી અંજલિ કરી લલાટ

આગલ રાખવી તે મુક્તાસુક્તિ મુદ્રા, જાવંતિચેઇઆઇં, જાવંત કે વિસાહુ, જયવીયરાય આ ત્રણ સૂત્રોમાં આ મુદ્રા અવશ્ય કરવી. (ચૈત્યવંદનભાષ્ય)

## ૩૨૩. ચૌદરાજનું પ્રમાણ

- એક દેવ સૌધર્મ દેવલોકથી હજાર ભાર પ્રમાણ લોઢાનાં ગોળાને પોતાના સમસ્ત બળથી પૃથ્વી ઉપર ફેંકે તે ગોળાને પૃથ્વી ઉપર આવતાં છ માસ, છ દિવસ, છ પ્રહર, છ મુહૂર્ત, છ ઘડી, છ પળ જેટલો સમય લાગે ત્યારે એક રાજનું પ્રમાણ થાય. આવો ૧૪ રાજ લોક છે.

## ૩૨૪. અઢીદ્વીપમાં સૂર્ય-ચંદ્રનું પ્રમાણ

- જંબુદ્વીપમાં - બે સૂર્ય, બે ચંદ્ર
- લવણ સમુદ્રમાં - ચાર ચંદ્ર, ચાર સૂર્ય
- ઘાતકી ખંડમાં - બાર ચંદ્ર ,બાર સૂર્ય
- કાલોદધિ સમુદ્રમાં - ૪૨ ચંદ્ર, ૪૨ સૂર્ય
- અર્ધપુષ્કર દ્વિપમાં - ૭૨ ચંદ્ર, ૭૨ સૂર્ય
- આ રીતે ૧૩૨ ચંદ્ર, ૧૩૨ સૂર્ય અઢી દ્વીપમાં હોય છે.
- અઢી દ્વીપની બહાર ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા બધા સ્થિર છે તેઓ સદા એક જ સ્થાને સ્થિર રહે છે. તેમનો પ્રકાશ એક લાખ યોજન પ્રમાણ સ્થિર છે. દિવસ-રાત્રિનાં કાળમાનનું ત્યાં પ્રમાણ નથી. ચંદ્ર-સૂર્ય અસંખ્ય તેમનાં ઈન્દ્રો પણ અસંખ્ય છે. (બૃહત્સંગ્રહણી)

## ૩૨૫. ચાર ભાવનાનો અર્થ

(૧) **મૈત્રીભાવના :** દરેક જીવનું હિતથાઓ એવી ભાવના ભાવવી તે.

(૨) **પ્રમોદભાવના :** ગુણ અને ગુણવાન પ્રત્યે બહુમાન ભાવ દ્વારા હર્ષ થવો તે.

(૩) **કરૂણા ભાવના :** સંસારથી પીડા પામતાં પ્રાણીઓ ઉપર દયા કરવી તે.

(૪) **માધ્યસ્થ ભાવના :** નિવારણ કરી શકાય તેવા દોષો તરફ ઉપેક્ષા કરવી તે. **(શાંત સુધારસ)**

## ૩૨૬. ભોજનના પાંચ પ્રકાર

(૧) **સિંહભોજન :** એક બાજુથી વાપરવું તે.

(૨) **પ્રતર ભોજન :** જેવું લીધુ તેવું વાપરવું તે.

(૩) **હસ્તિ ભોજન :** ઉપેક્ષા ભાવથી વાપરવું તે.

(૪) **કાકભોજન :** ચુંથી ચુંથીને વાપરવું તે.

(૫) **શૃગાલ ભોજન :** જયાં ત્યાંથી વાપરવું તે.

➾ આ પાંચ ભોજનમાં પ્રથમનો ત્રણ ઉપાદેય પાછળનાં બે હેય છે.

**(શાસ્ત્રનાં અંશો)**

## ૩૨૭. બાવીસ પરિષહનાં નામો

૧. ક્ષુધા પરિષહ (ભૂખ)

૨. પિપાસા પરિષહ (તરસ)

૩. શીત પરિષહ (ઠંડી)

૪. ઉષ્ણ પરિષહ (ગર્મી)

૫. દંશ પરિષહ (મચ્છર)

૬. અચેલ પરિષહ (જીર્ણવસ્ત્ર)

૭. અરતિ પરિષહ (દ્વેષ)

૮. સ્ત્રી પરિષહ (કામવિજેતા)

૯. ચર્યા પરિષહ (વિહાર)

૧૦. નૈષેધિકી પરિષહ (સ્થાનીય ઉપદ્રવ)

૧૧. શય્યા પરિષહ (અનિંદ્રા)

૧૨. આક્રોશ પરિષહ (સમતા)

૧૩. વધ પરિષહ (સમભાવ)

૧૪. યાચના પરિષહ (આજ્ઞા)

૧૫. અલાભ પરિષહ (ભાતપાણી અંતરાય)

૧૬. રોગ પરિષહ (અસ્વસ્થ શરીર)

૧૭. તૃણ સ્પર્શ પરિષહ (વિહાર વેદના)

૧૮. મળ પરિષહ (અસ્નાન)

૧૯. સત્કાર પરિષહ (માનવિજય)

૨૦. પ્રજ્ઞા પરિષહ (સ્વપ્રશંસા ત્યાગ)

૨૧. અજ્ઞાન પરિષહ (જ્ઞાન એકાગ્રતા)

૨૨. સમ્યકત્વ પરિષહ (મિથ્યાત્વ ત્યાગ)

## ૩૨૮. વિરતિધર આત્માઓનો ગુણ વૈભવ

| | | |
|---|---|---|
| ૧. | વિનયગુણ | : ગૌતમ સ્વામી |
| ૨. | અનુશાસન | : સાધ્વીજી શ્રીચંદબાળાશ્રીજી |
| ૩. | અલ્પાહારી | : ધન્ના અણગાર |
| ૪. | કરૂણા પ્રેમી | : ધર્મરૂચિ અણગાર |
| ૫. | આત્મશુદ્ધિ | : અઈમુત્તા મુનિ |
| ૬. | આત્મદૃષ્ટા | : બાહુબળીજી |
| ૭. | આત્માલોચના | : મૃગાવતીજી |
| ૮. | ઉપદેશક | : જંબુસ્વામી |
| ૯. | સાહિત્યપ્રેમી | : હરિભદ્રસૂરિ |
| ૧૦. | સ્વાધ્યાય પ્રેમી | : માષતુષમુનિ |
| ૧૧. | આગમ લેખન | : દેવર્દ્ધિગણી |
| ૧૨. | શાસન પ્રભાવક | : સોમસુંદરસૂરિ |
| ૧૩. | ભાવશુદ્ધિ | : કુરગડુ મુનિ |
| ૧૪. | ટીકાકાર | : અભયદેવસૂરિ |
| ૧૫. | પ્રવચન પ્રભાવક | : વજ્રસ્વામી |
| ૧૬. | આગમ સંરક્ષક | : પુણ્ય વિજયજી |
| ૧૭. | ધર્મ કથા પ્રભાવક | : સર્વજ્ઞસૂરિ |
| ૧૮. | વાદીપ્રભાવક | : મલ્લવાદી દેવસૂરિ |
| ૧૯. | નિમિત્ત પ્રભાવક | : ભદ્રબાહુ સ્વામી |

| | | | |
|---|---|---|---|
| ૨૦. | તપ પ્રભાવક | : | કાષ્ઠમુનિ |
| ૨૧. | વિદ્યા પ્રભાવક | : | હેમચંદ્રાચાર્ય |
| ૨૨. | સિદ્ધ પ્રભાવક | : | પાદલિપ્ત સૂરિ |
| ૨૩. | કવિ પ્રભાવક | : | સિદ્ધસેનદિવાસૂરિ |
| ૨૪. | વૈરાગ્યોપદેશક | : | નંદિષેણ મુનિ |
| ૨૫. | અષ્ટાપદ યાત્રા | : | વીરસૂરિ |
| ૨૬. | કથા પ્રભાવક | : | સિદ્ધર્ષિગણી |
| ૨૭. | સ્તવન ભંડાર | : | જ્ઞાનવિમલસૂરિ |
| ૨૮. | વાદિવેતાલ | : | શાંતિસૂરિજી |
| ૨૯. | મંત્ર પ્રભાવક | : | માનતુંગસૂરિ |
| ૩૦. | વાચનાચાર્ય | : | આર્યરક્ષિતસૂરિ |
| ૩૧. | તીર્થ પ્રભાવક | : | વિજયસિંહસૂરિ |

## ૩૨૯. બત્રીસ પ્રકારનાં નાટકનાં નામો

૧. અષ્ટ મંગલનો આકાર બનાવીને નાટક કરવો તે.

૨. આવર્ત પ્રત્યાવર્ત શ્રેણિ, પ્રશ્રેણિ, પુષ્યમાન, વહેમાન, મત્સ્યાકાંડ, મકરાંડક, પુષ્પાવલી, પદ્મપત્ર, સાગરતરંગ, પદ્મલતાનાં આકારની જેમ.

૩. ઈહામૃગ, ઋષભ, તુરંગ, નર, મકર, વિહગ, વ્યાલ, કિન્નર, રૂરૂ, શરભ, ચમર, કુંજર, વનલતા, પદ્મલતાનાં આકારની જેમ નાટક કરવો તે.

૪. એકબાજુ ચક્ર, એકબાજુ તલવાર, એક બાજુ ચક્રવાલ, દ્વિધા ચક્રવાલ, ચક્રાર્ધ ચક્રવાલનાં આકારની જેમ નાટક કરવો.

૫. ચન્દ્રવલયાવલિ, સૂર્યવલયાવલિ, તારાવલિ, હંસાવલિ, એકાવલિ, મુક્તાવલિ, કનકાવલિ, રત્નાવલિની જેમ નાટક કરવો તે.

૬. ચન્દ્રોદય, સૂર્યોદયની જેમ.

૭. ચન્દ્ર-સૂર્યનાં આગમનની જેમ

૮. ચન્દ્ર-સૂર્યનાં અવતરણનાં આકારની જેમ.

૯. ચન્દ્ર-સૂર્યનાં અસ્તની જેમ.

૧૦. ચન્દ્ર, સૂર્ય, યક્ષ, નાગ, ભૂત, રાક્ષસ, મહોરગ, ગંધર્વ મંડલનાં આકારની જેમ.

૧૧. ઋષભ, સિંહ, લલિત, અશ્વ, હાથીનાં વિલાસની જેમ, મદોન્મત્ત ઘોડા હાથીની જેમ.

૧૨. સાગર-સરોવરનાં આકારની જેમ.

૧૩. નંદ-ચંપાનાં આકારની જેમ.

૧૪. મત્સ્ય, અંડક, મકરઅંડક, ભ્રમરનાં આકારની જેમ.

૧૫. ક, ખ, ગ, ઘ, ઙ નાં આકારની જેમ

૧૬. ચ, છ, જ, ઝ, ઞ નાં આકારની જેમ

૧૭. ટ, ઠ, ડ, ઢ, ણ નાં આકારની જેમ

૧૮. ત, થ, દ, ધ, ન નાં આકારની જેમ

૧૯. પ, ફ, બ, ભ, મ નાં આકારની જેમ

૨૦. અશોક, આમ્ર, જંબુ, કેશંબ, પદલવની જેમ

૨૧. પદ્મનાગ, અશોક, ચંપક, આમ્રવન કુંદની જેમ

૨૨. દ્રુત

૨૩. વિલમ્બિત

૨૪. દ્રુતવિલિમ્બિત

૨૫. અંચિત

૨૬. રિભિત

૨૭. અંચિતરિભિલ

૨૮. આરભટ

૨૯. ભસોલ, ૩૦. આરભર ભસોલ ૩૧. ઉત્પાતનિપાત, સંકુચિત પ્રસારિત, રેચકરચિત, ભ્રાન્ત સંભ્રાન્ત ૩૨. તીર્થંકરનાં જીવન ચરિત્ર બતાવવાની જેમ

- આ રીતે બત્રીસ બદ્ધ નાટક થાય. (રાજપ્રશ્નીય ઉપાંગ)

## 330. નવસારીનાં શ્યામલ પાર્શ્વનાથનો સંબંધ

- नवसारीपुरे प्रभुः पार्श्वः स्वप्नेऽभ्येत्य श्राद्धानां पुरः प्राह मामितटे भूतलात कर्षयन्तु भक्तः वर्यं भविष्यति । ततः तस्मात् भुवस्तलात्प्रभुः कर्षितो यदा यदा प्रभोः शरीरे चंदन पुष्पाणि अशुष्कितानि दृष्ट्वा लोकचमत्कृतः स्तुतिः चक्रे । ततः पार्श्व प्रासादे स्थापित । ततोऽद्यापि चंदन पुष्पाणि न शुष्कंति । प्रभोः शरीरादभूतं गिरंति लोकानां चिन्तितं पूरयति श्रीश्यामल पार्श्वः ।

- **ભાવાર્થ :** નવસારી નગરમાં પાર્શ્વનાથ પ્રભુએ શ્રાવકોની આગલ આવીને સ્વપ્નમાં આવીને કહ્યું કે મને જમીન ઉપરથી ખેંચશો તે તમારું સારું થશે. તેથી શ્રાવકોએ જમીન ઉપરથી ખેંચ્યા તો પ્રભુનાં શરીરે ચંદન અને ફુલો સુકાયા ન દેખવાથી લોકો ચમત્કાર પામી સ્તુતિ કરવા લાગ્યા. તેથી જિનાલયમાં પાર્શ્વનાથ પરમાત્માને સ્થાપન કર્યા અને પ્રભુનાં શરીરથી અમૃત ઝરવા લાગ્યું અને લોકોની ચિંતા શ્યામલ પાર્શ્વનાથ પૂર્ણ કરે છે.

**(પ્રબંધ પંચશતી-પપર પ્રબંધ)**

## ૩૩૧. શાન્તનુ મંત્રી-પૌષધ શાળાનો સંબંધ

- એક વખત પાટણમાં જયસિંહ રાજાનાં રાજયમાં બધી જાતનાં વ્યાપારમાં કુશલ, પચાશ હજાર ઘોડાઓનાં અધિપતિ, શ્રીમાલ જાતિનાં શાન્તુ મંત્રીએ ચોર્યાસીહજાર ટંકનો ખર્ચ કરીને રાજમહેલ સરખુ ઘર બનાવેલ. લોકો જોવા માટે આવ્યા. દેવસૂરિનો પરમ ભક્ત શાન્તુમંત્રી હતા. એક વખત ગુરૂને કહ્યું આપ મારા મહેલમાં પધારો અને પ્રશંસા કરો ત્યારે સૌભાગ્યનાં નિધાન નાનાં સાધુએ કહ્યું કે મંત્રીશ્વર ? જો આવા પ્રકારની પૌષધશાળા હોય તો ધર્મનું કારણ બનવાથી ગુરૂદેવ સામેથી પધારશે. પરંતુ પાપહેતુવાળા મહેલની પ્રશંસા કરતા નથી. કારણ કે ઘરમાં પાપ આરંભો પાંચ બતાવ્યા છે. ખાંડની, પેષણી ચુલ્હી, પાણીયારી સમાર્જની. આ પાંચ વસ્તુઓની પ્રસંશા ગુરૂવર કરતાં નથી. તેથી શાન્તનુ મંત્રીએ પૂરા-મહેલને દેવઘર તથા ધર્મ આરાધના માટે ધર્મશાળા રૂપે નિર્ણય કરેલ.

## ૩૩૨. 'ભરતક્ષેત્ર' નામ કેવી રીતે પડ્યું ?

- તીસરા આરાનાં અંતિમકાળમાં ભારતનાં પ્રથમ ઈક્ષ્વાકુ રાજ્યકુળમાં જન્મેલા ઋષભદેવ તીર્થંકરે ભારતનો ઉદ્ધાર કરી મોક્ષગામી બન્યા. તેમનાં પુત્ર ભરતચક્રીએ છ ખંડ પૃથ્વી જીતીને ચક્રવર્તી પદ ધારણ કર્યું. તેમની રાજધાનીનો મુખ્ય પ્રદેશ ગંગા નદીનાં કાંઠે હતો. ઈન્દ્રની આજ્ઞાથી બનેલ અયોધ્યાનો પ્રભાવશાળી સંસ્કારી ધર્મપ્રદેશને ભારત સામ્રાજ્યની રાજ્યગાદીની '**ભરતખંડ**' તરીકેની અમર નામનાં સ્થાપના થઈ. એનાં પૂર્વે ભારતમાં સામ્રાજ્ય જેવું કાંઈ ન હતું. પૂર્વે સપ્તસૈન્ધવ નામ હતું. ગંગા-યમુનાનાં તટ ઉપર આર્યોનો નિવાસ હતો તેમજ પંજાબની પાંચે નદીઓ સાથેનાં પ્રદેશમાં ભારતની પ્રજાનું નિવાસ સ્થાન હોવાનાં કારણે આ પ્રદેશ 'સપ્તસૈન્ધવ' નામે ઓળખાતો.
- ગ્રિક લોકો સિંધુને ઈંડસુનામે સંબોધતા એ ઉપરોક્ત કારણસર ભારતને ઈન્ડિયા તરીકે સંબોધવાનું ચાલુ થયું. આ ઈન્ડિયા નામ વિદેશીઓ દ્વારા પ્રાપ્ત થયેલ. (સમ્રાટ સંપ્રતિ)

## ૩૩૩. મગધ દેશે રાજગૃહી રાજ્યની વિશિષ્ટતા

- મહારાજા શ્રેણિક ત્યાંના રાજા. મગધ દેશમાં ૮૦,૦૦૦ ગામો આવતાં પ્રસેનજિત રાજાનાં સમયમાં આ રાજ્ય ડુંગરોમાં ગિરિવ્રજ તરીકે પ્રસિદ્ધ હતું પરંતુ શ્રેણિક રાજાએ વૈભારગિરિનાં પહાડની તળેટીમાં રાજ્યાદિક ગૃહસ્થોને રહેવાનું સ્થાન 'રાજગૃહી' પ્રસિદ્ધ કરેલ. પિતાશ્રીનાં સામ્રાજ્યમાં નગરની દીવાલો લાકડાની તથા બધા રાજમહેલો પણ લાકડાના હતાં.

પરંતુ શ્રેણીક રાજાએ રાજગૃહીને ૧૨ યોજન લાંબી અને નવ યોજન પહોળી બનાવી. મજબૂત પત્થરની મોટી શીલા દ્વારા દીવાલો, દરવાજાઓ, મહેલો વિગેરેનું નિર્માણ કરેલ. દક્ષિણ દિશામાં ગંગા નદી વહેતી હતી. રાજ્ય વહીવટ માટે ૮,૦૦૦ અગ્ર પ્રજાજનોને નીમેલા, તેમના ઉપર ૪૯૮ મંત્રીઓ નીમેલા, સર્વ અમાત્યેની ઉપર અભયકુમાર મંત્રીની નિમણૂંક કરેલ. અભય મંત્રીએ નીતિશાસ્ત્ર દ્વારા રાજ્ય ચલાવેલ, શ્રેણીક રાજાએ પોતાનાં લશ્કરી સામ્રાજ્યમાં ૫૦૦૦ લડાયક હસ્તિ, ૩ લાખ લડાયક સૈન્ય, ૮૦૦૦ રથીઓ, ૨૦,૦૦૦ હથીયારબંધ ઘોડેસ્વારો, શ્રેણીબદ્ધ વ્યૂહરચના હોવાથી પ્રજાજનોએ શ્રેણિક નામ પાડેલ. નહિં તો બિંબિસાર નામ હતું. (સમ્રાટ સંપ્રતિ)

## ૩૩૪. મગધ દેશમાં શિશુનાગ વંશ (નવનંદ રાજાઓ)

- શિશુનાગ વંશમાં પાંચ રાજાઓ શ્રેણિક રાજાની પૂર્વે થયેલા.
(૧) શિશુનાગ (૨) કાકવર્ણ (૩) ક્ષેમવર્ધન (૪) ક્ષેમજીત (૪) પ્રસેનજીત

**શિશુનાગ વંશની વંશાવળી**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | નંદિવર્ધન | વીર નિ.સંવત | ૬૦ થી ૯૨ | ૩૨ વર્ષ રાજ્ય |
| ૨. | મહાનંદી | ” | ૯૨ થી ૧૧૦ | ૧૮ વર્ષ રાજ્ય |
| ૩. | મહાનંદ | ” | ૧૧૦ થી ૧૪૭ | ૩૭ વર્ષ રાજ્ય |
| ૪. | સુમાલી | ” | ૧૪૭ થી ૧૫૪ | ૭ વર્ષ રાજ્ય |
| ૫. | બૃહસ્પતિ | ” | ૧૫૪ થી ૧૫૭ | ૩ વર્ષ રાજ્ય |

| | | | | |
|---|---|---|---|---|
| ૬. | ધનનંદ | ” | ૧૫૭ થી ૧૬૧ | ૪ વર્ષ રાજ્ય |
| ૭. | બૃહદર્થ | ” | ૧૬૧ થી ૧૭૧ | ૧૦ વર્ષ રાજ્ય |
| ૮. | સુદેવ | ” | ૧૭૧ થી ૧૭૭ | ૬ વર્ષ રાજ્ય |
| ૯. | મહાસેન | ” | ૧૭૭ થી ૨૧૦ | ૩૩ વર્ષ રાજ્ય |

- ૧૫૦ વર્ષ સુધી નંદવંશનું રાજ્ય મગધ દેશ ઉપર ચાલ્યું. (સમ્રાટ સંપ્રતિ)

## ૩૩૫. સમ્રાટ સંપ્રતિની પરંપરા

- **ભાવાર્થ :** રાજગૃહી નગરે શ્રેણિક રાજા તેને પુત્ર કોણિક તેમના પટ્ટે ઉદાયિ રાજા, તેમના પદે નવનંદ તેમનાં પદે ચન્દ્રગુપ્ત તેમના પદે બિંદુસાર. તેમના પદે અશોક રાજા થયેલ. તેમનો પુત્ર કુણાલ અને તેમનો પુત્ર સંપ્રતિરાજા થયેલ. (કલ્પસૂત્રં કલ્પલતા)

વીર નિર્વાણ સંવત ૨૧૦ થી ૨૩૪ સુધીમાં ચંદ્રગુપ્ત રાજા થયેલ.
વીર નિર્વાણ સંવત ૨૩૪ થી ૨૫૯ સુધીમાં બિંદુસાર રાજા થયેલ.
વીર નિર્વાણ સંવત ૨૫૯ થી ૨૯૫ સુધીમાં અશોક સમ્રાટ થયેલ.

(સમ્રાટ સંપ્રતિ)

## ૩૩૬. દ્વાદશાંગી એટલે શું ?

- દ્વાદશાંગીમાં ૧૧ અંગ અને બારમું દષ્ટિવાદ એમ ૧૨ અંગ આવવાથી દ્વાદશાંગી કહેવાય. ગણધર ભગવંતો જ આની રચના કરે એ પણ તીર્થંકર પરમાત્મા પાસે ત્રિપદી સાંભળી અંતુર્મુહર્તનાં સમયમાં (૪૮ મિનિટની અંદર) રચના કરે. દ્વાદશ એટલે ૧૨ અંગ આ પ્રમાણે.

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્ર | ૭. ઉપાસક દશાંગ સૂત્ર |
| ૨. સૂયગડાંગ સૂત્ર | ૮. અંતગડદશાંગ સૂત્ર |
| ૩. ઠાણાંગસૂત્ર | ૯. અનુત્તરોવવાઈ સૂત્ર |
| ૪. સમવાયાંગ સૂત્ર | ૧૦. પ્રશ્ન વ્યાકરણ સૂત્ર |
| ૫. ભગવતી સૂત્ર | ૧૧. વિપાક સૂત્ર |
| ૬. જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર | ૧૨ દૃષ્ટિવાદ |

➺ આમાં દૃષ્ટિવાદનો વિચ્છેદ થયેલ છે. હાલ ૧૧ અંગ પ્રાપ્ત થાય છે. વર્તમાનમાં ૧૧ અંગનાં મૂળ શ્લોકોની સંખ્યા ૩૫.૬૫૯ છે. તેનાં ઉપર ટીકા ૭૩.૫૪૪ ગાથાની રચેલ. ચૂર્ણી ૨૨,૭૦૦ શ્લોકની નિર્યુક્તિ ૭૦૦ શ્લોકની રચાઈ. આ પ્રમાણે કુલ ૧,૩૨,૬૦૩ શ્લોકમાં અગ્યાર અંગોની ટીકા, ચૂર્ણી, નિર્યુક્તિ રચાયેલ શીલાંકાચાર્યે બે અંગની અભયદેવસૂરિએ નવ અંગની ટીકા રચેલ. નિર્યુક્તિ ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામીએ રચેલ. ચૂર્ણી મહાપુરૂષોએ રચલે. (દૃષ્ટિવાદનું સ્વરૂપ પૂર્વે આપેલ છે.)

(સમ્રાટ સંપ્રતિ)

## ૩૩૭. જંબુસ્વામીનાં પાંચ ભવો

(૧) **પ્રથમભવ :** સુગ્રીવ ગામ, રાબડ નામનો દરિદ્ર વ્યક્તિ, રેવતી પત્ની પુત્રનું નામ **ભવદેવ** શરમનાં કારણે દીક્ષા લઈ ૧૨ વર્ષ નાગિલા પત્નીનાં ધ્યાનમાં કાઢ્યા. પછી પત્ની એ સમજાવ્યા પછી સંયમ સ્થિર બન્યા શુદ્ધ ચારિત્રનું પાલન કર્યું.

(૨) **બીજોભવ :** શુદ્ધ ચારિત્રપાળી સાત સાગરોપમનાં આયુવાળા સામાનિક દેવ બન્યા.

(૩) **ત્રીજોભવ :** દેવભવમાંથી ચ્યવી વીતશોકા નગરમાં પદ્મરથ રાજા વનમાલા રાણીનાં ઘેર પુત્રપણે જન્મ્યા. 'શિવકુમાર' નામ ૫૦૦ રાજકન્યા સાથે લગ્ન મહેલમાં બેઠેલા હતાં મુનિને દેખ્યા નીચે ઉતરી એમની ધર્મઘોષસૂરિ પાસે પહોંચી વૈરાગ્ય પામ્યા. માતા-પિતાને ઘણા સમજાવ્યા છતા દીક્ષા માટે ના પાડી. એટલે ઘરમાં રહીને છઠનાં પારણે આંબિલ ૧૨ વર્ષ સુધી આવી ઘોર તપસ્યા કરી.

(૪) **ચોથોભવ :** ગૃહસ્થપણાનાં શુદ્ધ તપનું પાલન કરી ચારપલ્યોપમનાં આયુવાળો વિદ્યુન્માલી દેવ થયા.

(૫) **પાંચમોં ભવ :** રાજગૃહી નગરમાં ઋષભદત્તનાં ઘેર ધારિણીદેવીનાં પુત્ર જમ્બુકુમાર પણે ઉત્પન્ન થયા. ત્યાં સુધર્માસ્વામી પાસે દેશના સાંભલી ઘેર જતા વચ્ચે મોટો ગોળો પડતા વિચાર આવ્યો હું મરી ગયો હોત તો શું થાત પાછા સુધર્માસ્વામી જઈ ચતુર્થવ્રત ધારણ કરી ઘેર જઈ માતા-પિતાની ઈચ્છાપૂર્ણ કરી ૮ કન્યાઓ સાથે લગ્ન કરી એજ દિવસે (રાત્રે) ૮ કન્યાઓનાં માતા-પિતા અને પોતાનાં માતા-પિતા સાથે પ્રભવાદિ ૫૦૦ ચોરોને ઉપદેશ આપી સવારે ૫૨૭ નાં પરિવાર સાથે સુધર્મા સ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરી.

(ઉપદેશમાળા ટીકા)

## ૩૩૮. જંબુકુમાર ૯૯ કરોડની ગણતરી

- આઠો કન્યા પિતાના ઘેરથી ૯/૯ કરોડ સુવર્ણ મહોર લઈ આવેલ તેથી

| | |
|---|---|
| – આઠ કન્યાનાં | ૭૨ કરોડ |
| – કન્યાનાં મામાનાં | ૮ કરોડ |
| – જંબુકુમાર મામાનાં | ૧ કરોડ |
| – જંબુકુમારનાં ઘેરની | ૧૮ કરોડ |
| | કુલ ૯૯ કરોડ નાં સ્વામી |

(ઉપદેશ માળા ટીકા)

## ૩૩૯. મથુરા નગરીનાં કુબેરસેના વેશ્યાનાં ૧૮ સંબંધો

- કુબેર દત્તા સાધ્વીજી અવધિજ્ઞાનથી જાણી મથુરા આવીને બધા સંબંધો સંભલાવે છે. નાનો બાલક રડી રહ્યો છે ત્યારે કહે છે હે પુત્ર તારી સાથે મારા ૭ સંબંધ છે -

(૧) તું મારો પુત્ર થાય છે. (૨) તું મારા ભાઈનો પુત્ર થાય છે.
(૩) તું મારો ભાઈ પણ થાય છે. (૪) તું મારો દેવર પણ થાય છે.
(૫) આ મારા કાકા પણ થાય છે. (૬) તું મારો પૌત્ર પણ થાય છે.

- હે પુત્ર તારા પિતા સાથે મારા ૭ સંબંધ છે.

(૧) આ મારો પતિ પણ છે. (૨) આ મારા પિતા પણ થાય છે.
(૩) આ મારો મોટો ભાઈ પણ છે. (૪) આ મારો પુત્ર પણ છે.
(૫) આ મારો સસરો પણ થાય છે. (૬) આ મારા દાદા પણ થાય છે.

- હે પુત્ર ! તારી માતા સાથે મારા છ સંબંધ છે.
  (૧) મારા ભાઈની પત્ની હોવાથી ભાભી થાય છે.
  (૨) મારી સૌતેલી માતા છે.
  (૩) અમારી માતા પણ છે.
  (૪) મારી સાસુ પણ થાય છે.
  (૫) મારી પુત્રવધુ પણ થાય છે.
  (૬) મારી દાદી પણ થાય છે. (ઉપદેશ માળા ટીકા)

## ૩૪૦. શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલય સુરત

- સૈયદપુરા - શ્રાવક શેરીમાં શ્રી ચંદ્રપ્રભ સ્વામીનું પ્રાચીન જિનાલય છે. વિ.સં. ૧૬૬૦ માં સાંકલચંદ શેઠ નામનાં શ્રાવકે આ જિનાલય બંધાવેલ છેલ્લા ઉદ્ધાર પછીની પ્રતિષ્ઠા ૧૯૬૦ માં વૈ.સુ.૧૦ નાં દિવસે ધરમચંદ ઉદયચંદનાં પુત્રોએ કરાવેલ.
- જિનાલયનાં ભોંયરામાં મૂલનાયક સંપ્રતિ રાજાનાં છે. નંદીશ્વરની દ્વીપની રચના તથા પટો બહુ જોરદાર અને જોવા લાયક છે. લાકડાની કોતરણી મૂલ્યવાન છે. જુનો ઘંટ છે જેના ઉપર ૧૯૬૦ નો ઉલ્લેખ છે. "વેલમદરે દેદરે ધર્મનાથનીદ વોહેરા બંગાલાલજી ઘંટ ભરા ઉસે શ્રી વૈયહસેનસૂરિભિ:" આ પ્રમાણે ઘંટ ઉપર ઉલ્લેખ છે. જ્ઞાનવિમલ સૂરિ એ અહીં પ્રતિષ્ઠા તથા રોહિણી રાસની રચના કરેલ છે. એમની પણ ચરણ પાદુકા છે. ભગવાન આદિનાથજીનાં ખોલામાં પણ પ્રતિમા છે. (જૈનતીર્થ સર્વસંગ્રહ)

## ૩૪૧. શીલ (સદાચાર)નાં છ લક્ષણો

(૧) **આયવણં નિસેવઈ :** ધર્મી આત્માઓનું જ્યાં મિલન થાય તે આસેવન કહેવાય. જ્યાં શીલવાન હોય, બહુશ્રુત હોય, ચારિત્ર આચાર સંપન્નવાળા ઘરો હોય ત્યાં શ્રાવકોએ નિવાસ કરવો જોઈએ.

(૨) **પરગૃહતજે :** સારા કારણ વિના બીજાનાં ઘેર ક્યારેય પણ જવું નહીં.

(૩) **અણબ્બુડ વેષ :** ઉદ્ભટ વેષ અનુચિત વેશનો ત્યાગ કરવો. જે દેશમાં રહીએ તે દેશને યોગ્ય મર્યાદાવાળો વેષ પહેરવો. અયોગ્ય વેષ અયોગ્ય કાર્ય કરાવી પણ શકે છે.

(૪) **વચન વિકારત્યજે :** બીજાને વિકાર ઉત્પન્ન થાય અથવા હસી મજાકમાં વૃદ્ધિ થાય તેવા વચનો ક્યારેય પણ બોલાય નહિ.

(૫) **બાલક્રીડાનો ત્યાગ :** મશ્કરી મજાક તેમજ નાનાં બાળકની જેમ ક્રીડાનો અવશ્ય ત્યાગ કરવો.

(૬) **મધુરવચન :** કઠોર વચનનો ત્યાગ કરીને મધુરવચન તથા બીજાને હિતકારી બને તેવા વચનોનો ઉપયોગ કરવો. (ધર્મરત્ન પ્રકરણ)

**ઉપાધ્યાય યશોવિનયજી કૃત ૩૫૦ ગાથા સ્તવનની કડી**

સેવે આયતન ઉદેશ પરગૃહતજે, અણબ્ભુડ વેષ
વચનવિકાર ત્યજે, શીશુશીલ. મધુર ભણે ષડ્વિધ શીલ - ૧
આયતણ સેવે ગુણપોષ, પરગૃહ ગમને વાધે દોષ,
ઉદ્ભટ વેશ ન શોભા લાગ, વચનવિકારે જાગે રાગ - ૨

મોહત્તણો શીશુલીલાલિંગ, અનર્થદંડ એછે અંગ,
કઠિન વચનનું જલ્પનજેહ, ધર્મીને નહિ નેહ - ૩ (૩૫૦ ગાથા સ્તવન)

## ૩૪૨. દ્રવ્યક્રિયાને પ્રધાન બનાવવાનાં ચાર લક્ષણ

(૧) **તદર્થાલોચન :** સૂત્ર બોલતી વખતે એના અર્થની અવશ્ય વિચારણા કરવી જેથી આપણું દિલ શુભ ભાવોથી ભરાશે. રહસ્ય સમજ્યા વિના ક્રિયામાં આનંદ ક્યારેય ન આવે. સૂત્ર સાથે અર્થની વિચારણાથી ગુણાનુરાગ પ્રગટ થશે.

(૨) **ગુણાનુરાગ :** અર્થની દેશના આપવાવાળા અરિહંત ભગવંત, સૂત્ર ગુંથવાવાળા ગણધર ભગવંત આ બંને મહાપુરૂષોનાં ગુણો ઉપર અનુરાગ ઉત્પન્ન કરવાનો છે. તેઓ પ્રતિ વિનય-બહુમાનભાવ. વીતરાગે વીતરાગ ભાવની પ્રાપ્તિ માટે સૂત્ર-અર્થ આપેલ છે.

(૩) **અપ્રાપ્તપૂર્વહર્ષ :** અનાદિકાળથી ભટકતા એવા મને દરિદ્રને નિધાનની જેમ દ્વાદશાંગીની પેટી (સૂત્રપેટી) પ્રાપ્ત થઈ. ખરેખર આજે હું કૃતાર્થ બની ગયો. મારો જન્મ સફળ થઈ ગયો. પૂર્વે ક્યારેય પણ ન થઈ હોય તેવી ખુશી ઉત્પન્ન થવી જોઈએ.

(૪) **વિધીભંગે ભવભય :** જેનાં પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થઈ જાય પછી જો તેનાં વચન ન માનીએ તો ડર લાગે. અરેરે ! મારાથી અવિધી થઈ રહી છે મારો સંસાર વધી જશે. આવા ભવનાં ભયથી સાચી વિધિ મળશે. પ્રમાદથી ભવનો અંત થતો નથી. (ઉપદેશ રહસ્ય ઉપા. યશો વિ.)

## ૩૪૩. બહુમાન ભાવનાં પાંચ લક્ષણ (ચૈત્યવંદન માટે)

(૧) **તત્કથાપ્રીતિ :** જે વ્યક્તિ પ્રત્યે આપણી વધારે પ્રીતિ હોય ત્યાં વધારે જવાનું બેસવાનું મન થાય તેમ પરમાત્મા પ્રતિ પ્રીતિ ઉત્પન્ન થવાથી જિનદર્શન પૂજા ચૈત્યવંદનમાં બહુમાન ભાવ પ્રગટ થશે. વધારે વખત બેસવાનું મન થશે જે સૂત્ર બોલીએ તેના પ્રતિ પણ બહુમાનભાવ જાગશે.

(૨) **નિંદા અશ્રવણ :** ચૈત્યવંદન સંબંધી કોઈપણ આપણી મશ્કરી કરે અથવા નિંદા કરે (જેમ કે આને તો ઘણીવાર લાગે છે. સ્તવન લલકારે જ રાખે છે.) તો તે સાંભલવુ નહિ. ઉલ્લાસભાવ સાથે શુદ્ધ સ્પષ્ટ શબ્દોચ્ચાર સાથે ચૈત્યવંદન કરવું.

(૩) **નિંદકપર દયા :** કદાચ કોઈ વધારે નિંદા કરે તો તેનાં ઉપર ગુસ્સો નં કરવો. પરંતુ દયા ચિંતવવી, ઉપેક્ષાભાવ રાખવો. આ અજ્ઞાની છે. આને સાચી વિધીની ખબર નથી. સૂત્ર અને અર્થનાં રહસ્યોને સમજતા નથી બિચારાનું શું થશે આવો ભાવ રાખવો.

(૪) **ચિત્તન્યાસ :** જે વસ્તુ આપણે વધારે પસંદ હોય ત્યાં આગલ વધારે મન ચોંટે તેમ પરમાત્માની મૂર્તિ પ્રત્યે તથા સૂત્રો પ્રત્યે ચિત્તને ચોંટાડવાનું છે. ચિત્તસ્થિર હશે તો બહુમાન ભાવ જાગશે. 'તિદિસિનિરિક્ષણ વિરઈ' દર્શન ચૈત્યવંદનમાં ત્રણે દિશાનો ત્યાગ બતાવેલ છે.

(૫) **પરાજિજ્ઞાસા :** જ્યારે આપણું મન બરાબર ક્રિયામાં લાગી જાય છે

ત્યારે તે વસ્તુને સમજવા માટે જિજ્ઞાસા જાગે. મન ન લાગે તો જિજ્ઞાસા ન જાગે માટે તે સૂત્રોનાં રહસ્યોને સમજવા માટે સાચી વિધી જાણવા માટે શ્રેષ્ઠ જિજ્ઞાસા જાગવી જોઈએ જિજ્ઞાસાનાં કારણે ઘણું આગળ વધી શકાય છે. (લલિતવિસ્તરા)

## ૩૪૪. જિનવાણી શ્રવણનાં આઠ ગુણો

(૧) **શુશ્રુષા :** સાચા તત્વને સાંભલવાની ઈચ્છા થવી. આત્માનું સાચું લક્ષણ શું છે ? આગમ-ગ્રંથમાં શું બતાવેલ છે. મિથ્યાત્વ કેવી રીતે દૂર થાય. સમક્તિની પ્રાપ્તિ કેવી રીતે થાય વિગેરે જાણવાની ઈચ્છા થવી તે શુશ્રુષા.

(૨) **શ્રવણ :** વિનયપૂર્વક બેસવું, યોગ્યમુદ્રામાં બેસવું, સંપૂર્ણ ઉપયોગની સાથે એક એક શબ્દને સાંભલવા.

(૩) **ગ્રહણ :** તત્ત્વની સમજ પડે તેવી રીતે વ્યાખ્યાનાં રહસ્યને ધ્યાનથી ગ્રહણ કરવા.

(૪) **ધારણા :** ગ્રહણ કરેલા બધા વાક્યોને પૂર્વાપર સંબંધથી મનમાં ધારવા.

(૫) **વિજ્ઞાન :** પહેલા જે અજ્ઞાન ભરેલું હતું, વિપર્યય, સંશય આદિનો નાશ કરીને શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરવું તે.

(૬) ઉહ : તત્ત્વને (પ્રવચનને) સાંભળ્યા પછી મનમાં પ્રશ્ન થવો જોઈએ. આ વાત એમ કેમ ? આમાં હિંસા વધારે આમાંથી ઓછી કેમ ?

(૭) **અપોહ :** શંકા ઉત્પન્ન થયા પછી યોગ્ય લાગે તો પ્રવચનમાં અથવા પ્રવચન પછી પણ ગુરૂ પાસે નિરાકરણ કરીને સાચું તત્ત્વ પ્રાપ્ત કરવું તે.

(૮) **તત્ત્વાભિનિવેશ :** આ તત્ત્વ આજ રીતે સાચું છે. આ પદાર્થનું આજ સ્વરૂપ છે. તીર્થંકરો ગણધરોએ પણ આજ પ્રમાણે સ્વીકારેલ છે. એવું જાણીને સ્થિર નિર્ણય લેવો તે.

## ૩૪૫. સાત પ્રકારનાં ભયોનાં કારણ ?

(૧) **ઈહલોક ભય :** સમાન જાતિવાળાથી ડરવું જેમ કે માણસ માણસથી ડરે.

(૨) **પરલોક ભય :** અન્ય જાતિવાળાથી ડરવું - માનવ-તિર્યગ્ચથી ડરે.

(૩) **આદાન ભય :** મારી વસ્તુ કોઈ લુંટી લેશે તો.

(૪) **અકસ્માત ભય :** ઘર, બહાર, રાત, દિવસ અચાનક અકસ્માતનો ભય થવો તે.

(૫) **આજીવિકા ભય :** મારી આજીવિકા કેવી રીતે ચાલશે તેનો ડર.

(૬) **મરણ ભય :** મરવાનો ભય તે, હું મરી જઈશ તો શું થશે ?

(૭) **અપયશ ભય :** અશુભ કાર્યો દ્વારા અપયશનો ભય.

## ૩૪૬. ત્રણ પ્રકારનાં કરણ

(૧) **યથાપ્રવૃત્તિકરણ :** જેમ પહાડ ઉપરથી પત્થર પડ્યા પછી અથડાતો કુટાતો ઘણાં સમય પછી ગોળ બને છે તેમ અનાદિકાળથી આજીવન

ભયંકર મિથ્યાભાવ મોહમાં ભમતાં ક્યારેક શુભ ભાવમાં આવે તે યથાપ્રવૃત્તિકરણ. યથાપ્રવૃત્તિકરણ કરતા જીવ મોહનીય કર્મની ૬૯ કોડા કોડિથી અધિક સ્થિતિનો નાશ કરે છે અને અંતઃકોડાકોડિ સ્થિતિવાળો બને છે.

(૨) **અપૂર્વકરણ :** પહેલા ક્યારેય પણ ન આવ્યો હોય એવો અપૂર્વકોટિ અધ્યવસાય ઉત્પન્ન થવો તે અપૂર્વકરણ આનાં દ્વારા રાગદ્વેષની ગાંઠ ઓછી થાય છે.

(૩) **અનિવૃત્તિકરણ :** ક્યારેક આવો પરિણામ જાગે જેનાં કારણે આત્મા સ્મયગ્ દર્શનગુણ પ્રાપ્ત કર્યા વિના રહે નહિ એવા વિશિષ્ટ કોટિનો અધ્યવસાય તેજ અનિવૃત્તિકરણ. (કર્મગ્રન્થ)

## ૩૪૭. સાત વ્યસનોનું સ્વરૂપ

**द्यूतमांस सुरा वेश्या, खेट चौर्य पराङ्गनाः ।**
**महापापानि सप्तेति-व्यसनानि त्यजेद् बुधाः ॥**

**ભાવાર્થ :** જુગાર, માંસ, દારૂ, વેશ્યાગમન, શિકાર, ચોરી, પરસ્ત્રીગમન આ સાતે વ્યસનો મહાપાપથી ભરેલા છે માટે સજ્જનોએ છોડવા જોઈએ.

(૧) **જુગાર :** ફનફેર, રેસકોર્સ, શેરબજાર, સટ્ટા, ક્રિકેટ મેચ, પોકર ગેમ, સોદાબાજી, પત્તા, ડ્રો વિગેરે બધુ જુગારમાં આવે છે. જુગારનાં ભયંકર વ્યસની હોવા છતાં પુણ્ય જાગતાં **સિદ્ધર્ષિગણિ** બન્યા.

(૨) **માંસ :** યોગશાસ્ત્ર ગ્રંથમાં માંસનું ભયંકર પાપ બતાવેલ છે. પંચેન્દ્રિયની હત્યા વિના માંસ મળી શકતું નથી. નરકનું દ્વાર બતાવેલ ભયંકર માંસાહારીનાં વ્યસની કુમારપાલ રાજાએ સમ્યકત્વ પ્રાપ્ત કરેલ.

(૩) **દારૂ :** બુદ્ધિને નાશ કરવાનું સાધન દારૂ બતાવેલ છે. નશીલા પદાર્થોનાં સેવન પછી સત્કાર્ય પણ અકાર્ય બની જાય છે. દારૂનાં ભયંકર વ્યસની કપર્દિશેઠ નિયમનાં કારણે કપર્દિયક્ષ બન્યા.

(૪) **વેશ્યાગમન :** આલોક અને પરલોકને બગાડનારૂ વ્યસન વેશ્યાગમન છે. તેજોલેશ્યા કરતાં વેશ્યા વધારે દુ:ખી કરે છે. કારણ કે તેજોલેશ્યા એક વખત મારે વેશ્યાગમન ભવોભવ મારે. વેશ્યાગમનનાં ભયંકર વ્યસન સ્થૂલભદ્ર સ્વામી પુણ્ય જાગતાં ચૌદપૂર્વી બન્યા.

(૫) **શિકાર :** કોઈનાં પ્રાણોનો નાશ કરવો એટલે પોતાનો નાશ સમજવો. શિકારીવ્યક્તિ ભવોભવ દુ:ખ પ્રાપ્ત કરે છે. ભવનો અંત મુશ્કેલથી આવે. શિકારનાં ભયંકર વ્યસની દેવર્દ્ધિ પુણ્ય જાગતાં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ બન્યા.

(૬) **ચોરી :** કોઈની સામગ્રીને પૂછયા વગર ગ્રહણ કરવી તે મહાપાપ છે. આભવ અને પરભવ બંને દુ:ખદાય બને છે. ૫૦૦ ચોરનાં માલિક **પ્રભવ** ચોર પણ જંબુસ્વામીનાં ઉપદેશથી વૈરાગ્ય પામી ૫૦૦ ચોર સાથે દીક્ષાગ્રહણ કરી.

(૭) **પરસ્ત્રીગમન :** ભક્ખણે દેવદવ્વસ્સ પરત્થી ગમણેણ ય સત્તમંનરકં જંતિ, સત્તવારા ઉગોયમા = હે ગૌતમ ? દેવદ્રવ્યનું ભક્ષણ અને પરસ્ત્રી ગમનથી જીવ સાતમી નરકમાં સાતવી વાર જાય છે.

(જયવીયરાય પુસ્તકમાંથી)

## ૩૪૮. ઉપકાર કોનો માનવો ?

**तिण्हं दुप्पाड़ियारं समणाउत्तो । तं जहा अम्मा पिउणो भट्टिस्स धम्मायरियस्म** = હે શ્રમણ ! આયુષ્યમાન્ ત્રણ વ્યક્તિનાં ઉપકારનો બદલો વાલવો સમર્થ નથી (૧) માતા-પિતા (૨) નૌકરી રાખવાવાળા શેઠ (૩) ધર્માચાર્ય. (ઠાણાંગ સૂત્ર)

## ૩૪૯. અચિત પાણીનો કાળ

- જ્યારે ત્રણ ઉકાલા બરાબર ઉભરાય ત્યારે જ ઉકાળેલું પાણી કામ આવે. ત્યારે જ અચિત થયું કહેવાય.
- સાંજે પાણી વધે ત્યારે તેમાં છાસની આસ જેવો ચુનો કરવાથી તે પાણી ૨૪ પ્રહર (૭૨ કલાક) સુધી ખપે.
- કાચા પાણીમાં ગુડ-શક્કર નાંખ્યા પછી બે ઘડી પછી કામ આવે અચિત પાણીનાં કાળની જેમ તેનો સમય જાણવો.
- ત્રિફલા ચૂર્ણ નાંખ્યા પછી બે ઘડી પછી ૧ પ્રહર (૩ કલાક) સુધી ખપે.
- રખ્યા નાંખ્યા પછી બે ઘડી પછી બે ઘડી સુધી ખપે.

## ૩૫૦. "ભુ-ર્ભુવઃ-સ્વઃ" શબ્દક્યા સૂત્રમાં

- (૧) ઋષિ મંડલ સ્તોત્ર (૪) જિનસહસ્રનામ સ્તોત્ર
(૨) સકલાર્હત્ સ્તોત્ર (૫) પદ્માનંદ મહાકાવ્ય
(૩) વર્ધમાન શક્રસ્તવ (૬) ગૌતમ સ્તોત્ર

**(૧) भू र्भूवः स्वस्त्रयीपीठ, वर्तिनः शाश्वता जिनाः ।**
**तैः स्तुतैः वन्दिते र्दृष्टैर्यत् फलं तत् फलं स्मृतौ ॥**

- **ભાવાર્થ :** પાતાલ લોકમાં, પૃથ્વીલોકમાં અને દેવલોકમાં જેટલી શાશ્વતી પ્રતિમાઓ છે તેમની સ્તુતિ વંદન દર્શન કરવાથી જે લાભ થાય તેટલું ફળ આ સ્તોત્રનાં સ્મરણ માત્રથી થાય છે. **(ઋષિમંડલ સ્તોત્ર)**

**(૨) सकलार्हत् प्रतिष्ठान, मधिष्ठानशिवश्रियः ।**
**भुर्भुवः स्वस्त्रयीशान, मार्हन्त्यं प्रणिदध्महे ॥१॥**

- **ભાવાર્થ :** સકલ અરિહંતોનું રહેઠાણ એવું મોક્ષ લક્ષ્મીરૂપનું સ્થાન છે જેઓનું અને પાતાલ લોક, માનવ લોક અને દેવલોક, ત્રણેય લોકનાં સ્વામી એવાં અરિહંત પરમાત્માને નમસ્કાર કરીએ છીએ.

**(૩) ॐ नमोऽर्हते भू र्भूव स्वस्त्रयीनाथ मौलि मन्दार मालार्चितकमाय**

- **ભાવાર્થ :** પાતાલ લોક, મર્ત્ય લોક અને દેવલોકના સ્વામી, ઇન્દ્રોના મુગટમાં રહેલી કલ્પવૃક્ષનાં પુષ્પોનાં માળાથી પૂજીત ચરણયુગલવાળા પરમાત્માને નમસ્કાર થાઓ. **(વર્ધમાન શક્રસ્તવ)**

**(૪) नमो भूर्भुवस्त्रयीशाश्वताय, नमस्ते त्रिलोकी स्थिर स्थापनाय ।**
**नमो देव मार्या_सुराभ्यर्चिताय, नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥**

ભાવાર્થ : પાતાલ લોક, માનવ લોક, દેવલોકમાં રહેલી શાશ્વતી પ્રતિમાને નમસ્કાર થાઓ, ત્રણે લોકમાં સ્થિર સ્થાપનારૂપ જિનેશ્વરને મારા નમસ્કાર થાઓ, માનવ, દેવ, અસુરોથી પૂજાયેલાને મારો નમસ્કાર થાઓ. નમસ્કાર, નમસ્કાર, નમસ્કાર, નમસ્કાર થાઓ. (જિનસહસ્રસ્તોત્ર)

(૫) **मुदाऽर्हामि तदार्हन्त्य, भूर्भुवः स्वस्त्रीश्वर : ।**
**यदाराध्य ध्रुवं जीवः स्यादर्हत् परमेश्वर ॥**

ભાવાર્થ : ત્રણ લોકમાં પ્રભુત્વને ધરાવાવાળા એવા આર્હન્ત્યપદની હું સ્તુતિ કરું છું. ભવ્યજીવ જિનની ઉપાસના કરતા સ્વયં જિનરૂપે બની જાય છે. (પદ્માનંદ મહાકાવ્ય)

(૬) **सज्जलान्न धनभोगधृतीनां लब्धिरद्भुतेह भव स्यात् ।**
**गौतम स्मरतः परलोके, भूर्भुवस्वरपवर्ग सुखानि ॥**

ભાવાર્થ : અનંતલબ્ધિનાં ભંડાર એવાં ગૌતમ સ્વામી નામ ચમત્કારી છે. ગૌ એટલે કામધેનું **ત** એટલે કલ્પવૃક્ષ **મ** એટલે ચિંતામણી એમના નામ સ્મરણથી ત્રણે લોકમાં **પરંપરાથી** મોક્ષ પ્રાપ્ત થાય છે. (ગૌતમસ્તોત્ર)

(૭) **नमः परस्तादुदितायैक, वीराय भास्वते ।**
**ॐ भूर्भुवः स्वरितिवाक्, स्तवनीयाय ते नमः ॥**

ભાવાર્થ : ચારે બાજુથી ઉદિત થવાવાલા એવા એક વીર સૂર્યરૂપી પ્રભુને ત્રણે લોકનાં શબ્દ દ્વારા સ્તુતિ કરવા યોગ્યને નમસ્કાર થાઓ.

(હેમચંદ્રાચાર્યાકૃત, વર્ધમાન શક્રસ્તવ)

## ૩૫૧. દાનધર્મનાં ૭ ગુણો

देवाणुअत्तिभत्तीपूआ, थिरिकरण सत्त अणुकंपा ।
आसोदय दाणगुणा, प्रभावणा, चेव तित्थस्स ॥५८३॥

ભાવાર્થ :

(૧) **દેવાનુવૃત્તિ :** દેવ પણ ભગવાનની પૂજા કરે છે માટે દાન દેવાથી દેવોનું અનુકરણ થાય છે.

(૨) **ભક્તિ :** દાન આપવાથી પરમાત્માની ભક્તિનો લાભ મળે છે.

(૩) **પૂજા :** દાન દેવાથી ભગવાનની પૂજાનો લાભ મળે છે.

(૪) **સ્થિરીકરણ :** દાન દેવાવાળા અને લેવાવાળા બંને ધર્મમાં સ્થિર થાય છે.

(૫) **સત્વાનુંકપા :** સમક્તિનું લક્ષણ અનુકંપા માટે અનુકંપા દ્વારા સમક્તિની પ્રાપ્તિ થાય છે.

(૬) **શાતોદય :** શાતાવેદનીય કર્મનાં બંધ થાય છે.

(૭) **તીર્થ પ્રભાવના :** જિનશાસનની પ્રભાવના થાય છે.

(આવશ્યકનિર્યુક્તિ-૨)

## ૩૫૨. દાનવીર ભામાશાહ

**દાનવીર ભામાશાહ :** જ્યારે મહારાણા પ્રતાપ હલ્દીઘાટીનાં યુદ્ધમાં હારી ગયા અને પહાડી જંગલોમાં ફરવા લાગ્યા ત્યારે ભામાશાહ એમની પાસે જઈને કહે છે. આપ શૂરવીર છો તો દેશની રક્ષા કરો ? ત્યારે રાણાએ કહ્યું સૈન્યપણ નથી, ધન પણ નથી કેવી રીતે રક્ષા કરું ? એ વખતે ભામાશાહે

પોતાની પાસેની સમસ્ત સંપત્તિ મહારાણાને અર્પણ કરેલ. ૧૨ વર્ષ સુધી ૨૫,૦૦૦ સૈનિકો પોતાનું ગુજરાન ચલાવી શકે તેટલું ધન આપેલ. આવા ઉદયપુર નગરનાં દાનવીર થયેલ. આજ ભામાશાહનાં સ્મરણમાં ભારતની કેન્દ્ર સરકારે ૩૧ ડિસેમ્બર ૨૦૦૦ નાં દિવસે ૩ રૂપિયાની ટિકિટ બહાર પાડી હતી.

## ૩૫૩. દાનનાં પાંચ ભૂષણ અને દૂષણ

- ૧. દાન આપતી વખતે હર્ષનાં આંસુ
  ૨. યોગ્ય વ્યક્તિ જોઈને અતિઆનંદ
  ૩. સામેના વ્યક્તિ પ્રત્યે બહુમાન ભાવ
  ૪. વ્યક્તિ સાથે પ્રિય વચનનો ઉપયોગ
  ૫. યોગ્ય વ્યક્તિની વારંવાર અનુમોદના
- ૧. દાન આપતી વખતે આદરભાવ ન હોય
  ૨. દાન દેવામાં વિલંબ કરતો હોય
  ૩. દાન દેતી વખતે અરૂચિ હોય.
  ૪. સામેનાં વ્યક્તિ પ્રત્યે અપ્રિય વચન ઉચ્ચારે
  ૫. દાન આવ્યા પછી પશ્ચાતાપ કરે. (ઉપદેશ તરંગીણી)

## ૩૫૪. ગીતાર્થ એટલે શું ?

**गीयं भन्नई सुत्तं, अत्थो तस्सेव होई वक्खाणं ।**
**गीएण च अत्थेणय, संजुत्तो होई गीयत्था ॥**

➠ **ભાવાર્થ : ગીત** એટલે સૂત્ર, **અર્થ** એટલે વ્યાખ્યા જે સૂત્ર અને અર્થ રૂપ વ્યાખ્યાથી યુક્ત હોય તે **ગીતાર્થ** કહેવાય. શ્રમણ યોગ્ય તમામ સૂત્રોની **જાણકારી અર્થ સાથે** હોવી જોઈએ.

## ૩૫૫. પચ્ચક્ખાણ પારતી વખતે 'છ' શુદ્ધિ

(૧) **ફાસિઅં :** ઉચિત કાલે વિધી પૂર્વક પચ્ચકખાણ પ્રાપ્ત કર્યું તે.

(૨) **પાલિઅં :** કરેલા પચ્ચકખાણને વારંવાર ખ્યાલ રાખીને વર્તવુ તે.

(૩) **સોહિઅં :** આહાર આદિ ગુરૂને આપી વધેલા આહાર દ્વારા નિર્વાહ કરવો તે.

(૪) **તિરિઅં :** પચ્ચકખાણનો સમયપૂર્ણ થયા પછી થોડા સમય પછી પચ્ચકખાણ પારવું તે.

(૫) **કિટ્ટિઅં :** વાપરતી વખતે ભૂલ ન થાય માટે પચ્ચકખાણને પુનઃ યાદ કરીને પછી વાપરવું તે.

(૬) **આરાહિયં :** પાંચે પ્રકારની શુદ્ધિનું પાલન શુદ્ધિપૂર્વક કરવું તે.

(પ્રબોધટીકા)

## ૩૫૬. તપચિંતવણી કાઉસગ્ગની વિધી

**तत्थय चिंतइसंजम जोगाणं न होइ जेण मे हाणी ।**
**तं पडिवज्जामि तवं, छम्मासं ता न काउमल ॥२३॥**
**इगाइगुणतीसूणयंपि न सहो न पंचमास मवि ।**
**एवं चउति-ति दुमासं न समत्थो एगामासं वि ॥२४॥**

**जा तंपि तेरसूणं, चउतीसइमाइआ दुःहाणीए ।**
**जा चउत्थं तो आयं बिलाइ, जा पोरिसि नमो वा ॥२५॥**
**जं सक्कं तं हियए, धरेतु पारेत्तु पेहाए पोतिं ।**
**दाउं वंदणमसढो, तं चिञ पच्चक्खए विहिणा ॥२६॥**

**ભાવાર્થ :** જે રીતે મારા સંયમ યોગોની હાનિ થાય તેવી રીતનો હું તપ આદરીશ. તેમાં હું ઉત્કૃષ્ટ છ માસ તપ કરવાને શક્તિમાન નથી. એમાં ૧ થી માંડી ૨૯ દિવસ ઉણો તપ કરવા પણ સમર્થ નથી. (એટલે છ માસમાં ૧ દિવસ, ૨ દિવસ આમ એકેક દિવસ ઘટાડતા ૨૯ દિવસ ન્યૂન છ માસ તપ કરવાની શક્તિ નથી) એમ પાંચ મહિનાનાં તપ કરવાની શક્તિ નથી. ચાર માસ, ત્રણ માસ, બે માસ અને એક માસ તપ કરવાની શક્તિ નથી. એમાં પણ એક-બે આમ તેર ઉપવાસ ન્યૂન કરવાની શક્તિ નથી. ત્યારપછી ૩૪ ભક્ત કરવાની શક્તિ નથી એમાં પણ બે-બે ભક્ત ઘટાડતા - ચોથ ભક્ત સુધી જો અસમર્થ હોય તો આંબિલ, એકાસણું બિઆસણું છેલ્લે નવકારશી કરવાની શક્તિ છે પરિણામ છે. પછી મહપત્તિ પડિલેહી વાંદણાં લે છે. (યોગશાસ્ત્ર તૃતીયપ્રકાશ)

## ૩૫૭. પ્રભાવના શબ્દનો અર્થ ?

જેનાથી ધર્મનો પ્રભાવ વધે અથવા જેનાથી ધર્મ પ્રત્યે આકર્ષણ વધે તે નિમિત્તે અપાતી તે પ્રભાવના કહેવાય. હાલ પૂજા-પ્રવચન-મંહોત્સવ આદિમાં પ્રભાવનાનું મહત્વ વધી ગયું છે. ક્યારેક પ્રભાવના શબ્દનો અર્થ ખ્યાલ ન હોય તો લોભકષાયમાં પણ ડુબો જવાય છે. આ માત્ર સ્થૂલ અર્થ છે.

**પ્રભાવના શબ્દનો સૂક્ષ્મ અર્થ :**

વિશેષ પણે પ્રવર્તતી ભાવના તે પ્રભાવના પોતાનામાં રહેલી શુભભાવના બીજામાં પ્રવર્તાવવામાં આવતી ભાવના તે પ્રભાવના જે ક્રિયાથી આત્માનું તેજ વધેતે પ્રભાવના.

**सम्यग् दर्शन ज्ञान चारित्र रत्नत्रयप्रभावेण आत्मनाप्रकाशना प्रभावनम्**

**ભાવાર્થ :** સમ્યગ દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપી રત્નત્રયનાં પ્રભાવથી આત્માને પ્રકાશમાન કરવો એનું નામ પ્રભાવના

**विज्जारहमारुढो मणोरहपएसु ममई जो वेदा ।**

**सो जिणणाणपहावी, सम्मदिट्ठा मुणेयव्वो ॥**

**ભાવાર્થ :** જે આત્મવિદ્યારૂપી રથ ઉપર આરૂઢ થઈને જ્ઞાનરૂપી રથનાં માર્ગમાં ભ્રમણ કરે છે. તે જિનેશ્વર ભગવાનનાં જ્ઞાનની પ્રભાવના કરનાર સમ્યગ્ દૃષ્ટિ જીવ છે એમ કહેવાય છે.

**मोहारतिक्षतेः शुद्धः शुद्धाच्छुद्धतरस्ततः ।**

**जीव शुद्धतमः कश्चिदयस्तीत्यात्म प्रभावना ॥**

**ભાવાર્થ :** મોહરૂપી શત્રુનો નાશ કરતા જઈ શુદ્ધમાંથી શુદ્ધતર અને શુદ્ધતરમાંથી શુદ્ધતમ ભૂમિકા ઉપર પહોંચવાનો પુરૂષાર્થ તે આત્મ પ્રભાવના. (જિનતત્ત્વ)

## ૩૫૮. આલોચના એટલે શું ?

**आ अभिविधिना सकलदोषाणां लोचनो गुरुपुरतः प्रकाशना आलोचना**

- **ભાવાર્થ :** વિધિપૂર્વક જે દોષ લાગેલા હોય તે બધા દોષોનું ગુરૂની આગલ પ્રકાશન કરવું તે આલોચના. (ભગવતી ટીકા)
- **દસ પ્રકારનાં અતિચારોથી બચીને પછી જ પ્રાયશ્ચિત લેવાય.**

(૧) **આકંપિત :** ગુરૂ આલોચના ઓછી આપશે એ આશયથી પ્રથમ ગુરૂની સેવા કરે. ગુરૂને પ્રસન્ન કરે. એમનામાં દયાભાવ પ્રગટ્યા પછી આલોચના લેવી તે.

(૨) **અનુમાનિત :** ગુરૂ મને પ્રાયશ્ચિત્ત કેવી રીતે ઓછું આપે એવું અનુમાન કર્યા પછી પ્રાયશ્ચિત માંગવું તે.

(૩) **યદ્દૃષ્ટ :** પોતાનાં દોષો કોઈ એ જોઈ લીધા છે તેની આલોચના લીધા વગર છૂટકો નથી માટે જે દોષો બીજાએ જોયા તે લે બીજા નહિ.

(૪) **બાદર :** નાના દોષોની આલોચના બચવા માટે માત્ર મોટા મોટા દોષોની આલોચના માંગવી તે.

(૫) **સૂક્ષ્મ :** ગુરૂનો વિશ્વાસ ઉભો કરીને માત્ર સૂક્ષ્મ દોષોની આલોચના લે. મોટા દોષોથી મોટી આલોચના આવશે એવું જાણી મોટા દોષો છુપાવીને આલોચના માંગવી તે.

(૬) **પ્રચ્છન્ન :** ઘણી વાર સાધકને પોતાનાં દોષો બતાવતાં શરમ

આવતી હોય, અતિચારનાં એકરાર સંકોચ થતો હોય એ વખતે બીજાનું નામ આપી અથવા દોષથી શું આલોચના આવે એ પ્રમાણે પ્રાયશ્ચિત માંગવું તે.

(૭) **શબ્દકાળ :** લોકોને બતાવવા માટે હું કેટલો શુદ્ધ છું. એમ જણાવવા માટે મોટા અવાજે આલોચના માંગવી તે.

(૮) **બહુજનપૃચ્છા :** એક આચાર્ય પાસે આલોચના લીધા પછી પોતાની પ્રશંસા માટે કેટલા સરલ છે એવું જણાવવા માટે બીજા પાસે જઈ પાછી આલોચના માંગવી તે અથવા એક પાસે શ્રદ્ધા ન બેસવાથી બીજા પાસે જવું તે.

(૯) **અવ્યક્ત :** કોઈ આચાર્ય નાની ઉંમરના હોય અથવા કોઈ પાસે અલ્પજ્ઞાન હોય. તેઓને પ્રાયશ્ચિતની પૂરી જાણકારી ન હોય તેમની પાસે જઈ અજ્ઞાનતાનો લાભ ઉઠાવા આલોચના માંગવી તે. જે આપો તે ચાલશે.

(૧૦) **તત્સેવી :** પાસત્થામુનિ પાસે આલોચના લેવી તે. એટલે જે દોષ ગુરૂ પણ સેવતા હોય અને પોતે પણ તે દોષ સેવે અને પછી ગુરૂ મને ઓછી આલોચના આપશે એવા ભાવથી આલોચના માંગવી તે.

- આલોચના લેતી વખતે ગુરૂ અને પોતે બેજ હોવા જોઈએ. લાગેલા તમામ દોષોનો એકરાર કરી શુદ્ધિ અને વિધીપૂર્વક આલોચના લેવી 'ચતુષ્કર્ણા આલોચના' કહેવાય. (ભગવતી સૂત્ર)

## ૩૫૯. સમયં ગોયમ મા પમાયએ

➻ મહાવીર સ્વામી અને ગૌતમસ્વામીને ૩૦ વર્ષ નો લગાતાર સંબંધ હતો ત્યારે પ્રભુએ ગૌતમસ્વામીને ઉદ્દેશીને સાથે સાથે બીજા જીવો પણ પ્રમાદમાં ન પડે માટે વારંવાર **'સમયં ગોયમ મા પમાયએ'** આ ચાર શબ્દનો ઉચ્ચાર કરતાં. હાલ ઉત્તરાધ્યયન સૂત્રનાં ૧૦મા અધ્યયનમાં દરેક ગાથાનું છેલ્લું ચરણ આજ છે. પરમાત્માએ ઉચ્ચારેલા આ શબ્દો ૨૫૦૦ વર્ષનાં વહાણા વીતી ગયા તો પણ હજી કાનમાં ગુંજી ઉઠે છે. કારણ કે આ એક નિષેધરૂપ ઉપદેશ છે. શું શું ન કરવું જોઈએ. જીવનનાં આત્મિક વિકાસની આ એકહિત શિક્ષા છે. જો સંપૂર્ણમય અમલમાં મૂકીએ તો કેવલજ્ઞાન સુધી પણ પહોંચી શકાય છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ આ ચારે આમાં મહત્વનો ભાગ ભજવે છે. એને છોડવા માટે આ હિતશિક્ષા છે. સમયે-સમયે ક્ષણ-ક્ષણની અપ્રમત્ત અવસ્થા પ્રાપ્ત થવી ઘણી જ દુષ્કર છે. સમ્યગ્ ચારિત્ર પ્રાપ્ત કર્યા પછી દર્શન જ્ઞાનની આરાધનામાં એક ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કરીશ આવી હિત શિક્ષા પ્રભુવીરની છે. પંચાચારનું ચુસ્ત રીતે પાલન કરનાર ચૌદપૂર્વી ચાર જ્ઞાનમાં ઘણી એવાં ગૌતમ ગણધરને પણ આવો ઉપદેશ વારંવાર આપ્યો છે તો આપણી પાસે શું છે મોટા ખાસ વિચારવું જોઈએ.

(ઉત્તરાધ્યયન સૂત્ર)

## ૩૬૦. ક્રિયા અવશ્ય કરવી

**अविहिकयां वरमकयं उस्सुअवयणं वयतिसव्वणु ।**

**पायच्छित्तं जम्हा अकए गुरुअं कए लहुअं ॥**

- **ભાવાર્થ :** અવિધિએ કરવા છતાં ન કરવું એ શ્રેષ્ઠ છે એવાં વચનને સર્વજ્ઞો ઉત્સૂત્ર વચન કહે છે. કારણ કે નહિ કરનારને મોટું પ્રાયશ્ચિત અને અવિધિથી કરનારને નાનું (લઘુ) પ્રાયશ્ચિત આવે.

## ૩૬૧. અનુકંપા દાન કોને અપાય ?

- દીન, અનાથ, બાંધવરહિત, રોગી, જેલમાં પુરાયેલ, વિદેશથી આવેલા મુસાફરો, વ્યસનોમાં આસક્ત, અંધ, પંગુ, ઠુંઠા, કુબડા, વામણા, બાલ, વૃદ્ધ, ભૂખ્યાં, તરસ્યાં આવાં દુઃખી પ્રાણીઓને કરૂણાના સાગર એવા માણસો જે દાન આપે તેને કેવલીઓ અનુકંપા કહે છે. (હિતોપદેશમાળા)

## ૩૬૨. સ્વાધ્યાય શબ્દની વ્યાખ્યા

(૧) **स्वस्य आत्मनः अध्ययनम्-स्वाध्याय :** પોતાનું એટલે આત્માનું અધ્યયન તે સ્વાધ્યાય

(૨) **अध्ययनमध्यायः सु सुन्दरोध्यायः स्वाध्याय :** સુંદર અધ્યયન એટલે સત શાસ્ત્રનું મર્યાદાપૂર્વક અધ્યયન તે સ્વાધ્યાય.

(૩) **शोधनं आ मर्यादया अधीयते इति स्वाध्याय :** વિધિ અનુસાર મર્યાદા સહિત શ્રુતનું અધ્યયન કે અનુસરણ તે સ્વાધ્યાય

(ઠાણાંગ સૂત્ર)

(૪) **सुष्ठु आ मर्यादया अधीयते इति स्वाध्याय :** સત્ શાસ્ત્રનું મર્યાદા સાથે અધ્યયન કરવું તે સ્વાધ્યાય.

(૫) **स्वाध्याय स्तत्वज्ञाननस्याध्ययन मध्यापनं स्मरणं च :** તત્ત્વજ્ઞાનને ભણવું, ભણાવવું અને સ્મરણ કરવું તે પણ સ્વાધ્યાય છે.

(૬) **ज्ञानभावनालस्यत्यागः स्वाध्याय :** આલસનો ત્યાગ કરીને જ્ઞાનની ભાવના અથવા આરાધના કરવી તે સ્વાધ્યાય.

(૭) **बारसंगं जिणक्खदं सज्झायं कथितं बुधैः :** બાર અંગો જે જિનેશ્વરે ભગવાને કહેલા છે એને પંડિતજનો સ્વાધ્યાય કહે છે.

## ૩૬૩. સ્વાધ્યાય કોને કહેવાય ?

- સ્વ એટલે આત્મા ગણધર ભગવંત રચિત સૂત્રો અને મહાપુરૂષો રચિત ગ્રંથોને જે ગ્રંથ પુસ્તક વાંચન આત્માને ઉપકારક બને તે સ્વાધ્યાય કહેવાય. આજકાલ બીજા ધર્મનાં પુસ્તકો, શાયરીઓ, જોક્સો, છાપા વાંચવા, સામાજિક, રાજનૈતિક, આર્થિક પુસ્તકોનું વાંચન સ્વાધ્યાય નથી. પરંતુ તેવું વાંચન પોતાના જીવનને બહિર્મુખ બનાવે છે. પોતાનામાં રહેલી અશુદ્ધિ, મિથ્યાત્વ, મલિનતાને દૂર કરે તેજ સ્વાધ્યાય છે. માણસ ગમે તેટલી ચિંતામાં હોય પરંતુ સારું વાંચન કરે તો દૂર થઈ જાય. માણસ જેમ જેમ સ્વાધ્યાય કરે. તેમ તેમ તેનું જ્ઞાન અને વાણી સમૃદ્ધ બને છે.

(૧) જેના વડે અત્યંત ચંચલ એવુ મનવશ થાય. (૨) જેનાં વડે પૂર્વ ઉપાર્જિત કરેલા કર્મોરૂપી રજ નાશ પામે. (૩) જેના વડે સંસાર વધારનાર

બધા જ કર્મોનો આશ્રવ રોકાઇ જાય. એવી જિનેશ્વરની વાણી સ્વાધ્યાય કહેવાય. ભગવદ્ગીતામાં સ્વાધ્યાયને તપ કરેલો છે.

**स्वाध्यायाभ्यासनं चैववाङमय तप उच्चते ।**

## ૩૬૪. મલયગિરિજીની ટીકાઓ

| | ટીકા નામ | શ્લોક |
|---|---|---|
| ૧. | ભગવતી સૂત્ર શતક-૨ | ૩,૭૫૦ |
| ૨. | રાજપ્રશ્નીય ટીકા | ૩,૭૦૦ |
| ૩. | જીવાજીવાભિગમ ટીકા | ૧૬,૦૦૦ |
| ૪. | પ્રજ્ઞાપનોપાંગ ટીકા | ૧૬,૦૦૦ |
| ૫. | ચંદ્રપ્રજ્ઞપ્તિ ટીકા | ૯,૫૦૦ |
| ૬. | સૂર્યપ્રજ્ઞપ્તિ ટીકા | ૯,૫૦૦ |
| ૭. | નંદીસૂત્ર ટીકા | ૭,૭૩૨ |
| ૮. | વ્યવહાર સૂત્ર ટીકા | ૩૪,૦૦૦ |
| ૯. | બૃહત્કલ્પપીઠીકા | ૪,૬૦૦ |
| ૧૦. | આવશ્યક વૃત્તિ | ૧૮,૦૦૦ |
| ૧૧. | પિંડનિર્યુક્તિ ટીકા | ૬,૭૦૦ |
| ૧૨. | જ્યોતિષ કરંડક | ૫,૦૦૦ |
| ૧૩. | ધર્મસંગ્રહણી | ૧૦,૦૦૦ |
| ૧૪. | કર્મ પ્રકૃતિ ટીકા | ૮,૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૫. | પંચ સંગ્રહ ટીકા | ૧૮,૫૦૦ |
| ૧૬. | ષડશીતિવૃતિ | ૨,૦૦૦ |
| ૧૭. | સપ્તતિકાવૃતિ | ૩,૭૮૦ |
| ૧૮. | લુકાસંગ્રહણી વૃતિ | ૫,૦૦૦ |
| ૧૯. | બૃહત્ક્ષેત્ર સમાસ | ૯,૫૦૦ |
| ૨૦. | શબ્દાનુશાસન | ૫,૦૦૦ |

(રાયપસેણિ સૂત્ર પ્રસ્તાવના)

## ૩૬૫. જૈન આગમનાં વાંજીત્રનાં નામો

૧. કચ્છપી
૨. કચ્છુપી
૩. કલશિકા
૪. કુસ્તુમ્બુર
૫. ઝાલ્લરી
૬. તુમ્બવીણા
૭. તૃણ
૮. પરહ
૯. પિરલી
૧૦. બદ્ધક
૧૧. બદ્ધિસગ
૧૨. વલ્લકી
૧૩. મડ્ડક
૧૪. મૃદંગ
૧૫. લતિય
૧૬. વીણા
૧૭. વંશ
૧૮. શંખ
૧૯. શ્રુંગ
૨૦. હુડ્ડક

(રાયપસેણી-૭૭)

## ૩૬૬. નમોતિત્થસ્સ એટલે શું ?

**तीर्थंकरा हि सर्वतः सन्मुखा एव, न तु पराङमुखा क्वापि ।**

- તીર્થંકરો ચારે બાજુ સામે જ મુખ કરીને બેસે પરંતુ બીજે મુખ રાખતા નથી. સમવસરણમાં બિરાજમાન થયા પછી દેશના આપતા પહેલા સર્વ પ્રથમ "નમો તિત્થસ્સ" એમ કહી તીર્થને નમસ્કાર કરે છે. તીર્થ એટલે ચતુર્વિધ સંઘ, પરમાત્મા પોતે તીર્થંકર બનવા છતા પણ સંઘ મહાન છે. સંઘ પૂજનીય છે. પૂજનીય વસ્તુની પૂજા કરવી જોઈએ. એવો આદર્શ બતાવવા "નમો તિત્થસ્સ" શબ્દ બોલે ચે. એમનો હ્દયમાં વિનય ગુણ અને સંઘનું માહાત્મ્ય રહેલું છે. ભગવતી સૂત્રમાં "નમો સુયસ્સ" શબ્દ લખેલ છે તેનો અર્થ પણ તીર્થ થાય છે. દ્વાદશાંગી એટલે શ્રુતજ્ઞાન તેનાં પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવા શ્રુતને નમસ્કાર કરે છે.

## ૩૬૭. સ્વાધ્યાયથી કર્મ નિર્જરા

- જેવી રીતે અગ્નિમાં તપાવવાથી સોના-ચાંદીનો મેલ નાશ પામે છે તેવી રીતે સ્વાધ્યાય અને સહધ્યાનમાં લીન થવાથી શુદ્ધ અંતઃકરણવાળા અને તપમાં અનુરક્ત એવા સાધુઓ પૂર્વે કરેલા કર્મોના મેલ નષ્ટ થતા વિશુદ્ધ થાય છે. (દશવેકાલિક સૂત્ર)
- **बहुभवेसंचियं खलु सज्जाणा खणे हवई** – અનેક ભવોનાં સંચિત કર્મોનો સ્વાધ્યાય દ્વારા ક્ષણભરમાં ક્ષય કરી શકાય છે. એમાં પણ વિશેષપણે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે. (ચંદ્રપ્રજ્ઞતિ સૂત્ર)
- **सज्झाएणंभंते ! जीवे किं जणयइ ? – सज्झाएणं नाणावरणिज्जं कम्मं खपेइ** – જ્યારે ભગવાનને પૂછવામાં આવેલ

ત્યારે પ્રભુએ પણ આ જ જવાબ આપેલ સ્વાધ્યાયથી જીવ જ્ઞાનાવરણીય કર્મ ખપાવે છે. (ઉત્તરાધ્યયન સૂત્ર)

- **प्रज्ञातिशय- प्रशक्ताध्यवसायः परमसंवेगस्तपो वृद्धिऽ तिचार विशुद्धिस्त्येव माद्यार्थः** - પ્રજ્ઞામાં અતિશય લાવવા માટે, અધ્યવસાયને પ્રશસ્ત કરવાને માટે, પરમ સંવેગને માટે, તપ વૃદ્ધિ અને અતિચાર શુદ્ધિ માટે સ્વાધ્યાય તપ આવશ્યક છે. **(સર્વાર્થસિદ્ધિ)**

- **सवणे नाणेय विन्नाणे, पत्तवखाणेय संजमे ।**
  **अणण्टए तवचेव, वादाणे अकिरिया सिद्धि ॥**

  ૧. સાધુની સંગતથી ધર્મશ્રવણ
  ૨. ધર્મશ્રવણથી તત્ત્વજ્ઞાન
  ૩. તત્ત્વજ્ઞાનથી વિજ્ઞાન (વિશિષ્ટ બોધ)
  ૪. વિજ્ઞાનથી પ્રત્યાખ્યાન
  ૫. પ્રત્યાખ્યાનથી સંયમ
  ૬. સંયમથી અનાશ્રવ (નવા કર્મોનો અભાવ)
  ૭. અનાશ્રવથી તપ
  ૮. તપથી વ્યવધાન (કર્મોનો નાશ)
  ૯. વ્યવધાનથી અકર્મતા
  ૧૦. અકર્મતાથી મુક્તિ (ભગવતી સૂત્ર)

## ૩૬૮. ધર્મકથાનાં પ્રકારો

- જે કથા સાંભળતા શ્રોતાના મનમાં અતિશય આનંદ થાય અને સાથે સાથે ધર્મનો બોધ થાય તે ધર્મ કથા.

**૧. આક્ષેપણી કથાનાં ચાર પ્રકાર :**

૧. આચાર વિ.ને વર્ણનારી આચાર ક્ષેપણી કથા.

૨. પ્રમાદથી લાગેલા દૂષણો દૂર કરવા માટે પ્રાયશ્ચિત્ત લેવા રૂપ વ્યવહાર ક્ષેપણી.

૩. શ્રોતાના મનમાં સંશયને મધુરવચન વડે દૂર કરનારી પ્રજ્ઞાપ્ત્યાક્ષેપણી.

૪. સાંભલનારને ગમી જાય એવા નયથી દષ્ટિકોણથી તત્ત્વનું નિરૂપણ કરનારી દષ્ટિવાદાક્ષેપણી કથા.

**૨. વિક્ષેપણી કથાનાં ચાર પ્રકાર :**

૧. પોતાનો સિદ્ધાંત સમજાવતા સાથે પર સિદ્ધાંત સમજાવવો.

૨. પર સિદ્ધાંત સમજાવતા સ્વસિદ્ધાંત સ્થાપવો.

૩. સમવાદ સમજાવતા મિથ્યાવાદ સમજાવવો.

૪. મિથ્યાવાદ સમજાવતા સમવાદ સમજાવો.

**૩. સંવેગની કથાનાં ચાર પ્રકારો :**

૧. સંસારની અસારતા સમજાવી ત્યાગ વૈરાગ્યની ઉત્પન્ન કરે તેના ૪ પ્રકાર (૧) આલોક સંબંધી (૨) પરલોક સંબંધી (૩) પરશરીર સંબંધી (૪) સ્વશરીર સંબંધી

**૪. નિર્વેદની કથાનાં ચાર પ્રકારો :**

૧. આલોકમાં કરેલા શુભાશુભ કર્મોનું ફળ આલોકમાં મળે તેવી કથા.

૨. આલોકમાં કરેલા શુભાશુભ કર્મોનું ફળ પરલોકમાં મળે તેવી કથા.

૩. પરલોકમાં કરેલા શુભાશુભ કર્મોનું ફળ આલોકમાં મળે તેવી કથા.

૪. પરલોકમાં કરેલા શુભાશુભ કર્મોનું ફળ પરલોકમાં મળે તેવી કથા.

ધર્મ કથા સાંભલવાથી જીવ સૌભાગ્ય શાળી બને અને કર્મ નિર્જરા થાય. (જિનતત્ત્વ-૧)

## ૩૬૯. માનવજન્મની દુર્લભતા બતાવતા પાઠો

(૧) **माणसत्तं भवेमूलं, लाभो देवगइ भवे ।**
**मूलच्छेएण जीवाणं, णरगतिरिखत्तणं भुवं ॥**

ભાવાર્થ : મનુષ્ય જન્મ પ્રાપ્ત કરવું તે મૂલ ધનની રક્ષા છે. દેવત્વ પ્રાપ્ત કરવું તે લાભ સ્વરૂપ છે. નરક ગતિ, તિર્યંચ્યગતિમાં જન્મ લેવો તે મૂલ ધન ખોઈ નાંખવા બરાબર છે. (ઉત્તરાધ્યયન સૂત્ર)

(૨) **चत्तारि परमंगाणि, दुल्लहा इह जंतुणो ।**
**माणुसत्तं सुई सद्धा, संजमम्मि अवीरीअं ॥**

ભાવાર્થ : પ્રાણીઓ આ ચાર અંગ પ્રાપ્ત થવાં ઘણાં જ દુર્લભ છે. (૧) મનુષ્ય પણું (૨) ધર્મનું શ્રવણ (૩) ધર્મમાં શ્રદ્ધા (૪) સંયમ આચરવા માટે શક્તિ (ઉત્તરાધ્યયન સૂત્ર)

(૩) छ ठार्णाइं सव्वजीवाणं दुलभाई भवंति
माणुस्सएभवे आरिए खित्तेजम्मे, सकुले पच्चायति ।
केवलिपन्नतस्स धमस्स सवणया, सुयस्स वा सद्दणया

**ભાવાર્થ :** સર્વ જીવોને માટે આ 'છ' વસ્તુઓ અતિદુર્લભ છે. (૧) મનુષ્યભવ (૨) આર્ય ક્ષેત્ર (૩) ઉત્તમકુલમાં જન્મ (૪) કેવલીભાષિત ધર્મનું શ્રવણ (૫) શ્રવણ કરેલા ધર્મ ઉપર શ્રદ્ધા (૬) શ્રદ્ધા કરેલા ધર્મ પ્રમાણે આચરણ. (ઠાણાંગ સૂત્ર)

(૪) चउहिं ठाणाहिं जीवा मणुसत्ता एकम्मं पगरेंति तंजहा ।
पराइभडभयाए पगइविणीययाए साणुक्कोसयाए
अमच्छरियाए ॥

**ભાવાર્થ :** આચાર કારણોથી જીવ મનુષ્ય ગતિનું આયુષ્ય બાંધે છે. (૧) સરલ સ્વભાવ (૨) વિનીત પ્રકૃતિ (૩) દયાભાવ (૪) ઈર્ષ્યાનો અભાવ (ઠાણાંગસૂત્ર)

(૫) अनुलोमो विनीतश्च दयादानरुचिर्मृदुः ।
सहर्षो मध्यदर्शीय मनुज्यादागतो नरः ॥

**ભાવાર્થ :** જે બધાની સાથે અનુકુલ થઈને રહેતો હોય, વિનયવાન હોય, દાનને વિષે રૂચિવાળો હોય. સ્વભાવે કોમલ હોય અને મધ્યમ દષ્ટિવાળો હોય તે માણસ મનુષ્યગતિમાંથી આવેલો જાણવો. (ધર્મકલ્પદ્રુમ)

(૬) यः प्राप्य मानुषं जन्मं, दुर्लभं भवकोटिभिः ।
धर्म शर्म करं कुर्यात्, सफलं तस्यजीवितम् ॥

• **ભાવાર્થ :** કરોડો ભવ કરવા છતાં પણ જે પામી ન શકતો એવો દુર્લભ મનુષ્યભવ પામીને જે જીવ કલ્યાણ ધર્મ આચરે છે તેનું જીવન સફળ છે.

(૭) **स्वर्णथाले क्षिपति सरजः पाद शौचं विधत्ते, पीयूषेण प्रवरकारिण, वाहयन्तेन्धभारम् ।**
**चिन्तारत्नं विकरित कराद् वायसोड्डायनाथं, यो दुष्प्राप्यं गमयति मुधा, मर्त्य जन्म प्रमत्तः ॥**

• **ભાવાર્થ :** જે માણસ પ્રમાદને વશ થઈ દુષ્પ્રાપ્ય એવા મનુષ્યજન્મને વ્યર્થ ગુમાવી દે છે તે અજ્ઞાની માણસ સોનાની થાલીમાં માટી ભરે છે. અમૃતથી પગ ધુએ છે, હાથી ઉપર લાકડા ભરે છે અને ચિંતામણી રત્ન વડે કાગડા ઉડાડે છે. (સિંદૂર. પ્રકરણ)

## ૩૭૦. "વિનય શબ્દની વ્યાખ્યા"

(૧) **विशेषेण नयतीति विनयः :** જે વિશેષતાથી દોરી જાય અથવા જે વિશેષતા તરફ લઈ જાય તે વિનય..

(૨) **विनीयने अपनीयते कर्म येन स विनयः :** જેના દ્વારા કર્મનું વિનયન કરવામાં આવે છે. કર્મોનો ક્ષયોપશમ કરવામાં આવે તે વિનય.

(૩) **पूज्येषु आदर विनयः :** પૂજ્યો પ્રત્યે આદરભાવ તે વિનય.

(૪) **गुणाधिकेषु नीचैर्वृत्ति विनय :** અધિક ગુણવાળાઓ પ્રત્યે નીચે નમવાનો ભાવ તે વિનય.

(૫) **रत्नत्रयवत्सु नीचैर्वृत्तिः विनयः** : રત્નત્રય (જ્ઞાન-દર્શન-ચારિત્ર) ધારણ કરવાવાળા પ્રત્યે નમવાનો ભાવ તે વિનય.

(૬) **कषाय-इन्द्रिय विनयनं विनयं** : કષાય અને ઈન્દ્રિયોનું જે વિનયન (મંદ) કરે તે વિનય.

(૭) **विशिष्टो विविधो वा नयो विनय** : વિશિષ્ટ અને વિવિધ પ્રકારનાં જે નય (સિદ્ધાંત) તે વિનય.

(૮) **विनयंनयतिकर्ममल इति विनय** : જે કર્મને વિલય (એટલે નાશ) તરફ લઈ જાય તે વિનય.

(૯) **विनयति क्लेशकारकं अजप्रकारं कर्म इति विनय** : આઠ પ્રકારનાં કલેશકારક કર્મોનું જે વિનયન (નાશ) કરે તે વિનય.

(૧૦) **अनाशतना बहुमान करणे च विनय** : આશાતના છોડીને બહુમાન કરવુ તે વિનય. જ્યાં નમસ્કારનો ભાવ છે ત્યાં વિનય છે.

(૧૧) **कर्मणां द्राग् विनयाद्विनयोविदुषां मतः अपवर्ग फलाढस्य मूलं धर्म तरोरयम्** : વિનય કર્મોનું ત્વરિત વિનય કરે છે. જેના ઉપર મોક્ષરૂપી ફળ ઉગે છે. એવાં ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય છે.

**(દ્વાત્રિંશદ દ્વાત્રિંશિકા)**

(૧૨) **विणयसंपण्णदाए चेवतित्थरचरनामकम्मंबंधतिं** : વિનય સંપન્નતાથી તીર્થંકર નામ કર્મ બંધાય છે.

(૧૩) વિનયનું ફળ ગુરૂશુશ્રૂષા, ગુરૂશુશ્રૂષાનું ફળ શ્રુતજ્ઞાન, શ્રુતજ્ઞાનનું ફળ વિરતિ, વિરતિનું ફળ આશ્રવનિરોધ, આશ્રવનિરોધનું ફળ તપોબળ, તપોબળનું ફળ કર્મ નિર્જરા. કર્મ નિર્જરાથી ક્રિયાનિવૃત્તિ,

ક્રિયાનિવૃત્તિથી અયોગિત્વ, અયોગિત્વ (એટલે યોગનિરોધ) થી ભવપરંપરાનો નાશ (એટલે મોક્ષ) આ રીતે વિનય મોક્ષ સુધી પહોંચાડે છે. (પ્રશમરતિ પ્રકરણ)

## ૩૭૧. ૧૨૯૬ ગુણ આચાર્ય ભગવંતના

**बारसे छन्नु गुणे गुणवंतो, सोहम जंबू महंता ।**
**आयरिय दीठे ते दीठा, स्वरुप समाधि उल्लसंता ॥**

- પૂર્વાચાર્યોએ છત્રીસ છત્રીસી આચાર્ય ભગવંતનાં ગુણોની "ગુરૂગુણષટ્ ત્રિંશત્ષટ્ ત્રિંશિકા" નામનાં ગ્રંથમાં બતાવેલ છે. હરિભદ્રસૂરિએ પણ સંબોધ પ્રકરણગ્રંથ છત્રીસ છત્રીસી એટલે ૩૬ × ૩૬ ને ગુણતાં **૧૨૯૬** ગુણો થાય છે.

| | | |
|---|---|---|
| ૧. દેશના-૪ | ૨. સમ્યક્ત્વ-૫ | ૩. પ્રમાદ-૫ |
| કથા-૪ | ચારિત્ર-૫ | આશ્રવ-૫ |
| ધર્મ-૪ | મહાવ્રત-૫ | નિદ્રા-૫ |
| ભાવના-૪ | વ્યવહાર-૫ | કુભાવના-૫ |
| સ્મરણાદિ-૪ | આચાર-૫ | ઇન્દ્રિય-૫ |
| આર્તધ્યાન-૪ | સમિતિ-૫ | વિષય-૫ |
| રૌદ્રધ્યાન-૪ | સ્વાધ્યાય-૫ | જીવનિકાય-૬ |
| ધર્મધ્યાન-૪ | સંવેગ-૧ | ૩૬ |
| શુક્લધ્યાન-૪ | | |
| ૩૬ | ૩૬ | |

૪. લેશ્યા-૬
આવશ્યક-૬
દ્રવ્ય-૬
દર્શન-૬
ભાષા-૬
વચનદોષ-૬
———
૩૬

૫. ભય-૭
પિંડૈષણા-૭
પાનૈષણા-૭
સુખ-૭
મદ-૮
———
૩૬

૬. જ્ઞાનાચાર-૮
દર્શનાચાર-૮
ચારિત્રાચાર-૮
ગુણ-૮
બુદ્ધિ-૪
———
૩૬

૭. કર્મ-૮
અષ્ટાંગયોગ-૮
યોગદ્રષ્ટિ-૮
મહાસિદ્ધિ-૮
અનુયોગ-૪
———
૩૬

૮. તત્ત્વ-૯
બ્રહ્મચર્ય-૯
નિયાણા-૯
કલ્પ-૯
———
૩૬

૯. અસંવરત્યાગ-૧૦
સંકલેશત્યાગ-૧૦
ઉપઘાત-૧૦
હાસ્યાદિ-૬
———
૩૬

૧૦. સમાધિસ્થાન-૧૦
સમાચારી-૧૦
કષાયત્યાગ-૧૬
———
૩૬

૧૧. પ્રતિસેવના-૧૦
શોધિદોષ-૧૦
વિનયસમાધિ-૪
શ્રુતસમાધિ-૪
તપ સમાધિ-૪
આચાર સમાધિ-૪
———
૩૬

૧૨. વૈયાવચ્ચ-૧૦
વિનય-૧૦
ક્ષમાધર્મ-૧૦
અકલ્પનીય
પરિહાર-૬
———
૩૬

**૧૩.** અંગ-૧૨
ઉપાંગ-૧૨
રૂચિ-૧૦
શિક્ષા-૨
___
૩૬

**૧૪.** શ્રાવકપ્રતિમા-૧૧
વ્રતઉપદેશ-૧૨
ક્રિયાસ્થાન-૧૩
___
૩૬

**૧૫.** ઉપયોગ-૧૨
ઉપકરણ-૧૪
પ્રાયશ્ચિત-૧૦
___
૩૬

**૧૬.** તપ-૧૨
ભિક્ષુપ્રતિમા-૧૨
ભાવના-૧૨
___
૩૬

**૧૭.** ગુણસ્થાનક-૧૪
સૂક્ષ્મોપદેશી-૮
પ્રતિરૂપાદિ
ગુણયુક્તતા-૧૪
___
૩૬

**૧૮.** યોગ-૧૫
ગૌરવ-૩
શલ્ય-૩
સંજ્ઞા-૧૫
___
૩૬

૧૯. ઉદગમદોષ-૧૬, ઉપાદાન-૧૬ અભિગ્રહ-૪ = ૩૬

૨૦. વચનવિધિજ્ઞ-૧૬, સંયમ-૧૭, વિરાધના-૩ = ૩૬

૨૧. નરદીક્ષાદોષ પરિહાર-૧૮, પાપસ્થાનક પરિહાર-૧૮ = ૩૬

૨૨. શીલાંગસહસુધારક-૧૮, બ્રહ્મભેદ-૧૮ = ૩૬

૨૩. કાર્યોત્સર્ગ દોષ પરિહાર-૧૯, મરણપ્રકાર પ્રકટન-૧૭ = ૩૬

૨૪. અસમાધિસ્થાનત્યાગ-૨૦, એષણાદોષ-૧૦, ગ્રાસૈષણા-૫, મિથ્યાત્વ-૧ = ૩૬

૨૫. સબલસ્થાનત્યાગ-૨૧, શિક્ષાશીલ-૧૫ = ૩૬

૨૬. પરિષહસહન-૨૨, આભ્યંતરગ્રંથી-૧૪ = ૩૬

૨૭. વેદિકાદોષત્યાગ-૧૫, આરભટાદિદોષ-૬, પ્રતિલેખના-૧૫

૨૮. અણગારગુણ-૨૭, કોટિવિશુદ્ધિ-૯ = ૩૬

૨૯. લબ્ધિ-૨૮, પ્રભાવક-૮ = ૩૬

૩૦. પાપશ્રુતવર્જન-૨૯, શોધિગ્રહણ-૭ = ૩૬

૩૧. મહામોહ બંધસ્થાન સર્જન-૩૦, અંતરંગારિવર્જન-૬ = ૩૬

૩૨. સિદ્ધગુણ-૩૧, જ્ઞાનઅકીર્તન-૫ = ૩૬

૩૩. જીવરક્ષક-૩૨, ઉપસર્ગ વિર્જતા-૪ = ૩૬

૩૪. વંદનદોષ પરિહાર-૩૨, વિકથા-૪ = ૩૬

૩૫. આશાતનાવર્જી-૩૩, વીર્યાચાર-૩ = ૩૬

૩૬. ગણિસંપદા-૩૨, વિનય-૪ = ૩૬

(ગુરૂગુણષટ્ત્રિંશિત ત્રિંશિતા)

## ૩૭૨. તીર્થ કોને કહેવાય ?

**तीर्यते संसार समुद्रो तेनेति तीर्यम् ।**

**तत्त्व प्रवचनाधारः चतुर्विध संघः प्रथमगणधरो वा ॥**

- જેનાથી સંસારરૂપી સમુદ્ર તરાય તે તીર્થ કહેવાય (૧) સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા આ ચારેને **તીર્થ** કહેવાય છે. (૨) પ્રથમગણધરને પણ તીર્થ કહેવાય છે. (૩) દ્વાદશાંગીને પણ તીર્થ કહેવાય છે.
- ચતુર્વિધ સંઘમાં પ્રધાનતા પુરૂષ યાનિ શ્રમણ ભગવંતની છે.
- તીર્થની સ્થાપના કરનાર તીર્થંકરો અચિંત્ય પ્રભાવવાળા, પ્રકૃષ્ટ પુણ્ય, સંચિત તીર્થંકર નામ કર્મનાં ઉદયથી તીર્થની સ્થાપના કરે છે. (લલિત વિસ્તરા)

## ૩૭૩. સાધુને પ્રવચનનાં ગુણો

- સાધુનાં શ્રમણ સૂત્રોમાં આ ગુણો બતાવેલ છે. "ઈણમેવ નિગ્ગંથં પાવયણં" = આ પ્રમાણે નિર્ગ્રંથનું પ્રવચન હોય છે.
- પ્રભુનું વચન એટલે પ્રવચન શબ્દ પ્રસિદ્ધ થયો એટલે પ્રવચનમાં પ્રભુનાં વચનો કહેવા યોગ્ય છે.

(૧) **સચ્ચં :** પરમાત્માનું પ્રવચન છ કાયનાં જીવોને હિતકારી સાથે-૨ જગતનાં જીવોને પણ કલ્યાણનો માર્ગ બતાવેલ છે. માટે સત્ય છે.

(૨) **અણુત્તરં :** અનુત્તર એટલે અતિશ્રેષ્ઠ, યથાવસ્થિત જીવાદિ સર્વ પદાર્થોનું પ્રતિવાદક છે તેથી આ પ્રવચન સર્વ શ્રેષ્ઠ છે.

(૩) **કેવલિઅં :** કેવલિઅં એટલે અદ્વિતીય આની તુલનામાં આવી શકે તેવું કોઈનું પ્રવચન કે દર્શન નથી.

(૪) **પડિપુણ્ણં :** આ પ્રવચન મોક્ષ સુધી પહોંચાડી શકે તેવાં ગુણોથી ભરપૂર છે. જગતનાં સર્વ વિષયો આમાં ભરેલા છે માટે પ્રતિપૂર્ણ પ્રવચન છે.

(૫) **નેઆઉયં :** ન્યાયનિષ્ઠ છે. પ્રભુનાં વચનમાં સહેજ પણ અન્યાય નથી જગતનો સંપૂર્ણ ન્યાય ભરેલો છે.

(૬) **સંસુદ્ધં :** પ્રભુનાં વચનો સંપૂર્ણપણે શુદ્ધ છે ક્યાંય અશુદ્ધિ કલંકનું નામનિશાન નથી. કષ-છેદ-તાપ ત્રણે પરીક્ષામાં ત્રિકોટિ શુદ્ધ છે. ૧૦૦ ટકાનાં સોના જેવું આ પ્રવચન છે.

(૭) **સલ્લગત્તણં :** ત્રણે શલ્યો, માયા, નિયાણ, મિથ્યાત્વથી રહિત છે.

કારણ કે આ ત્રણે મોક્ષ માર્ગનાં અવરોધક છે પ્રભુવચનો મોક્ષ માર્ગ છે.

(૮) **સિદ્ધિમગ્ગં :** જેનાથી હિતની પ્રાપ્તિ થાય અંતે સિદ્ધિની પ્રાપ્તિ થાય.

(૯) **મુત્તિમગ્ગં :** અહિતકાર્યોથી છોડાવે આ બંને મોક્ષના માર્ગો છે.

(૧૦) **નિજ્જાણમગ્ગં :** સહુથી શ્રેષ્ઠ સ્થાન તે મોક્ષ સ્થાન તેનું આ પ્રવચન છે.

(૧૧) **નિવ્વાણમગ્ગં :** નિર્વાણ એટલે નિવૃત્તિ આઠે કર્મોની નિવૃત્તિ વાળું આ પ્રવચન છે. જેનાથી નિર્વાણ માર્ગ પ્રાપ્ત થાય.

(૧૨) **અવિતહં :** જે વસ્તુ જે સ્વરૂપે છે તે સ્વરૂપે જ બતાવાય છે.

(૧૩) **અવિસંધિં :** પ્રભુનાં શાસનમાં પ્રવચનનો ક્યાંય વિચ્છેદ નથી. જેમ મહાવિદેહક્ષેત્રમાં સતત પ્રવચન ચાલુ છે.

(૧૪) **સવ્વદુખપ્પહીણમગ્ગં :** બધા દુઃખોનાં નાશ કરવાવાળુ આ પ્રવચન છે. આજ પ્રવચનથી સર્વ દુઃખોનો અંત થાય.

(શ્રમણસૂત્ર)

## ૩૭૪. સમવસરણમાં પર્ષદાનો પ્રવેશ

૧. પ્રથમ ગણધર ભગવંતો અને મુનિવરો પૂર્વ દિશામાંથી પ્રવેશ કરી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપી 'નમોતિત્થસ્સ' કહી અગ્નિ ખુણામાં બેસે.

૨. હવે નિરતિશયવાળા મુનિઓ પૂર્વદિશામાંથી પ્રવેશ કરી પ્રદક્ષિણા

આપી 'નમોતિત્થસ્સઅઈસેસિઆણં' બોલીને અતિશયવાળા મુનિઓની પાછળ બેસે છે.

૩. વૈમાનિક દેવીઓ પૂર્વદ્વારમાંથી આવી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આવી નમોતિત્થસ્સ, નમોઅઈસેસિઆણં, નમો સાહૂણં બોલી નિરતિશય મુનિઓની પાછળ ઉભી રહે છે.

૪. સાધ્વીજીઓ પણ પૂર્વદ્વારથી આવી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપી 'નમોતિત્થસ્સ, નમોઅઈસેસિઆણં, નમો સાહૂણં' કહી વૈમાનિક દેવીઓની પાછળ ઉભી રહે છે.

- દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાંથી આજ રીતે દેવો, મનુષ્યો, દેવીઓ, સ્ત્રીઓ ક્રમશઃ બેસે અને ઉભા રહે.
- બેસવાવાળા ઉભડગ પગે બેસે ઉભા રહેવાવાળા જિન મુદ્રા યોગ મુદ્રામાં હાથ જોડી ઉભા રહે
- બીજા કિલ્લામાં તિર્યંચો ત્રીજા કિલ્લામાં વાહનો પ્રવેશ કરે છે.

(સમવસરણસ્તવ)

## ૩૭૫. દેશના પછી બલિ ઉછાળવાની વિધી

- દેશના પછીની જાહોજહાલી - પ્રભુ પ્રથમ પ્રહર સુધી દેશના આપે પછી નગરનાં રાજાઓ વિગેરે દુર્બલ સ્ત્રીએ ખાંડેલા સામર્થ્યપૂર્વક છાંડેલા, અખંડ કલમ જાતિનાં ઊંચા આઢક પ્રમાણ ચોખાથી બનાવેલી સુગંધયુક્ત બલિને લઈને વાજતે ગાજતે પ્રવેશ પૂર્વદ્વારથી કરે છે. પ્રભુ સમ્મુખ વિનયપૂર્વક ઉછાળે છે. બલિભૂમિ પર પડતાં દેવતાઓ પ્રથમ જ લઈ લે છે.

અડધોભાગ દેવો, અડધો ભાગ ગામનો રાજા લઈ જાય છે. બલિનો એક દાણો જેના માથા ઉપર પડે તેના રોગો નાશ પામી જાય છે. છ માસ સુધી તેને નવા રોગ થતા નથી પછી પ્રભુ દેવછંદમાં જાય અને બીજા પહોરે ગણધર ભગવંત દેશના આપે. (સમવસરણ સ્તવ)

## ૩૭૯. તિત્થયર સમોસૂરિ

- **कह्याविजिनवरिंदा, पत्ताअयरामरं पहं दाउं ।
आयरिएहिं पवंयणं, धारिज्जह संपयं सयलं ॥१२॥**

**ભાવાર્થ :** તીર્થંકરો દર્શન-જ્ઞાન-ચારિત્રનો માર્ગ બતાવીને મોક્ષ પ્રાપ્ત કરે છે. તેમની ગેરહાજરીમાં આચાર્ય ભગવંતો પ્રવચનની ધુરાને તેમજ સકલ સંપદાને ધારણ કરે છે. (ઉપદેશમાળા)

- **तित्थयर समो सूरि सम्मं जो जिणमयं पयासेइ**

**ભાવાર્થ :** જેઓ જિનમાર્ગ (એટલે જિનમત)ને સમ્યક્ પ્રકારે પ્રકાશિત કરે છે તે આચાર્ય ભગવંત તીર્થંકર સમાન છે. (ગચ્છાચાર પયન્ના)

- **उत्थमिए जिनसूरे केवलि चंदेवि जे पईवुव्व ।
पयडंति इह पयत्थे ते आयरिए नमंसामिं ॥**

**ભાવાર્થ :** જિનેશ્વર પરમાત્મારૂપી સૂર્ય અને કેવલજ્ઞાની રૂપી ચંદ્ર જ્યારે આથમી જાય છે તે વખતે દીપકની જેમ પ્રકાશમાન થવા વાળા આચાર્ય ભગવંતને હું નમસ્કાર કરું છું. (ઉપા. યશોવિજય)

- **जह दीवा दीवसयं पहुप्पई सो अ दिप्पइ जीवो ।
दीवसमा आयरिया दिप्यंति परंच दीवंति ॥**

**ભાવાર્થ :** જેમ એક દીવો સેંકડો દીવાને પ્રગટ કરે છે અને સ્વયં પણ પ્રદીપ્ત રહે છે તેમ દીપક સરખા આચાર્ય ભગવંતો પંચાચારના પાલન દ્વારા પોતે ઝલહલે અને બીજાને પણ પંચાચારનાં જ્ઞાન દ્વારા પ્રકાશિત કરે છે. (ઉપા. યશોવિજય)

- **आ मर्यादया चरन्तीति आचार्याः**
  જેઓ મર્યાદાપૂર્વક વિચરણ કરે તે આચાર્ય.
- **आचारेण वा चरन्तीति आचार्याः**
  જેઓ આચારનાં નિયમાનુસાર વિચરે તે આચાર્ય.
- **पंचस्वाचरेषु ये वर्तन्ते परांश्च वर्तयन्ति ते आचार्याः**
  પંચાચારનું પાલન પોતે કરે અને બીજાને કરાવે તે આચાર્ય.
- **आचार्य ते सेव्यते कल्याण कामैरित्याचाये:**
  કલ્યાણની કામના કરવા દ્વારા જેમની સેવા થાય તે આચાર્ય.
- **रागदोस विमुक्को सीयधर समो च आयरिओ ।**
  રાગ-દ્વેષથી મુકાયેલ આચાર્ય ભગવંતો શીતઘર સમાન છે.

(નિશીથ ભાષ્ય)

## ૩૭૭. આચાર્યની આઠ સંપદા

(૧) **આચાર સંપદા :** પ્રભુનાં શાસનમાં આચારનું ઘણું મહત્વ છે. આચાર્ય પોતે પંચાચારમાં દૃઢ અને અપ્રમત્ત હોય છે અને સમસ્ત સમુદાયને આચાર સંપન્ન બનાવનાર આચાર્ય ભગવંત છે.

(૨) **શ્રુત સંપદા :** આચાર્યની પાસે શ્રુતની સંપદા વિશાળ હોય છે જેથી

કોઈપણ પ્રશ્ન પૂછે તો શાસ્ત્રાધારે આવી શકાય. શ્રુતસંપદાના ચાર પ્રકાર બતાવેલ છે. (૧) બહુશ્રુતપણું : આગમાદિ લોકોત્તર શાસ્ત્રમાં પ્રવિણ હોવા જોઈએ અને શિલ્પાદિ લૌકિક શાસ્ત્રનાં જ્ઞાનવાળા હોવા જોઈએ (૨) પરિશ્રુતપણું : પોતે જેઓ શાસ્ત્ર ભણ્યા વાંચ્યા તેનો સ્વાધ્યાય જોઈએ. જેથી ભૂલી ન જવાય અવસરે શાસ્ત્ર પાઠો યાદ આવવા જોઈએ. (૩) વિચિત્ર શ્રુતપણું - આગમ શાસ્ત્રોની સાથે સાથે બીજા અનેક ગ્રંથોનું જ્ઞાન, સ્વસમય અને પરસમય બંને જ્ઞાન હોવા જોઈએ. (૪) ઘોષવિગુહિપણું : આચાર્ય ભગવંત અવાજ સ્પષ્ટ (પહાડી) હોવો જોઈએ જેમ સિંહગાજે તેમ આચાર્ય ભગવંત ગાજવા જોઈએ.

(૩) **શરીરસંપદા :** શરીર સંપદાથી યુક્ત હોવા જોઈએ. શરીરનાં બધા અંગોપાંગો સમર્થ ઉંચા અને સ્થૂલ શરીરવાળા જોઈએ. ચાલે ત્યારે પ્રભાવશાળી વ્યક્તિ આવે છે એમ લાગવું જોઈએ.

(૪) **વચન સંપદા :** એમની વાણીમાં એવા ગુણો હોવા જોઈએ. જ્યારે પ્રવચન આપે ત્યારે જાણે તીર્થંકર દેશના આપતા હોય એવા હાવભાવ હોવા જોઈએ. એમનું વચન આદેય હોવું જોઈએ. વાણીમાં મધુરતા હોવી જોઈએ. સત્ય અને પ્રિય વચનો હોય, રાગ-દ્વેષ વિનાની વાણી જોઈએ. સાંભળતા કોઈને ગુસ્સો પણ ન આવે અને અતિરાગ પણ ન થાય અને શંકા વગરની વાણી જોઈએ.

(૫) **વાચના સંપદા :** શિષ્ય સમુદાયને વાચના આપવાવાળા. શિષ્યની યોગ્યતા અનુસાર સૂત્ર અર્થની વાચના આપે. વાચના આપ્યા પછી વારંવાર શિષ્યની પરીક્ષા લેવાવાળા હોય, પોતે પ્રમાદને છોડીને બધા શિષ્યો જિનશાસનમાં શ્રુતનાં અનુરાગી કેવી રીતે બને તેવી ભાવના સાથે શાસ્ત્રનાં સૂક્ષ્મ અર્થો સમજાવે અને વાચના પૃચ્છના પરાવર્તનાનો ક્રમ સમજાવે. વાચના આપ્યા પછી બીજા દિવસે પ્રશ્નોત્તરી રાખવાથી શિષ્યની જિજ્ઞાસા વધતી જશે.

(૬) **મતિસંપદા :** આચાર્ય ભગવંત બુદ્ધિશાળી હોવા જોઈએ. કોઈ અડધુ વાક્ય બોલે તો પાછળથી સાર સમજવા વાળા જોઈએ. જેવો પ્રસંગ હોય તે પ્રસંગને અનુસાર [illegible] કરવાવાળી જોઈએ. એમનું ચિંતન એવું સૂક્ષ્મ હોય કે કોણ વ્યક્તિ શાના માટે આવેલ એને શું જવાબ આપવો વિગેર જાણકાર જોઈએ.

(૭) **પ્રયોગ સંપદા :** પ્રયોગ એટલે પ્રવર્તવું આચાર્ય મહારાજ અવસરજ્ઞ હોવા જોઈએ. કોઈની સાથે કેવી રીતે ચર્ચા કરવી. વાદ કરનાર વ્યક્તિની યોગ્યતા જોઈ તેમની સાથે કેવી રીતે પ્રવર્તવું.

(૮) **સંગ્રહ પરિજ્ઞા સંપદા :** પોતાનો સમુદાય પોતાની આજ્ઞામાં રહે અને તેને સંયમ જીવન ઉપયોગી ઉપકરણો આપવા માટે ઔચિત્યપૂર્વક પોતે સંગ્રહ કરે. જેમ જેમ જરૂર હોય તે પ્રમાણે દરેકને વિતરણ કરે વસ્તુ કોઈને અલગ પરિગ્રહી ન બને તે રીતનો ઉપદેશ આપી ઉપકરણો પ્રત્યે મૂર્ચ્છાભાવને ઘટાડવાનો પ્રયત્ન કરે.

(દશાશ્રુત સંધ)

## ૩૭૮. આચાર્ય ભગવતંનાં ચાર વિનયો

(૧) **આચાર વિનય :** પોતે પંચાચારનું પાલન શુદ્ધ રીતે કરે અને બીજાને પંચાચારનું પાલન કરાવે, પાલતા હોય તેની અનુમોદના કરે અને જે દિવસે શિષ્યોને મોટો તપ હોય તેની અનુમોદના સાથે પોતે પારણું કરાવે તેથી તેઓનો ઉત્સાહ ટકી રહે તે આચાર વિનય.

(૨) **શ્રુતવિનય :** સૂત્રો તથા અર્થોને સમજાવે સાધુનાં આચારવાળા ગ્રંથો ભણાવે. નયનિક્ષેપથી એમને સમજાવે ક્યા સાધુને કયા ગ્રંથો વાંચવા તેમની પ્રેરણા કરે અને સાથે ગ્રંથ વાંચ્યા પછી પરીક્ષા કરે.

(૩) **વિશેષણ વિનય :** ઉપદેશ દ્વાર મિથ્યાદષ્ટિને સમ્યગ દૃષ્ટિ બનાવે અસ્થિરને સ્થિર કરે. તેઓનાં અતિચાર (દોષો)ને દૂર કરે.

(૪) **દોષનિર્ધાનતા વિનય :** વિનય એટલે દોષોને દૂર કરવા. આચાર્ય ભગવંત પોતાનો પ્રભાવ વધારવા માટે ચાર કષાયોને દૂર કરે. દોષ હોય તો પ્રભાવ ઢંકાયી જાય માટે કષાય-રાગ-દ્વેષ આદિ દોષો તથા પોતાનાં સૂક્ષ્મ દોષો તે દૂર કરવાનો પ્રયત્ન કરે.

**(દશાશ્રુતસ્કંધ)**

## ૩૭૯. આચાર્ય ભગવંતને નમસ્કારનું ફળ

**आयरिय नमक्कारो, जीवं मोएइ भव सहस्साओ ।**
**भावेण कीरमाणो दोइ, पुणो बोहिलाभाए ॥**

**ભાવાર્થ :** જે વ્યક્તિ આચાર્ય ભગવંતને ભાવથી નમસ્કાર કરે છે તે નમસ્કાર હજારો ભવથી છોડાવે છે અને બોહિ લાભ. (સમક્તિ)ને અપાવે છે. **(નમસ્કાર નિર્યુક્તિ)**

- आयरिय नमस्कारो सव्वपावपणासणो ।
  मंगलाणं च सव्वेसिं, तइअ हवई मंगलं ॥
  આચાર્ય ભગવંતને કરેલો નમસ્કાર બધા પાપોનો નાશ કરવાવાળા છે. બધા મંગલોમાં આ ત્રીજું મંગલ છે.

- न तं सुहं देह विया न माया, जंदिंति जीवाण सूरीस पाया ।
  तम्हा हु ते चेव सया भजेह, जं मुक्ख सुक्खाइ लहु लहेह ॥
  **ભાવર્થ :** આચાર્ય ભગવંતનાં ચરણમાં જે સુખ મળે છે તે સુખ તો માતાપિતા પણ આપી શકતા નથી. એટલે આચાર્યનાં ચરણની સેવા જલ્દીથી મોક્ષ સુખ પ્રાપ્ત કરાવે છે. (આચાર્યપદપૂજા)

- आयरिय नमुक्कारो, धन्नाण भवक्खय कुणंताणं ।
  कि अयं अणुम्मुयंतो विसुन्ति यावारओ होई ॥
  **ભાવાર્થ :** ભવનો ક્ષય કરવાને ઈચ્છતા ધન્ય માણસો પોતાનાં હૃદયમાં નમસ્કાર કરવાનું છોડતા નથી તેમનાં દુર્ધ્યાનનું નિવારણ તે અવશ્ય કરે જ.

## ૩૮૦. બાહ્ય અને અભ્યન્તર પરિગ્રહો

| બાહ્ય પરિગ્રહ નવ પ્રકારે | અભ્યંત ર પરિગ્રહ ૧૪ પ્રકારે |
|---|---|
| ૧. ધન : રોકડનાણું | ૧. ક્રોધ |
| ૨. ધાન્ય : અનાજ વિ. | ૨. માન |
| ૩. ક્ષેત્ર : જમીન-ખેતર | ૩. માયા |
| ૪. વાસ્તુ : ઘર, દુકાન | ૪. લોભ |
| ૫. રજત : ચાંદી | ૫. હાસ્ય |

| | | |
|---|---|---|
| ૬. | કુપ્ય : વાસણ, ફર્નિચર | ૬. રતિ |
| ૭. | સુવર્ણ : સોનું | ૭. અરતિ |
| ૮. | દ્વિપદ : બે પગવાળા | ૮. ભય |
| ૯. | ચતુષ્પાદ : ચાર પગવાળા | ૯. શોક |
| | | ૧૦. જુગુસા |
| | | ૧૧. સ્ત્રીવેદ |
| | | ૧૨. પુરૂષવેદ |
| | | ૧૩. નપુંસક વેદ |
| | | ૧૪. મિથ્યાત્વ |

## ૩૮૧. પરિગ્રહ કોને કહેવાય ?

- **न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताईणा ।**
  **मुच्छा परिग्गहो वुत्तो, इई वुत्तं महेसिणा ॥**
  **ભાવાર્થ :** ગણધર ભગવંતો એ ભગવાન મહાવીર પાસેથી જાણ્યુ છે. નિર્મમ ભાવે પદાર્થો રાખવા તે પરિગ્રહ નથી પરંતુ તેની ઉપરનો મૂર્ચ્છાભાવ પરિગ્રહ છે. (દશવૈકાલિક અ.૬.સૂ.૨૧)
- **परिगृहयत इति परिग्रह** : પરિગ્રહણ એટલે સ્વીકાર જેનું સ્વીકાર તે પરિગ્રહ.
- **मूर्च्छा परिग्रह** : મૂર્ચ્છાભાવ તે પરિગ્રહ છે.
- **लोभकषायोदयाद्विषयेषु संग परिग्रह** : લોભ કષાયનાં ઉદયથી વિષયોનો સંગ કરવો તે પણ પરિગ્રહ છે.

- **ममेदं बुद्धिंलक्षण परिग्रह** : આ વસ્તુ મારી છે એવી બુદ્ધિ થવી તે પરિગ્રહ.
- **इच्छा परिग्रह** : કોઈ વસ્તુ લેવાની ઈચ્છાતે પણ પરિગ્રહ.
- **प्राज्ञस्यापि परिग्रहो गृह इव क्लेशाय नाशाय च** : ડાહ્યા માણસ માટે પરિગ્રહ ગ્રહની જેમ કલેશ અને નાશનું મોટું નિમિત્ત બને છે.
- **अतिलोभाभिभूतस्य चक्रंभमति मस्तके** : અતિલોભી માણસનું મગજ ચક્રની જેમ ભમે છે. કારણ લોભ ભયંકર દુર્ગુણ છે.
- **परिग्रह निविट्ठाणं वेरं तेसिं पवट्ढई** : જે માણસ પરિગ્રહ વધારે છે તે તે બીજાઓની તરફ પોતાનું વૈર વધારે છે.
- **संसार मूलमारम्भास्तेषां हेतु परिग्रहः ।**
  **तस्मादुपासकः कुर्यात् अल्पमल्प परिग्रहम् ॥**
  **ભાવાર્થ :** સંસારનું મૂળ આરંભ છે. આરંભનું મૂળ પરિગ્રહ છે. માટે ઉપાસકે ઓછામાં ઓછો પરિગ્રહ રાખવો જોઈએ.
- **अपरिग्गहो अणिच्छो भणिव्वो** : અનિચ્છા જ અપરિગ્રહ કહેવાય છે.
- **दोससयमूलजालं, पुव्वरिसि विवज्जियं जई वंतं ।**
  **अत्थं वहसि अणत्थं, कीस अणत्थं तवचरसि ॥**
  **ભાવાર્થ :** સૈકેડો દોષોનું મૂળ મૂર્છા જાલને પૂર્વ ઋષિઓએ છોડીને વમેલું છે. અર્થ એ અનર્થનું મૂળ છે. અનર્થકારીને રાખે છે તેનું તપ સંયમ ફોગટ છે. (ઉપદેશમાળા-તત્વાર્થ-સર્વાર્થ સિદ્ધિ)

## ૩૮૨. સંવરતત્વનાં ૫૭ ભેદ

- આત્મામાં આવતા કર્મો જેનાથી અટકે તે સંવર છે. ગુપ્તિ-૩ સમિતિ-૫, યતિધર્મ-૧૦, ભાવના-૧૨, પરિષહજય-૨૨, ચારિત્ર-૫ = ૫૭

(તત્વાર્થ સૂત્ર)

## ૩૮૩. કુંતી-દ્રૌપદીનું કાઉસગ્ગ ધ્યાન

- જંગલી પ્રાણીઓથી ભરપૂર જંગલમાં વાસ કરતાં પાંચ પાંડવ કોઈએક વખત દૂર ચાલ્યા ગયા, કુંતી અને દ્રૌપદી પાછળ રહી ગયા. એ વખતે આર્તધ્યાન કરવાને બદલે ધર્મધ્યાનનાં એકતાન બની કાઉસગ્ગ મુદ્રામાં ઉભા રહી એવા નિશ્ચલ બન્યા જાણે પુતલીઓ ઉભીના હોય આઠ પહોર સુધી એમનો કાઉગસગ્ગ એક ધ્યાન ધારાથી ચાલ્યો. તેનાં પ્રભાવે આકાશમાં ચાલતું ઈન્દ્રનું વિમાન અટકી ગયું. તે વખતે પ્રહિત નામના સેવકે તપાસ કરી ત્યારે ખબર પડી કે બંને મહારાણીઓ કાઉસગ્ગમાં છે. પણ પાંડવ દેખાતા નથી. તપાસ કરી તો સરોવરમાં નાગપાશથી શંખચૂડે બાંધેલા છે. તેઓને છોડાવીને લાવ્યા પછી કાઉસગ્ગ પાર્યો. (શત્રુંજય માહાત્મ્ય)

## ૩૮૪. ગાંભૂતીર્થની વિશેષતા

- ગાંભૂતીર્થ હાલ મહેસાણા પાસે છે. ત્યાં મૂલનાયક ગંભીરા પાર્શ્વનાથની મૂર્તિ અને અતિપ્રાચીન છે. પાટણની પહેલાં ગાંભૂતીર્થ વસેલ છે. ભીનમાલનાં નિન્ન પોરવાલે પ્રથમ ભીનમાલ છોડીને ગુજરાતમાં ગાંભૂ જઈને વસેલા. પછી પાટણ ગયેલા વિ.સં. ૯૧૯ માં શીલાંકાચાર્યે

આચારાંગ સૂત્રની ટીકા ત્યાં રચેલ અને પ્રાચીન **બૌદ્ધ ગ્રંથ** સુશ્રુતની રચના પણ ત્યાં થયેલ.

**शीलाचार्येण कृता गंभूतायां स्थितेन-टीकैष**

## ૩૮૫. નાગાર્જુન યોગી

**अत्थि सोरठदेशे घाउव्व सिद्धा ढकणगोपरि नागार्जुनो नाम वंदओ ।**

**ભાવાર્થ :** સોરઠ દેશમાં સંગ્રામ નામનો ક્ષત્રિય, સુવ્રતા પત્ની-સહસ્રફણા શેષનાગ સ્વપ્નથી સૂચિત પુત્રને જન્મ આપેલ. નાગાર્જુન નામ રાખેલ. ઢંકગિરિ ઉપર સુવર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરેલ અનેક ઔષધિને જાણાવાની બુદ્ધિવાળો બન્યો. (નાગાર્જુન પ્રબંધ)

## ૩૮૬. ગુરૂ-શિષ્યની ઉપમાઓ (છત્રીસી)

૧. ગુરૂ કરે જેનું જતન તે કદી ન પામે પતન.

૨. જે પામે ગુરૂની ગોદ, તે ક્યારેય ન જાય નિગોદ.

૩. સૂર્ય વિના દિવસ નથી, ગુરૂ વિના સાધુત્ત્વ નથી.

૪. જેને દેખ્યું ગુરૂનું મુખકમલ, તેનું ધોવાયું કર્મમળ.

૫. જેને કરી ગુરૂની હાંસી, તેનું સમકિત ગયું નાશી.

૬. ગુરૂની ઇચ્છાનુંસાર વર્તે, તે શિષ્યનું સૌભાગ્ય.
શિષ્યની ઇચ્છાનુસાર જે વર્તે, તે શિષ્યનું દૌર્ભાગ્ય.

૭. જેને ભાવથી કર્યા ગુરૂવંદન, તેનું જીવન બન્યુ ચંદન.

૮. જે ગુરૂ સાથે કરે વિહાર, તે ક્યારેય ન પામે હાર.

૯. જે સદા ગુરૂનો કરે સમાગમ, તેને બધી પડે ગતાગમ.
૧૦. ગુરૂનું બહુમાન મોક્ષનું કારણ, અબહુમાન નરકનું કારણ.
૧૧. જે ગુરૂનો સદા કરે સ્વીકાર, તેને ગુરૂ આપે અધિકાર.
૧૨. જે ગુરૂનો કરશે અનાદર, તે કદી ન પામે આદર.
૧૩. પિતા સેવાથી પુત્ર બન્યો વારસ, ગુરૂ સેવાથી શિષ્ય બન્યો પારસ.
૧૪. જે ગુરૂની પાસે ન લે શિક્ષા, તે ઘર ઘર માંગે ભિક્ષા.
૧૫. જે ગ્રહણ કરે ગુરૂની દષ્ટિ, તેને જીવનમાં સદાઅમીવૃષ્ટિ.
૧૬. જે થયા ગુરૂ સમર્પણ, તે બન્યા મહાપ્રભાવક.
૧૭. ગુરૂનું સરનામું શિષ્યનું મસ્તક,
શિષ્યનું સરનામું, ગુરૂનું ચરણ.
૧૮. ગુરૂ મારે શબ્દની લાઠી, શિષ્યની અપરાધી નીમતિ નાઠી.
૧૯. જે શિષ્યની ગુરૂની જુએ ભૂલ, તેનાં જીવનમાં પડી ધૂળ.
૨૦. જે ગુરૂ બનાવાય પછી ભૂલે, તે ભવોભવ રૂલે.
૨૧. ગુરૂ શિષ્યને પાળેપંપાળે, શિષ્ય ગુરૂને સાંભલે સંભાળે.
૨૨. ગુરૂ આજ્ઞાનું જે કરે પાલન, તે પામે કેવલજ્ઞાન.
૨૩. ગુરૂ પદને જે સેવતા, તે સ્વભાવે પામે સ્થિરતા.
૨૪. ગુરૂને આપ્યું સુપાત્ર દાન, તે પામ્યા શાલીભદ્રનાં માન.
૨૫. જેને ગુરૂની કરી ભક્તિ, તે પામશે અજોડ શક્તિ.
૨૬. જેને પ્રાપ્ત કર્યા સાચા ગુરૂ, તેનું ભવભ્રમણ થયું પૂરું.
૨૭. જેને ગુરૂનાં ચરણે ધર્યું શીષ, તે ગુરૂની પામ્યા આશિષ.
૨૮. જેને ગુરૂની પાસે લીધી દીક્ષા, તે પામ્યા આત્માની સમીક્ષા.

૨૯. લાકડાની નાવ તરે તરાવે, ગુરૂ સંસારથી તરે શિષ્યને તરાવે.

૩૦. ગુરૂ જ્ઞાનને જે પામ્યો અબુધ, તે શિષ્ય થયો પ્રબુદ્ધ.

૩૧. સદ્‌ગુરૂ ચરણ ઉપાસના, ભાંગે કરમની વાસના.

૩૨. જેને પકડ્યા ગુરૂનાં ચરણ, તેનાં જીવનમાં શુદ્ધ આચરણ.

૩૩. ગુરૂકુલ વાસે વસતો શીષ, પૂજનીક હોશે વીશવાવીસ.

૩૪. શિષ્ય ઈચ્છાનું થયું ચૂરણ, તેનું ભવભ્રમણ થયું પૂરણ.

૩૫. ગુરૂની પ્રસન્નતા એજ શિષ્યની વિકાસતા.

૩૬. જ્યાં દેવ ત્યાં ગુરૂ, **જ્યાં ગુરૂ ત્યાં દેવ** એટલે કહેવાય. - ગુરૂદેવ.

(સં.ગ્રા.ઉપા. રત્નત્રય વિ.)

## ૩૮૭. હનુમાનનાં પૂર્વનાં સાત ભવો

(૧) **પ્રથમભવ :** મંદિરપુરનગર પ્રિયનંદી શેઠ જયા શેઠાણી પુત્ર **દમયન્ત.** મુનિવરો પાસે ધર્મ સાંભળી પ્રાસુક આહાર પાણી વહોરાવી કાલધર્મ પામ્યો.

(૨) **બીજો ભવ :** દેવલોકમાં દેવ બનીને ઉત્તમસુખ ભોગવ્યા.

(૩) **ત્રીજો ભવ :** હરિવાહન રાજા, પ્રિયગુણલક્ષ્મીરાણી, **સિંહચંદ પુત્ર** જિનધર્મવાસિત ધર્મ આચરણ કરી કાલધર્મ પામ્યો.

(૪) **ચોથો ભવ :** દેવલોકમાં દેવ બનીને ઉત્તમ સુખ ભોગવ્યા.

(૫) **પાંચમો ભવ :** વૈતાઢય પર્વતનાં સુકંઠરાજા તથા કનકોદરીનાં ગર્ભમાં સિંહવાહન નામે પુત્રપણે અવતર્યો. અરૂણપુરમાં લાંબાકાળ સુધી રાજ્યનું સુખ ભોગવીને વિમલનાથ પરમાત્માનાં શાસનમાં

લક્ષ્મીધર મુનિ પાસે એ દીક્ષા લઈ સુંદર ચારિત્રપાળી કાલધર્મ પામ્યા.

(૬) **છઠો ભવ :** છઠ્ઠા દેવલોકમાં દેવ બનીને ઉત્તમસુખ ભોગવ્યા.

(૭) **સાતમો ભવ :** દેવલોકમાંથી આવીને મહેન્દ્ર રાજાની પુત્રી તથા પવનંજયની પત્ની અંજના નીકુક્ષીમાં પુત્રપણે ઉત્પન્ન થયો. જે હનુમાન દીક્ષા લઈ **મોક્ષગામી** બન્યા. (પઉમચરિયમ્)

## ૩૮૮. અંજના સતીનો પૂર્વભવ

- અંજના પૂર્વભવમાં કનકપુરમાં કનકરથ રાજા **કનકોદરી** નામની પટરાણી હતી અને તેની બીજી શોક્ય રાણી **લક્ષ્મીમતી** હતી. તે લક્ષ્મીમતી સમ્યકત્વનાં કારણે દરરોજ પરમાત્માની પૂજા, સ્તુતિનાં અવાજ કારણે રોષાયમાન થયેલ કનકોદરી એ બીજા દિવસે પ્રતિમાને ઉઠાવી ઘરની બહાર મૂકી. સવારે સંયમશ્રી નામના સાધ્વીજીએ તે પ્રતિમાને દેખ્યા પછી કનકોદરીને સમજાવી પ્રતિમા પાછી ઘેર મુકાવેલ. તે પ્રતિમા **૨૨** ઘડી સુધી ઘરની બહાર રહેલી તેથી **૨૨** વર્ષ સુધી પતિનો વિયોગ થયો. કનકોદરી મરીને દેવલોકમાં જઈ મહેન્દ્ર રાજા હૃદયસુંદરીની પુત્રી અંજના ૧૦૦ પુત્રોની ઉપર ઉત્પન્ન થયેલા. (પઉમચરિયમ-૧૫)

## ૩૮૯. રાવણ-કુંભકર્ણ-બીભીષણ-હનુમાનનાં અભિગ્રહો

- જ્યારે રાવણ લંકા નગરમાં જ્યારે રાજ્ય કરે છે ત્યારે એક વખત રાવણ-બીભીષણ-કુંભકર્ણ-હનુમાન ચારે વિમાનમાં બેસી મેરૂપર્વતનાં ચૈત્યાલયમાં ભગવાનની સ્તુતિ કરી પાછા ફરતા મારગમાં **અનંતવીર્ય** નામના કેવલીની

દેશનાં સાંભળે છે દેશનાનાં અંતે ચારે જણા અભિગ્રહ ધારણ કરે છે.

(૧) **રાવણ :** બીજાની સ્ત્રી હોય અથવા મારી સ્ત્રી હોય જો તે અપ્રસન્ન હશે તો હું તેની પ્રાર્થના નહિ કરૂં ! જીવનપર્યંત પાલીશ.

(૨) **કુંભકર્ણ :** આજથી માંડી સૂર્યોદય થયા પછી. સ્તુતિ પૂજા, જિનાભિષેક, સ્નાત્રપૂજા વિગેરે જીવનપર્યંત કરીશ.

(૩) **બીભીષણ :** કોઈપણ અજ્ઞાન અથવા મિથ્યાત્વરૂપી પવન આવશે તો પણ સમ્યકત્વરત્ન (એટલે દેવ-ગુરૂ-ધર્મ)ને છોડીશ નહિ. જેમ મેરૂ પર્વત ક્યારેય ચલાયમાન ન થાય તેવું મારું વ્રત રહેશે.

(૪) **હનુમાન :** હનુમાને પણ બીભિષણની સાથે બીભીષણ જેવું જ સમ્યકત્વરરત્ન ગ્રહણ કરેલ. (પઉપચરિયમ-૧૪)

## ૩૯૦. રાવણનાં પરિવારનાં નામો

- **પિતા :** રત્નશ્રવા
- **માતા :** કૈકસી
- **દાદા :** સુમાલી
- **દાદી :** મહાપ્રીતી
- **પરદાદા :** સુકેશી
- **ભાભી :** તડિત્માલા
- **મુખ્ય પત્ની :** મંદોદરી
- **કુલ પત્ની :** ૧૮,૦૦૦
- **પુત્ર :** ઇન્દ્રજિત, મેઘવાહન
- **ભાઈ :** કુંભકર્ણ, બીભીષણ
- **બહન :** ચંદ્રનખા
- **ભાભી :** પંકજશ્રી
- **રાવણનાં ત્રણ નામો :**

(૧) દશમુખ (૨) દશાનન (૩) રાવણ (પઉમચરિયમ્)

## ૩૯૧. નિંદાના ભયંકર પાપો

- **निंदक निश्चे नारकी, बाह्यरुचि मति अंध ।**
  **आत्मज्ञाने जे रमे, तेहने तो नहि बंध ॥ २७ ॥**

  **ભાવાર્થ :** નિંદા કરવાવાળો નિશ્ચય નરકમાં જાય. કારણ કે એ વખતે એમની બુદ્ધિ આંધળી થઈ જાય છે. અને જે આત્મા ધ્યાનમાં મસ્ત બને છે તેને કોઈ કર્મ બંધ થતો નથી. **(યતિધર્મ બત્રીશી)**

- સ્તુતિનવ કીજે આપણી, નવ કીજે નિંદાય,
  ઉપદેશ માળા ઈમ કહે, તપ જપ સંયમ જાય
  માસખમણને પારણે, એક સિક્ત લઈને ખાય,
  પર નર નિંદા નવ તજે, નિશ્ચયે દુર્ગતિ જાય
  પર નિંદા પુંઠે કરે, વહેતો પાતિક દૂર,
  દુર્ગતિ દશવૈકાલિકે, કહી સિજ્જંભવ સૂર

  **(ઋષભદાસ કવિ બાહુબલીરાસ)**

- થોડલો પણ ગુણતણો, સાંભળી હર્ષ મન આણરે
  દોષ લવ નિજ દેખતા, નિર્ગુણ નિજ આત્મા જાણ રે.

  **ભાવાર્થ :** બીજાનાં અલ્પગુણને પણ સાંભળી જો મનમાં હર્ષ ઉત્પન્ન થાય અને પોતાનો થોડો પણ દોષ જાણીને વિચારે તો આત્મા નિર્ગુણ બને.

  **(અમૃતવેલ સજ્ઝાય)**

- નિંદા કરે તે થાય નારકી તપ જપ કીધુ જાય,
  નિંદા કરો તો કરજો આપણી રે જેમ છુટક બારો થાય.

  **(સમયસુંદર ઉપાધ્યાય)**

- પરનિંદા મોટો દોષ છે એનાથી નીચ ગોત્ર કર્મ બંધાય છે. પ્રત્યેક ભવમાં અને કરોડો ભવો સુધી છૂટી ન શકે તેવું કર્મ બંધાય છે. કોઈપણ જીવનો અવર્ણવાદ અહિતકારી છે. (વાચક ચક્રવર્તી)

## ૩૯૨. અધ્યાત્મ વિકાસની ૧૦ ભૂમિકા (સાધુ માટે)

(૧) **શ્રવણ :** અધ્યાત્મ સાહિત્યનું શ્રવણ

(૨) **જ્ઞાન :** સ્વાધ્યાયનાં પાંચ પ્રકારનું અધ્યયન

(૩) **વિજ્ઞાન :** હેય ઉપાદેયનાં વિવેક રૂપ વિશિષ્ટ જ્ઞાન

(૪) **પ્રત્યાખ્યાન :** છોડવા લાયક હેય વસ્તુનો ત્યાગ.

(૫) **સંયમ :** ઈન્દ્રિય અને મનનો સંયમ

(૬) **અનાશ્રવ :** નવા કર્મોનો નિરોધ

(૭) **તપ :** વિશિષ્ટ પ્રકારની શુભ પ્રવૃત્તિ

(૮) **વ્યવદાન :** આત્માનાં દોષોની શુદ્ધિ

(૯) **અક્રિયા :** મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિનો નિરોધ.

(૧૦) **સિદ્ધિ : મોક્ષ માટે જ પ્રયત્ન** (ભગવતી સૂત્ર)

## ૩૯૩. ૧૦૦ વર્ષનાં આયુષ્યમાં પુરૂષની દશ દશા

(૧) **બાલ દશા :** સુખ-દુઃખ સારા નરસાનાં બોધ ન થવો તે ૧ થી ૧૦

(૨) **ક્રીડા દશા :** રમત-ગમત તથા અભ્યાસની પ્રવૃત્તિ તે ૧૦ થી ૨૦

(૩) **મંદ દશા :** ભોગ-આનંદ મેલવવાની પ્રવૃત્તિ તે ૨૦ થી ૩૦

(૪) **બલ દશા :** પોતાની શક્તિનું પ્રદર્શન વધારે થાય તે ૩૦ થી ૪૦

(૫) **પ્રજ્ઞા દશા :** કુટુંબનું પાલન, ધન વૃદ્ધિ, પ્રૌઢતા આવે તે ૪૦ થી ૫૦

(૬) **હાયની દશા :** શરીરની શક્તિઓ ક્ષીણ થવા માંડે તે ૫૦ થી ૬૦

(૭) **પ્રપંચા દશા :** ઈન્દ્રિયો ઉપરનું નિયંત્રણ ક્ષીણ થવા માંડે તે ૬૦ થી ૭૦

(૮) **પ્રાગ્ભાર દશા :** શરીર ઉપર કરચલીઓ શરીર વાકું, રોગોનું ઘર તે ૭૦ થી ૮૦

(૯) **ઉન્મુખી દશા :** વૃદ્ધાવસ્થાથી પીડીત મૃત્યુનાં મુખમાં પ્રવેશ કરે તે ૮૦ થી ૯૦

(૧૦) **શાયિની દશા :** સૂતા રહેવું પડે, સ્વર નબલો, દુઃખી અવસ્થા તે ૯૦ થી ૧૦૦. **(તંદુલ વૈચારિક સૂત્ર)**

## ૩૯૪. સુખનાં ૧૦ પ્રકાર

(૧) **આરોગ્ય :** જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી નિરોગી રહેવું તે.

(૨) **દીર્ઘ આયુષ્ય :** લાંબા સમય સુધી જીવે તે.

(૩) **ધન સંપન્નતા :** ધન-ધાન્યથી સમૃદ્ધ હોય તે.

(૪) **કામ :** શબ્દરૂપનું સુખ પ્રાપ્ત થવું તે.

(૫) **ભોગ :** ગંધ-સ્પર્શનું સુખ પ્રાપ્ત થવું તે.

(૬) **સંતોષ :** નિર્લોભતા, અલ્પ ઈચ્છા, પ્રત્યેક પદાર્થમાં સંતોષ રાખવો તે.

(૭) **અસ્તિ :** જ્યારે જે વસ્તુની જરૂર હોય તે સુલભતાથી મળી જાય તે.

(૮) **શુભયોગ :** સુંદર ભોગોનો સંયોગ, ભોગો છોડવા માટે, શુભગુરૂનો યોગ થવો તે.

(૯) **નિષ્ક્રમણ :** દીક્ષા લેવાનો યોગ થવો તે.

(૧૦) **અનાબાધ :** પીડા વગરનું આરાધના દ્વારા મોક્ષસુખ પ્રાપ્ત થવું તે.

(ઠાણાંગ સૂત્ર)

## ૩૯૫. દશ પ્રકારે દીક્ષાની ઇચ્છા

(૧) **છંદા :** પોતાની અથવા અન્યની ઈચ્છાથી દીક્ષા લેવી તે

(૨) **રોસા :** ક્રોધપૂર્વક દીક્ષા લેવી તે.

(૩) **પરિજીર્ણા :** દરિદ્રતાનાં કારણે દીક્ષા લેવી તે.

(૪) **સ્વપ્ના :** સ્વપ્નનાં સંકેત કારણે દીક્ષા લેવી તે.

(૫) **પ્રતિશ્રુતા :** પ્રતિજ્ઞાપૂર્વક દીક્ષા લેવી તે.

(૬) **સ્મારણિકા :** જાતિસ્મરણ જ્ઞાન પામીને દીક્ષા લેવી તે.

(૭) **રોગણિકા :** રોગના કારણે દીક્ષા લેવી તે.

(૮) **અનાદ્દતા :** અનાદર પામવાનાં કારણે દીક્ષા લેવી તે.

(૯) **દેવસંસપ્તિ :** દેવ દ્વારા ઉપદેશ પામીને દીક્ષા લેંવી તે.

(૧૦) **વત્સાનુબંધી :** પુત્રનાં સ્નેહથી પુત્ર સાથે દીક્ષા લેવી તે.

(ઠાણાંગસૂત્ર)

## ૩૯૬. સૂક્ષ્મજીવોનાં આઠ પ્રકારો

(૧) **પ્રાણસૂક્ષ્મ :** કુંથુ કંથવા વિ.

(૨) **પનક સૂક્ષ્મ :** લીલફુગ વિ. (પાંચ રંગની)

(૩) **બીજસૂક્ષ્મ :** રાજગરા - ખસખસનાં બીજ

(૪) **હરિત સૂક્ષ્મ :** બીજમાંથી કોટો ફુટે તે.

(૫) **પુષ્પ સૂક્ષ્મ :** વડ-પીપલ વિગેરેનાં ફૂલો

(૬) **અંડ સૂક્ષ્મ :** માખી, કીડી વિગેરેનાં ઈંડા

(૭) **લયન સૂક્ષ્મ :** કીડીનાં દર વિગેરે

(૮) **સ્નેહ સૂક્ષ્મ :** ઝાકળ, ધુમ્મસ વિગેરે. (ઠાણાંગ સૂત્ર)

## ૩૯૭. પ્રશ્ન પૂછવાનાં છ પ્રકારો

(૧) **સંશય પ્રશ્ન :** પોતાની શંકા દૂર કરવા પ્રશ્નો પૂછવા તે.

(૨) **વ્યુદગ્રહ પ્રશ્ન :** અભિમાનથી બીજાને હરાવવા પ્રશ્ન પૂછવા તે.

(૩) **અનુયોગી પ્રશ્ન :** સૂત્ર વિગેરેનાં અર્થ સમજવા પ્રશ્ન પૂછવા તે.

(૪) **અનુલોમ પ્રશ્ન :** શુભભાવથી કુશલ સમાચાર માટે પૂછવું તે.

(૫) **તથાજ્ઞાન પ્રશ્ન :** પોતાને જ્ઞાન હોવા છતાં અન્યનાં જાણ માટે પૂછવું તે.

(૬) **અતથા જ્ઞાન પ્રશ્ન :** સ્વયંની જાણકારી માટે પૂછાતા પ્રશ્નો.

(ઠાણાંગસૂત્ર)

## ૩૯૮. કર્મપુદગલોને ગ્રહણ કરવાની 'છ' અવસ્થા

(૧) **ચય :** કષાયની પરિણિતિ દ્વારા જીવકર્મ પુદગલોને ગ્રહણ કરે તે.

(૨) **ઉપચય :** ગ્રહણ કરેલાં કર્મોમાં વારંવાર વૃદ્ધિ થવી તે.

(૩) **બંધ :** ચય-ઉપચયથી સંગ્રહિત કર્મ પુદ્ગલો આત્મા સાથે જોડાય તે.

(૪) **ઉદીરણા :** જ્યારે કર્મનો ઉદય થાય તેના ફળનો અનુભવ કરવો તે.

(૫) **વેદન :** કર્મનાં ઉદયે સારા-નરસાનું ફળ પ્રાપ્ત કરવું તે.

(૬) **નિર્જરા :** તપ દ્વારા કર્મોનો ક્ષય કરી કર્મનિર્જરા કરવી તે.

(ઠાણાંગ સૂત્ર)

## ૩૯૯. પ્રભુવીરનાં પ્રથમ ચાતુર્માસનાં અભિગ્રહો

(૧) અપ્રીતિ થાય ત્યાં બેસવું નહિ.

(૨) હંમેશા કાર્યોત્સર્ગ કરીને રહેવું.

(૩) પ્રાયઃ મૌન ધારણ કરવું.

(૪) કર પાત્રમાં ભોજન કરવું.

(૫) ગૃહસ્થનો વિનય કરવો નહિ. (કલ્પસૂત્ર)

## ૪૦૦. મેરૂપર્વતનાં મેખલાની લંબાઈ

- પ્રથમ મેખલા - ૫૦૦ યોજન
  દ્વિતીય મેખલા - ૬૨.૫૦૦ યોજન
  તૃતીય મેખલા - ૩૬,૦૦૦ યોજન
  કુલ - ૯૯,૦૦૦ યોજન પ્રમાણે મેરૂપર્વત છે.
- મેરૂપર્વત ઉપર ચાર શિલાઓ : (૧) પાંડુકંબલા (૨) અતિપાંડુ કંબલા (૩) રક્ત કંબલા (૪) અતિરક્ત કંબલા આ ચાર શિલા ઉપર પરમાત્માનો અભિષેક થાય છે. (બૃહત્સંગ્રહણી)

## ૪૦૧. મતિજ્ઞાનનાં ભેદોનું સ્વરૂપ

- **શ્રુતનિશ્રિતનાં ચાર પ્રકારો :**

(૧) **અવગ્રહ :** જે જ્ઞાન, નામ, જાતિ, વિશેષણ આદિ વિશેષતાથી રહિત હોય, માત્ર કાંઈક છે એવું જે જાણે. તે અવગ્રહ.

(૨) **ઈહા :** અવગ્રહથી જાણેલ પદાર્થને વિશેષ જાણવાની જિજ્ઞાસા તે ઈહા કહેવાય.

(૩) **અપાય :** ઈહા દ્વારા જાણેલ પદાર્થનો નિશ્ચયાત્મક રીતે નિર્ણય કરવામાં આવે તેને અપાય કહેવાય.

(૪) **ધારણા :** અપાય જ્ઞાન જાણકારી જયારે દૃઢ થઈ જાય ત્યારે તેને ધારણા કહેવાય.

- **અશ્રુત નિશ્રિતનાં ચાર પ્રકારો :**

(૧) **ઔત્પાતિકી :** હાજર જવાબી બુદ્ધિ.

(૨) **વૈનયિકી :** વડિલોનો વિનય દ્વારા પ્રાપ્ત થતી બુદ્ધિ.

(૩) **કાર્મિકી :** શિલ્પ, કન્નર, કલા, અભ્યાસ વિગેરે કાર્ય કરવાની બુદ્ધિ.

(૪) **પારિણામિકી :** પરિપક્વ ઉમ્રવાળાનાં અનુભવથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ.

- **પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠુંમનનાં નિયમિત્તથી થનારા મતિજ્ઞાનનાં ૧૨ પ્રકાર :**

(૧) **બહુગ્રાહી :** સંખ્યા અને પરિમાણ (માપ) બંનેની અપેક્ષા એ જાણે.

(૨) **અલ્પ :** એક જ વિષય કે પર્યાયને અલ્પમાત્રમાં જાણે.

(૩) **બહુવિધ :** એક જ દ્રવ્ય કે વસ્તુને અનેક પ્રકારે જાણે.

(૪) **અલ્પવિધ :** કોઈ વસ્તુની પર્યાયને અલ્પ પ્રકારથી જાણે ભેદપ્રભેદને જાણે.

(૫) **ક્ષિપ્ર :** કોઈનાં ભાવને શીઘ્ર જાણી શકે.

(૬) **સક્ષિપ્ર :** બુદ્ધિની મંદતાનાં કારણે થોડા સમય પછી જાણે.

(૭) **અનિશ્રિત :** કોઈ પણ હેતુ કે નિમિત્તવિના પર્યાય ગુણને જાણે.

(૮) **નિશ્રિત :** કોઈ પણ હેતુ-નિમિત્ત વડે જાણે તે.

(૯) **અસંદિગ્ધ :** કોઈ પણ દ્રવ્ય કે પદાર્થને ચોક્કસપણે જાણે.

(૧૦) **સંદિગ્ધ :** શંકાઓ સાથે, સંતોષરહિત, સંદેહયુક્ત જ્ઞાન થાય તે.

(૧૧) **ધ્રુવ :** ઇન્દ્રિય અને મનને સાચી સમજ થવાથી વિષયને કાયમી જાણે.

(૧૨) **અધ્રુવ :** થયેલ જ્ઞાન પલટાતું રહે, અસ્થિર રહે. (નંદીસૂત્ર)

## ૪૦૨. મતિ જ્ઞાનનાં ૨૮ ભેદ

| | |
|---|---|
| ૧. શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ | ૧૫. સ્પર્શેન્દ્રિય ઇહા |
| ૨. ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ | ૧૬. નો ઇન્દ્રિય ઇહા |
| ૩. જિહવેન્દ્રિય વ્યંજનાવગ્રહ | ૧૭. શ્રોત્રેન્દ્રિય અપાય |
| ૪. સ્પર્શેન્દ્રિય વ્યંજનાગ્રહ | ૧૮. ચક્ષુરિન્દ્રિય અપાય |
| ૫. શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ | ૧૯. ઘ્રાણેન્દ્રિય અપાય |
| ૬. ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ | ૨૦. જિહવેન્દ્રિય અપાય |
| ૭. ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ | ૨૧. સ્પર્શેન્દ્રિય અપાય |

| | |
|---|---|
| ૮. જિહવેન્દ્રિય અર્થાવગ્રહ | ૨૨. નો ઈન્દ્રિય અપાય |
| ૯. સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ | ૨૩. શ્રોત્રેન્દ્રિય ધારણા |
| ૧૦. નો ઈન્દ્રિય અર્થાવગ્રહ | ૨૪. ચક્ષુરિન્દ્રિય ધારણા |
| ૧૧. શ્રોત્રેન્દ્રિય ઈહા | ૨૫. ઘ્રાણેન્દ્રિય ધારણા |
| ૧૨. ચક્ષુરિન્દ્રિય ઈહા | ૨૬. જિહવેન્દ્રિય ધારણા |
| ૧૩. ઘ્રાણેન્દ્રિય ઈહા | ૨૭. સ્પર્શેન્દ્રિય ધારણા |
| ૧૪. જિહવેન્દ્રિય ઈહા | ૨૮. નોઈન્દ્રિય ધારણા |

## ૪૦૩. શ્રુતજ્ઞાનનાં ચૌદ ભેદ

(૧) **અક્ષરશ્રુત :** અક્ષરની આકૃતિ જે વિભિન્ન લિપીઓમાં લખાય તે સંજ્ઞા અક્ષર. જે અક્ષરોનું ઉચ્ચારણ થાય તે વ્યંજન અક્ષર અને લબ્ધિધારીઓને જે અક્ષરથી લબ્ધિ પ્રાપ્ત થાય તે લબ્ધિ અક્ષર. આમ ત્રણ પ્રકારે અક્ષરશ્રુત છે.

(૨) **અનક્ષર શ્રુત :** શ્વાસ લેવો, થુંકવું, ખાંસી, છીંકવું અન્ય અનુસાર યુક્ત ચેષ્ટા કરવી તે અનક્ષર શ્રુત.

(૩) **સંજ્ઞા શ્રુત :** જેમાં ઈહા, અપોહ, નિશ્ચય માર્ગણા, ધારણા, ચિન્તા, વિચાર-વિમર્શ કરવાની શક્તિ છે તે સંજ્ઞાશ્રુત ઉપદેશ દ્વાર અવ્યક્ત અથવા વ્યક્ત ક્રિયા કરવાની શક્તિ તે સંજ્ઞાશ્રુત.

(૪) **અસંજ્ઞીશ્રુત :** જેમા ઈહા અપોહ, ચિંતા વિગેરે કોઈ વિચાર ન હોય તે અસંજ્ઞીશ્રુત જેને વિચારણાપૂર્વક કોઈ ક્રિયાની પ્રવૃત્તિ પણ નથી તે અસંજ્ઞીશ્રુત.

(૫) **સમ્યક શ્રુત :** દ્વાદશાંગી, ગણિપીટક ચૌદ પૂર્વ ધારીઓનું જે શ્રુત છે તે સમ્યક્ શ્રુત છે. અતીત, અનાગત, વર્તમાનને જાણવાવાળા સર્વજ્ઞ, સર્વદર્શી તીર્થંકર પ્રણીત અર્થની દેશના, ગણધર રચિત દ્વાદશાંગી રચના તે સમ્યક્ શ્રુત છે.

(૬) **અસમ્યક શ્રુત :** અસમ્યક્ એટલે મિથ્યાશ્રુત મિથ્યાદૃષ્ટિઓ દ્વારાસ્વચ્છંદપણે રચેલ અથવા વિપરીત બુદ્ધિ દ્વારા કલ્પના કરેલ. ભારત, રામાયણ, ભાગવત, પાંતજલિ, વ્યાકરણ આદિમિથ્યા શ્રુત છે અને આવા જ ગ્રંથો કોઈ સમ્યક્ દૃષ્ટિ દ્વારા સમ્યક્ત્વરૂપે જે ગ્રહણ કરે તે સમ્યક્શ્રુત બની શકે છે. બાકીનું બધુ મિથ્યાશ્રુત છે.

(૭) **સાદિશ્રુત :** શ્રુતજ્ઞાનનો પ્રારંભ તીર્થંકર અને ગણધર દ્વારા થાય છે એમના દ્વારા જે શ્રુતનો આરંભ થયેલ તે આદિશ્રુત.

(૮) **અનાદિશ્રુત :** અભવ્ય જીવનું મિથ્યાશ્રુત અનાદિ કાળથી ચાલી આવે છે. સમ્યકત્વ પ્રાપ્ત થતા તે અંત આવે છે જ્યાં સુધી સમ્યકત્વ પ્રાપ્ત થાય ત્યાં સુધીનું જ્ઞાનને તે અનાદિ જ્ઞાન કહેવાય.

(૯) **સપર્યવસિત શ્રુત :** સમ્યકત્વનો ઉદય થવાથી મિથ્યાશ્રુત રહેતું નથી માટે જેની પાસે સમ્યકત્વ છે તે સપર્યવસિત શ્રુત.

(૧૦) **અપર્યવસિત શ્રુત :** જ્યાં મિથ્યાત્વનો ઉદય હોય ત્યાં સમ્યકત્વ પ્રાપ્ત થતું નથી માટે જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી અપર્યવસિત શ્રુત.

(૧૧) **ગમિક શ્રુત :** સરખા આલવા વારંવાર આવતા હોય તેને ગમિક શ્રુત કહેવાય. જેમ કે પક્ખી સૂત્ર, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન આદિમાં અમુક આલાવા એક સરખા આવે છે.

(૧૨) **અગમિકશ્રુત :** જેમાં આલાવા એક સરખા ન હોય. સરખા વાક્યો વારંવાર આવતા ન હોય જેમ કે અતિચાર આદિ અગમિક શ્રુત.

(૧૩) **અંગપ્રવિષ્ટ શ્રુત :** અગ્યાર અંગોનું જ્ઞાન પ્રાપ્ત થવું તે અંગપ્રવિષ્ટ શ્રુત તે અગ્યાર પ્રકારનું છે. આમાં આચારાંગ માંડી દ્રષ્ટિવાદ સુધી

(૧૪) **અનંગ પ્રવિષ્ટ શ્રુત :** અગ્યાર અંગોને છોડીને ઉપાંગ વિગેરે આગમોનું જ્ઞાન પ્રાપ્ત કરવું તે અનંગપ્રવિષ્ટ શ્રુત. (નંદીસૂત્ર)

## ૪૦૪. અવધિજ્ઞાનનાં છ ભેદો

(૧) **આનુગામિક :** જ્યાં જાય ત્યાંના પદાર્થોને જાણે તે.

(૨) **અનનુગામિક :** જે સ્થાને જ્ઞાન થયુ તે ક્ષેત્રનાં પદાર્થોને જાણે.

(૩) **વર્ધમાન :** ધીમે ધીમે આજ્ઞાન વધતું જાય છે.

(૪) **હીયમાન :** ધીમે ધીમે આજ્ઞાન ઘટતું જાય છે.

(૫) **પ્રતિપાતિ :** જે ઉત્પન્ન થયા પછી નાશ પામે તે.

(૬) **અપ્રત્તિપાત :** જે ઉત્પન્ન થયા પછી ક્યારેય નાશ ન પામે તે.

(નંદીસૂત્ર)

## ૪૦૫. મનઃ પર્યવ જ્ઞાનનાં બે ભેદ

(૧) **ઋજુમતિ :** જેને ઋજુમતિ મનઃ પર્યવજ્ઞાન હોય તે, દ્રવ્યથી અનન્ત પ્રદેશિકનાં સ્કંધોને જાણે તથા દેખે **ક્ષેત્ર થી** - જઘન્યથી

અંગુલના અસંખ્યાતમા ભાગને દેખે ઉત્કૃષ્ટથી રત્નપ્રભાનરકનાં ઉપરિત્તન-અધસ્તન ક્ષુલ્લક પ્રત્તરને દેખે. ઉપર જ્યોતિષ ચક્રનાં ઉપરતલને દેખે. મનુષ્ય ક્ષેત્રમાં પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોનાં મનોગત ભાવને જાણે તથા દેખે. કાલથી – પલ્યોપમનાં અસંખ્યાતમા ભાગને દેખે ત્યાં જાણે. ભાવથી અન્યોન્ય ભાવોને જાણે દેખે છે.

(૨) **વિપુલમતિ :** જેને વિપુલમતિ મનઃ પર્યવજ્ઞાન હોય તે દ્રવ્યથી વિપુલ-વિશુદ્ધ-નિર્મલ રૂપથી અનન્ત અનન્ત પ્રદેશિક સ્કંધોને જાણે તથા દેખે. ક્ષેત્રથી – ઋજુમતિવાળા જે દેખ્યું છે તેનાંથી અઢી અંગુલ અધિક વિપુલ વિશુદ્ધ અને તિમિર રહિત ક્ષેત્રને દેખે. કાલથી ઋજુમતિ કરતા વધારે વિપુલ વિશુદ્ધ તિમિર પણાથી દેખે. ભાવથી વિપુલમતિવાલો ઋજુમતિ કરતાં કંઈક વધારે વિપુલ વિશુદ્ધ અને નિર્મલરૂપથી દેખે અને જાણે. (નંદીસૂત્ર)

## ૪૦૬. કેવલજ્ઞાનનો એક પ્રકાર

- કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી તે જગતનાં સમસ્ત દ્રવ્યોને, પરિણામોને તથા ભાવસત્તાને વર્ણ રસ ગંધ આદિને પણ જાણે છે. અનન્ત શાશ્વત અને અપ્રતિપાતિ કેવલજ્ઞાનનો એક જ ભેદ છે. (નંદીસૂત્ર)

## ૪૦૭. સમક્તિ પ્રાપ્ત કરવા ૬૭ વાનગીઓ

- જેમ સમ્યગ્ દર્શનને પ્રાપ્ત કરવા માટે તેમનાં ૬૭ ગુણોનું વર્ણન કરવામાં આવે તેમ ૬૭ વાનગીઓ આ પ્રમાણે ધરવાની.

| | | | |
|---|---|---|---|
| ૧. | ચાર શ્રદ્ધાનાં લાડુ | - | ૪ |
| ૨. | ત્રણ લિંગની ફેણી | - | ૩ |
| ૩. | દશવિનયનાં દહીથરા | - | ૧૦ |
| ૪. | ત્રણ શુદ્ધિની સુંહાલી | - | ૩ |
| ૫. | આઠ પ્રભાવકની બરફી | - | ૮ |
| ૬. | પાંચ દૂષણની લાપસી | - | ૫ |
| ૭. | પાંચ ભૂષણની જલેબી | - | ૫ |
| ૮. | છવિધ જયણાંનાં ખાજા | - | ૬ |
| ૯. | પાંચ લક્ષણનાં ઘેબર | - | ૫ |
| ૧૦. | છ સ્થાનનાં ગુંદવડા | - | ૬ |
| ૧૧. | છ આગારનાં પેંડા | - | ૬ |
| ૧૨. | છ ભાવનાની પૂરી | - | ૬ |
| | | | ૬૭ |

(ઉપા. યશોવિ. સજ્ઝાય)

## ૪૦૮. અવધિજ્ઞાન - મનઃપર્યવજ્ઞાન વચ્ચેનો તફાવત

| અવધિજ્ઞાન | મનઃ પર્યવજ્ઞાન |
|---|---|
| ૧. વિશુદ્ધ હોય છે | ૧. અધિક વિશુદ્ધ હોય છે. |
| ૨. ક્ષેત્ર ત્રણેય લોક છે. | ૨. ક્ષેત્ર માત્ર અઢી દ્વીપ હોય જ છે. |
| ૩. ચારે ગતિના જીવોને હોય છે. | ૩. માત્ર મનુષ્યોને જ હોય છે. |
| ૪. મિથ્યાત્વનાં ઉદયે વિભંગજ્ઞાનમાં પરિણિત થઈ શકે છે. | ૪. મિથ્યાત્વનો ઉદય હોતો નથી. |

૫. આગામી ભવમાં સાથે જઈ શકે છે. ૫. આ જ્ઞાન આ ભવ સુધી જ રહે છે.

## ૪૦૯. સંયમીઓની દશ દશા

(૧) **પ્રથમ દશા અસમાધિસ્થાન :** સંયમી જીવનનાં લઘુત્તર કે સામાન્ય દોષોને અસમાધિ સ્થાન કહેવાય છે. અસમાધિ એટલે માનસિક સંતાપ, ચિત્તની અસ્વસ્થતા જાણવી. આનાં ૨૦ પ્રકાર શ્રમણ સૂત્રમાં આવે છે.

(૨) **દ્વિતીય દશા - શબલદોષ :** મૂળગુણ સંબંધિત મોટા મોટા દોષો તે શબલદોષ કહેવાય. આવાં દોષો ૨૧ છે તે પણ શ્રમણ સૂત્રમાં આવે છે.

(૩) **ત્રીજી દશા - આશાતના :** આય્ એટલે સમ્યગ્દર્શનાદિ ગુણો શાતના એટલે ગુણો નષ્ટ થવા. ટૂંકમાં ગુણોનો નાશ થવો તે આશાતના. આવી તેત્રીસ આશાતના પણ શ્રમણ સૂત્રમાં આવે છે.

(૪) **ચોથી દશા - ગણિસંપદા :** સાધુઓનાં નાયકને ગણિ કહે છે. સંપદા એટલે વૈભવ. શિષ્ય સમુદાય એ ગણિની દ્રવ્ય સંપદા અને જ્ઞાનાદિ ગુણો દ્વારા ગણિ બનવુ તે સંપદા.

(૫) **પાંચમી દશા - ચિત્ત સમાધિ સ્થાન :** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ ચાર સ્થાન સમાધિનાં બતાવેલા છે. એમાં ત્રણને છોડી ચોથી ભાવ સમાધિમાં વર્તવાનું છે. ભાવ સમાધિ પ્રાપ્ત કરવા માટે રત્નત્રયીની આરાધના અને સાધના બતાવેલ છે.

(૬) **છઠીદશા - ઉપાસકપડિમા :** ૧૨ વ્રતધારી શ્રાવકો માટેનો આચાર છે. શ્રમણોપાસક ત્યારે જ બની શકે વ્રત અને તપ-અભિગ્રહનો સ્વીકાર કરે તેને પ્રતિમા કહેવાય છે.આવી શ્રાવકની પ્રતિમા ચારિત્રનાં વિકાસ માટે છે.

(૭) **સાતવી દશા - ભિક્ષુ પ્રતિમા :** સંયમી આત્મા સંયમમાં ધૈર્ય સહિષ્ણુતા, ધ્યાન આદિ ગુણોની વૃદ્ધિ માટે વિવિધ પ્રકારના તપો અભિગ્રહો ધારણ કરવા તે ભિક્ષુ પ્રતિમા તે ૧૨ પ્રકારની છે.

(૮) **આઠમી દશા - પર્યુષણાકલ્પ :** પર્યુષણ કલ્પ એટલે પર્યુષણ પર્વમાં જે કલ્પસૂત્રનું વાંચન થાય તે કલ્પસૂત્ર દશાશ્રુત સ્કંધ આગમનાં આઠમાં અંગરૂપ હોવાથી પર્યુષણા કલ્પ કહેવાય છે. પાછળથી કલ્પસૂત્રે સ્વતંત્ર રૂપ ધારણ કરેલ છે. એટલે સાધુ-સાધ્વીજીને ૫૦ દિવસ પૂર્ણ થાય એટલે સંવચ્છરી કરવી જોઈએ. સાધુઓના આચારનું વર્ણન પણ એમાં છે.

(૯) **નવમી દશા - મોહનીયબંધ સ્થાન :** જીવને મૂઢ એટલે વિવેક શૂન્ય બનાવે તે મોહનીયકર્મ. મોહનીયકર્મ બંધ સ્થાન ૩૦ બતાવેલા છે.તે શ્રમણ સૂત્રમાં આવે છે. માટે આવા બંધ સ્થાનોને જાણી અવશ્ય ત્યાગ કરવો.

(૧૦) **દશમી દશા - નિદાન :** નિદાન એટલે છેદન કરવું. કાપવું તે નિદાન જેનાથી મોક્ષ માર્ગનું છેદન થાય તે નિદાન. એટલે તપ સંયમનાં ફળ સ્વરૂપે ભૌતિક સુખની ઇચ્છા કરવી તે પણ નિદાન છે.

(દશાશ્રુત સ્કંધ)

## ૪૧૦. નવપ્રકારનાં નિયાણાં

૧. નિગ્રંથોનું પુરૂષ ભોગ માટે નિયાણું.

૨. નિગ્રંથોનું સ્ત્રી ભોગ માટે નિયાણું.

૩. નિગ્રંથોનું સ્ત્રી થવા માટે નિયાણું.

૪. નિર્ગ્રંથોનું પુરૂષ થવા માટે નિયાણું.

૫. સ્વ-પર વિકસિત દેવી પરિચારણાનું નિયાણું.

૬. સ્વવિકસિત દેવી પરિચારણાનું નિયાણું.

૭. સ્વદેવી પરિચારણનું નિયાણું.

૮. શ્રાવક થવાનું નિયાણું

૯. સાધુ થવાનું નિયાણું. (દશાશ્રુત સ્કંધ)

## ૪૧૧. સમકિતને પ્રાપ્ત કરવા ચાર શ્રદ્ધા

(૧) **પરમાર્થ સંસ્તવ :** જૈન શાસ્ત્રોમાં બતાવેલા જીવ-અજીવ આદિ નવ તત્વો ઉપર દઢ વિશ્વાસ રાખવો. સંપૂર્ણ જગતની વ્યવસ્થા સમજવા માટે આ તત્ત્વવ્યવસ્થા સહજ રીતે ગોઠવાઈ જાય છે. માટે તત્ત્વ પર શ્રદ્ધા તે પ્રથમ શ્રદ્ધા.

(૨) **ગીતાર્થ સેવા :** સૂત્ર અને અર્થનાં જાણકાર એવા ગીતાર્થ એટલે જેઓએ આ નવ તત્ત્વો બતાવેલા છે. એવા ગીતાર્થની અવશ્ય સેવા, વિનય, બહુમાન, ભક્તિ, વૈયાવચ્ચ વિગેરે કરવા.

(૩) **શ્રદ્ધાભ્રષ્ટજન સંસર્ગવર્જન :** કદાગ્રહનાં કારણે જેમને સમ્યકત્વ ખોઇ નાંખ્યું છે. યથાવસ્થિત સર્વ પદાર્થને પ્રમાણભૂત જાણવા છતાં અનેક પદાર્થ વસ્તુ માટે અલગ અભિપ્રાય આપવો. તેવી શ્રદ્ધાથી ભ્રષ્ટ થયેલા હોય તેવા જીવો પ્રતિ પરિચય પણ ન રાખવો.

(૪) **પાખંડી પરિચય વર્જન :** બીજા ધર્મવાળા સાંખ્ય, બૌદ્ધ, વૈષ્ણવ આદિ, અન્ય ધર્મવાળા સાથે પરિચયનો પણ ત્યાગ કરવો. કારણ કે ક્યારેક સંસર્ગથી આગળ વધી શકાય માટે એમનો પરિચય પણ ન કરવો.

## ૪૧૨. સમકિત પ્રાપ્તિનાં ત્રણ લિંગો

(૧) **શુશ્રુષા :** ધર્મ સાંભળવાની તીવ્ર ઇચ્છા થવી જેમ સાકર દ્રાક્ષ કેટલી મીઠી લાગે તેમ ધર્મ મીઠો લાગવો જોઈએ.

(૨) **દૃઢ રાગ :** જેમ ભૂખ્યા બ્રાહ્મણને જંગલ પાર કર્યા પછી ઘેબરનું ભોજન મળે તો કેટલો ખુશ થાય તેને કેટલી બધી ખાવાની ઇચ્છા થાય. આવી રીતે ધર્મ પાલવાનો દૃઢ રાગ હોવો જોઈએ.

(૩) **દેવગુરૂ સેવા :** જેમ બાળકને પરીક્ષા નજીકમાં હોય અને તે જો આળસ કરે તો ફેલ થાય તેમ આળસને છોડીને ઉલ્લાસ ભાવ સાથે દેવ ગુરૂની વૈચાવચ્ચ કરવી જોઈએ. ગુરુ આજે કામ બતાવે અને પછી કાલે કરશું તેવી ભાવનાવાળો વૈયાવચ્ચની આશાતના કરે છે.

## ૪૧૩. સમક્તિ પ્રાપ્તિ માટે ૧૦ પ્રકારનો વિનય

(૧) **અરિહંત :** જિનાલયમાં પરમાત્માને પ્રદક્ષિણા, પ્રદક્ષિણામાં રહેલી જિન પ્રતિમાને પણ નમો જિણાણં....... ત્રણ વાર નમન, પ્રમાર્જન, પૂજા વિગેરે વિનય છે.

(૨) **સિદ્ધ :** સિદ્ધ ભગવંતની મૂર્તિ જ્યાં હોય ત્યાં તે જ રીતે વિનય. સિદ્ધ પદનો જાપ, ખમાસમણા, કાઉસગ્ગ વિગેરે સિદ્ધ ભગવંતનો વિનય છે.

(૩) **જિનમંદિર, જિનબિંબ :** ચૈત્યની સાફ-સફાઈ,કાજો વિગેરે, અહોભાવ દ્વારા અષ્ટપ્રકારી પૂજા વિગેરે કરવી, ભાવ પૂજા કરવી વિગેરે વિનય છે.

(૪) **સૂત્ર સિદ્ધાંતનો વિનય :** જ્ઞાન ભંડારોને વ્યવસ્થિત કરવા. જીર્ણોદ્ધાર કરવો. પુઠા ચડાવવા, હસ્તલિખીત લિપ્યંતર, આગમગ્રંથ પૂજન-વાંચન વિગેરે જ્ઞાનનો વિનય છે.

(૫) **ક્ષમા વિ. ૧૦ ધર્મ :** નવતત્ત્વની ૨૯ મી ગાથામાં ૧૦ પ્રકારનો જે ધર્મ બતાવે તે સાચો ધર્મ છે. આવા ધર્મનું પાલન, ધર્મનો પ્રચાર, તેનાં પ્રત્યે દૃઢ શ્રદ્ધા તે વિનય છે.

(૬) **સાધુનો વિનય :** પંચમહાવ્રત ધારણ કરનારા જે સંયમીઓને સહાય કરે તેવા સાધુઓની સેવા, વહોરવા લઈ જવા આહાર, વિહાર, નિહાર માટે યોગ્ય સેવા યોગ્ય માર્ગદર્શન આપવો તે સાધુ વિનય છે.

(૭) **આચાર્યનો વિનય :** પંચાચાર પાલે અને પલાવા માટે ઉપદેશ આપનારા આચાર્ય ભગવંતની પાછળ ચાલવું, ચરણસેવા, પ્રવચનમાં આસન પ્રદાન વિગેરે.

(૮) **ઉપાધ્યાયનો વિનય :** શિષ્યને ભણાવનાર એવાં ઉપાધ્યાય ભગવંતનાં જ્ઞાનની વૃદ્ધિ માટે ગ્રંથો વિગેરે લાવી આપવા. લખાવવા, વાચના વિ. વિનય છે.

(૯) **સંઘવિનય :** સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા આ ચારે મળે ત્યારે સંઘ કહેવાય. સંઘની ભક્તિ, સંઘપૂજા, સંઘની પધરામણી વિ. વિનય છે.

(૧૦) **સમકિત વિનય :** સમકિતી તથા સમકિત પ્રાપ્ત કરવા સાધનોનો વિનય કરવો પ્રભાવના, પ્રચાર, સાચી સમજ આપવી વિગેરે વિનય છે.

## ૪૧૪. વિનય કરવાની પાંચ રીત

(૧) **ભક્તિ :** બહારથી સેવા કરવી તે ભક્તિ.

(૨) **બહુમાન :** હૃદયનો પ્રેમ અંતરની પ્રીતિ પ્રગટ કરવી તે બહુમાન.

(૩) **ગુણસ્તુતિ :** ગુણીજનોનાં ગુણોની અવશ્ય પ્રશંસા કરવી.

(૪) **હેલનાત્યાગ :** અવગુણોને ઢાંકવા તેમની નિંદાનો ત્યાગ કરવો તે.

૫) **આશાતના ત્યાગ :** અપમાન કરવું તે પણ આશાતના છે તેમનું કાંઈક ઓછું બોલવું અથવા પોતાનું તેમના કરતા વધારે બોલવું તે પણ આશાતના.

## ૪૧૫. સમકિતની પ્રાપ્તિ માટે ત્રણ શુદ્ધિ

(૧) **મનશુદ્ધિ :** જિનેશ્વર પરમાત્મા એ જે કહ્યું તે જ સાચું છે તે સિવાય બીજુ નકામુ છે એવો નિશ્ચય મનમાં દઢ રીતે કરવો તે મનશુદ્ધિ.

(૨) **વચન શુદ્ધિ :** ઊંચા પ્રકારનું ઉત્તમ કામ ગમે તેવું મુશ્કેલી ભર્યું હોય. પરંતુ એવું કામ જિનેશ્વર દેવનાં અનુયાયીથી ન બની શક્યું હોય તે કામ બીજાથી તો ન જ થઈ શકે એવું પોતાના મુખથી સત્ય નિરૂપણ કરવું તે વચન શુદ્ધિ.

(૩) **કાયશુદ્ધિ :** ઘાયલ થયો હોય, કપાઈ ગયો હોય, અનેક કષ્ટો માથે આવી પડયા હોય છતાં જિનેશ્વર દેવ સિવાય બીજા દેવને નમે નહિ બીજા દેવ ગમે નહિ તે કાયાશુદ્ધિ જાણવી.

## ૪૧૬. સમકિત પ્રાપ્તિ માટે પાંચ દૂષણનો ત્યાગ

(૧) **શંકા :** જૈન ધર્મનાં ઉપદેશ આપનારા તીર્થંકરો મહારાજા સમાન છે. તેમને કોઈ જાતનો સ્વાર્થ ભાવ હોતો નથી માટે તેઓ ક્યારેય અસત્ય બોલતા નથી. એટલે તેમના વચનમાં જો શંકા ઉત્પન્ન થાય તો તે દૂષણ કહેવાય.

(૨) **કાંક્ષા :** પોતાની સામે પ્રત્યક્ષ કલ્પવૃક્ષ મળી આવતું હોય તો બાવળનાં આશ્રય લેવાનું મન કેમ થાય. તે જ પ્રમાણે સંપૂર્ણ સાચો જૈન ધર્મ પ્રાપ્ત હોવા છતાં બીજા ધર્મને જાણવાની ઇચ્છા થાય તે કાંક્ષા નામનું દૂષણ કહેવાય.

(૩) **વિચિકિત્સા :** ધર્મ આરાધના કરતાં, તપસ્યા કરતા, સાધના કરતા

મનમાં એમ શંકા થાય. આ સાધનાનું ફળ મને મલશે કે નહિ આવો અવિશ્વાસ ઉત્પન્ન થવો તે વિચિકિત્સા દૂષણ છે.

(૪) **મિથ્યા ગુણ વર્ણન :** ઉલ્ટા રસ્તે ચાલવાવાળાની પ્રશંસા કરવાથી તેમને ઉલ્ટા માર્ગે ચાલવાની પુષ્ટિ મળે છે. માટે મિથ્યા ધર્મના વખાણ (પ્રશંસા) કરવા તે પણ દૂષણ છે.

(૫) **મિથ્યામતિ પરિચય :** અન્ય ધર્મનો પરિચય થવાથી ક્યારેય આપણા ધર્મથી ચલિત થઈ જવાય માટે ક્યારેય પણ અન્ય ધર્મનો પરિચય ન કરવો જે પરિચય રાખે તેને આ દૂષણ લાગે છે.

## ૪૧૭. સમકિતને પામેલા આઠ પ્રભાવકો

(૧) **પ્રાવચનિક :** જૈન શાસ્ત્રનાં સંપૂર્ણ જાણકાર એટલે જેટલા ગ્રંથો આગમો ચરિત્રો હોય તેઓનાં અર્થને જાણકાર હોય અને સારી રીતે સમજાવી શકે એમ હોય. ગુણ ગણનાં ભંડાર હોય તે પ્રથમ પ્રભાવક જાણવા. જેમ સર્વજ્ઞ સૂરિજી.

(૨) **ધર્મકથી :** ચારિત્ર ધર્મનો ઉપદેશ આપવા કુશલ હોય જેમનાં ઉપદેશથી ચારિત્ર લેવાનું મન થાય. જેમ નંદિષેણ મુનિ સંસારી બનવા છતાં ઉપદેશનાં કારણે દરરોજ દસ ભાગ્યશાળી દીક્ષા માટે તૈયાર થતાં.

(૩) **વાદી :** તર્કશાસ્ત્રમાં હોંશિયાર હોવાનાં કારણે જેમ વરસાદમાં મેઘગાજે તેમ રાજસભામાં મલ્લવાદીની જેમ ગાજીને પરવાદીઓને જીતવા તે ત્રીજા પ્રભાવક જાણવા.

(૪) **નૈમિત્તિક :** નિમિત્ત દ્વારા રાજા મહારાજાઓને ધર્મ બોધ આપવો તેને નૈમિતિક પ્રભાવક કહેવાય. જેમ ભદ્રબાહુ શ્રુતકેવલી એ નિમિત્ત દ્વારા વરાહમિહિરને હરાવીને શાસનની પ્રભાવના કરેલ.

(૫) **તપસ્વી :** જિનેશ્વર પરમાત્માએ જે તપ-અભિગ્રહ વિ. બતાવ્યા છે તે જ રીતે શુદ્ધ ક્રિયા સાથે તપ કરી શાસન પ્રભાવના કરવી. જેમ ખીમઋષિએ ઘોરઅભિગ્રહો ધારણ કરી ૩ મહિનાનાં ઉપવાસ કરી જોરદાર શાસન પ્રભાવના કરેલ.

(૬) **વિદ્યામંત્ર પ્રભાવક :** વિદ્યા અને મંત્રનાં જાણકાર હોય જ્યારે શાસન પ્રભાવના હોય ત્યારે જ તે મંત્રનો ઉપયોગ કરે એ સિવાય ન કરે. જેમ વજ્રસ્વામીએ વિદ્યા દ્વારા લાખો પુષ્પ લાવી બૌદ્ધ રાજાને પ્રતિબોધ આપેલ તે છઠા પ્રભાવક થયા.

(૭) **સિદ્ધ પ્રભાવક :** ચૂર્ણ, અંજન આદિનાં પ્રયોગથી શાસન પ્રભાવના કરવી. જેમ કાલિકાચાર્યે આંખમાં અંજન, આંજી, જિનશાસનની રક્ષા અને પ્રભાવના કરેલ તે સાતમાં પ્રભાવક થયા.

(૮) **કવિ પ્રભાવક :** પોતાની કવિત્વ શક્તિ દ્વારા રાજાને એવાં ખુશ કરે કે રાજા રાજ્ય આપવા તૈયાર થઈ જાય. જેમ સિદ્ધસેન દિવાકર સૂરિએ કાવ્ય શક્તિ દ્વારા કલ્યાણ મંદિર સ્તોત્રની રચના કરી શિવલિંગમાંથી અવંતિ પાર્શ્વનાથ પ્રગટ કરી વિક્રમ રાજાને પ્રતિબોધ કરેલ.

## ૪૧૮. સમકિતની શોભા વધારવા ભૂષણો

(૧) **કુશળપણું :** પોતાનામાં જે કુશળતા છે તેનો ઉપયોગ ધર્મમાં અવશ્ય કરવો. જૈન પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પચ્ચકખાણ વિગેરેમાં કુશળતા દાખવે તો સમકિતની શોભા ખીલી ઉઠે.

(૨) **તીર્થ સેવા :** સંસારથી તારે તે તીર્થ કહેવાય. અહીં આગલ જિનશાસનની નાવ ચલાવનાર જ્ઞાની અનુભવી ગીતાર્થને તીર્થ સમજવા તેમની સાથે નિરંતર સંબંધ પરિચય રાખવાથી સંસાર સાગરથી પાર ઉતરી શકાય.

(૩) **ધર્મમાં દઢતા :** દેવ ગુરૂ ધર્મ પ્રત્યે પોતાના મનને એટલું દઢ બનાવાનું છે કે કોઈ ચલાયમાન કરવા ઉપાય કરે તો પણ ચલાયમાન ન થવું તે સમકિતીની શોભા છે. જેમ સુલસા શ્રાવિકા.

(૪) **દેવ ગુરૂની ભક્તિ :** જ્યાં જિનાલય દેખાય અને જ્યાં ગુરૂ દેખાય ત્યાં નમી પડે અને તેમની વૈયાવચ્ચ માટે જે જરૂર હોય તે તુરંત લાવીને તેમની ભક્તિ કરે. કારણ કે દેવ ગુરૂની સેવા એટલે તીર્થંકરની સેવાનો લાભ મળે છે.

(૫) **શાસન પ્રભાવના :** જૈન અજૈન વ્યક્તિઓ પણ આપણા ધર્મની પ્રશંસા કરે તેવાં કાર્યો અવશ્ય કરવા. જેમ ભવ્યાતિભવ્ય વરઘોડો, અનુકંપા દાન, વસ્ત્રદાન વિગેરે કાર્યો કરવાથી સમકિત ધારીની શોભા વધે છે.

## ૪૧૯. સમકિત છે કે નહિ તેનાં પાંચ લક્ષણો

(૧) **ઉપશમ :** પોતાનું કાર્ય બગાડે અથવા આપણું ઘસાતું બોલે કોઈ નુકસાન કરે છતાં તેમનું ખરાબ કરવાનું મન ન થાય. એમનાં પ્રત્યે દ્વેષ ભાવ છોડી માત્ર ઉપેક્ષા ભાવ રાખવો તે ઉપશમ.

(૨) **સંવેગ :** દેવલોકનાં અને મનુષ્યપણાંનાં જે સુખો છે તેને પણ દુઃખમય માને માત્ર ઉત્તમ પ્રકારનાં વૈરાગ્યમાં દઢ રહે અને મોક્ષની ઈચ્છા રાખે તે સંવેગ.

(૩) **નિર્વેદ :** ધર્મ જ સંસારથી તારનારો છે. સંસારની સામગ્રી ડુબાડનારી છે એવું જાણી સંસાર સામગ્રી પ્રત્યે રાગભાવ મૂર્ચ્છાભાવ ઓછો કરે અને તેમાં કંટાલો લાવી ધર્મક્રિયા વધારેમાં વધારે કરે તે નિર્વેદ.

(૪) **અનુકંપા :** દીન દુઃખીને દેખી હૃદયમાં દયા ઉત્પન્ન થવી દયા ઉત્પન્ન થયા પછી શક્તિ પ્રમાણે તેમની ભક્તિ કરવી તે અનુકંપા આ સમકિત પ્રાપ્તિનું લક્ષણ છે.

(૫) **આસ્તિકતા :** જિનેશ્વર પરમાત્મા એ જે કહ્યું તેજ સાચું છે. એમાં જરાયપણ ખોટું નથી. આવો દઢ વિશ્વાસ મનમાં ઉત્પન્ન કરવો. આવાં દઢ વિશ્વાસથી કુમતિનો ભંગ મિથ્યાત્વનો નાશ થાય.

## ૪૨૦. સમકિતનાં રક્ષણ માટે છ જયણા

- બીજા ધર્મવાળા ધર્મગુરૂઓ હોય, બીજા ધર્મવાળા દેવો હોય અથવા આપણી જિનપ્રતિમાને પોતાનાં મંદિરમાં દેવરૂપે સ્થાપન કરેલી હોય તેવી

પ્રતિમાની જયણા છ પ્રકારે બતાવેલ છે.

(૧) **વંદન :** વંદન એટલે બે હાથ જોડીને પ્રણામ ન કરવા.

(૨) **નમન :** નમન એટલે માથુ નમાવીને પ્રણામ ન કરવા.

(૩) **દાન :** માન સન્માન ગૌરવપૂર્વક સુપાત્રદાન માનીને તેઓને ઈષ્ટ વસ્તુ અન્ન-પાણી-વસ્ત્ર વિગેરે આપવા નહીં.

(૪) **અનુપ્રદાન :** વારંવાર દાન આપવાથી પાત્ર બુદ્ધિથી કુપાત્રને દાન આપવામાં આવે તો પણ દોષ લાગે. તેવા દાનને અનુકંપા ધન પણ માનવાનું નથી.

(૫) **સંલાપ :** બોલાવ્યા વિના સામેથી જઈને એમની સાથે વાર્તાલાપ કરવો તે આલાપ તેનો પણ ત્યાગ કરવો.

(૬) **આલાપ :** તેમનાં તરફના રાગને લીધે વારંવાર તેઓની સાથે વાતચીત કરવાનું મન થાય. તે સંલાપ કહેવાય તેનો પણ ત્યાગ કરવો.

## ૪૨૧. સમકિતથી પતિત ન થવા માટે છ આગાર

(૧) **રાજાભિયોગ :** કદાચ નગરનાં રાજા-મહારાજાનો આદેશ આવે કે અન્ય દેવનાં મંદિરમાં જવું છે મિથ્યાત્વીઓને જમાડવાના છે તો તેમાં મિથ્યાત્વ ન લાગે. કાર્તિકશેઠ ગેરિક તપાસની જેમ.

(૨) **ગણાભિયોગ :** સંપૂર્ણ ગામના માણસોનો મેળો જનસમૂહ દ્વારા કોઈ કાર્ય થતા હોય તે ગણાભિયોગ કહેવાય. એમાં કદાચ સામિલ થઈએ તો મિથ્યાત્વ ન લાગે.

(૩) **બલાભિયોગ :** ચોર, લશ્કર, લુંટારાનું નગર ઉપર દબાણ આવે છોડીને બધાની સાથે થવું પડે તો તે બલાભિયોગ. એમાં સામિલ થતાં મિથ્યાભાવ લાગતું નથી.

(૪) **દેવાભિયોગ :** ક્ષેત્રપાલાદિ દેવોનું દબાણ હોય, કુલ દેવતાનું દબાણ હોય કદાચ કાંઈક કરવું પડે તો તે દેવાભિયોગ કહેવાય એમાં પણ મિથ્યાત્વ લાગતું નથી.

(૫) **મહત્તર ગુરૂ નિગ્રહાભિ યોગ :** માતા-પિતા અથવા ગુરૂનો ઘણો જ આગ્રહ હોય, દબાણ હોય, તેનો કારણે મિથ્યાત્વનું સેવન કરવું પડે તો મિથ્યાત્વ લાગતું નથી.

(૬) **ભીષણકાંતાર વૃત્તિ :** આજીવિકા માટે ભયંકર મુશ્કેલી આવી પડે અથવા ભયંકર જંગલમાં કોઈ મુશ્કેલી આવી પડે અને મિથ્યાપણાનું સેવન કરવું પડે તો મિથ્યાત્વ લાગતું નથી. છતાં શાસ્ત્રકાર કહે છે દેવ ગુરૂ ધર્મ પ્રત્યે પોતાનું મન દઢ રાખવું. મનમાં એમનાં પ્રત્યે બહુમાન ભાવ રાખવો પછી પણ તકલીફ આવે તો આનાં માટે આ આગારો રાખેલા છે.

## ૪૨૨. સમકિતને દઢ બનાવવા માટે છ ભાવના

(૧) **ધર્મનું મૂળ :** સમકિત એ ધર્મનું મૂળ છે. જો મૂળ જ ન હોય તો વૃક્ષ ઉગે નહિ અને ફળ મળે નહિ તેમ સમકિતરૂપી મૂળ ન હોય તો મોક્ષરૂપી ફળ મળવું મુશ્કેલ છે.

(૨) **ધર્મનગરનું દ્વાર :** સમકિત એ ધર્મનગરનું દ્વાર છે. ગમે તેટલો ધર્મ

કરીએ પરંતુ જો સમકિત જીવનમાં ન હોય તો ધર્મ દ્વારમાં સાચો પ્રવેશ થઈ શકતો નથી માટે આ ધર્મનું દ્વાર સમકિત છે.

(૩) **ધર્મ મંદિરનો પાયો :** જેમ મહેલનો પાયો મજબૂત હોય તો ગમે તેટલી માળાની બિલ્ડીંગ હોય તો ટકી જાય છે. તેમ સમકિત એ ધર્મનો પાયો છે જેનું સમકિત દૃઢ હોય તેનાં ઉપર બાંધેલો ધર્મ મહેલ કોઈ દિવસ ખસે નહિ, પડે નહિ.

(૪) **ધર્મનો ભંડાર :** જેમ માણેક-મોતી-હીરા-પન્ના રાખવા માટે ભંડાર જોઈએ તેમ સર્વ ગુણોને રાખવા માટે સમકિત એ ધર્મનો ભંડાર છે.

(૫) **ધર્મનો આધાર :** જેમ સકલ પદાર્થનો આધાર પૃથ્વી છે. તેમ ઈન્દ્રિયોનો સંયમ વિગેરે ઉત્તમ ગુણોને ટકાવાનો આધાર સમકિત છે.

(૬) **ધર્મનું પાત્ર :** જેમ સુવર્ણ પાત્ર હોય તો જ સિંહણનું દૂધ ટકે તેમ શાસ્ત્ર અને સદાચાર રૂપી ધર્મને ટકાવવા માટે સમકિત પાત્રની અવશ્ય જરૂર પડે તેનાં વિના શાસ્ત્ર સદાચાર ટકવા મુશ્કેલ છે.

## ૪૨૩. સમકિતનો મૂળ પાયા સમાન છ સ્થાન

(૧) **આત્મા છે :** આત્મા એટલે ચેતના રૂપ નિશાની. જો આત્મા જ ન હોય તો ધર્મ ક્યાંથી થાય ધર્મ ન થાય તો મોક્ષ ક્યાંથી થાય માટે આત્મા અવશ્ય છે. એ સમકિતનો મૂળ પાયો છે.

(૨) **આત્માનિત્ય છે :** આત્મા નિત્ય છે તેથી જ સારા. ખોટાનો

વિચાર કરીને ધર્મ કરી શકે છે. આત્મા અખંડિત છે તે જ સમકિતનો પાયો છે.

(૩) **આત્મા કર્મોનો કર્તા છે :** આત્મા યોગોની મદદથી કર્મ સાથેનો સંબંધ રચે છે તેથી કર્તા કહેવાય. કુંભાર જેમ માટલાને ઘડે તેમ આત્મા કર્મોને ઘડે છે.

(૪) **આત્માભોક્તા છે :** આત્મા પુણ્ય-પાપનાં ફળોને ભોગવનારો છે. એટલે આત્મા જેવા કર્મ કરે તેવા ભોગવવા જ પડે છે. આ પ્રમાણે જો માન્યતા આવી જાય તો માત્ર ધર્મ કરવાથી સમકિત પાયો દૃઢ બનશે.

(૫) **આત્માનો મોક્ષ થાય છે :** જગતમાં આધિરૂપ મનનાં દુ:ખો છે અને વ્યાધિરૂપ શરીરનાં દુ:ખો છે તે દુ:ખોનો અંત લાવવો એ પણ આત્માનાં હાથમાં છે. દુ:ખોનો અંત તેજ આત્માનો મોક્ષ.

(૬) **મોક્ષ મેળવવાનો ઉપાય :** કોઈ પણ ઉપાય વિના કાર્યની સિદ્ધિ થઈ શક્તિ નથી. અહીં આગળ જો મોક્ષ મેળવવો હોય સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના અવશ્ય કરવી પડે. 'જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ:' જ્ઞાનની સાથે ક્રિયા જુડવાથી અવશ્ય મોક્ષ મેળવી શકાય માટે જે મોક્ષ માર્ગ બતાવ્યા છે તેનાં ઉપાય અવશ્ય કરવા જોઈએ.

## ૪૨૪. સમકિત ગુણનાં ફાયદા

- સમકિત પ્રાપ્ત થવાથી સંસારની સામગ્રી પ્રત્યે રાગ-દ્વેષ ઓછા થાય છે. અજીવ તો શું જીવ પ્રત્યે પણ દ્વેષભાવ ઓછો કરવો એ મહાન ફાયદો છે.

- જીવનમાં ચારે બાજુ અશાંતિમય વાતાવરણ છે. શાંતિ લાવવા માટે પ્રથમ સમકિત ગુણની અવશ્ય જરૂર પડે. કારણ કે તેને ખ્યાલ આવી જાય કે સાચી શાંતિ આમાં જ છે.
- સમકિતથી આપણું મન વિશુદ્ધ બને છે. સમભાવનું સુખ પ્રાપ્ત થાય છે. આ દુનિયામાં સમકિત ગુણની કોઈ હરીફાઈ કરી શકે તેમ નથી.
- સમકિત ધારી આતમાનો આદર્શ શુદ્ધ હોય, મોક્ષનો ધ્યેય હોય, નવતત્ત્વનો જાણકાર હોય, તત્ત્વાબોધ જાણેલ હોય ઉપાદેયની વહેંચણી જગતને સન્માર્ગ દર્શન કરાવવામાં આગેવાન હોય.

## ૪૨૫. સમકિતનાં ૬૭ બોલનું સામાન્ય વર્ણન

**(૧) ચાર શ્રદ્ધા :**

૧. નવતત્વો ઉપરની શ્રદ્ધા

૨. તત્વબોધ આપનાર ગીતાર્થની સેવા

૩. સમકિતથી પતિત થયેલાનો ત્યાગ

૪. અન્યદર્શની સાથે સંબંધનો ત્યાગ.

**(૨) ત્રણ લિંગ :**

૫. ધર્મ સાંભળવાની તીવ્ર ઇચ્છા

૬. ધર્મ ઉપર દૃઢ રાગ

૭. દેવ ગુરુ ધર્મની વૈયાવચ્ચ

**(૩) દશવિનય :**

૮. અરિહંત પ્રભુનો વિનય

૯. સિદ્ધ ભગવંતનો વિનય
૧૦. જિનપ્રતિમા-જિન મંદિરનો વિનય
૧૧. જૈન સિદ્ધાંત રૂપી શાસ્ત્રોનો વિનય
૧૨. દશ પ્રકારનાં મુનિધર્મનો વિનય
૧૩. સાધુ ભગવંતનો વિનય
૧૪. આચાર્ય ભગવંતનો વિનય
૧૫. ઉપાધ્યાય ભગવંતનો વિનય
૧૬. ચતુર્વિધ સંઘનો વિનય
૧૭. સમ્યકત્વ ગુણ-ગુણીનો વિનય

**(૪) ત્રણ શુદ્ધિ :**

૧૮. જિનવચન જ સાચુ એવી મનશુદ્ધિ
૧૯. સાચોસાર જિન વચનમાં છે એવાં વચન બોલવા.
૨૦. શાસન માટે શરીર ત્યાગની તૈયારી

**(૫) પાંચ દૂષણ :**

૨૧. જૈન ધર્મમાં શંકા રાખવી તે.
૨૨. બીજા ધર્મની ઈચ્છા રાખવી.
૨૩. આરાધનાનાં ફળમાં અવિશ્વાસ.
૨૪. મિથ્યામતિનાં ગુણનાં વખાણ.
૨૫. મિથ્યા ધર્મનો પરિચય કરવો.

**(૬) આઠ પ્રભાવક**

૨૬. સંપૂર્ણ શાસ્ત્રનાં જાણકાર હોય.

૨૭. ઉપદેશ દેવામાં અતિકુશળ હોય.

૨૮. વાદ કરવામાં કુશળ હોય.

૨૯. નિમિત્ત શાસ્ત્રનાં જાણકાર હોય.

૩૦. મહાતપસ્વી અભિગ્રહ ધારી હોય.

૩૧. મંત્રવિદ્યાનાં જાણકાર હોય.

૩૨. અંજનચૂર્ણ પ્રયોગના જાણકાર હોય.

૩૩. અર્થગંભીર કાવ્ય રચનાર હોય.

**(૭) પાંચ ભૂષણ :**

૩૪. ધર્માનુષ્ઠાનમાં કુશલ હોય.

૩૫. તીર્થ સેવા-ગીતાર્થ મુનિની સેવા.

૩૬. ધર્મથી ચલાયમાન ન થાય.

૩૭. દેવ ગુરૂની ભક્તિ કરનાર હોય.

૩૮. શાસન પ્રભાવના કરનાર હોય.

**(૮) પાંચ લક્ષણ :**

૩૯. વિરોધીઓ પ્રત્યે પણ ઉપશમભાવ હોય.

૪૦. મોક્ષસુખની ઇચ્છાવાળો હોય.

૪૧. સંસાર તરફ અણગમાવાળો હોય.

૪૨. દીનદુઃખી દેખીને દયાળુ બને.

૪૩. પરમાત્મા વચન પ્રત્યે દૃઢ વિશ્વાસ વાળો હોય.

**(૯) છ જયણા :**

૪૪. અન્ય દર્શનીઓને હાથ ન જોડવા.

૪૫. અન્ય દર્શનીઓને મસ્તક ન ઝુકાવવું.

૪૬. ભક્તિપૂર્વક અન્નાદિ ન દેવા.

૪૭. વારંવાર દાન ન આપવું.

૪૮. સામેથી બોલાવીને વાત ન કરવી.

૪૯. વારંવાર વાતચીત ન કરવી.

**(૧૦) છ આગાર :**

૫૦. રાજાનું દબાણ હોય તો છૂટ

૫૧. સમૂહ લોકોનું દબાણ હોય તો છૂટ

૫૨. ચોર-લૂંટારા આદિનું દબાણ હોય.

૫૩. દેવશક્તિનું દબાણ આવે તો.

૫૪. માતા-પિતા ગુરુનું દબાણ આવે તો.

૫૫. આજીવકાનો ભય હોય તો.

**(૧૧) છ ભાવના :**

૫૬. સમકિત ધર્મનું મૂળ છે.

૫૭. સમકિત ધર્મ નગરનું દ્વાર છે.

૫૮. સમકિત ધર્મ મંદિરનો પાયો છે.

૫૯. સમકિત ધર્મનો ભંડાર છે.

૬૦. સમકિત ધર્મનો આધાર છે.

૬૧. સમકિત ધર્મનો પાત્ર છે.

(૧૨) છ સ્થાન :

૬૨. આત્મા છે.

૬૩. આત્માનિત્ય છે.

૬૪. આત્મા કર્તા છે.

૬૫. આત્મા ભોક્તા છે.

૬૬. આત્માનો મોક્ષ થાય છે.

૬૭. મોક્ષનો ઉપાય આત્મા છે.

**સમકિતથી થતાં ફાયદા :**

- રાગ-દ્વેષ દૂર થઈ સાચી શાંતિ મળે છે.
- મન વિશુદ્ધ બની સમભાવનું સુખ પ્રાપ્ત થાય છે.
- સમકિત ગુણની હરિફાઈ ક્યાંય થઈ શકે તેમ નથી.

## ૪૨૬. 'ઉપસર્ગ' શબ્દની વિવેચના

(૧) **जीव उपसृज्यते सम्बध्यते पीडादिभिः ।**
**सह यस्मात् तत् उपसर्गः ॥**

➡ **ભાવાર્થ :** જેના વડે જીવ પીડાની સાથે સંબંધોવાળો થાય છે તે ઉપસર્ગ કહેવાય.

(૨) **उपसरंति इति उपसर्गः :** જે પાસે આવે છે અને પીડીત કરે છે તે ઉપસર્ગ.

(૩) **उवसृजन्ति वा अनेन उपसर्गो :** જે કષ્ટનું ઉપસર્જન કરે છે એટલે જે કષ્ટને ઉત્પન્ન કરે છે તે ઉપસર્ગ.

(૪) **उपसृज्यते-क्षिप्यते व्याव्यते प्राणी धर्मादिभिरित्युपसर्गाः** જે પ્રાણીને ધર્મથી ખેંચી લે છે રમત કરે છે તે ઉપસર્ગ.

(૫) **उपसर्ग उपद्रवः :** ઉપસર્ગ એટલે ઉપદ્રવ.

(૬) **उपसर्गान् देवादिकतान् उपद्रवान् :** દેવો વિગેરે કરેલો ઉપદ્રવ તે ઉપસર્ગ.

(૭) **दिव्वेयजे उवसग्गे, तहा तिरिच्छ माणुस्से ।**
**जे भिक्खू सहइनिच्चं, से न अच्छइ मण्डले ॥**

➡ **ભાવાર્થ :** જે ભિક્ષુ, દેવતા, તિર્યંચ, મનુષ્યો એ કરેલા ઉપસર્ગોને નિત્ય સહન કરે તેને સંસારરૂપી મંડલમાં પરિભ્રમણ કરવું પડતું નથી. (ઉત્તરાધ્યયન સૂત્ર)

## ૪૨૭. દ્યુતિ મુનિની પ્રથમ દેશના

➡ દશરથનાં પુત્ર રામ-લક્ષ્મણ જ્યારે વનવાસ જાય છે ત્યારે ભરત દ્યુતિ મુનિની દેશના સાંભળે છે. તે આ પ્રમાણે

૧. જે રાત્રિ ભોજન કરતા નથી તે સદગતિને પ્રાપ્ત કરે છે.

૨. જે ત્રણે કાળ અરિહંતનાં દર્શન કરે તે ઘણાં પાપો નાશ કરે છે.

૩. જે સુગંધી પુષ્પોથી પૂજા કરે છે તે દિવ્ય વિમાનનાં સુખોને પ્રાપ્ત કરે છે.

૪. જે નિર્મલ ભાવરૂપ પુષ્પોથી પૂજા કરે તે સુંદર દેહવાળો લોકમાં યશ પ્રાપ્ત કરે.

૫. જે જિનેશ્વરને ધૂપ કેસર ચંદન ચડાવે તે ઉત્તમ દેવોનો અધિપતિ બને.

૬. જે જિનભવનમાં દીપક આપે છે તે સૂર્ય સરખા દેવ વિમાનમાં ઉપજે છે.

૭. જે દર્પણ, છત્ર, ચામર, ધ્વજા, સિંહાસન, કળશ, રથ આદિ અર્પણ કરેલો તે જીવ વાસ્તવમાં શ્રેષ્ઠ લક્ષ્મી પતિ બને છે.

૮. જે જિનેશ્વરને વિલેપન કરે છે તે લાંબા કાળ સુધી વિમાનનાં સુખને પામે છે.

૯. જે સુગંધી જલથી અભિષેક કરે છે. તે પુરુષ મહાન બની અભિષેક પ્રાપ્ત કરે છે.

૧૦. જે દૂધથી પ્રભુનો અભિષેક કરે છે તે દૂધ સરખા વિમાનમાં સુખ પ્રાપ્ત કરે છે.

૧૧. જે દહી દ્વારા પ્રભુનો અભિષેક કરે છે તે ઋદ્ધિ સંપન્ન દેવ થાય છે.

૧૨. જે ધૃત દ્વારા પ્રભુનો અભિષેક કરે છે તે સુગંધી દેહવાળો દેવ થાય છે.

૧૩. જે નૈવેદ્ય બલિ વિગેરે ચડાવે છે તે પરમવિભૂતિની સાથે શુદ્ધ આરોગ્ય પ્રાપ્ત કરે.

૧૪. જે વાંજીત્ર-નાટ્ય, મધુરધ્વનિ ગીતો કરે તે શ્રેષ્ઠ વિમાનમાં ઉત્તમ દેવ બને.

૧૫. જે ઉત્તમ જિનભવનનું નિર્માણ કરાવે તે દેવ સમૂહથી અભિનન્દન પ્રાપ્ત કરે.

૧૬. જે જિન પ્રતિમા ભરાવીને પધરાવે તે દેવ-મનુષ્યનાં સુખો પ્રાપ્ત કરી મોક્ષને પ્રાપ્ત કરે છે. (પઉમચરિયમ્ પર્વ-૩૨)

## ૪૨૮. ધુતિ મુનિની બીજી દેશના

➻ હે ભરત ! જિનેશ્વર પરમાત્માને ભક્તિભાવ પૂર્વક દર્શન વંદન કરવાથી અનેકગણો લાભ થાય છે તે આ પ્રમાણે

(૧) જિનેશ્વર પરમાત્માને જે મનથી દર્શનની ઇચ્છા કરે તેને : ૧ ઉપવાસનો લાભ

(૨) જિનેશ્વર પ્રભુને વંદન કરવા માટે ઉભો થાય એટલે : ૨ ઉપવાસનો લાભ

(૩) પ્રભુનાં દર્શન માટે ચાલવાનો પ્રારંભ કરે તેને : ૩ ઉપવાસનો લાભ

(૪) પ્રભુનાં દર્શન માટે મૌન પૂર્વક ચાલતો હોય ત્યારે : ૪ ઉપવાસનો લાભ

(૫) પ્રભુનાં દર્શન માટે થોડું ચાલ્યા એટલે : ૫ ઉપવાસનો લાભ

(૬) પ્રભુનાં દર્શન માટે અડધો રસ્તો કાપ્યો એટલે : ૧૫ ઉપવાસનો લાભ

(૭) પ્રભુનાં દર્શને જતાં જિનમંદિરેને જોયું એટલે : ૩૦ ઉપવાસનો લાભ.

(૮) પ્રભુનાં દર્શન માટે જિનભવનમાં પ્રવેશ કર્યો એટલે : ૭ માસનાં ઉપવાસ

(૯) 'જિનેશ્વરનાં દ્વારમાં પ્રવેશ કરી જિનેશ્વરને જોતાં : ૧ વર્ષનાં ઉપવાસ

(૧૦) જિનેશ્વરનાં જિનાલયને પ્રદક્ષિણા દેતાં : ૧૦૦ વર્ષ ઉપવાસ

(૧૧) જિનેશ્વર પ્રભુનાં સામે ઉભા રહી હાથ જોડી મસ્તકનમાવી સ્તુતિ કરતા ૧૦૦૦ ઉપવાસનો લાભ પ્રાપ્ત થાય છે. આનાંથી ચડિયાતો કોઈ ઉત્તમધર્મ નથી. (પઉમચરિયમ્ પર્વ-૩૨)

## ૪૨૯. દેશનાનો પ્રભાવ ભરત રાજા ઉપર

- મુનિશ્વરે કહ્યું કે પ્રભુભક્તિ કરવાથી તથા વ્રતને ગ્રહણ કરવાથી ચારિત્ર મોહનીય કર્મ પાતળું પડે છે માટે જેમ રત્નદીપે ગયેલો માનવ રત્ન ગ્રહણ કરીને અત્યંત મૂલ્યવાળો બને છે તેમ તમારે પણ જીવનમાં કોઈપણ નિયમ રત્નગ્રહણ કરવાં જોઈએ ?
- મુનિવરની દેશના સાંભળી ભરતે અભિગ્રહ ધારણ કર્યો કે રામનાં દર્શન કર્યા પછી મારે પ્રવજયા (દીક્ષા) ગ્રહણ કરવી અને જ્યાં સુધી દીક્ષા ગ્રહણ ન થાય ત્યાં સુધી શ્રાવકનાં વ્રતો (દેશ વિરતિ) સ્વીકાર કર્યો.

(પઉમચરિયમ્ પર્વ-૩૨)

## ૪૩૦. ઉપદેશમાળા ગ્રંથમાં આવતી કથાઓ

| | |
|---|---|
| ૧. ચંદનબાળા | ૪. સાગરચંદ્ર રાંજા |
| ૨. સંબાધન રાજા | ૫. પ્રસન્નચંદ્ર રાજા |
| ૩. ભરતચક્રી | ૬. બાહુબળી |

૭. સનત્ચક્રી

૮. ઉદાયીરાજા

૯. જા સા સા સા કથા

૧૦. મૃગાવતી

૧૧. જંબુસ્વામી

૧૨. ચિલાતી પુત્ર

૧૩. ઢંઢણ ઋષિ

૧૪. સ્કંધકાચાર્ય શિષ્ય

૧૫. હરિકેશી મુનિ

૧૬. વજ્રસ્વામી

૧૭. નંદિષેણ મુનિ

૧૮. ગજસુકુમાલ

૧૯. સ્થૂલભદ્ર સ્વામી

૨૦. સિંહ ગુફાવાસી

૨૧. પીઠ-મહાપીઠ

૨૨. તામલી તાપસ

૨૩. શાલીભદ્ર શેઠ

૨૪. અવંતીસુકુમાલ

૨૫. મેતાર્યમુનિ

૨૬. કાલિકાચાર્ય

૨૭. દત્તમુનિ

૨૮. કેશીગણધર

૨૯. કાલિકાચાર્ય

૩૦. વીર પ્રભુનો પૂર્વભવ

૩૧. બળદેવરથકાર

૩૨. પૂરણતાપસ

૩૩. વરદત્તમુનિ

૩૪. ચંદ્રાવતંસકરાજા

૩૫. કામદેવશ્રાવક

૩૬. દ્રમક

૩૭. દૃઢ પ્રહારી

૩૮. સહસ્રમલ્લ

૩૯. સ્કંદકકુમાર

૪૦. ચુલણી રાણી

૪૧. કનકકેતુ રાજા

૪૨. કોણિક રાજા

૪૩. ચાણક્ય

૪૪. પરશુરામ

૪૫. આર્યમહાગિરિ

૪૬. મેઘકુમાર

| | | | |
|---|---|---|---|
| ૪૭. | સત્યકી વિદ્યાધર | ૫૮. | શશીપ્રભ રાજા |
| ૪૮. | શ્રીકૃષ્ણ રાજા | ૫૯. | ત્રિદંડી કથા |
| ૪૯. | ચંડરૂદ્રાચાર્ય | ૬૦. | સુલસકથા |
| ૫૦. | અંગારમર્દકાચાર્ય | ૬૧. | નંદિષેણ મુનિ |
| ૫૧. | પુષ્પચૂલા | ૬૨. | પુલિંદભિલ્લ |
| ૫૨. | અર્ણિકાપુત્રાચાર્ય | ૬૩. | કપટયક્ષ |
| ૫૩. | મરૂદેવી માતા | ૬૪. | જમાલિકથા |
| ૫૪. | સુકુમાલિકા | ૬૫. | કંડરિકપુંડરિક |
| ૫૫. | મંગુસૂરિ | ૬૬. | ચંડાલકથા |
| ૫૬. | ગિરિશુક-પુષ્પશુક | ૬૭. | દર્દુરાંકદેવ |
| ૫૭. | સેલકાચાર્ય | ૬૮. | કૂર્મ કથા. |

(ઉપદેશમાળાં)

## ૪૩૧. ચમરેન્દ્ર દેવનો પૂર્વભવ

- વિંધ્યાચલ પર્વત પાસે પેઢાલ ગામમાં પૂરણ શેઠ રહેતા તે વૈરાગ્ય વાસિત થવાથી પોતાનાં પુત્રને ઘરનો ભાર સોંપી તાપસી દીક્ષા લીધા. ભિક્ષા માટે ચતુષ્કોણ વાળુ પાત્ર બનાવેલ. છઠને પારણે છઠ કરી પારણામાં જે ભિક્ષા આવે તે પ્રથમ ખંડની ભિક્ષા પક્ષીઓને આપે બીજા ખંડની ભિક્ષા મત્સ્યને આવે. ત્રીજા ખંડની ભિક્ષા સ્થલચરને આપે અને ચોથા ખંડની ભિક્ષા પોતે વાપરે. આવી રીતે અજ્ઞાનકષ્ટને બાર વર્ષ સુધી સહન કરી અંતે અનશન

કરી કાલધર્મ પામી અંતે ચમરચંચા રાજધાનીમાં ચમરેન્દ્ર બન્યો. (આવો તપ જિનશાસનમાં ક્રિયાપૂર્વક કર્યો હોત તો મોક્ષ થઈ જતો)

**(ઉપદેશમાળા ગા.-૧૦૯)**

## ૪૩૨. 'મંગલ' શબ્દનો અર્થ

- **मां गालयइ भवाओ मंगलमिहेवमाइ नेरुत्ताः।**

  **ભાવાર્થ :** માં એટલે મને જે પાપથી ગાળીનાંખે છે તે મંગલ કહેવાય છે.

- **मां गालयति भवादिति मंगलं संसारदपनीयतीत्यर्थः ।**
  **अथवा मा भूत शास्त्रस्य गलो विघ्नो अस्मादिति ॥**

  **ભાવાર્થ :** મને ભવથી એટલે સંસારથી દૂર કરે છે એટલા માટે તે મંગલ છે અથવા ગલ એટલે વિઘ્ન. શાસ્ત્રનાં પ્રારંભમાં અમને વિઘ્ન ન થાય: માટે મંગલ. **(વિશેષાવશ્યકભાષ્ય)**

- **मा गलो भूदिति मंगलम् :** જે ગલ એટલે વિઘ્નનો નાશ કરે તે મંગલ.
- **मद्यान्ति हृष्यन्ति अनेनेति मंगलम् :** જેના વડે પ્રસન્નતા થાય તે મંગલ.
- **महान्ते पूज्यन्तेऽनेनेति मंगलम् :** જેના વડે પૂજા થાય તે મંગલ.
- **मंगिज्जएऽधिगम्मइ जेणहियं तेण मंगलं होई ।**
  **अहवामंगो धम्मो तं लाइ तयं समादत्ते ॥**

  **ભાવાર્થ :** જેનાં દ્વારા હિતની માંગણી કરવામાં આવે છે અને પ્રાપ્તિ થાય છે તે મંગલ કહેવાય. અથવા મંગલનો અર્થ ધર્મ થાય અને જે ધર્મ પ્રાપ્ત કરે તે મંગલ કહેવાય.

## ૪૩૩. શ્રાવણ સુદ પૂર્ણિમાની સાત અજાયબીઓ

(૧) **પ્રથમ અજાયબી :** જંબુદ્વીપમાં અપરવિદેહમાં ચંપાનગરીમાં સુરશ્રેષ્ઠ નામનો રાજા-નંદનમુનિની દેશના સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લઈ વીશસ્થાનકતપની આરાધના તીર્થંકર નામકર્મ બાંધેલ. આયુપૂર્ણ કરી પ્રાણત દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને રાજગૃહી નગરીમાં સુમિત્ર રાજાને ઘેર પદ્માવતી રાણીની કુક્ષીમાં સુરશ્રેષ્ઠનો જીવ શ્રવણ નક્ષત્રે શ્રાવણસુદ પૂર્ણિમાનાં દિવસે આવેલ. પદ્માવતી રાણીએ ૧૪ સ્વપ્ન દેખેલ. એટલે વીસમાં તીર્થંકર મુનિસુવ્રતસ્વામીનું ચ્યવનકલ્યાણક શ્રાવણસુદ પૂર્ણિમાના દિવસે થયેલ

(૨) **બીજી અજાયબી :**

**एवं नवमे मासे संपुण्णे सावणसंगए चांद सावण पंचदशीए सुयाणजुयलं पभूयासा ( पउमपरिचम् पर्व-९७ )**

વીસમાં તીર્થંકર મુનિ સુવ્રતસ્વામીનાં શાસનમાં જન્મ પામેલા દશરથનાં પુત્ર રામ તેમની પત્ની સીતાનો જ્યારે જંગલમાં ત્યાગ થયો ત્યારે તે સીતા પુંડરીકપુરમાં પહોંચી ત્યાં આગલ નવમાસ પરિપૂર્ણ થતાં શ્રાવણસુદ પૂર્ણિમાનાં દિવસે સીતામહાસતીએ પુત્ર યુગલને જન્મ આપેલ. એકનું નામ અનંગલવણ અને બીજાનું નામ મદનાંકુશ બંને પુત્રો અમૃત રસ અણગાર પાસે દીક્ષા લઈ મોક્ષે ગયેલા. એટલે રામચંદ્રજીનાં બંને પુત્રો લવ અને કુશ શ્રાવણસુદ પૂર્ણિમાનાં દિવસે જન્મેલાં.

(૩) **ત્રીજી અજાયબી :** વિ.સં. ૧૯૦૧માં મુનિ શ્રી શુભવિજયજીનાં શિષ્ય મુનિશ્રી વીરવિજયજી મહારાજાએ રાજનગર

(અમદાવાદ)માં પ્રભુવીરનાં ૨૭ ભવની પાંચ ઢાળની રચના શ્રાવણસુદ પૂર્ણિમાનાં દિવસે પૂર્ણ કરેલ.

**ओगणीस एके वरस छेके श्रावणपूर्णिमा वरो**
**थुण्योलायक विश्वनायक, वर्धमान जिनेश्वरो**
**संवेग रंग तरंग झीले, जस विजय समता धरो**
**शुभविजय पंडित चरण, सेवक, वीरविजय जयकरो**

(૪) **ચોથી અજાયબી :** અમદાવાદમાં માણેકચોકની પાસે ખેતર પાલની પોળમાં પિતા મનસુખલાલ માતા ઉજમબેન હતા. ઉજમબેનનું ગામ વળાદમાં વિ.સં. ૧૯૧૧ શ્રા.સુ. પૂર્ણિમાનાં દિવસે પુત્ર ચુન્નીલાલને જન્મ આપ્યો. કુલ એમને છ પુત્રો ૧ પુત્રી એમાં છેલ્લાં ચુન્નીલાલ હતા. ચંદનબેન સાથે એમનાં લગ્ન થયા. ૨૩ વર્ષની ઉંમરે દીક્ષાની તીવ્ર ભાવના. પરિવારનો સખ્ત વિરોધ હોવા છતા ઝાંપડાની પોળમાં જઈ પોતાની મેળે સાધુ વેશ પહેરી લીધો. પછી મણિવિજય દાદાએ ૧૯૩૪ જે.વ. ૨ નાં દિવસે દીક્ષા થયેલ મુનિ સિદ્ધિવિજય નામ રાખેલ. ગુરુઆજ્ઞાથી ખરતરગચ્છનાં રત્ન સાગરજીની સેવામાં ૮ વર્ષ રહ્યા. ૧૯૭૫ વસંત પંચમી મહેસાણામાં આચાર્ય પદ પામેલ. ૭૨ વર્ષની ઉંમરે વર્ષીતપનો પ્રારંભ થયેલ. ૧૦૫ વર્ષ સુધી વર્ષીતપ ચાલુ રાખેલ. ૧૦૫ ડિગ્રી તાવ હોવા છતાં તપ ન છોડેલ. ૧૦૦૦ દીક્ષા એમનાં હાથે થયેલ.

(૫) **પાંચમી અજાયબી :** ગુજરાત બનાસકાંઠામાં ભાભર ગામ પિતા માનચંદ રોળીયા માતા જડાવબેને વિ.સં. ૧૯૩૮ શ્રા.સુ. ૧૫નાં દિવસે પુત્રનો જન્મ આપેલ. નામ ત્રિભુવનભાઈ રાખેલ. ૧૯૬૭

વૈ.સુ. ૬ની દીક્ષા. ઉપવાસનાં પારણે ઉપવાસ જીવનભર. દીક્ષા વખતે ૧૨૪ બેલગાડીઓ ૧૨૮ ઉંટ-ઘોડા આવેલ. પં. સિદ્ધિ વિજયજીએ વડી દીક્ષા છાણીમાં આપેલ.

(૬) **છઠ્ઠી અજાયબી :** વિ.સં. ૧૯૭૧માં થરાદ પાસે પાવડગામમાં શ્રાવણ સુદ પૂર્ણિમાનો જન્મ થયેલ. પિતા સગથાચંદ માતા પાર્વતીબેન. પુત્ર-હાલચંદ ગામમાં ન દેરાસર ન ઉપાશ્રય. સા. સૌભાગ્ય શ્રી વિહાર કરી પધાર્યા. પ્રતિક્રમણમાં દૂર બેસીને પૃથ્વીચંદ્ર ગુણસાગરની સજ્ઝાય સાંભળી અને ભ.મહાવીરનાં ૨૭ ભવનું પુસ્તક વાંચી વૈરાગ્ય થયો. પાલીતાણામાં દીક્ષા. મહિના પછી ઘેર સમાચાર, હર્ષ, જ્યોતિષ શિલ્પ શાસ્ત્રમાં નિષ્ણાંત હતા. જેઓ આચાર્ય દેવ શ્રી શાંતિચંદ્રસૂરિજીનાં શિષ્ય બની આચાર્ય સોમચંદ્રસૂરિપટ્ટ નામે પ્રસિદ્ધ થયા. જેઓ એ સરી યદમાં દીક્ષાનો માર્ગ ખોલેલ.

(૭) **સાતમી અજાયબી :** મરૂધર દેશનાં જાલોર જિલ્લામાં આવેલા માલવાડા ગામમાં પિતા ઉત્તમચંદ માતા રંગુબેનની કુક્ષીથી વિ.સં. ૨૦૧૫ શ્રા.સુ. પૂનમનાં દિવસે પુત્રનો જન્મ થયેલ. પુત્રનું નામ ખુશાલચંદ રાખેલ. દીક્ષાની ભાવના ગુણરત્નસૂરિજીની શિબીરમાં થયેલ. દીક્ષા દાતા-પરિવારનાં સંબંધી રત્નશેખર સૂરિ માલવાડામાં ત્રણે પદવી દાતા. કલિકુંડ તીર્થમાં તીર્થોદ્ધારક આ.વિ. રાજેન્દ્રસૂરિજી મ.સા. દીક્ષા વખતે મુનિ રત્નેન્દ્રુવિજયજી અને આચાર્ય બન્યા પછી આચાર્ય શ્રી રત્નાકર સૂરિજી નામે પ્રસિદ્ધ થયેલા.

**विहि पडिवन्न चरित्तो, गीयत्थो वच्छल्लो सुसीलोय**
**सेविय गुरुकुलवासो, अणुयति परो गुरु भणिओ ॥९३॥**
**- संबोध प्रकरण**

**ભાવાર્થ :** હરિભદ્રસૂરિજી એ સંબોધ પ્રકરણ ગ્રંથમાં આચાર્ય ભગવંતનાં છ ગુણો બતાવેલા છે. (૧) વિધીપૂર્વક ચારિત્ર ગ્રહણ કરવાવાળા (૨) ગીતાર્થ-સૂત્ર અને અર્થનાં જાણકાર (૩) વાત્સલ્ય -દરેક જીવોપ્રતિ વાત્સલ્ય ભાવવાળા (૪) સુશીલો-જીવનમાં આચારને પ્રધાનતા આપવાવાળા (૫) ગુરુકુલવાસ-જીવનભર ગુરુની સાથે રહી ગુરુ સેવા કરવાવાળા (૬) અણુપતિ પરો-શિષ્યનાં સ્વભાવને અનુકુળ બનીને શિષ્યનાં આત્મ કલ્યાણ કરવા વાળા શિષ્યની જેવી યોગ્યતા હોય તેવો સદભાવ ઉપદેશ આપી એમને ચારિત્રમાં સ્થિર રાખવાવાળા ગુરુ અનુવર્તક કહેવાય. આજ છ ગુણો આ રત્નાકરસૂરિજીમાં પણ ઘટે છે.

(સંગ્રહકાર-ઉપાધ્યયશ્રી રત્નત્રય વિજય)

## ૪૩૪. મોક્ષનાં પર્યાયવાચી શબ્દો

૧. **પંથ :** દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનો પંથ છે.
૨. **માર્ગ :** આત્મ કલ્યાણનો માર્ગ છે.
૩. **ન્યાય :** બધા અન્યાયો દૂર થવાથી સાચો ન્યાય મળે છે.
૪. **વિધી :** દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના વિધી પૂર્વક કરવી.
૫. **ધૃતિ :** રત્નત્રયીની આરાધના ધીરજતાસાથે કરવી.
૬. **સુગતિ :** બધી ગતિઓમાં શ્રેષ્ઠ ગતિ મોક્ષ છે.
૭. **હિત :** આત્માનાં હિતક કાર્યો સાચુ હિત અપાવે.

૮. **સુખ :** જ્યાં ક્ષણ માત્ર દુઃખ નહિ તે સાચુ સુખ છે.
૯. **પથ્ય :** ધર્મની સાચી આરાધનાનું પથ્ય મોક્ષ છે.
૧૦. **શ્રેય :** મોહનીય કર્મનો ક્ષય થવાથી સાચુ શ્રેય મળે.
૧૧. **નિવૃત્તિ :** સંસારથી નિવૃત્તિ તેજ સાચી નિવૃત્તિ.
૧૨. **નિર્વાણ :** ચાર ઘાતી ચાર અઘાતી કર્મ ખપ્યા પછી નિર્વાણ.
૧૩. **શિવ :** શૈલેષી અવસ્થા પ્રાપ્ત થયા પછી શિવપદ. (સૂયગડાંગ સૂત્ર)

## ૪૩૫. ભદ્રબાહુસ્વામીની વિદ્વત્તા

**वंदामिभद्रबाहुं, पाईणं चरिणसयल सुयनाणी ।**
**सुत्तस्स कारगमिर्सिं, दसासुय कप्पे य ववहारो ॥**

➾ **ભાવાર્થ :** સંપૂર્ણ શ્રુતનાં જાણકાર, દશા શ્રુત કલ્પ, કલ્પસૂત્ર અને વ્યવહાર સૂત્રની રચના કરવાવાળા એવા પ્રાચીન ગોત્રવાળા મહર્ષિ ભદ્રબાહુ સ્વામીને હું વાંદું છું. (દશાશ્રુત સ્કંધચૂર્ણી)

**श्री भद्रबाहवेः प्रीत्यैः सूरिः शौरिरिवास्तु सः ।**
**यस्मात् दशानां जन्मासीत्, निर्युक्तौ नाम्चाभिव ॥**

➾ **ભાવાર્થ :** જેમ શૌરીએ દશ દશાર્હોને જન્મ આપેલ તેમ ભદ્રબાહુ સ્વામીએ દશ નિર્યુક્તિઓને જન્મ આપેલ એવાં ભદ્રબાહુસ્વામી તમારી પ્રિતિ માટે થાઓ. (અમમ ચરિત્ર)

**श्री कल्पसूत्रममृतं विबुधोपयोग योग्यं जरामरण दारुण दुःखहारि ।**
**येनोद्धृतं पतिमतामथितात् श्रुताब्धेः श्री भद्रबाहु गुरवे प्रणतोस्मि तस्मै ॥**

➾ **ભાવાર્થ :** શ્રી મતિધરે શ્રુતસાગરનું મંથન કરી જન્મ અને મરણ એવાં દારૂણ દુઃખોને હરણ કરનારું. પંડિતો તેમજ દેવતાઓને કામનું એવું કલ્પસૂત્ર નામનું અમૃત ઉત્પન્ન કર્યું છે. તે ભદ્રબાહુસ્વામી ને હું નમસ્કાર કરૂં છું.

**अपश्चिम पूर्वभृतां द्वितीयः श्री भद्रबाहुश्च गुरुः सिवा य ।**
**कृत्वोपसर्गादिहरहत्त्वं यो, ररक्ष संघं धरणार्चिताह्निः ॥१३॥**
**निर्मूढ सिद्धान्त पयोधिराय, स्वर्यश्च वीरात् खगेन्दु वर्षे ।**

**ભાવાર્થ :** આ યશોભદ્રસૂરિનાં બીજા પટ્ટધર, છેલ્લાં પૂર્વધર, ઉપસર્ગ સ્તોત્ર રચીને સંઘરક્ષાકરનાર, ધરણેન્દ્રથી પૂજીત, સિદ્ધાંત સાગરને વહન કરનાર, વી.સં. ૧૭૦માં દેવ થયા છે એવા ભદ્રબાહુ ગુરુ કલ્યાણને માટે થાઓ. (મુનિસુંદર ગુર્વાવળી)

**वंदामि भद्दबाहुं जेणय अईरसियं बहु कलाकलियं ।**
**रइयं सपाय लक्खं, चरियं वसुदेव रायस्स ॥**

**ભાવાર્થ :** જેમણે અતિરસિક અને કલાઓથી પૂર્ણ એવું ૧,૨૫,૦૦૦ શ્લોક પ્રમાણ વસુદેવ ચરિત્ર રચ્યું છે એવાં ભદ્રબાહુ સ્વામીને હું વાંદું છું. (જૈન પરંપરા ઈતિહાસ)

## ૪૩૯. ઉવસગ્ગહરં સ્તોત્ર ઉપરની ટીકા

ઉવસગ્ગહરં સ્તોત્રની રચના ભદ્રબાહુ શ્રુતકેવળીએ કરેલ જેનાં ઉપર વિવિધ આચાર્ય ભગવંતે ૯ ટીકાઓ રચેલ છે.

૧. **બૃહદવૃત્તિ :** જેનાં કર્તાનો ઉલ્લેખ મળતો નથી. તેમ એ વૃત્તિ પણ મળતી નથી. માત્ર આ. ચંદ્રસૂરિએ પોતાની લઘુવૃત્તિમાં આ બૃહદવૃત્તિનો ઉલ્લેખ કરે છે.

૨. **લઘુવૃત્તિ :** આ ટીકા બારમી સદીમાં બની છે જેના કર્તા ચંદ્રસૂરિ છે.

૩. **લઘુવૃત્તિ :** આ ટીકા તેરમી સદીની શરૂઆતમાં બનેલી છે.

૪. **વ્યાખ્યા :** આ ટીકા ચૌદમી સદીમાં જિનપ્રભસૂરિએ બનાવેલ છે.

૫. **વૃત્તિ :** આ ટીકા પંદરમી સદીમાં જય સાગરસૂરિએ રચેલ છે.

૬. **વૃત્તિ :** આ ટીકા સત્તરમી સદીમાં હર્ષકીર્તિસૂરિએ રચેલી છે.

૭. **વ્યાખ્યા :** આ ટીકા અઢારમી સદીમાં સિદ્ધિચંદ્રગણીએ રચેલ છે.

૮. **લઘુવૃત્તિ :** જૈન ગ્રંથાવળીમાં દર્શાવેલ લગુવૃત્તિનાં ૮૫૦ શ્લોક છે.

૯. એક અજ્ઞાત કૃતિ પૂના અવચૂરિના ભાંડારકર ઇન્સ્ટીટ્યૂટરમાં છે.

(જૈન પરંપરા ઈતિ.)

## ૪૩૭. ભદ્રબાહુ સ્વામીએ રચેલી નિર્યુક્તિઓ

| ગ્રંથનામ | | શ્લોક | ગ્રંથનામ | | શ્લોક |
|---|---|---|---|---|---|
| ૧. આવશ્યક નિર્યુક્તિ | - | ૨૫૫૦ | ૧૨. દશાશ્રુતસ્કંધ મૂળ | - | ૧૮૩૦ |
| ૨. દશવૈકાલિકનિર્યુક્તિ | - | ૪૪૫ | ૧૩. પંચકલ્પ મૂળ | - | ૧૧૩૩ |
| ૩. ઉત્તરાધ્યયન નિર્યુક્તિ | - | ૬૭૭ | ૧૪. બૃહદકલ્પ મૂળ | - | ૪૭૩ |
| ૪. આચારાંગ નિર્યુક્તિ | - | ૩૬૨ | ૧૫. પિંડનિર્યુક્તિ | - | ૭૦૮ |
| ૫. દશાશ્રુત નિર્યુક્તિ | - | ૧૪૪ | ૧૬. ઓઘનિર્યુક્તિ | - | ૧૧૬૪ |
| ૬. સૂયગડાંગનિર્યુક્તિ | - | ૨૦૮ | ૧૭. પર્યુષણાકલ્પ | - | ૬૮ |
| ૭. બૃહદકલ્પસૂત્ર નિર્યુક્તિ | - | ૬૨૫ | ૧૮. સંસક્ત નિર્યુક્તિ | - | ૬૪ |
| ૮. વ્યવહારસૂત્ર નિર્યુક્તિ | - | અપ્રાપ્ય | ૧૯. ઉવસગ્ગહરં સ્તોત્ર | - | ૫ |
| ૯. સૂર્યપ્રજ્ઞપ્તિ નિર્યુક્તિ | - | અપ્રાપ્ય | ૨૦. વસુદેવ ચરિયં | - | ૧,૨૫,૦૦ |
| ૧૦. ઋષિભાષિત નિર્યુક્તિ | - | અપ્રાપ્ય | ૨૧. ભદ્રબાહુ સંહિતા | | |
| ૧૧. વ્યવહારસૂત્ર મૂળ | - | ૩૭૩ | | | |

(જૈન પરંપરા ઈતિહાસ)

## ૪૩૮. અકબર બાદશાહની ઋદ્ધિ

| | | | |
|---|---|---|---|
| ૧. હાથી | - ૧૬૦૦૦ | ૧૮. નગારા | - ૮,૦૦૦ |
| ૨. ઘોડા | - ૯ લાખ | ૧૯. મદનભેર | - ૫,૦૦૦ |
| ૩. રથ | - ૨૦,૦૦૦ | ૨૦. ધ્વજાઓ | - ૭,૦૦૦ |
| ૪. પાયદળ | - ૧૮ લાખ | ૨૧. બિરૂદાવાળી | - ૫૦૦ |
| ૫. હરિણ | - ૧૪,૦૦૦ | ૨૨. વૈદ્યો | - ૩૦૦ |
| ૬. ચિત્તા | - ૧૨,૦૦૦ | ૨૩. મદ્ય બનાવનાર | - ૩૦૦ |
| ૭. વાઘ | - ૫૦૦ | ૨૪. સુથાર | - ૧,૬૦૦ |
| ૮. શકરા | - ૧૭,૦૦૦ | ૨૫. આભૂષણ પહેરવનાર | -૮૬ વ્યક્તિઓ |
| ૯. બાજ | - ૨૨,૦૦૦ | ૨૬. મર્દન કરવા વાળા | -૮૬ વ્યક્તિઓ |
| ૧૦. ગાવાવાળા | - ૭,૦૦૦ | ૨૭. શાસ્ત્ર વાંચનાર | - ૩૦૦ |
| ૧૧. ગાવાવાળી | - ૧૧,૦૦૦ | ૨૮. વાંજીત્રો વગાડનારા | - ૩૦૦ |
| ૧૨. પંડિતો | - ૫૦૦ | ૨૯. કૂતરા | - ૨૦,૦૦૦ |
| ૧૩. મોટા પ્રધાનો | - ૫૦૦ | ૩૦. વાઘરી | - ૨૦,૦૦૦ |
| ૧૪. કારકુનો | - ૨૦,૦૦૦ | | |
| ૧૫. ઉમરાવો | - ૧૦,૦૦૦ | | |
| ૧૬. સુખાસન | - ૧૬,૦૦૦ | | |
| ૧૭. પાલખી | - ૮,૦૦૦ | | |

(હીરવિજયસૂરિશ્વર - સમ્રાટ)

## ૪૩૯. પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનોમાં શું આવે

(૧) **પ્રથમ દિવસ :** શ્રાવકનાં પાંચકર્તવ્યોનું વર્ણન.

(૨) **દ્વિતીય દિવસ :** શ્રાવકનાં વાર્ષિક ૧૧ કર્તવ્યોનું વર્ણન

(૩) **તૃતીય દિવસ :** પૌષધનો મહિમા, પૌષધનાં ૧૮ દોષોનું વર્ણન.

(૪) **ચતુર્થ દિવસ (પ્રથમ વ્યાખ્યાન) :** કલ્પસૂત્રનો પ્રારંભ, સાધુનાં દસ આચારોનું વર્ણન. નાગકેતુ, મેઘકુમાર, કાર્તિક શેઠનાં દ્રષ્ટાંતો.

- **ચતુર્થ દિવસ (દ્વિતીય વ્યાખ્યાન) :** ૧૦ આશ્ચર્ય, દેવાનંદા કુક્ષીમાંથી ગર્ભનું સંક્રમણ, પ્રભુનાં ૨૭ ભવનું વર્ણન, ત્રિશલા માતાનાં ચાર સ્વપ્નનું વર્ણન, ગૌશાળાનો ઉપસર્ગ.

(૫) **પંચમ દિવસ (તૃતીય વ્યાખ્યાન) :** બાકીના સ્વપ્નનું વર્ણન. સ્વપ્ન પાઠકનું આગમન.

- **પંચમ દિવસ (ચતુર્થ વ્યાખ્યાન) :** સ્વપ્ન પાઠક દ્વારા ચૌદ સ્વપ્નનું ફળનું વર્ણન. ત્રિશલામાતા દ્વારા ગર્ભનું રક્ષણ. ગર્ભ ન હલવાનાં કારણે ત્રિશલા માતાનો વિલાપ. પ્રભુ દ્વારા ગર્ભમાં અભિગ્રહ, ૨૪ તીર્થંકરનો ગર્ભકાળ, મહાવીર જન્મ વાંચન.

(૬) **છઠ્ઠો દિવસ (પંચમ વ્યાખ્યાન) :** છપ્પનદિક્કુમારી દ્વારા જન્મ મહોત્સવ, ઈન્દ્રસિંહાસન, શસ્ત્રસ્તવ પાઠ, સૂર્યચંદ્ર દર્શન, ૬૪ ઈન્દ્રો દ્વારા જન્માભિષેક કંપન, પાઠશાળા ગમન, લોકાંતિક દેવ દ્વારા વિનંતી, વર્ષીદાન, દીક્ષાનો વરઘોડો, પંચમુષ્ટિલોચ, કરેમિભંતેનું પચ્ચક્ખાણ.

- **છઠ્ઠો દિવસ (છઠ્ઠુ વ્યાખ્યાન) :** ઘોર ઉપસર્ગોનું વર્ણન, ચંડકૌશિકનો

પૂર્વભવ, વિહાર (૧૦ સ્વપ્નો) ૪૨ ચાતુર્માસનું વર્ણન. ચંદનબાળાનો અભિગ્રહ, કેવલજ્ઞાન, ગણધરવાદ.

(૭) **સાતમો દિવસ (સાતમું વ્યાખ્યાન) :** પાર્શ્વનાથપ્રભુ, નેમિનાથપ્રભુ, આદિનાથપ્રભુનું જીવનચરિત્ર, ગૃહસ્થાકર્મની શિક્ષા. સ્ત્રીઓની ૬૪ કલા, પુરુષોની ૭૨ કલા, શ્રેયાંસકુમાર દ્વારા પ્રથમ પારણું. પ્રભુનાં આંતરા.

- **સાતમો દિવસ (આઠમું વ્યાખ્યાન) :** સ્થવિરાવલી, ફલ્ગુમિત્રથી માંડી, દેવર્દ્ધિગણી સુધી પરંપરાને વંદન, ભદ્રબાહુ સ્વામી, સ્થૂલભદ્રસ્વામિનું જીવનચરિત્ર વિગેરે.

(૮) **આઠમો દિવસ (નવમું વ્યાખ્યાન) :** સામાચારી સાથે સંપૂર્ણ બારસા સૂત્રનું (૧,૨૦૦ ગાથાનું) પ્રાકૃતભાષામાં વાંચન. ચિત્રનું દર્શન. (કલ્પસૂત્ર)

## ૪૪૦. કલ્પસૂત્રની અનેક ઉપમાઓ

| | | |
|---|---|---|
| (૧) દેવોમાં ઈન્દ્ર | (૮) નૃત્યમાં મયૂર | (૧૫) તીર્થોમાં શત્રુંજય |
| (૨) તારામાં ચન્દ્ર | (૯) તેજસ્વીમાં સૂર્ય | (૧૬) ગુણોમાં વિનય |
| (૩) ન્યાયીમાં રામ | (૧૦) સાહસીમાં રાવણ | (૧૭) ધનુર્ધરમાં અર્જુન |
| (૪) રૂપવાનમાં કામદેવ | (૧૧) સતીમાં રાજીમતી | (૧૮) મંત્રોમાં નવકાર |
| (૫) રૂપવતીમાં રંભા | (૧૨) વનોમાં નંદનવન | (૧૯) બુદ્ધિમાં અભયમંત્રી |
| (૬) હાથીમાં ઐરાવત | (૧૩) કાષ્ઠમાં ચંદન | (૨૦) ઔષધિમાં અમૃત |
| (૭) વૃક્ષોમાં કલ્પવૃક્ષ | (૧૪) પુષ્પોમાં કમળ | |

તેમ બધા શાસ્ત્રોમાં શિરોમણી કલ્પસૂત્ર મહાન છે. (કલ્પસૂત્ર)

## ૪૪૧. કયો જીવ કઈ ગતિમાંથી કઈ ગતિમાં જાય

**सद्धर्मः सुभगो नीरुक् सुस्वप्नः सुनयः कविः ।**
**सूचयात्यात्मनः श्रीमान् नरः स्वर्गगमाऽगमौ ॥४॥**

- **ભાવાર્થ :** જે સારી રીતે ધર્મ ક્રિયા કરતો હોય, ભાગ્યશાળી હોય, શરીર નિરોગી હોય, સારાં સ્વપ્ન આવતાં હોય, નીતિમાન હોય, કવિ હોય તે પુરુષ દેવગતિમાંથી આવેલો હોય અને ફરી દેવગતિમાં જવાવાળો હોય.

**निर्दम्भः सदयोदानी दान्तो दक्षः सदाऋजुः ।**
**मार्ययोनेः समुद्भूतो भविता च पुनस्तया ॥५॥**

- **ભાવાર્થ :** જે નિષ્કપટ હોય, દયાળુ હોય, દાનવીર હોય, ઇન્દ્રિયોપર કાબુ રાખવાવાળો હોય, સરલ સ્વભાવી તે પુરુષ મનુષ્યગતિમાંથી આવેલ અને ફરીથી મનુષ્યગતિમાં જવાવાળો જાણવો.

**माया लोभ क्षुधाऽऽलस्य ब्रह्माहारादि चेष्टितैः ।**
**तिर्यग्योनि समुत्पत्तिं ख्यापयत्यात्मनः पुमान् ॥६॥**

- **ભાવાર્થ :** કપટ, લોભ, ક્ષુધા, આળસ, અતિઆહાર આદિક્રિયાવાળો પુરુષ તિર્યઞ્ચયોનિમાંથી આવેલો જાણવો અને ફરીથી તિર્યઞ્ચયોનિમાં જવાવાળા જાણવો.

**सरागः स्वजनद्वेषी, दुर्भाषो मूर्ख सङ्गकृत् ।**
**शास्ति स्वस्थ गताऽऽयातं नरो नरकवर्त्मनि ॥७॥**

- **ભાવાર્થ :** અતિકામી, સ્વજનોનો દ્વેષી, દુર્વચન બોલવાવાળો, મૂર્ખોનાં સંગ કરવાવાળો, પુરુષ નરકગતિમાંથી આવેલ અને નરકગતિમાં જવાવાળો જાણવો.

**(કલ્પસૂત્ર પ્રથમ વ્યાખ્યાન)**

## ૪૪૨. લક્ષ્મીદેવી નીચે કમળોની સંખ્યા

- મુખ્ય કમળની નીચે કુલ - ૧૦૮ કમળ
- બીજાવલયમાં સામાનિકે દેવોનાં - ૪,૦૦૦ કમળ
- પૂર્વ દિશામાં મહદ્ધિક દેવીનાં - ૪ કમળ
- અગ્નિકોણમાં ગુરુસ્થાનીય દેવોનાં - ૮,૦૦૦ કમળ
- દક્ષિણ દિશામાં મિત્રસ્થાનીય દેવોનાં - ૧૦,૦૦૦ કમળ
- નૈઋત્ય દિશામાં સેવક સ્થાનીય દેવોનાં - ૧૨,૦૦૦ કમળ
- પશ્ચિમ દિશાનાં સાત સેનાનાં - ૭ કમળ
- ત્રીજા વલયમાં અંગરક્ષક દેવોનાં - ૧૬,૦૦૦ કમળ
- ચોથા વલયમાં અભ્યંતર આભિયોગિક દેવોનાં - ૩૨ લાખ કમળ
- પાંચમા વલયમાં મધ્યમ અભિયોગિક દેવોનાં - ૪૦ લાખ કમળ
- છઠ્ઠા વલયમાં બાહ્ય આભિયોગિક દેવોનાં - ૪૮ લાખ કમળ

આવી રીતે મુખ્ય કમળની સાથે જોડતાં ૧ કરોડ વીસ લાખ, ૫૦ હજાર, એકસોવીસ કમળની સંખ્યા થાય તેના ઉપર લક્ષ્મી દેવી બિરાજમાન છે.

(કલ્પસૂત્ર દ્વિતીય વ્યાખ્યાન)

## ૪૪૩. અષ્ટાંગ નિમિત્તનું સ્વરૂપ

(૧) **અંગવિદ્યા :** પુરુષનું જમણું અંગ અને સ્ત્રીનું ડાબું અંગ ફરકે તો સારૂં આવી અંગ સ્ફુરણ આદિનો જેમાં વિચાર હોય તે અંગવિદ્યા.

(૨) **સ્વપ્ન વિદ્યા :** જેમાં જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ સ્વપ્નોનો વિચાર હોય તે.

(૩) **સ્વરવિદ્યા :** જેમાં ગરૂડ, ઉલ્લૂ, કૌઆ, ગિરગિટ, હર્ગા, તેરવ, સિયાર આદિનાં આવાજોથી શુભાશુભનો ફળ જેમાં હોય તે.

(૪) **ભૌમવિદ્યા :** જેમાં ભૂચાલ આદિનું જ્ઞાન હોય તે.

(૫) **વ્યંજન વિદ્યા :** જેમાં મસા, તલ આદિનું જ્ઞાન હોય તે.

(૬) **લક્ષણ વિદ્યા :** હાથ પગની રેખાઓનું જેમાં જ્ઞાન હોય તે સામૂહિક શાસ્ત્ર.

(૭) **ઉત્પાત વિદ્યા :** ઉત્પાત, ઉલ્કાપાત અકાલ તારા ટૂટવા આદિનું જ્ઞાન જેમાં હોય તે.

(૮) **અંતરીક્ષ વિદ્યા :** આકાશમાં રહેલાં સૂર્ય ચંદ્ર ગ્રહણ ઉદય અસ્તનાં શુભાશુભ પરિણામ જેમાં હોય તે. (કલ્પસૂત્ર તૃતીયા વ્યાખ્યાન)

## ૪૪૪. માણસને સ્વપ્ન આવવાનાં નવ કારણો ?

(૧) જે વસ્તુનો ઘણો અનુભવ હોય તો વસ્તુ સ્વપ્નમાં દેખે.

(૨) જે વસ્તુ વારંવાર સાંભળી હોય તે પણ સ્વપ્નમાં દેખાય.

(૩) જાગતા જે વસ્તુ દેખી તે પણ સ્વપ્નમાં આવે.

(૪) વાત-પિત્ત કફ આદિ વિકારનાં કારણે પણ સ્વપ્ન આવે.

(૫) સહજ સ્વભાવથી ઉત્પન્ન થયેલા પણ સ્વપ્નો આવે.

(૬) ઘણી ચિંતા હોય તેની પરંપરાથી પણ સ્વપ્ન આવે.

(૭) દેવતાદિનાં સાનિધ્યથી પણ સ્વપ્ન આવે.

(૮) ધર્મકાર્યનાં પ્રભાવથી પણ સ્વપ્ન આવે.

(૯) અતિશય પાપનાં ઉદયથી પણ સ્વપ્ન આવે.

ઉપર બતાવેલ છ સ્વપ્નો શુભ અથવા અશુભ દેખે તો પણ નિષ્ફળ જાણવા. અંતિમ ત્રણ પ્રકારનાં સ્વપ્નો સાચા ફળને આપવાવાળા છે.

(કલ્પસૂત્ર તૃતીય વ્યાખ્યાન)

## ૪૪૫. સ્વપ્નનું ફળ ક્યારે મળે ?

- રાત્રિનાં પહેલા પ્રહરમાં જે સ્વપ્ન દેખે તેનું ફળ - ૧૨ મહિને મળે.
- રાત્રિનાં બીજા પ્રહરમાં જે સ્વપ્ન દેખે તેનું ફળ - ૬ મહિને મળે
- રાત્રિનાં ત્રીજા પ્રહરમાં જે સ્વપ્ન દેખે તેનું ફળ - ૩ મહિને મળે
- રાત્રિનાં ચોથા પ્રહરમાં જે સ્વપ્ન દેખે તેનું ફળ - ૧ મહિને મળે.
- રાત્રિનાં અંતિમ બે ઘડી સુધી સ્વપ્ન દેખે તેનું ફળ - ૧૦ દિવસમાં મળે
- સૂર્યોદય થવાની તૈયારી હોય અને સ્વપ્ન દેખે તો - તુરંત ફળ મળે.

(કલ્પસૂત્ર તૃતીય વ્યાખ્યાન)

## ૪૪૬. સ્વપ્નના ફળ માટે શું કરવું ?

**धर्मरतः समधातुर्यः स्थिरचित्तो जितेन्द्र सदयः ।**
**प्रायस्तस्य प्राथित मर्थं स्वप्नः प्रसाधयति ॥७॥**
**न श्राव्यः कुस्वप्नो गुर्वादेस्तवितरः पुनः श्राव्य ।**
**योग्य श्रीव्याऽभावे, गोरपि कर्णे प्रविश्य वदेत ॥८॥**

- ભાવાર્થ : જે માણસ ધર્મમાં અનુરક્ત હોય, રસરૂધિરાદિ ધાતુ સમ હોય, સ્થિરચિત્તવાળો હોય જિતેન્દ્રિય અને દયાળુ હોય તેને આવેલું સ્વપ્ન ઈચ્છિત અર્થની સિદ્ધિવાળું બને. ખરાબ સ્વપ્ન ક્યારે પણ કોઈને કહેવું નહિ. સારૂં સ્વપ્ન આવે તો યોગ્ય ગુરુ અથવા યોગ્ય વ્યક્તિ જ્યોતિષી આદિને કહેવું. છેલ્લે ગાયનાં કાનમાં પણ કહી શકાય. અને સારૂં સ્વપ્ન આવ્યા પછી સુવું નહિ પરંતુ જિનેશ્વરનાં ગુણ ગાનમાં રાત પૂર્ણ કરવી. અને ખરાબ સ્વપ્ન આવે તો સુઈ જવું તેથી ખરાબ ફળ ન મળે.

જો પહેલા ખરાબ સ્વપ્ન આવે પછી સારૂં સ્વપ્ન આવે તો સારૂં ફળ મળે. જો પહેલાં સારૂં અને પછી ખરાબ આવે તો ખરાબ ફળ મળે.

(કલ્પસૂત્ર તૃતીય વ્યાખ્યાન)

## ૪૪૭. ત્રિશલામાતાને ચૌદ સ્વપ્નનું ફળ

(૧) ચાર દાંતવાળો હાથી દેખવાથી પ્રભુ દાનશીલ તપભાવ ચારધર્મ પ્રકાશશે.

(૨) વૃષભને દેખવાથી ભરતક્ષેત્રમાં બોધિબીજનું વપન કરશે.

(૩) સિંહ દેખવાથી રાગ દ્વેષરૂપી હાથીઓનો નષ્ટ કરી ભવ્યજીવ રૂપી વનની રક્ષા કરશે.

(૪) લક્ષ્મી દેખવાથી વર્ષીદાન આપી તીર્થંકર લક્ષ્મીનો ઉપભોગ કરશે.

(૫) પુષ્પમાળા દેખવાથી ત્રણે લોકમાં પૂજનીય બનશે.

(૬) ચંદ્રમાં દેખવાથી સ્વભાવથી શીતલ બની ભૂમંડળમાં આનંદ દેવાવાળા થશે.

(૭) સૂર્યને દેખવાથી તેજસ્વી ભામંડળ થી વિભૂષિત બનશે.

(૮) ધ્વજા દેખવાથી ધર્મરૂપી મહેલનાં શીખર ઉપર સુશોભિત બનશે.

(૯) પૂર્ણ કળશ દેખવાથી કેવલજ્ઞાન પામ્યા. પછી પૂર્ણતા(મોક્ષ)ને પ્રાપ્ત કરવા વાળા થશે.

(૧૦) પદ્મસરોવર દેખવાથી દેવો દ્વારા નિર્મિત કમળો ઉપર ચરણ રાખી વિચરશે.

(૧૧) ખીર સમુદ્ર દેખવાથી કેવળજ્ઞાનરૂપી રત્નનાં સ્થાને થશે.

(૧૨) દેવવિમાન દેખવાથી વૈમાનિક દેવતાઓ દ્વારા પૂજનીય બનશે.

(૧૩) રત્નરાશિ દેખવાથી રત્નનાં ગઢથી વિભૂષિત સમવસરણમાં બિરાજશે.

(૧૪) નિર્ધૂમ અગ્નિ દેખવાથી ભવ્ય જીવોને સુવર્ણરૂપી સમકિતની શુદ્ધિ કરવાવાળા થશે. (કલ્પસૂત્ર ચતુર્થ વ્યાખ્યાન)

## ૪૪૮. કલ્પસૂત્રનો મહિમા

**नाऽर्हतः परमो देवो, न मुक्ते परमं पदम् ।**

**न श्री शत्रुंजयात्तीर्थ श्री कल्पाद् न परंश्रुतम् ॥१॥**

**ભાવાર્થ :** અરિહંત પરમાત્મા થી વધીને કોઈ દેવ નથી. મોક્ષથી વધીને કોઈ પદ નથી. શત્રુંજય થી વધીને કોઈ તીર્થ નથી. અને કલ્પસૂત્રથી વધીને કોઈ ઉત્તમ શાસ્ત્ર નથી. કલ્પસૂત્ર સાક્ષાત્ કલ્પવૃક્ષરૂપ છે. વીરપ્રભુનું ચરિત્ર બીજ રૂપ છે. પાર્શ્વનાથનું ચરિત્ર અંકુરારૂપે, નેમિનાથનું ચરિત્ર તના રૂપ છે. ઋષભદેવનું ચરિત્ર ડાળી રૂપ છે. સ્થવિરાવલી પુષ્પ સમાન, સામાચારી સુગંધ સમાન, મોક્ષ પ્રાપ્તિ ફળરૂપ છે.

(કલ્પસૂત્ર પ્રથમ વ્યાખ્યાન)

## ૪૪૯. ૫૬ દિક્કુમારીઓના નામો

| અધોલોકની કુમારી | ઉર્ધ્વલોકની કુમારી | રૂચક પર્વતની કુમારી | દક્ષિણ દિશાનાં રૂચક પર્વતની |
|---|---|---|---|
| ૧. ભોગકરા | ૧. મેઘંકરા | ૧. નંદા | ૧. સમાહારા |
| ૨. ભોગવતી | ૨. મેઘંવતી | ૨. ઉત્તરનંદા | ૨. સુપ્રદતા |

| | | | |
|---|---|---|---|
| ૩. સુભોગા | ૩. સુમેઘા | ૩. આનંદા | ૩. સુપ્રબદ્ધા |
| ૪. ભોગમાલિની | ૪. મેઘમાલિની | ૪. નંદિવર્ધના | ૪. યશોધરા |
| ૫. સુવત્સા | ૫. તોયધારા | ૫. વિજયા | ૫. લક્ષ્મીવતી |
| ૬. વત્સમિત્રા | ૬. વિચિત્રા | ૬. વૈજયંતિ | ૬. શેષવતી |
| ૭. પુષ્પમાલા | ૭. વારિષેણા | ૭. જયંતિ | ૭. ચિત્રગુપ્તા |
| ૮. અનિંદિતા | ૮. બહાલિકા | ૮. અપરાજિતા | ૮. વસુંધરા |
| **ભૂમિને વાયુ થી શુદ્ધ કરે** | **/ સુગંધી જળ-પુષ્પની વર્ષા** | **/ દર્પણ** | **/ જલભરેલકળશો.** |

| | | | |
|---|---|---|---|
| **દક્ષિણ દિશા રૂચક પર્વત** | **ઉત્તરદિશા રૂચક પર્વત** | **વિદિશા રૂચક પર્વત** | **રૂચક દ્વીપ સે** |
| ૧. ઈલાદેવી | ૧. અલમ્બુશા | ૧. ચિત્રા | ૧. રૂપા |
| ૨. સુરાદેવી | ૨. મિતકેશી | ૨. ચિત્રકનકા | ૨. રૂપાસિકા |
| ૩. પૃથિવી | ૩. પુંડરિકા | ૩. શતેરા | ૩. સુરૂપા |
| ૪. પદ્માવતી | ૪. વારૂણી | ૪. વસુદામિની | ૪. રૂપકાવતી |
| ૫. એકનાસા | ૫. કાસા | **દીપક** | **નાલચ્છેદ** |
| ૬. નવમિકા | ૬. સર્વપ્રભા | | |
| ૭. ભદ્રા | ૭. શ્રી | | |
| ૮. સીતા | ૮. હ્રી | | |
| **પંખા** | **ચામર** | | |

(કલ્પસૂત્ર પંચમ વ્યાખ્યાન)

## ૪૫૦. શૂલપાણી યક્ષનાં મંદિરમાં પ્રભુને આવેલા ૧૦ સ્વપ્નો

- શૂલપાણીયક્ષનાં મંદિરમાં પ્રભુએ આખી રાત ઉપસર્ગો સહન કર્યા અને સવારે થોડી ઉંઘ આવી ગઈ તે વખતે ૧૦ સ્વપ્ન આવેલ તે આ પ્રમાણે -

(૧) **પ્રથમ સ્વપ્ન :** તાલ પિશાચ (તાડ જેટલા પિશાચને મારેલ) = એનાં દ્વારા પ્રભુ મોહનીય કર્મ ક્ષય કરશે.

(૨) **બીજું સ્વપ્ન :** સફેદ પક્ષી સેવા કરે છે - પ્રભુ શુક્લધ્યાન ધારણ કરશે.

(૩) **ત્રીજું સ્વપ્ન :** કોકિલ પક્ષી સેવા કરે છે - આપ દ્વાદશાંગીની પ્રરૂપણા કરશો.

(૪) **ચોથું સ્વપ્ન :** ગાયોનો સમૂહ સેવા કરે છે - ચતુર્વિધ સંઘ આપની સેવા કરશે.

(૫) **પાંચમું સ્વપ્ન :** આપ સમુદ્રને તરો છો ? - જેથી પ્રભુ સંસાર સમુદ્ર તરશે.

(૬) **છઠ્ઠું સ્વપ્ન :** ઉગેલા સૂર્યને દેખે છે. - આપને કેવળજ્ઞાન થશે.

(૭) **સાતવું સ્વપ્ન :** આંખથી માનુષોત્તર પર્વતને લપેટે છે. - કીર્તિ ત્રણેલોકમાં ફરકશે.

(૮) **આઠવું સ્વપ્ન :** મેરૂ પર્વતનાં શિખર ઉપર ચઢે છે - પ્રભુ સમવસરણમાં ચઢશે.

(૯) **નવમું સ્વપ્ન :** પદ્મસરોવરને દેખે - ચારે નિકાયનાં દેવ પ્રભુની સેવા કરશે.

(૧૦) **દશમું સ્વપ્ન :** સુગંધી પુષ્પમાળાને દેખે - દેશવિરતિ-સર્વવિરતિની પ્રરૂપણા કરશે.

(છઠ્ઠું વ્યાખ્યાન - કલ્પસૂત્ર)

## ૪૫૧. રાજીમતી-નેમિનાથનાં નવભવોનો સંબંધ

| ભવ | પ્રભુનાં જીવ | રાજીમતીનો જીવ |
|---|---|---|
| ૧. પ્રથમ ભવ | ધનરાજ પુત્ર | ધનવતી પત્ની |
| ૨. દ્વિતીય ભવ | પ્રથમ દેવલોકમાં દેવ | પ્રથમ દેવલોકમાં દેવી |
| ૩. તૃતીય ભવ | ચિત્રગતિ વિદ્યાધર | રત્નવતી પત્ની |
| ૪. ચતુર્થ ભવ | ચોથા દેવલોકમાં દેવ | ચોથા દેવલોકમાં દેવી |
| ૫. પાંચમો ભવ | અપરાજિત રાજા | પ્રિયતમા રાની |
| ૬. છઠ્ઠો ભવ | ૧૧વાં દેવલોકમાં દેવ | ૧૧વાં દેવલોકમાં દેવી |
| ૭. સાતમો ભવ | શંખ રાજા | યશોમતી રાણી |
| ૮. આઠમો ભવ | અપરાજિત દેવલોકમાં દેવ | અપરાજિત દેવલોકમાં દેવ |
| ૯. નવમો ભવ | નેમિનાથ ભગવાન | રાજીમતી (દીક્ષા લે છે) |

## ૪૫૨. આદિનાથ-શ્રેયાંસકુમારનાં ભવોનો સંબંધ

| ભવ | આદિનાથનો જીવ | શ્રેયાંસનો જીવ |
|---|---|---|
| ૧. પ્રથમ ભવ | લલિતાંગ દેવ | સ્વયંપ્રભા દેવી |
| ૨. બીજો ભવ | વજ્જંઘરાજા | શ્રીમતી રાણી |
| ૩. ત્રીજો ભવ | ઉત્તરકુરૂમે યુગલિક | ઉત્તરકુરૂમેં યુગલિની |
| ૪. ચોથો ભવ | પ્રથમ દેવલોકમાં દેવ | પ્રથમ દેવલોકમાં દેવ |
| ૫. પાંચમો ભવ | અપરવિદેહમાં વૈદ્યનાં પુત્ર | કેશવ નામનાં મિત્ર |
| ૬. છઠ્ઠો ભવ | બારમાં દેવલોકમાં દેવ | બારમાં દેવલોકમાં દેવ |

| | | |
|---|---|---|
| ૭. સાતમો ભવ | વજ્રનાભ ચક્રી પછી દીક્ષા | વજ્રનાભ ચક્રીનો સારથી પછી દીક્ષા |
| ૮. આઠમો ભવ | સર્વાર્થસિદ્ધ વિમાને દેવ | સર્વાર્થસિદ્ધ વિમાને દેવ |
| ૯. નવમો ભવ | આદિનાથ તીર્થંકર | પ્રપોત્ર - શ્રેયાંસ |

(કલ્પસૂત્ર સાતમું વ્યાખ્યાન)

## ૪૫૩. ચોવીશ તીર્થંકરોનો ગર્ભકાળ

| | | |
|---|---|---|
| ૧. | **ઋષભદેવ** | - નવમાસ ચાર દિવસ |
| ૨. | **અજિતનાથ** | - આઠ માસ ૨૫ દિવસ |
| ૩. | **સંભવનાથ** | - નવ માસ ૭ દિવસ |
| ૪. | **અભિનંદન સ્વામી** | - આઠ માસ ૨૮ દિવસ |
| ૫. | **સુમતિ નાથ** | - નવ માસ ૭ દિવસ |
| ૬. | **પદ્મપ્રભ સ્વામી** | - નવ માસ ૭ દિવસ |
| ૭. | **સુપાર્શ્વનાથ** | - નવ માસ ૧૯ દિવસ |
| ૮. | **ચંદ્રપ્રભસ્વામી** | - નવ માસ ૭ દિવસ |
| ૯. | **સુવિધીનાથ** | - આઠ માસ ૨૬ દિવસ |
| ૧૦. | **શીતલનાથ** | - નવ માસ ૭ દિવસ |
| ૧૧. | **શ્રેયાંસનાથ** | - નવ માસ ૭ દિવસ |
| ૧૨. | **વાસુપૂજ્ય સ્વામી** | - આઠ માસ વીસ દિવસ |
| ૧૩. | **વિમલનાથ** | - આઠ માસ ૨૧ દિવસ |
| ૧૪. | **અનંત નાથ** | - નવ માસ ૭ દિવસ |

| | | | |
|---|---|---|---|
| ૧૫. | ધર્મનાથ | - | આઠ માસ ૨૬ દિવસ |
| ૧૬. | શાંતિનાથ | - | નવ માસ છ દિવસ |
| ૧૭. | કુંથુનાથ | - | નવ માસ પાંચ દિવસ |
| ૧૮. | અરનાથ | - | નવમાસ આઠ દિવસ |
| ૧૯. | મલ્લીનાથ | - | નવ માસ સાત દિવસ |
| ૨૦. | મુનિસુવ્રતસ્વામી | - | નવ માસ આઠ દિવસ |
| ૨૧. | નમિનાથ | - | નવ માસ આઠ દિવસ |
| ૨૨. | નેમિનાથ | - | નવ માસ આઠ દિવસ |
| ૨૩. | પાર્શ્વનાથ | - | નવ માસ છ દિવસ |
| ૨૪. | મહાવીર સ્વામી | - | નવ માસ સાત દિવસ |

(સપ્તતિશતસ્થાન પ્રકરણ)

## ૪૫૪. સંગમદેવ દ્વારા વીસ ઉપસર્ગો

(૧) ધૂળ દ્વારા આખા શરીરને ઢાંકવાનો ઉપસર્ગ.

(૨) ચીંટી દ્વારા શરીરને છાલની જેવો ઉપસર્ગ.

(૩) ડાંસ મચ્છર દ્વારા શરીરને ડંખવાનો ઉપસર્ગ.

(૪) ઘીમેલ દ્વારા આખા શરીરને હૈરાન કરવાનો ઉપસર્ગ.

(૫) વિંછી દ્વારા શરીરને ડંખવાનો ઉપસર્ગ.

(૬) નોળીયા દ્વારા શરીરનાં માંસ બહાર નિકાળવાનો ઉપસર્ગ.

(૭) સાપ દ્વારા પૂરા શરીરને લપેટવાનો ઉપસર્ગ.

(૮) ઉંદર દ્વારા શરીરને કોતરવાનો ઉપસર્ગ.

(૯) મદોન્મત્ત હાથી દ્વારા ઉછાળવાનો ઉપસર્ગ.
(૧૦)હથની દ્વારા દાંતોથી કોતરવાનો ઉપસર્ગ.
(૧૧)ભયંકર રાક્ષસનાં રૂપ દ્વારા ડરાવવાનો ઉપસર્ગ.
(૧૨)વાઘની તીક્ષ્ણ ડાઢ દ્વારા કરડવાનો ઉપસર્ગ.
(૧૩)માતપિતાનાં રૂપ બનાવી ધિક્કારવાનો ઉપસર્ગ.
(૧૪)બે પગની વચ્ચે આગ લગાવી ભાત રાંધવાનો ઉપસર્ગ.
(૧૫)પક્ષીનાં પાંજરા લગાડી પક્ષી દ્વારા કાટવાનો ઉપસર્ગ.
(૧૬)ભયંકર આંધી દ્વારા પ્રભુને ડરાવવાનો ઉપસર્ગ.
(૧૭)ચક્રવાક એટલે કુંભારનાં ચાકની જેમ ભમાવવાનો ઉપસર્ગ.
(૧૮)હજાર ભારવાળા કાલચક્ર દ્વારા પ્રભુને જમીનમાં ડાટવાનો ઉપસર્ગ.
(૧૯)પ્રભાતનો સમય બતાવી પ્રભુને હટાવાનો ઉપસર્ગ.
(૨૦)દેવઋદ્ધિ વિકુર્વીને પ્રભુને ચલાયમાન કરવાનો ઉપસર્ગ.

(કલ્પસૂત્ર છઠ્ઠું વ્યાખ્યાન)

## ૪૫૫. કલ્પસૂત્રની ટીકામાં આવતા દ્રષ્ટાંતો

(૧) નાગકેતુ
(૨) કાર્તિક શેઠ
(૩) મેઘકુમાર
(૪) ગૌશાળા
(૫) દ્રોપદીહરણ
(૬) વીરકશાલવી
(૭) પૂરણઋષી
(૮) નયસાર
(૯) મરીચી
(૧૦) વિશ્વભૂતિ
(૧૧) ત્રિપૃષ્ઠવાસુદેવ
(૧૨) નંદનમુનિ
(૧૩) પાંચસો સુભટ
(૧૪) સામુદ્રિક શાસ્ત્રી
(૧૫) શૂલપાણી યક્ષ
(૧૬) ચંડકોશિક પૂર્વભવ
(૧૭) કંબલશંબલ દેવ
(૧૮) તેજોલેશ્યા

(૧૯) ચંદનબાલા
(૨૦) કમઠ ઉપસર્ગ
(૨૧) સંગમ ઉપસર્ગ
(૨૨) નેમિનાથ-રાજીમતીનાં ભવો
(૨૩) આદિનાથ-શ્રેયાંસનો ભવો
(૨૪) જંબુસ્વામી
(૨૫) શય્યંભવ સ્વામી
(૨૬) સ્થૂલભદ્ર સ્વામી
(૨૭) સંપ્રતિરાજા
(૨૮) રોહગુપ્તનિહ્નવ
(૨૯) પ્રિયગ્રંથસૂરિ
(૩૦) વજ્રસ્વામિ
(૩૧) વજ્રસેન સૂરિ
(૩૨) આર્ય સમિત સૂરિ

## ૪૫૬. કલ્પસૂત્રમાં સાધુનાં ૧૦ આચારો

(૧) **અચેલક કલ્પ :** ભ. મહાવીરનાં સાધુઓ સફેદ, અલ્પમૂલ્ય અને જીર્ણ પરિમિત, મલિન વસ્ત્ર ધારણ કરવાવાળા હોવાથી અચેલક કલ્પ કહેવાય.

(૨) **ઔદ્દેશિક કલ્પ :** ઔદ્દેશિક એટલે આધાકર્મી પોતાના માટે અથવા બીજા સાધુ માટે બનાવેલા આહાર પાણી ખપી શકતા નથી.

(૩) **શય્યાતર કલ્પ :** ઘરનાં માલિકને શય્યાતર કહેવાય. સાધુ જે જગ્યાએ ઉતરે તેનાં ઘરનું એક દિવસ કલ્પે બીજા દિવસે નીચેની વસ્તુ ન કલ્પે.
(૧) આહાર (૨) પાણી (૩) ખાદિમ (૪) સ્વાદિમ (૫) વસ્ત્ર (૬) પાત્ર (૭) કંબલ (૮) રજોહરણ (૯) સુઈ (૧૦) ઉસ્તરા (૧૧) નહની (૧૨) કાનખોતરણી આ બાર પ્રકારનો પિંડ સાધુઓને કલ્પે નહિ. કઈ વસ્તુ કલ્પે તે કહે છે.
(૧) તૃણ (૨) મિટ્ટિ (૩) રાખ (૪) કુંડી (૫) પાટ (૬) ચૌકી (૭) પટ્ટા (૮) સંથારા (૯) લેપ (૧૦) ચારિત્રની ઇચ્છાવાળો શિષ્ય - આ દશ વસ્તુ શય્યાતરને ખપી શકે છે.

(૪) **રાજપિંડ :** સેનાપતિ, પુરોહિત, નગરશેઠ, મંત્રી, સાર્થવાહ, રાજા જેમનો રાજ્યાભિષેક થયો હોય તેમને ત્યાંથી (૧) આહાર (૨) પાણી (૩) ખાદિમ (૪) સ્વાદિમ (૫) વસ્ત્ર (૬) પાત્ર (૭) કંબલ (૮) રજોહરણ આ આઠ પ્રકારનો પિંડ ન કલ્પે.

(૫) **કૃતિકર્મ :** એટલે વંદન - સાધુઓનો દીક્ષા પર્યાયનાં ક્રમથી વંદન કરવા જોઈએ અને એક દિવસનાં સાધુને ૧૦૦ વર્ષનાં દીક્ષા પર્યાયવાળા સાધ્વીજી વંદન કરે. કારણ ધર્મમાં પુરુષની પ્રધાનતા છે.

(૬) **મહાવ્રત :** પહેલા અને છેલ્લાં તીર્થંકરોના શાસનમાં પાંચ મહાવ્રત હોય છે અને બાવીશ તીર્થંકરનાં શાસનમાં સ્ત્રીને પણ પરિગ્રહ માનવાથી ચાર મહાવ્રતો હોય છે.

(૭) **જ્યેષ્ઠ કલ્પ :** નાના મોટાનો વ્યવહાર પહેલા અને છેલ્લાં તીર્થંકરનાં શાસનમાં દીક્ષા પછી જ્યારે વડીદીક્ષા થાય ત્યારથી પર્યાય ગણાય. અને બાવીસ તીર્થંકરનાં શાસનમાં દીક્ષાનાં દિવસે જ પર્યાય ગણાય. જેનો પર્યાય મોટો હોય તે મોટો બાકીનાં નાનાં જાણવા.

(૮) **પ્રતિક્રમણ કલ્પ :** પહેલા અને છેલ્લાં તીર્થંકરનાં શાસનમાં પાંચે પ્રતિક્રમણ આવશ્યક છે. દરરોજ બંને ટાઈમ પ્રતિક્રમણ અવશ્ય કરવું પડે અને બાવીસ તીર્થંકરનાં શાસનમાં જ્યારે અતિચાર લાગે ત્યારે પ્રતિક્રમણ કરે.

(૯) **માસ કલ્પ :** પહેલા અને છેલ્લાં તીર્થંકરનાં સાસનમાં ૮ માસનાં ૮ કલ્પ અને એક ચૌમાસાનો એમ નવ કલ્પ હોય એટલે ચોમાસા સિવાય એક ઠેકાણે એક માસથી વધારે ન રહેવાય. કદાચ રહેવાનું થાય તો જગ્યા. ઉપાશ્રય વિ. અવશ્ય બદલવો પડે છે. બાવીસ તીર્થંકરનાં શાસનમાં માસકલ્પ નિયત નથી.

**(૧૦)પર્યુષણ કલ્પ :** જઘન્ય અને ઉત્કૃષ્ટ કલ્પ

જઘન્ય કલ્પ - સંવચ્છરી થી માંડી કાર્તિક પૂર્ણિમા સુધી જઘન્ય કલ્પ કહેવાય અને અષાઢ સુદ ૧૪ થી કારતક સુદ પૂર્ણિમા સુધી ઉત્કૃષ્ટ કલ્પ કહેવાય. (કલ્પસૂત્ર પ્રથમ વ્યાખ્યાન)

## ૪૫૭. તેરાગુણથી યુક્ત ચાતુર્માસ સ્થળ

(૧) જ્યાં વધારે કીચડ ન હોય (૨) જ્યાં વધારે સંમૂર્ચ્છિમ જીવ ન હોય. (૩) સ્થંડિલ ભૂમિ નિર્દોષ હોય. (૪) ઉપાશ્રય સ્ત્રી સંસર્ગાદિ રહિત હોય. (૫) દૂધ દહી ઘી આદિ વ્યાપ્ત થતા હોય. (૬) શ્રાવકનો સમુદાય વિશાળ અને ભદ્રિક હોય. (૭) વૈદ્ય ભદ્ર પ્રકૃતિવાળો હોય. (૮) ઔષધિ સુલભ હોય. (૯) ગૃહસ્થોનાં ઘર ધનધાન્યથી ભરપૂર હોય. (૧૦) રાજાભદ્રિક હોય. (૧૧) બીજા ધર્મવાળા અપમાન ન કરતા હોય. (૧૨) ભિક્ષા સુલભ હોય. (૧૩) સ્વાધ્યાય સ્થાન શુદ્ધ હોય. (કલ્પસૂત્ર)

## ૫૪૮. સ્થવિર ભગવંતોના નામો અને ગોત્ર

| | ગોત્ર નામ | સ્થવિર નામ | | ગોત્ર નામ | સ્થવિર નામ |
|---|---|---|---|---|---|
| (૧) | ગૌતમ ગોત્ર | ગૌતમ સ્વામી | (૬) | વાસિષ્ઠ | મંડિત સ્વામી |
| (૨) | ગૌતમ | અગ્નિભૂતિ | (૭) | કાશ્યપ | મૌર્યપુત્ર |
| (૩) | ગૌતમ | વાયુભૂતિ | (૮) | ગૌતમ | અકંપિત |
| (૪) | ભારદ્વાજ | વ્યક્તભૂતિ | (૯) | હરિતાયન | અચલભ્રાતા |
| (૫) | અગ્નિવૈશ્યાયન | સુધર્માસ્વામી | (૧૦) | કોડિન્ય | મેતાર્ય |

| ગોત્ર નામ | સ્થવિર નામ | ગોત્ર નામ | સ્થવિર નામ |
|---|---|---|---|
| (૧૧) કૌડિન્ય | પ્રભાસ | (૩૧) કોડાલ | કાયદ્ધિ |
| (૧૨) કાશ્યપ | જંબુસ્વામી | (૩૨) વાશિષ્ટ | ઋષિગુપ્ત |
| (૧૩) કાત્યાયન | પ્રભવસ્વામી | (૩૩) કાશ્યપ | વિદ્યાધરગોપાલ |
| (૧૪) વત્સ | શય્યંભવસ્વામી | (૩૪) માઢર | શાંતિસૈનિક |
| (૧૫) તુંગિકાયન | યશોભદ્રસૂરિ | (૩૫) ગૌતમ | આર્યસમિતસૂરિ |
| (૧૬) માઢર | સંભૂતિવિજય | (૩૬) વત્સ | આર્યરથ |
| (૧૭) પ્રાચીન | ભદ્રબાહુસ્વામી | (૩૭) કૌશિક | આર્યપુણ્યગિરિ |
| (૧૮) ગૌતમ | સ્થૂલભદ્રસ્વામી | (૩૮) ગૌતમ | ફલ્ગુમિત્ર |
| (૧૯) એલાપત્ય | આર્યમહાગિરિ | (૩૯) વાસિષ્ઠ | ધનગિરિ |
| (૨૦) વાસિષ્ઠ | આર્યસુહસ્તિ | (૪૦) કુત્સ | શિવભૂતિ |
| (૨૧) વ્યાઘ્રાપત્ય | સુસ્થિતસૂરિ | (૪૧) કાશ્યપ | આર્યભટ્ટ |
| (૨૨) વ્યાઘ્રાપત્ય | સુપ્રતિબદ્ધસૂરિ | (૪૨) કાશ્યપ | આર્ય નક્ષત્ર |
| (૨૩) કૌશિક | ઇન્દ્રદિન્નસૂરિ | (૪૩) કાશ્યપ | આર્યરક્ષ |
| (૨૪) ગૌતમ | આર્યદિનસૂરિ | (૪૪) ગૌતમ | આર્યનાગ |
| (૨૫) કૌશિક | સિંહગિરિ | (૪૫) વાસિષ્ઠ | આર્યજેહિલ |
| (૨૬) ગૌતમ | વજ્રસ્વામી | (૪૬) માઢર | આર્ય વિષ્ણુ |
| (૨૭) ઉત્કૌશિક | વજ્રસેનસૂરિ | (૪૭) ગૌતમ | આર્ય કાલક |
| (૨૮) કાશ્યપ | આર્યરોહણ | (૪૮) ગૌતમ | આર્યવૃદ્ધ |
| (૨૯) હારિત | શ્રીગુપ્ત | (૪૯) ગૌતમ | આર્યસંઘપાલિત |
| (૩૦) ભારદ્વાજ | ભદ્રયશ | (૫૦) સુવ્રત | આર્યધર્મ |

| ગોત્ર નામ | સ્થવિર નામ | ગોત્ર નામ | સ્થવિર નામ |
|---|---|---|---|
| (૫૧) કાશ્યપ | આર્યસિંહ | (૫૭) કાશ્યપ | નંદિત |
| (૫૨) કૌશિક | દુર્યાન્ત | (૫૮) માઢર | દેશીગણિ |
| (૫૩) કૌશિક | કૃષ્ણામુનિ | (૫૯) વત્સ | સ્થિરગુપ્ત |
| (૫૪) ગૌતમ | આર્યગુપ્ત | (૬૦) - | કુમારધર્મગણિ |
| (૫૫) કાશ્યપ | આર્યહસ્તિ | (૬૧) કાશ્યપ | દેવર્દ્ધિગણી |
| (૫૬) કાશ્યપ | આર્યધર્મ | | |

(સ્થવિરાવલી)

## ૪૫૯. છશ્રુતકેવલી

(૧) પ્રભવસ્વામી (૨) શય્યંભવસ્વામી (૩) યશોભદ્રસૂરિ
(૪) સંભુતિવિજયસૂરિ (૫) ભદ્રબાહુસ્વામી (૬) સ્થૂલભદ્રસ્વામી

## ૪૬૦. સંપ્રતિરાજાનાં ગુરુ આર્ય સુહસ્તિનાં ૧૨ શિષ્યો

(૧) રોહણ (૨) ભદ્રયશ (૩) મેઘગણિ
(૪) કામદ્ધિ (૫) સુસ્થિત (૬) સુપ્રતિબદ્ધ
(૭) રક્ષિત (૮) રોહગુપ્ત (૯) ઋષિગુપ્ત
(૧૦) શ્રીગુપ્ત (૧૧) ગણિબ્રહ્મા (૧૨) ગણિ સોમ

(સ્થવિરાવલી)

## ૪૬૧. દશ પૂર્વીનાં નામો

(૧) આર્યમહાગિરિ (૫) સ્કંદિલા ચાર્ય (૯) શ્રીગુપ્તસૂરિ
(૨) આર્યસુહસ્તિ (૬) રેવતી મિત્ર (૧૦)વજ્રસ્વામી

(૩) ગુણસુન્દરસૂરિ (૭) શ્રીધર્મસૂરિ
(૪) શ્યામાર્ય (૮) ભદ્રગુપ્તસૂરિ (સ્થવિરાવલી)

## ૪૬૨. આઠેકર્મની સ્થિતિ

| નામ | ઉત્કૃષ્ટ સ્થિતિ | જઘન્ય સ્થિતિ |
|---|---|---|
| (૧) જ્ઞાનાવરણીય | ૩૦ કોડાકોડી સાગરોપમ | અન્તર્મુહુર્ત |
| (૨) દર્શનાવરણીય | ૩૦ કોડાકોડી સાગરોપમ | અન્તર્મુહુર્ત |
| (૩) વેદનીય | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૧૨ મુંહર્ત |
| (૪) મોહનીય | ૭૦ કોડાકોડી સાગરોપમ | અન્તર્મુહુર્ત |
| (૫) આયુષ્ય | ૩૩ કોડાકોડી સાગરોપમ | અન્તર્મુહુર્ત |
| (૬) નામ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૮ મુહુર્ત |
| (૭) ગોત્ર | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૮ મુહુર્ત |
| (૮) અંતરાય | ૩૦ કોડાકોડી સાગરોપમ | અન્તર્મુહુર્ત |

(કર્મગ્રન્થ)

## ૪૬૩. પુષ્પમાલામાં ફુલોની સંખ્યા

- ત્રિશલા માતા પાંચવા સ્વપ્નમાં જે ફુલોની માળા દેખે છે. તેમાં કલ્પવૃક્ષનાં તાજા ફુલોની સાથે સાથે. (૧) ચંપા, (૨) અશોક, (૩) પુન્નાગ, (૪) નાગકેસર, (૫) પ્રિયંગુ, (૬) શિરીષ, (૭) મોગરા, (૮) મલ્લિકા, (૯) જાઈ, (૧૦) જુઈ, (૧૧) અંકોલ, (૧૨) કોજ્જ, (૧૩) કોરિંટ, (૧૪) દમનકપત્ર, (૧૫) નવમલ્લિકા, (૧૬) બકુલ, (૧૭) તિલક, (૧૮) વાંસતી, (૧૯) પદ્મ, (૨૦) ઉત્પલ, (૨૧) ગુલાબ, (૨૨) કુંદ,

(૨૩) અતિમુક્તક, (૨૪) આમ્રમંજરી આમ ચોવીસમાં તીર્થંકર થવાના કારણે ૨૪ જાતના પુષ્પોની માળા ત્રિશલામાતાના સ્વપ્નમાં દેખે છે.

(કલ્પસૂત્ર તૃતીય વ્યાખ્યાન)

## ૪૬૪. પ્રભુવીરનો પરિવાર અને ગોત્ર

- **પિતાનાં ત્રણ નામો :** (૧) સિદ્ધાર્થ (૨) શ્રેયાંસ (૩) યશસ્વી ગોત્ર-કાશ્યપ,

**માતાનાં ત્રણ નામો :** (૧) ત્રિશલા (૨) વિદેહદિન્ના (૩) પ્રીતિકારિણી - ગોત્ર - વશિષ્ઠ, **કાકા :** સુપાર્શ્વ, **ભાઈ :** નંદિવર્ધન, **બહેન :** સુદર્શના

**પત્ની :** કૌડિન્યગોત્રવાળી યશોદા.

**પુત્રી :** કાશ્યપ ગોત્ર (૧) અનવદ્યા (૨) પ્રિયદર્શના

**પૌત્રી :** કૌશિક ગોત્ર (૧) શેષવતી (૨) જસવતી

(કલ્પસૂત્ર પાંચમુવ્યાખ્યાન)

## ૪૬૫. પ્રભુનાં દીક્ષાનો વરઘોડો

| | | |
|---|---|---|
| **દીક્ષા દિવસ** | : | માગસર વદ-૧૦ |
| **દિવસનું નામ** | : | સુવ્રત |
| **મુહર્તનું નામ** | : | વિજય |
| **પાલખીનું નામ** | : | ચન્દ્રપ્રભા |
| **ડાબીબાજુ** | : | કુલમહત્તરા હંસલક્ષણસાડી લઈને બેસે |
| **જમણીબાજુ** | : | ધાવમાતા દીક્ષા ઉપકરણ લઈ બેસે. |

| | | |
|---|---|---|
| **પાછળ** | : | સફેદ છત્રધારણ કરેલ એક સુંદરી બેસે. |
| **ઈશાનકોણમાં** | : | સંપૂર્ણ પાણીથી ભરેલ કળશ સ્ત્રી બેસે. |
| **અગ્નિકોણમાં** | : | મણિમયપંખા લઇ એક સ્ત્રી બેસે. |
| **પાલખીને દક્ષિણ દિશામાં** | : | શકેન્દ્ર ઉઠાવે છે. |
| **ઉત્તર દિશામાં** | : | ઈશાનેન્દ્ર ઉઠાવે છે. |
| **દક્ષિણ દિશામાં** | : | ચમરેન્દ્ર ઉઠાવે છે. |
| **ઉત્તર દિશામાં** | : | બલીન્દ્ર ઉઠાવે છે. |
| **ભવનપતિઆદિદેવો** | : | પંચરંગ ફુલોની વર્ષા અને દેવદુંદુભિ વગાડે |
| **શકેન્દ્ર-ઈશાનેન્દ્ર** | : | બંને બાજુ ચામર ઢોળાવે. |

- **વરઘોડો :** પ્રથમ પ્રભુની આગળ આઠમંગલ રત્નમય હોય છે. એની પાછળ પૂર્ણ કળશ, ઝારી, ચામર, મોટી ધજા, વૈડૂર્યરત્ન દંડ, પછી સવાર સહિત ૧૦૯ ઘોડા, ૧૦૯ હાથી, ધ્વજાઓ, ૧૦૮ રથ, ૧૦૮ વીર પુરુષ, ૧૦૦૦ યોજન ઉંચો ૧૦૦૦ ધજાથી યુક્ત મહેન્દ્ર ધ્વજા. આની પાછળ, હાસ્ય કરવાવાળા નૃત્યવાળા, જયનાદ બોલવા વાળા ભાટ ચારણ આદિ. દેવો-શેઠિયાઓ, કૌટુંબિક વિ. ક્રમસર પ્રભુની પાછળ ચાલે. શંખવગાડવાવાળા, ઘંટ વગાડવાવાળા, આવી રીતે ચાલતા જ્ઞાતખંડવનમાં. અશોકવૃક્ષ નીચે પાલખી મૂકી પાલખીથી નીચે ઉતરી પોતાની મેળે બધા અલંકારો ઉતારે છે. તે બધા અલંકારો હંસલક્ષણ સાડીમાં ફુલ મહત્તરા ગ્રહણ કરે. પછી કુલમહત્તરા હિતશિક્ષા દઈ પ્રભુ

ચારમુષ્ટિથી મસ્તકનો લોચ અને ૧ મુષ્ટિથી દાઢી મૂંછનો લોચ કરે છે. પછી કરેમિ સૂત્ર ઉચ્ચરે ત્યારે તરત જ પ્રભુને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય.

(કલ્પસૂત્ર પંચમ વ્યાખ્યાન)

## ૪૬૬. ચારતીર્થંકરોનાં ચતુર્વિધસંઘના નામો

(૧) **શ્રી મહાવીર સ્વામી :** (૧) ઇન્દ્રભૂતિ આદિ ૧૪,૦૦૦ સાધુઓ.
(૨) ચંદનબાળા આદિ ૩૬,૦૦૦ સાધ્વીજીઓ.
(૩) શંખશતક આદિ ૧,૫૯,૦૦૦ શ્રાવકો.
(૪) સુલસા-રેવતી આદિ ૩,૧૮,૦૦૦ શ્રાવિકાઓ

(૨) **શ્રી પાર્શ્વનાથજી :** (૧) આર્યદિન્ન આદિ ૧૬,૦૦૦ સાધુઓ
(૨) પુષ્પચૂલા આદિ ૩૮,૦૦૦ સાધ્વીજીઓ
(૩) સુવ્રત આદિ ૧,૬૪,૦૦૦ શ્રાવકો.
(૪) સુનંદા આદિ ૩,૨૭,૦૦૦ શ્રાવિકાઓ

(૩) **નેમિનાથજી :** (૧) વરદત્ત આદિ ૧૮,૦૦૦ સાધુઓ.
(૨) આર્યયક્ષિણી આદિ ૪૦,૦૦૦ સાધ્વીજીઓ.
(૩) નંદ આદિ ૧,૬૯,૦૦૦ શ્રાવકો.
(૪) મહાસુવ્રતા આદિ ૩,૩૬,૦૦૦ શ્રાવિકાઓ.

(૪) **આદિનાથજી :** (૧) ઋષભસેન આદિ ૮૪,૦૦૦ સાધુઓ
(૨) બ્રાહ્મી-સુંદરી આદિ તીનલાખ સાધ્વીજીઓ
(૩) શ્રેયાંસ આદિ ૩,૫૦,૦૦૦ શ્રાવકો
(૪) સુભદ્રા આદિ ૫,૫૪,૦૦૦ શ્રાવિકાઓ

(કલ્પસૂત્ર ૭મું પ્રવચન)

## ૪૬૭. નાગેન્દ્ર આદિ ચાર ગચ્છોની ઉત્પત્તિ

➺ દશપૂર્વી શ્રી વજ્રસ્વામીનાં શિષ્ય વ્રજસેનસૂરિ વિચરતા સોપારક નગરમાં પહોંચ્યા ત્યાં જિનદત્ત શ્રાવક, શ્રાવિકા ઈશ્વરી અને નાગેન્દ્ર, ચન્દ્ર, નિવૃત્તિ, વિદ્યાધર નામનાં ચાર પુત્રો રહેતાં ભયંકર દુષ્કાળ પડવાનાં કારણે દ્રવ્ય આપવા છતાં અનાજ મળતું નથી. હવે શું કરવું ? કેવી રીતે જીવવું જેથી લાખ રૂપિયા આપી ચોખા લાવીને રાંધ્યા એમાં ઝેર ભેળવવાની તૈયારી હતી એટલામાં વજ્રસેનસૂરિ આવ્યા. એટલે પ્રફુલ્લિત હૃદયથી ભાત વહોરાવે છે ત્યારે કહ્યું કે હે ઈશ્વરી ! તું ચિંતા નકર મારા ગુરુ કહી ગયેલા જેનાં ઘરે લાખ રૂપિયાવાળા ચોખા રાંધેલા મળે બીજા દિવસે સુકાળ પડશે. માત્ર આજની રાત કાઢી લો. બીજા દિવસે પૂરા નગરમાં સુકાળ પડ્યો. વાહનો ભરી અનાજ આવવા માંડ્યું. ગુરુનો ઉપદેશ સાંભળી આખા પરિવારે દીક્ષા લીધી. ચાર પુત્રનાં નામથી ચાર શાખા નીકળી.

(સ્થવિરાવળી)

## ૪૬૮. ચેટક રાજાની સાતપુત્રીઓ અને સ્વામીઓ

➺ ચેટક રાજાને અલગ અલગ રાણીથી સાત કન્યાઓ ઉત્પન્ન થયેલી. ચેટક રાજાને નિયમ હતો કે પરાયા વિવાહ ન કરાવવો. તેથી પોતે મધ્યસ્થ રહીને કોઈને કન્યા આપી ન હતી.

(૧) **પ્રભાવતી :** વીતભય નગરનાં સ્વામી ઉદાયી ને આપેલ.

(૨) **પદ્માવતી :** ચંપાનગરીનાં સ્વામી દધિવાહનને આપેલ.

(૩) **મૃગાવતી :** કૌશાંબીનગરીનાં રાજા શતાનિકને આપેલ.

(૪) **શિવા :** ઉજ્જયિની નગરીનાં સ્વામી ચંડપ્રદ્યોતને આપેલ.

(૫) **જ્યેષ્ઠા :** વીરપ્રભુનાં મોટાભાઈ નંદિવર્ધન રાજાને આપેલ.

(૬) **સુજ્યેષ્ઠા :** શ્રેણીક રાજા સુજ્યેષ્ઠાની સંમતિપૂર્વક જ્યારે ચેલ્લણાને અપહરણ કરવા ગયો ત્યારે સુજ્યેષ્ઠા-ચેલ્લણા બંને તૈયાર થઈ. શ્રેણિક આવ્યો ત્યારે સુજ્યેષ્ઠા રત્નનો ડાબડો લેવા ગઈ ત્યારે શ્રેણિક ચેલ્લણાને લઈ ગયો. આ પ્રસંગે વૈરાગ્ય પામી આર્ય ચંદના પાસે સુજ્યેષ્ઠા એ દીક્ષા લીધી.

(૭) **ચેલ્લણા :** રાજગૃહીનાં રાજા શ્રેણિકને આપેલા. (વિશેષ શતકમ્)

## ૪૬૯. સમુદ્રવિજય રાજાનાં ૧૬ પુત્રો

| | | | |
|---|---|---|---|
| (૧) મહાનેમિ | (૫) અરિષ્ટનેમિ | (૯) અભય | (૧૩) શ્વફલ્ક |
| (૨) સત્યનેમિ | (૬) જયસેન | (૧૦) મેઘ | (૧૪) શિવનંદ |
| (૩) દૃઢનેમિ | (૭) મહીજય | (૧૧) ચિત્રક | (૧૫) વિષયસેન |
| (૪) સુનેમિ | (૮) તેજસ્સેન | (૧૨) ગૌતમ | (૧૬) મહારથ |

(નેમિચરિત્ર)

## ૪૭૦. કૃત્રિકાપણ એટલે શું ?

- કુ + ત્રિક કુ એટલે ભૂમિ ત્રિક્ એટલે ત્રણ લોકની ભૂમિ. સ્વર્ગ, પાતાળ, મનુષ્યલોક. ત્રણે ભુવનમાં જે વસ્તુઓ છે. આપણ એટલે દુકાન સમસ્ત લોકમાં રહેલી વસ્તુઓનો સમાવેશ જેમાં થઈ જાય તે **કુત્રિકાપણ** ત્રણે લોકમાં પ્રતિનિયત એટલે અમુકજ નગરોમાં આવી દુકાન હોય જે વ્યંતરાધિષ્ઠિત હોય વ્યાપારીને જોઈએ તો વ્યંતર તે વસ્તુ લાવી આપે અને મૂલ્યપણ તે સ્વીકારે. (વિશેષશતક)

## ૪૭૧. વૈરાગ્યનાં પર્યાયવાચી શબ્દો !

**माध्यस्थं वैराग्यं विरागता, शान्तिरुपशम प्रशमः ।**

**दोषक्षयः कषायविजयश्च, वैराग्यपर्यायः ॥१७॥**

(૧) **મધ્યસ્થ :** ન રાગ ન દ્વેષ એટલે સારી વસ્તુ જોઈને ખુશ ન થવું અને ખરાબ વસ્તુ જોઈને ગુસ્સો ન કરવો. બંનેમાં મધ્યસ્થ રહેવું તે મધ્યસ્થ.

(૨) **વૈરાગ્ય :** રાગ અને દ્વેષની મન્દતા લાવવી એટલે પોતાની અનુકૂળ ઇન્દ્રિયનાં વિષયમાં રાગ ન કરવો અને અનિષ્ટ વિષયમાં દ્વેષ ન કરવો.

(૩) **વિરાગતા :** માત્ર શબ્દનો પરિવર્તન છે. ઘણા ખુશ પણ ન થવું ઘણો ગુસ્સો (દ્વેષ) પણ ન કરવો.

(૪) **શાન્તિ :** રાગ દ્વેષનો ઉપશમ ભાવ એટલે શાન્તિ. જે વખતે આત્મામાં રાગ-દ્વેષનો ઉદય ન હોય તે વખત નો નિયમ શાન્તિ.

(૫) **ઉપશમ :** રાગ દ્વેષનો સંપૂર્ણ ક્ષય નહિ પરંતુ ઉપશમવવા. એટલે નિમિત્ત મલતાપણ જાગૃતિ ન થવી જોઈએ.

(૬) **પ્રશમ :** રાગ દ્વેષનો ઉત્કૃષ્ટ શમ એટલે આવી અવસ્થામાં આત્મા અતિવિશુદ્ધ ભાવ વાળી બને.

(૭) **દોષક્ષય :** જે આત્મભાવને દૂષિત કરે મલિન કરે તે દોષ. દોષ ને ઉત્પન્ન કરવાવાળા રાગ દ્વેષ છે. તેનો મૂલથી નાશ કરવો પ્રયત્ન કરવો તે.

(૮) **કષાયવિજય :** કષ એટલે સંસાર કષાયનાં કારણે જ સંસારવૃદ્ધિ પામે છે. કષાય ને જ મંદ કરવા તોજ વિજય મળી શકે. કષાયમાં વિજય તેજ સાચો વૈરાગ્ય છે. (પ્રશમરતિ ભા.૧)

## ૪૭૨. રાગનાં પર્યાયવાચી શબ્દો !

**इच्छा मूर्छा कामः स्नेहो गार्ध्य ममत्वमभिनन्दः ।**

**अभिलाष इत्यनेकानि, राग पर्याय वचनानि ॥१८॥**

(૧) **ઈચ્છા :** ઈચ્છા એટલે પ્રીતિ, સારા સુંદર પદાર્થો દેખીને ખુશ થવું આનંદિત થવું. તે ઈચ્છા.

(૨) **મૂર્ચ્છા :** પ્રિયવસ્તુ માંતલ્લીન બનવું. આસક્તિભાવ વધારવો. આ વસ્તુ સારી છે અને મારી જ છે આવો ભાવ ઉત્પન્ન કરવો તે.

(૩) **કામ :** ઈષ્ટ વસ્તુને મેળવવાની ઈચ્છા થવી તે કામના.

(૪) **સ્નેહ :** કોઈપણ પદાર્થ ઉપર ગાઢ પ્રેમ ઉત્પન્ન થવો તે સ્નેહ.

(૫) **ગૃદ્ધતા :** કોઈ ગીધપક્ષી મૃતદેહ (માંસ)ને દેખી આસક્ત બને તેમ જે પદાર્થ પ્રાપ્ત ન થયો હોય તેને મેળવવા માટે પ્રયત્ન કરવો તે.

(૬) **મમત્વ :** આ વસ્તુ તો મારી જ છે આનો માલિક હું જ છું મનનો એક જ પરિણામ તે મમત્વ.

(૭) **અભિનન્દ :** પ્રિયવસ્તુ પ્રાપ્ત થયા પછી ખુશ થવું. સંતોષ થવો તે અભિનંદ.

(૮) **અભિલાષ :** મનને અનુકૂળ પ્રિય વિષયોની પ્રાપ્તિનાં મનોરથ. આકાંક્ષા હૃદયસ્પર્શી રાગ ઉત્પન્ન થવો તે અભિલાષ. (પ્રશમરતિ પ્રકરણ)

## ૪૭૩. દ્વેષનાં પર્યાયવાચી શબ્દો

**इर्ष्या रोषो दोषो द्वेषः परिवादमत्सर सूयाः ।**

**वैर प्रचण्ड़नाद्या नैके द्वेषस्य पर्यायाः ॥१९॥**

(૧) **ઈર્ષ્યા :** જ્યારે આપણી નજર બીજાની સુખ સંપત્તિ ઐશ્વર્ય તરફ જાય છે અને વિચાર આવે આની પાસે આટલો બધો વૈભવ ! યા તો વૈભવ ચાલ્યો જાય અથવા મારી પાસે આવે તો સારૂં આવી ઈચ્છા તે ઈર્ષ્યા.

(૨) **રોષ :** રોષ એટલે ક્રોધ. મોહનીયકર્મનાં ઉદયથી ક્રોધ આવી જાય છે. છતાં જ્યારે આપણું ધાર્યું ન થાય અથવા પોતાની ઈચ્છા વિરુદ્ધ કાર્ય કરે તેનાં પ્રતિક્રોધ કરવો તે રોષ.

(૩) **દોષ :** બીજાનાં દોષને દેખવા તે પણ જ્યારે મનમાં સામાન્ય દ્વેષ ભાવ હોય ત્યારે જ દેખવાનું મન થાય. આ અતિમલિન વૃત્તિ છે.

(૪) **દ્વેષ :** દ્વેષ એટલે અપ્રીતિ. ઘણી વખત બહારથી સારો દેખાવ કરે અને હૃદયમાં અપ્રીતિ તિરસ્કાર રાખે તે પણ દ્વેષ છે.

(૫) **પરિવાદ :** બીજાનાં દોષોને દેખીને બીજાને કહેવા તે પરિવાદ ભલે તે મીઠી-મધુરી ભાષામાં બોલે પરંતુ અન્દર દ્વેષભાવ હોય તો જ દોષ દેખવા કહેવાનું મન થાય.

(૬) **મત્સર :** જે બીજાનું સારૂં દેખી ન શકે અને અન્દરથી બળતો રહે પોતે પોતાનો જ ધિક્કાર કરે તે મત્સર.

(૭) **અસૂયા :** દ્વેષ એક એવી વસ્તુ છે જે બીજાને ક્ષમા આપવા ન દે. પોતે ક્ષમા આપે નહિ અને બીજાને આપવા દે નહિ.

(૮) **વૈર :** પરસ્પર દ્વેષ ભાવ થવાથી. ક્લેશ થવાથી વેરની ઉત્પત્તિ થાય છે. વૈરની ગાંઠ તે દ્વેષની ખતરનાક અસર છે.

(૯) **પ્રચંડન :** ક્રોધાગ્નિને પ્રજ્વલિત કરી પ્રચંડ ગુસ્સો કરવો તે પ્રચંડન.

(પ્રશમરતિ પ્રકરણ)

## ૪૭૪. 'શાસ્ત્ર શબ્દનો અર્થ'

**शास्विति घाग्विधि विद्भिर्धातुः पापठयतेऽनुशिष्ट्यर्थः ।**
**त्रैङ्ति च पालनार्थे विनिश्चितः सर्व शब्द विदाम ॥१८६॥**
**यस्माद् राग द्वेषोद्धत चित्तान् समनुशास्ति सद्धर्मे ।**
**संत्रायते च दुःखाच्छास्त्रमिति निरुच्यते सिद्धिः ॥१८७॥**

**ભાવાર્થ :** ચૌદપૂર્વીઓ 'शास्' ધાતુનાં અર્થને અનુશાસન કહે છે. અને त्रैङ् ધાતુને પાલન અર્થમાં સુનિશ્ચિત કરેલ છે. એટલે રાગ-દ્વેષથી જેમનું મન વ્યાપ્ત છે. તે ચિત્ત ને સદ્ધર્મમાં અનુશાસિત કરે છે અને દુઃખોથી બચાવે તેને લોગો શાસ્ત્ર કહે છે. (પ્રશમરતિ)

## ૪૭૫. ચૌદપૂર્વનાં નામો, પદો, વસ્તુઓ, ચૂલિકા

| પૂર્વનામ | પૂર્વનાં પદો | વસ્તુઓ | ચૂલિકા | હાથી પ્રમાણ |
|---|---|---|---|---|
| (૧) ઉત્પાદપૂર્વ | ૧ કરોડ | ૧૦ | ૪ | ૧ |
| (૨) અગ્રાયણીપૂર્વ | ૯૬ લાખ | ૧૪ | ૧૨ | ૨ |
| (૩) વીર્યપ્રવાદ | ૭૦ લાખ | ૮ | ૮ | ૪ |
| (૪) અસ્તિનાસ્તિપ્રવાદ | ૬૦ લાખ | ૧૮ | ૧૦ | ૮ |
| (૫) જ્ઞાનપ્રવાદપૂર્વ | ૧૦ પદ ન્યૂન ૧ કરોડ | ૧૨ | - | ૧૬ |
| (૬) સત્યપ્રવાદ પૂર્વ | ૧ કરોડ છ પદ | ૨ | - | ૩૨ |
| (૭) આત્મપ્રવાદ | ૩૬ કરોડ | ૧૬ | - | ૬૪ |

| | | | | |
|---|---|---|---|---|
| (૮) કર્મપ્રવાદ | ૧ કરોડ ૮૦ લાખ | ૩૦ | - | ૧૨૮ |
| (૯) પ્રત્યાખ્યાનપ્રવાદ | ૮૪ લાખ | ૨૦ | - | ૨૫૬ |
| (૧૦) વિદ્યાપ્રવાદ | ૧૧ કરોડ ૧૫ હજાર | ૧૫ | - | ૫૧૨ |
| (૧૧) કલ્યાણપ્રવાદ | ૨૬ કરોડ | ૧૨ | - | ૧૦૨૪ |
| (૧૨) પ્રાણવાય પ્રવાદ | ૧ કરોડ ૫૫ લાખ | ૧૩ | - | ૨૦૪૮ |
| (૧૩) ક્રિયાવિશાલ | નવ કરોડ | ૧૩ | - | ૪૦૯૬ |
| (૧૪) લોકબિંદુસાર | સાડા બાર કરોડ | ૨૫ | - | ૮૧૯૨ |
| | કુલ | ૨૦૮ | ૩૪ | ૧૬૩૮૩ |

(પ્રવચન કિરણાવલી)

## ૪૭૬. પદ, વસ્તુ, ચૂલિકા એટલે શું ?

(૧) **પદ :** વિવક્ષિત અર્થ અધિકારનો શરૂઆતથી અંત સુધી જે આલાવો તે પદ કહેવાય. તેટલો ભાગ તે પદ છે બત્રીસ અક્ષરનો એકશ્લોક થાય. આરીતે એક પદનાં ૫૧ કરોડ, ૮ લાખ, ૮૬ હજાર ૮૦૦ શ્લોક થાય

(૨) **વસ્તુ :** પૂર્વોનો જે મોટો વિભાગ, નિયમિત અર્થનો અધિકાર જેમાં કહેલ છે એવો શ્રુતસ્કંધાદિનાં જેવો ઉત્પાદપૂર્વાદિનો ભાગ તે વસ્તુ. તેનાં પણ પ્રાભૃત, પ્રાભૃતપ્રાભૃત, પ્રાભૃતિકા, પ્રાભૃતિકા પ્રાભૃતિકા આ બધા વિભાગો પ્રતિવિભાગો પણ છે.

(૩) **ચૂલિકા :** મેરૂ પર્વતને જેમ ચૂલિકા હોય, જિનાલયને શિખર હોય તેમ શ્રુતરૂપી મંદિરનાં શિખર સમાન ચૂલિકા જાણવી. ૪ પૂર્વોને ચૂલિકા છે બાકીનાને નથી. દ્રષ્ટિવાદમાં પરિક્રમા, પૂર્વગત, સૂત્ર, અનુયોગ વડે કહેલા નહિ કહેલા અર્થને સંગ્રહ કરનાર પદ્ધતિ તે ચૂલિકા. (પ્રવચન કિરણાવલી)

## ૪૭૭. નિંદાનાં કારણે ભવભ્રમણ

- ઉપમિતિ ભવપ્રપંચા કથા નામના ગ્રંથમાં નિંદાનું ભયંકર પાપ બતાવેલ છે. તેમાંથી પ્રથમ અને અંતિમ શ્લોક લખેલ છે બાકીનાં શ્લોક ગ્રંથમાં જોઈ લેવાં.

**निंदापापेन भवभ्रमण - अथ सूरिं सुधाभूतमासाद्य शुभकानेन ।**
**पुनर्द्रष्टौ मयाभद्रे, महत्तम सदागमौ ॥९९३॥**
**न साविपद् न तद्दुःखं न सा गाढ विडम्बना ।**
**लोकेऽस्ति पद्म पत्राक्षि, यान सोढा तदा मया ॥१००४॥**

- **શ્લોક નં. ૯૯૩ થી ૧00૪નો ભાવાર્થ =**

સાધુ વેષને ધારણ કરતો, સાધુઓની વચમાં રહેલો કર્મનાં દોષથી મારૂં મનવિકલ્પોવાળું થયું. મહામોહાદિ પ્રબળ થયા તેથી મહત્તમ, સદાગમ દૂર થયા. તેથી નિમિત્તને પામીને અથવા નિમિત્ત વિના હું પર નિંદિક બન્યો. તપસ્વી, સંયમી, ઉત્તમ આચારો પાલનારા મહાત્માઓની મેં નિંદા કરી. વિશેષ શું કહું. તીર્થંકર ભગવંતો, સંઘ, શ્રુત, ગણધરભગવંતોની આશાતના કરતા મૈં પાછું પણ જોયું નથી. સાધુ વેષ હોવા છતાં ગુણદૂષક પાપાત્મા, મહામોહવશે ભયંકર મિથ્યાદ્રષ્ટિ થયો. નિંદાની આ પાપ ચેષ્ટાથી મેં અતિઘોર દુર્ભેદ કર્મનો સંગ્રહ કર્યો, દુઃખના સમુદ્રમાં ડુબતા અનંત કાળ સુધી સર્વ યોનિઓમાં, સ્થાનોમાં ભટક્યો, અર્ધ દુગલ પરાવર્ત સુધી ભમતા મૈ સર્વે દુઃખો સહ્યા. વિશ્વમાં એવી કોઈ વિપત્તિ નથી એવું કોઈ દુઃખ નથી. એવી કોઈ ગાઢ વિડંબના નથી કે જે મૈં સહન

ન કરી હોય. અર્થાત્ સાતે નારકીનાં, સર્વ પ્રકારના તિર્યંચોના, મનુષ્યોનાં અને દેવલોકનાં પણ દુઃખો સહન કર્યા.

મહાપુરૂષોની નિંદાનું કેવું ભયંકર પરિણામ, સમ્યકત્વ પામેલો જીવ, સાધુ ધર્મ પામેલો જીવ, નિંદામાં ઓતપ્રોત બની. શાસન-સંઘ-અરિહંત-સાધુ-સામયિકની આશાતના કરી અનંતકાળ સુધી નરક નિગોદ, તિર્યંચ્ચ આદિનાં કારમાં દુઃખો સહન કરે છે માટે આ નિંદાના કાતિલરસથી સાવાધાન બની ભવભ્રમણથી અટકીએ. (ઉપમિતિભવપ્રપંચકથા)

## ૪૭૮. પ્રભાવક ચરિત્રમાં આવતી કથાઓ

(૧) વજ્રસ્વામી ચરિત્ર
(૨) આર્યરક્ષિતસૂરિ
(૩) આર્યનંદિલ સૂરિ
(૪) કાલકસૂરિ
(૫) પાદલિપ્તસૂરિ
(૬) વિજયસિંહસૂરિ
(૭) જીવસૂરિ
(૮) વૃદ્ધવાદિસૂરિ
(૯) હરિભદ્રસૂરિ
(૧૦)મલ્લવાદીસૂરિ
(૧૧)બપ્પભટ્ટિ સૂરિ
(૧૨) માનતુંગસૂરિ
(૧૩) માનદેવસૂરિ
(૧૪) સિદ્ધર્ષિસૂરિ
(૧૫) વીરસૂરિ
(૧૬) શાન્તિસૂરિ
(૧૭) મહેન્દ્રસૂરિ
(૧૮) સૂરાચાર્ય
(૧૯) અભયદેવસૂરિ
(૨૦) વીરાચાર્ય
(૨૧) દેવસૂરિ
(૨૨) હેમચંદ્રસૂરિ

આચાર્ય શ્રી ચંદ્રપ્રભસૂરિનાં શિષ્ય પ્રભાચંદ્રસૂરિએ વિ.સં. ૧૩૩૪ ચૈત્ર સુદ સપ્તમીએ પુનર્વસુ નક્ષત્ર શુક્રવારનાં દિવસે આ પ્રભાવક ચરિત્ર પૂર્ણ થયેલ. (પ્રભાવકચરિત્ર)

## ૪૭૯. ધર્મવૃક્ષમાં નવપદોની નવઅવસ્થા

(૧) વૃક્ષનું મૂળ - નમોઅરિહંતાણં
(૨) ફળ - નમો સિદ્ધાણં
(૩) ફૂલ - નમો આયરિયાણં
(૪) પાંદડા - નમો ઉવજ્ઝાયાણં
(૫) શાખા - નમોલોએસવ્વસાહૂણં
(૬) પાણીનું સિંચન - નમો દંસણસ્સ
(૭) અનુકુલ પવન - નમોનાણસ્સ
(૮) અનુકુલ તાપ - નમો ચારિતસ્સ
(૯) અનુકૂળ ભૂમિ - નમો તવસ્સ

## ૪૮૦. ભરતચક્રી દ્વારા અષ્ટાપદેજિનમંદિર

**थूभसय भाउगाणं, चउवीसं चेव जिणहरे कासी ।**
**सव्वजिणाणं पडिमा, वण्ण पमाणेहिं निअएहिं ॥१॥**

**ભાવાર્થ :** ૧૦૦ ભાઈનાં ૧૦૦ સ્તૂપો, ચોવીસ તીર્થંકરોનાં ચોવીશ જિનાલયો, ચોવીસ તીર્થંકરોની કાયા પ્રમાણવાળી અને વર્ણથીયુક્ત ચોવીશ પ્રતિમાઓ ભરતચક્રીએ અષ્ટાપદ પર્વત ઉપર સ્થાપન કરેલ.

(આવશ્યક સૂત્ર)

## ૪૮૧. પર્યુષણનાં પાંચ કર્તવ્યો !

**सव्वेजीवा विइच्छंति-जीविउंन मरिज्जिउं ।**
**तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंतिणं ॥**

(૧) **અમારી પ્રવર્તન :** કોઈપણ જીવને મારવાની પ્રવૃત્તિ કરવી નહિ તે અમારિ પ્રવર્તન. શય્યંભવસૂરિ શ્રુતકેવળીએ દશવૈકાલિક આગમમાં લખ્યું છે કે બધા જીવો જીવવાની ઈચ્છા કરે છે કોઈ મરવાની ઈચ્છા કરતા નથી માટે ઘોર એવા પ્રાણીવધને અવશ્ય ત્યાગ કરવો જોઈએ. નાનામાં નાના જીવની હિંસા આપણા હાથે ન થાય તેનું ખાસ લક્ષ્ય રાખવું જોઈએ. જેમ કે કુમારપાળરાજાનાં શાસનમાં 'માર' શબ્દનો પ્રયોગ પણ થતો ન હતો. અને જે કરતા તેને દંડ અપાતો. ૧૧ લાખ ઘોડા, ૮૦ હજાર હાથી-ઘોડા બધાને જાડા ગરણા દ્વારા ગાળીને પાણી આપતા અને દરેક હાથી ઘોડા ઉપર પૂંજણી રાખતા. અને ૧૮ દેશમાં ગરણા મોકળીને જીવદયાનું પાલન કરાવેલ. આપણે જયણા માટે ખાસ પ્રયત્ન કરવો જોઈએ.

(૨) **સાધર્મિક ભક્તિ :** સમાન ધર્મવાળાને સાધર્મિક કહેવાય. જે દેવગુરુ અને ધર્મ ઉપર શ્રદ્ધા રાખીને દર્શન જ્ઞાન ચારિત્રની આરાધના કરતા હોય તેજ સાચો સાધર્મિક જો તે દુઃખી હોય તો તેની અવશ્ય ભક્તિ કરવી જોઈએ. બધા ધર્મો કરતા સાધર્મિક ભક્તિ વધુ ફળદાયી છે. એ પણ ગુપ્ત રીતે કરવી જોઈએ. કારણ કે સાધર્મિક સગપણની ઘણી જ દુર્લભતા બતાવેલ છે. સમકિત પણ આનાથી નિર્મલ બને છે. એ ધર્મનાં માર્ગે આગળ વધશે તો આપણને ઘણો લાભ થશે.

(૩) **પરસ્પર ક્ષમાપના :**

**जो उवसमई तस्स अत्थि आराहणा, जो न उवसमई तस्स नत्थि आराहणा** – ભદ્રબાહુ શ્રુતકેવળીને કલ્પસૂત્રમાં બતાવેલ છે કે જે સામેથી

જઈને ખમાવે છે તે આરાધક છે જે ખમાવતો નથી તે વિરાધક છે - એટલે આપણી ભૂલ હોય અથવા ન હોય પરંતુ સામેની વ્યક્તિ આપણી પ્રત્યે અણગમો હોય તો સામેથી જઈને ખમાવ્યા પછી જ સંવત્સરીનું પ્રતિક્રમણ શુદ્ધ કહેવાય. આપણી આરાધનાનને સફળ બનાવવા માટે ક્ષમાએ અમોઘ ઉપાય છે.

(૪) **અઠ્ઠમનો તપ :** અઠ્ઠમ એટલે એક સાથે ત્રણ ઉપવાસ કરવા એ આપણું વાર્ષિક કર્તવ્ય છે. જેમ ૧૫ દિવસ પૂર્ણ થયા અને ચૌદસ આવે એટલે ૧ ઉપવાસ. ૪ મહિના પૂર્ણ થયા પછી ચૌમાસી ચૌદસ આવે એટલે ૨ ઉપવાસ અને સંવચ્છરી આવે એટલે ૩ ઉપવાસ આમ શ્રાવક-શ્રાવિકા સાધુ-સાધ્વીજીનો તપનો આચાર બતાવેલ છે. કદાચ ઉપવાસ ન થાય તો બે આંબિલ. બે આંબિલ ન થાય તો ત્રણ લુખીનીવી. નીવીન થાય તો ૪ એકાસણા. એકાસણા ન થાય તો ૮ બિઆસણા. ૮ બિઆસણા ન થાય તો ૨૦૦૦ ગાથાનો સ્વાધ્યાય એ પણ ન થાય તો અંતે ૨૦ બાંધી નવકારવાળી અવશ્ય ગણીને આ તપ પૂર્ણ કરવો. આ એક ઉપવાસ સંબંધી છે. બે-ત્રણ ઉપવાસનું જોડીને ગણી લેવું.

(૫) **ચૈત્યપરિપાટી :** ચૈત્ય એટલે જિનમંદિર પરિપાટી એટલે ચારે બાજુથી ભેગા થઈને જુહારવું. જ્યારે પર્વનાં દિવસો આવે ત્યારે ખાસ સાધુ સાધ્વી શ્રાવક-શ્રાવિકા ચતુર્વિધ સંઘ સાથે જિનેશ્વરના ચૈત્યને જુહારવા જોઈએ. એમાં ગુરુની પાછળ ચાલવાનું. ઉઘાડા પગે ચાલવું. હાથમાં બટવો મંદિરની સામગ્રી હોય. ખભે ખેસ હોય. જિનમંદિર દેખતા જ બે હાથ

જોડી મસ્તક નમાવી "નમો જિણાણં" કહી નીસિહિ-૨ બોલી પ્રવેશ કરી પ્રથમ પ્રદક્ષિણા પછી સ્તુતિ પછી ચૈત્યવંદન કરવું અને થોડા સમય પણ જિનવાણીનું શ્રવણ તે ચૈત્ય પરિપાટી કહેવાય. પુજારી, ચોકીદાર જે પણ હોય તેને પણ ઉચિત દાન આપવું.

(અષ્ટાન્હિકા પ્રવચન)

## ૪૮૨. શ્રાવકનાં વાર્ષિક ૧૧ કર્તવ્યો

(૧) **સંઘપૂજા :** ભગવતી સૂત્રમાં તીર્થંકર પરમાત્માએ ચતુર્વિધ સંઘને તીર્થની ઉપમા આપેલ છે. માટે તીર્થ સ્વરૂપ સંઘની ભક્તિ વર્ષમાં એકવાર અવશ્ય કરવી. સાધુ-સાધ્વીજીને પ્રથમ ગુરુપૂજન તથા વસ્ત્રાદિ દ્વારા ભક્તિ કર્યા પછી શ્રાવક-શ્રાવિકાનાં લલાટમાં તિલક લગાડી વિનય બહુમાનપૂર્વક પહેરામણી કરવી. અને સંઘપૂજા કરવી, વસ્તુપાલ તેજપાલે પોતાનાં જીવનમાં ૧૦૦૦ વાર સંઘ પૂજા કરેલ. કારણ કે એમાં કોઈ અમીર હોય કોઈ ગરીબ એની ભક્તિનો લાભ મળે. વિશેષમાં કોઈ તીર્થંકર ગણધર, પૂર્વધર, સાધુ-સાધ્વીજીનો જીવ હોય તો એમની ભક્તિનો પણ લાભ મળે માટે વિનય બહુમાન પૂર્વક સંઘ પૂજા કરવી.

(૨) **સાધર્મિક વાત્સલ્ય :** સમાન ધર્મ પાળવાવાળાની ભક્તિ વાત્સલ્યપૂર્વક એટલે પ્રેમ બહુમાન પૂર્વક તેમને બેસીને જમાડવા યથાશક્તિ અનુસાર પાંચે પકવાન પીરસવા તે સાધર્મિક વાત્સલ્ય. ઉભા ઉભા ખાય તે સાંઢ એટલે પશુ વાત્સલ્ય થઈ જાય છે. માટે બેસીને બહુમાન પૂર્વક જમાડવા જોઈએ અને શક્તિ હોય તો તિલક કરી બહુમાન પણ કરવું જોઈએ.

(૩) યાત્રાત્રિક :

૧. **પ્રથમત્રિક અઠાઈ મહોત્સવ :** આઠે દિવસ પરમાત્મા ભક્તિનો મહોત્સવ વિધિપૂર્વક થવો જોઈએ. જેમકે સવારે સ્તુતિ ભક્તામર વિ. મંગલપાઠ. જિનવાણીનું શ્રવણ. બપોરે પંચકલ્યાણક આદિ પૂજા. સાંજે સૂર્યાસ્ત પૂર્વ સંધ્યાભક્તિ અને આરતી પછી પ્રતિક્રમણ આ રીતે મહોત્સવ થવો જોઈએ. એમાં પણ સ્વામી વાત્સલ્ય બેસીને બહુમાન પૂર્વક કરવું.

૨. **રથયાત્રા :** વર્ષમાં એકવાર પરમાત્માને રથમાં અથવા પાલખીમાં બિરાજમાન કરી ઉઘાડાપગે પ્રભુજી આગળ પાછળ દીવો-ધૂપ, નૈવેધ. ફળનાં થાલો, ચામર, પંખા વિગેરે લઈને બહુમાનપૂર્વક ચાલવું જોઈએ. ઈન્દ્ર-ઈન્દ્રાણી બનીને પરમાત્માને ધારણ કરવા.

૩. **તીર્થયાત્રા :** तीर्थ पांथ रजसा विरजि भंवन्ति જે નિયમ સાથે તીર્થયાત્રા કરવા એટલે તીર્થની સ્પર્શના કરે તેને કર્મરૂપી રજ દૂર થાય છે. જ્યાં પરમાત્માનાં કલ્યાણકથયા હોય, પરમાત્મા વિચર્યા હોય અથવા ૧૦૦ વર્ષ પ્રાચીન જિનાલય હોય તે તીર્થ કહેવાય. એવાં તીર્થની યાત્રા કરતી વખતે. એકાસણું, સંથારા પર સુવાનો અને બ્રહ્મચર્યનું પાલન આ ત્રણ નિયમ સાથે તીર્થયાત્રા અને શક્તિ અનુસાર દાન પણ આપવું જોઈએ.

(૪) **સ્નાત્ર મહોત્સવ :** પૂજ્યવીર વિજયજી મહારાજાએ જે સ્નાત્ર પૂજાની રચના કરેલ છે તે સ્નાત્ર પૂજાને વિવિધ રાગ રાગીણીઓમાં સંગીત સાથે

ગાવી પરમાત્માની વિધિ અને હૈયાનાં ઉલ્લાસભાવ સાથે પ્રક્ષાલપૂજા, કુસુમાંજલિ વિગેરે ક્રિયા કરવી જોઈએ. એમાં પણ જ્યારે પર્વનાં દિવસો આવે ત્યારે સકલ સંઘે સાંથે મળીને પ્રભુનાં ઈન્દ્ર-ઈન્દ્રાણી બની સ્નાત્ર મહોત્સવ ઉજવવો જોઈએ.

(૫) **દેવદ્રવ્યની વૃદ્ધિ :** દેવદ્રવ્ય એ સુવર્ણ પાત્ર કહેવાય. દરેક સંઘમાં સુવર્ણપાત્ર ભરપૂર હોવું જોઈએ. જેનાથી સંઘની ઉન્નતિ થાય. હાલ પર્યુષણ મહાપર્વમાં વીરપ્રભુનાં જન્મવાંચન દિવસે દેવદ્રવ્યની સારી વૃદ્ધિ થાય માટે એ વખતનાં બધા ચડાવા દેવદ્રવ્યમાં જવા જોઈએ. અને જે દેવદ્રવ્યની બોલી બોલે તેની રકમ પણ જેમ બને તેમ જલદી ભરપાઈ કરી દેવી જોઈએ.

(૬) **મહાપૂજા :** આજે દિવાળી મહાપર્વ આવતા જેમ ઘરની સાફ-સફાઈ થાય તેમ વર્ષમાં એકવાર જિનાલયની પણ શિખરથી માંડી ગંભારા સુધી સાફસફાઈ કરીને પછી જિનાલયનો શણગાર કરવો. તે મહાપૂજા કહેવાય, એમાં પરમાત્માની ઓની ફુલોથી અને ચારેબાજુ શુદ્ધ ઘીનાં દીવાની રોશની થવી જોઈએ. લાઈટ જિનાલયમાં રખાય નહિ. જાતજાતની રંગોલીઓ અષ્ટમંગળ ચૌદ સ્વપ્ન વિગેરે આલેખવા જોઈએ.

(૭) **ધર્મજાગરણ :** જ્યારે કલ્પસૂત્ર-બારસા સૂત્ર જિનેશ્વરનાં આગમો, પરમાત્માનું પારણું ઘેર આવે ત્યારે. રાત્રિ જાગરણ કરવાં. રાત્રિ જાગરણને ધર્મમાં પ્રવર્તાવી એટલે ભક્તિ સંગીત દ્વારા, કાઉસગ્ગ જાપ વિગેરે. આરાધના દ્વારા રાત્રિ જાગરણ કરવી.

(૮) **શ્રુતપૂજા :** ભગવતીસૂત્રમાં ગણધર ભગવંતોએ નમો બંભીએ લીવીએ

નમો સુયસ્સ આ પ્રમાણે નમસ્કાર કરેલ છે. ગણધર ભગવંતો પણ જેઓને નમસ્કાર કરે તેવા શ્રુતની પૂજા શ્રુતને લખાવવા, શ્રુતને કંઠસ્થ કરવા. શ્રુતની આરાધના સાધના વિગેરે શ્રુત પૂજા કહેવાય. જ્ઞાનાવરણીય કર્મને તોડવા માટે આ પૂજા છે.

(૯) **ઉદ્યાપન :** દર્શન-જ્ઞાન ચારિત્ર તેમજ સાતેક્ષેત્રમાં ઉપયોગી બને તેવાં ઉપકરણ દ્વારા ભક્તિ કરવી ઉદ્યાપન. એમાં સાધુ-સાધ્વીને નિર્દોષ વસ્ત્ર પાત્ર વિગેરે ઉપકરણોની પ્રાપ્તિ થાય. જેમ જિનમંદિર પછી શિખર ઉપર ધજા ચડાવવામાં આવે તેમ તપશ્ચર્યા પૂર્ણ થયા પછી ઉદ્યાપન કરવું જોઈએ.

(૧૦)**શાસન પ્રભાવના :** બીજા ધર્મવાળા આપણાં ધર્મની પ્રશંસા કરે તેવાં કાર્યો કરવા જોઈએ. ગુરુ ભગવંતના સામૈયા પરમાત્માનો વરઘોડો બીજા પણ એવા કાર્યો કરવા જેમાં જૈનોની સારી હાજરી હોય. બધા ઉઘાડા પગે ચાલતા હોય. જયકાર બોલાવતા હોય, ગુરુની પાછળ ચાલે પાછળ અનુકંપા દાન દેતા હોય તેવી શાસન પ્રભાવના કરવી.

(૧૧)**આલોચના :** आ अभिविधिनां सकलदोषाणां लोचनो गुरुपुरतः - प्रकाशन आलोचना ભગવતી સૂત્ર ટીકામાં લખ્યું છે કે ગુરુની આગળ સંપૂર્ણ દોષો છુપાવ્યા વગર પ્રગટ કરવા તે આલોચના. નાના અથવા મોટા દોષો (અતિચાર) લાગ્યા હોય તેની અવશ્ય આલોચના લેવી તેથી શુધ્ધ થઈ જવાય.

**(અષ્ટાન્હિકા પ્રવચન)**

## ૪૮૩. કાલકાચાર્ય સમયની ૭ ઘટના

(૧) દત્તરાજાની આગળ યજ્ઞ ફળનું કથન - વીર સં. ૩૦૦ થી ૩૩૫

- આવશ્યક ચૂર્ણી

(૨) નિગોદની વ્યાખ્યા - વીર સં. ૩૩૬ થી ૩૭૬

- સ્થવિરાવલી

(૩) આજીવકોપાસે નિમિત્ત પઠન - વીર સં. ૪૫૩

- પંચકલ્પ ચૂર્ણી

(૪) અનુયોગ નિર્માણ - વીર સં. ૪૫૩ પૂર્વ

- નિશીથ ચૂર્ણી

(૫) ગર્દભિલ્લોચ્છેદ - વીર સં. ૪૫૩ના અંતે

- નિશીથ ચૂર્ણી

(૬) ચતુર્થી પર્યુષણાકરણ - વીર સં. ૪૫૭ થી ૪૬૫

- નિશીથચૂર્ણી

(૭) અવિનીત શિષ્ય પરિત્યાગ - વીર સં. ૪૫૭ પછી

- આવશ્યક ચૂર્ણી

**(પ્રભાવક ચરિત્ર)**

## ૪૮૪. દશપયન્નાનાં શ્લોકોની સંખ્યા

- પયન્નાની રચના તીર્થંકરનાં શિષ્યો કરે. પ્રભુ મહાવીરનાં શાસનમાં ૧૪,૦૦૦ પયન્ના હતા. હાલ માત્ર ૧૦ની સંખ્યા મળે છે અને તેઓનાં હાલ જે ગાથાઓ ઉપલબ્ધ છે તેની સંખ્યા

| | | | |
|---|---|---|---|
| (૧) ચઉસરણ પયન્ના | - ૬૩ ગાથા | (૭) ગચ્છાચાર | - ૧૩૭ ગાથા |
| (૨) આઉરપચ્ચક્ખાણ | - ૭૦ ગાથા | (૮) ગણિવિજ્જા | - ૮૨ ગાથા |
| (૩) મહાપચ્ચક્ખાણ | - ૧૪૨ ગાથા | (૯) દેવેન્દ્રસ્તવ | - ૩૦૭ ગાથા |
| (૪) ભક્ત પરિજ્ઞા | - ૧૭૨ ગાથા | (૧૦) મરણસમાધિ | - ૬૬૩ ગાથા |
| (૫) તંદુલ વૈચારિક | - ૧૩૯ ગાથા | | **કુલ - ૧૮૯૮ શ્લોક** |
| (૬) સંસ્તારક | - ૧૨૩ ગાથા | | |

**(પૂજાસંગ્રહ સાર્થ)**

## ૪૮૫. જૈન ગ્રંથાવળીમાં આવતા ૨૦ પયન્ના

| | | | |
|---|---|---|---|
| (૧) ચંદ્રાવિજ્જય | - ૨૧૪ | (૬) આરાધના પતાકા | - ૯૯૩ |
| (૨) વીરસ્તવ | - ૫૦ | (૭) દ્વીપસાગરપન્નતિ | - ૨૨૩ |
| (૩) અજ્જીવકલ્પ | - ૪૪ | (૮) જ્યોતિષ્ટકરંડક | - ૧૮૫૦ |
| (૪) સિદ્ધપ્રાભૃત | - ૧૨૦ | (૯) અંગવિજ્જા | - ૯૦૦૦ |
| (૫) તિત્થોગાલિ | - ૧૨૩૩ | (૧૦) તિથીપ્રકીર્ણક | - અલભ્ય |

(૧૧) યોનિપ્રાભૃત - વિવિધ પ્રાણી, ઉત્પત્તિ સ્થાન

(૧૨) ઋષિભાષિત - ૪૫ અધ્યયન

(૧૩) વંકચૂલિકા - શ્રુતજ્ઞાન આશાતનાનું ફળ

(૧૪) વ્યાખ્યા ચૂલિઆ - વ્યવહાર ભાષ્યમાં બતાવેલ

(૧૫) સંસક્ત નિર્યુક્તિ - ૬૩ ગાથા છે. **(પ્રવચન કિરણાવલી)**

## ૪૮૬. સ્થવિરભગવંતોનાં ૧૦ ભેદ

| | |
|---|---|
| (૧) લૌકિક સ્થવિર | (૬) ગુરુ સ્થવિર |
| (૨) દેશ સ્થવિર | (૭) સંઘ સ્થવિર |

| | |
|---|---|
| (૩) ગ્રામ સ્થવિર | (૮) પર્યાય સ્થવિર |
| (૪) કુલ સ્થવિર | (૯) શ્રુત સ્થવિર |
| (૫) લૌકિક કુલ સ્થવિર | (૧૦)વયઃ સ્થવિર (વીશ સ્થાનકપૂજા) |

## ૪૮૭. દેવકીનાં આઠ પુત્રોનાં નામો

| | |
|---|---|
| (૧) કૃષ્ણ વાસુદેવ | (૫) નિહતારિ |
| (૨) અનિકયશા | (૬) દેવયશા |
| (૩) અંતસેન | (૭) શત્રુસેન |
| (૪) અજિતસેનક | (૮) ગજસુકુમાલ |

- છપુત્રો એક સાથે સિદ્ધગિરિ પર મોક્ષે ગયેલા.
- ગજસુકુમાલ એ જ દિવસે દીક્ષા લઈ કેવલ પામી મોક્ષે ગયા.
- કૃષ્ણ-વાસુદેવ નરકમાં આવતી ચોવીશમાં અમમ નામે ૧૨માં તીર્થંકર થશે. (૯૯ પ્રકારી પૂજા)

## ૪૮૮. ષડ્ દર્શનનાં મુખ્ય ગ્રંથો

| બૌદ્ધદર્શન | સાંખ્યદર્શન | મીમાંસકદર્શન |
|---|---|---|
| (૧) ધમ્મપદ | (૧) આત્રેય તન્ત્ર | (૧) શક્તિભાષ્ય |
| (૨) ન્યાયબિંદુ | (૨) સાંખ્યસૂત્ર | (૨) જૈમિનીસૂત્ર |
| (૩) દીર્ઘનિકાય | (૩) સાંખ્યકારિકા | (૩) ભાટ્ટદીપીકા |
| (૪) સુતનિકાય | (૪) સાંખ્યપ્રવચન ભાષ્ય | (૪) શ્લોકવાર્તિક |
| (૫) અણુત્તરનિકાય | (૫) સાંખ્યતત્ત્વકોમુદિવૃત્તિ | (૫) મીમાંસાન્યાયપ્રકાશ |

| યોગદર્શન | વેદાંતદર્શન | વૈશેષિકદર્શન |
|---|---|---|
| (૧) વ્યાસભાષ્ય | (૧) વેદાંતસૂત્ર | (૧) કિરણાવલી |
| (૨) પાતંજલ યોગસૂત્ર | (૨) અદ્વૈતસિદ્ધિ | (૨) વૈશેષિક સૂત્ર |
| (૩) તત્ત્વવેશારદીપીકા | (૩) વેદાંત પરિભાષા | (૩) વ્યોમમતિ ટીકા |
| (૪) વ્યાસભાષ્યવાત્તિક | (૪) વિવેકચૂડામણિ | (૪) લીલાવતી ટીકા |
| (૫) યોગસૂત્રગૂઢાર્થદ્યોતનિકા | (૫) સર્વવેદાંતસિદ્ધાંતસાર | (૫) પ્રશસ્તપાદ ભાષ્ય |

(જ્ઞાનજ્યોત)

## ૪૮૯. મલયગિરિજી દ્વારા રચિત સિદ્ધાન્તની ટીકા

| નામ | શ્લોક | નામ | શ્લોક |
|---|---|---|---|
| (૧) આવશ્યકવૃત્તિ | ૧૮,૦૦૦ | (૧૩) પ્રજ્ઞાપનાવૃત્તિઃ | ૧૪,૫૦૦ |
| (૨) ઓઘનિર્યુક્તિવૃત્તિ | ૭,૫૦૦ | (૧૪) બૃહત્કલ્પવૃત્તિઃ | ૪૨,૦૦૦ |
| (૩) કર્મપ્રકૃતિવૃત્તિઃ | ૮,૦૦૦ | (૧૫) ભગવતીદ્વિતીય શતકવૃત્તિઃ | ૩૭૫૦ |
| (૪) ક્ષેત્રસમાસવૃત્તિઃ | ૭૮૮૭ | | |
| (૫) ચંદ્રપ્રજ્ઞપ્તિવૃત્તિઃ | ૯૫૦૦ | (૧૬) રાજપ્રશ્નીયવૃત્તિઃ | ૩,૭૦૦ |
| (૬) જીવાભિગમવૃત્તિઃ | ૧૬,૦૦૦ | (૧૭) વિશેષાવશ્યકવૃત્તિઃ | ૯,૦૦૦ |
| (૭) જ્યોતિષકરંડકવૃત્તિઃ | ૫,૦૦૦ | (૧૮) વ્યવહારવૃત્તિઃ | ૩૩,૬૨૫ |
| (૮) ધર્મસંગ્રહણીવૃત્તિઃ | ૧૧,૦૦૦ | (૧૯) શબ્દાનુશાસનવૃત્તિઃ | ૪,૩૦૦ |
| (૯) ધર્મસારટીકા | - | (૨૦) ષડશીતિવૃત્તિઃ | ૨,૦૦૦ |
| (૧૦) નન્દીવૃદ્ધટીકા | ૭૭૩૨ | (૨૧) સંગ્રહણીવૃત્તિઃ | ૫,૦૦૦ |
| (૧૧) પંચસંગ્રહવૃત્તિઃ | ૧૮૮૫૦ | (૨૨) સપ્તતિકાવૃત્તિઃ | ૩,૭૮૦ |
| (૧૨) પિંડનિર્યુક્તિવૃત્તિઃ | ૬,૦૦૦ | (૨૩) સૂર્યપ્રજ્ઞપ્તિઃ | ૯,૦૦૦ |

(ધર્મસંગ્રહણી)

## ૪૯૦. હરિભદ્રસૂરિ રચિત ઉપલબ્ધગ્રંથો

(૧) અનુયોગદ્વાર લઘુવૃત્તિઃ
(૨) અનેકાન્તજય પતાકા
(૩) અનેકાન્ત દ્રઘટ્ટટઃ
(૪) અનેકાન્ત પાદપ્રવેશઃ
(૫) અર્હચ્છ્રીચૂડામણીઃ
(૬) અષ્ટકપ્રકરણમ્
(૭) આવશ્યક ટીકા
(૮) આવશ્યકબૃહદ્ટીકા
(૯) ઉપદેશપદ
(૧૦) ઉપદેશપદપ્રકરણમ્
(૧૧) ઓઘનિર્યુક્તિઃ
(૧૨) કથાકોષઃ
(૧૩) કર્મસ્તવવૃત્તિઃ
(૧૪) કુલકસંગ્રહઃ
(૧૫) ક્ષમાવલ્લીબીજમ્
(૧૬) ક્ષેત્રસમાસવૃત્તિઃ
(૧૭) ચૈત્યવંદનભાષ્યમ્
(૧૮) ચૈત્યવંદનવૃત્તિઃ
(૧૯) જંબુદ્વીપપ્રજ્ઞપ્તી ટીકા
(૨૦) જંબુદ્વીપ સંગ્રહણીઃ
(૨૧) જીવાભિગમ લઘુવૃત્તિઃ
(૨૨) જ્ઞાનપંચકવિવરણમ્
(૨૩) તત્ત્વતરંગીણી
(૨૪) તત્ત્વાર્થલઘુવૃત્તિઃ
(૨૫) ત્રિભંગીસારઃ
(૨૬) દર્શનશુદ્ધિપ્રકરણમ્
(૨૭) દર્શનસપ્તતિકા
(૨૮) દશવૈકાલિક લઘુવૃત્તિઃ
(૨૯) દિનશુદ્ધિઃ
(૩૦) દેવેન્દ્રનરેન્દ્ર પ્રકરણમ્
(૩૧) દ્વિજવદન ચપેટા
(૩૨) દશવૈકાલિકબૃહદ્વૃતિઃ
(૩૩) ધર્મબિંદુ
(૩૪) ધર્મલાભસિદ્ધિઃ
(૩૫) ધર્મસંગ્રહણી
(૩૬) ધર્મસારઃ
(૩૭) ધૂર્તાખ્યાનમ્
(૩૮) ધ્યાનશતકવૃત્તિઃ

(૩૯) નન્દ્યયયનટીકા
(૪૦) નાનાચિત્રપ્રકરણમ્
(૪૧) ન્યાયપ્રવેશટીકા
(૪૨) ન્યાયવિનિશ્ચય:
(૪૩) ન્યાયાવતારવૃત્તિ:
(૪૪) પંચનિગ્રંથી
(૪૫) પંચલિંગી
(૪૬) પંચવસ્તુ પ્રકરણમ્
(૪૭) પંચસૂત્ર પ્રકરણમ્
(૪૮) પંચસ્થાનમ્
(૪૯) પંચાશક્ય
(૫૦) પરલોકસિદ્ધિ
(૫૧) પિંડનિર્યુક્તિવૃત્તિ
(૫૨) પ્રજ્ઞાપના પ્રદેશ વ્યાખ્યા
(૫૩) પ્રતિષ્ઠા કલ્પ:
(૫૪) બૃહન્મિથ્યાત્વમથનમ્
(૫૫) મુનિપતિ ચરિત્રમ્
(૫૬) યતિદિનકૃત્યમ્
(૫૭) યશોધર ચરિત્રમ્
(૫૮) યોગદ્રષ્ટિ સમુચ્ચય:
(૫૯) યોગબિન્દુ:
(૬૦) યોગશતકમ્
(૬૧) યોગવિંશતિ:
(૬૨) લગ્નકુંડલિકા
(૬૩) લગ્નશુદ્ધિ
(૬૪) લઘુક્ષેત્રસમાસ:
(૬૫) લઘુસંગ્રહણી
(૬૬) લોકતત્ત્વનિર્ણય:
(૬૭) લોકબિન્દુ:
(૬૮) વિંશિકા
(૬૯) વીરસ્તવ:
(૭૦) વીરાંગદકથા
(૭૧) વેદબાહ્યતાનિરાકરણમ્
(૭૨) વ્યવહારકલ્પ:
(૭૩) શાસ્ત્રવાર્તા સમુચ્ચય
(૭૪) શ્રાવકપ્રજ્ઞપ્તિ વૃત્તિ
(૭૫) શ્રાવક ધર્મતન્ત્રમ્
(૭૬) ષડ્દર્શનસમુચ્ચય:
(૭૭) ષોડશકપ્રકરણ
(૭૮) સમકિતપંચાશી

(૭૯) સંગ્રહણીવૃત્તિઃ
(૮૦) સંપચ્ચાસિત્તરી
(૮૧) સંબોધસિત્તરી
(૮૨) સંબોધપ્રકરણ્
(૮૩) સંસારદાવાસ્તુતિઃ
(૮૪) સંસ્કૃતાત્માનુશાસનમ્
(૮૫) સમરાઇચ્ચકહા
(૮૬) સર્વજ્ઞસિદ્ધિઃ ટીકા
(૮૭) ષડ્દર્શની
(૮૮) સ્યાદ્વાદકુયોધ પરિહારઃ

**(ધર્મસંગ્રહણી સટીક)**

➾ હરિભદ્રસૂરિ રચિત ૮૮ ગ્રંથો ઉપલબ્ધ છે કયા ગ્રથમાં શું છે તેનો વિષય ધર્મસંગ્રહણી સટીકનાં આગળનાં ભાગમાં છે.

## ૪૯૧. પ્રાણાતિપાત એટલે હિંસા તેનાં ૩૦ નામો

(૧) **પ્રાણિવધ :** જેમાં પ્રાણ હોય તેનો વધ કરવો તે.

(૨) **શરીરનું ઉન્મૂલન :** જેમ વૃક્ષમૂળમાંથી ઉખેડાય તેમ શરીરમાંથી જીવ કાઢવો.

(૩) **અવીસંભ :** વિશ્વાસ ઘાત કરવો તે.

(૪) **હિંસાવિહિંસા :** જીવોનો વિશેષ કરીને ઘાત કરવો તે.

(૫) **અકિચ્ચં :** એટલે અકૃત્ય નહિ કરવા યોગ્ય કરવું તે.

(૬) **ધાયણા :** ઘાત કરવો તે. (૭) **મારણા :** મારવું તે.

(૮) **વહણા :** વધ કરવો તે. (૯) **ઉદ્દવણા :** ઉપદ્રવ (હેરાન) કરવો તે.

(૧૦) **નિવાયણાય :** નિપાતના મન વચન કાયાથી પાડી નાંખવો તે અથવા દેહ, આયુષ્ય, ઇન્દ્રિય ત્રણથી રહિત કરવો તે.

(૧૧) **આરંભસમારંભ :** ફેક્ટરી આદિમાં વિશેષ આરંભ સમારંભ કરવો તે.

(૧૨) **આઉકમ્મઉવદ્દવો :** આયુષ્ય કર્મમાં ઉપદ્રવ કરવો. પ્રાણને સંકોચવા.

(૧૩) **મચ્ચૂ :** મૃત્યુ દંડ આપવો તે.

(૧૪) **અસંજઝો :** ઈન્દ્રિયનો આસંયમ કરવો તે.

(૧૫) **કડગમદ્દણં :** જીવની સેનાનું મર્દન કરવું તે. (અંગોપાંગ)

(૧૬) **વોરમણં :** શ્વાસથી જીવનો અંત કરવો તે.

(૧૭) **પરભવ સંકામકારઓ :** પરભવમાં ગમન કરાવવો તે.

(૧૮) **દુગ્ગતિ પવાઓ :** દુર્ગતિમાં પાડવો તે.

(૧૯) **પાવકોવો :** પાપરૂપ ક્રોધ કરવો તે.

(૨૦) **પાવબોભો :** પાપકાર્યમાં અતિઆસક્ત થવું તે.

(૨૧) **છવિચ્છેયકરો :** શરીરનું છેદન કરવું તે.

(૨૨) **જીવીયંતકરણો :** જીવિતવ્યનો અંત કરવો તે.

(૨૩) **ભયંકરો :** અતિશય ડરાવવો તે (રામ-લક્ષ્મણ).

(૨૪) **ઋણકરો :** ભવરૂપી દેવું વધારવું તે.

(૨૫) **વજ્જો :** વજ્ર સમાન વજનયુક્ત વસ્તુથી મારવો તે.

(૨૬) **પરિતાવણ અણ્હઓ :** દુઃખથી અતિશય તપાવવો તે.

(૨૭) **વિલાસો :** પ્રાણીઓનાં પ્રાણ નાશ કરવો તે.

(૨૮) **નિજ્જવણા :** નિયતિ એટલે ભાગ્યથી રહિત કરવો તે.

(૨૯) **ગુણાણં વિરાહણપતિ :** પ્રાણીઓનો મૂલગુણની ખંડના ચારિત્ર ગુણની વિરાધના કરવી તે.

(૩૦) **લુંપના :** પ્રાણનું લોપન કરવું તે. (પ્રશ્નવ્યાકરણ)

## ૪૯૨. મૃષાવાદનાં ૩૦ નામો

(૧) अलियं - જુઠું બોલવું
(૨) सढं - માયાવી શબ્દો
(૩) अणज्जं - અનાર્ય વચન
(૪) मायामोसो - કપટયુક્ત જુઠ
(૫) असंतकं - નહોય તે વાત કહેવી
(૬) कूडकवमवात्थुग - ઓછું, અધિક, નિરર્થક
(૭) निरत्थयवमत्थयं - ઇરાદાપૂર્વક જૂઠ
(૮) विद्देसगरहणिज्जं - દ્વેષયુક્ત નિંદા
(૯) अणुज्जुकं - વક્રવચન
(૧૦) कक्कणा - માયાપાપવાળું વચન
(૧૧) वंचणा - ઠગાઇભર્યું વચન
(૧૨) मिच्छापच्छाकदं - ખોટું બોલ્યાં પછી પાછળથી ખોટું કરવું
(૧૩) साती - અવિશ્વાસુ વચન
(૧૪) उच्छन्नं - પોતાનાં દોષ પારકાનાં ગુણને ઢાંકનારૂં વચન
(૧૫) उक्कूलं - ન્યાય ઉપર કટુ વચન
(૧૬) अट्टं - આર્તધ્યાન
(૧૭) अब्भक्खाणि - આળ મૂકવી
(૧૮) कित्विसं - મલિન વચન

(૧૯) वलयं - વાકું બોલવું
(૨૦) ग्रहणं - વન જેવું ગૂઢ વચન
(૨૧) मम्मणं - મર્મયુક્ત વચન
(૨૨) नूमं - ગૂઢાચાર વાળું વચન
(૨૩) निययी - માયાપૂર્વક ગોઠવે વચન
(૨૪) अप्पच्चवओ - અપ્રીતિજનક વચન
(૨૫) असंमओ - અનાચારયુક્ત વચન
(૨૬) असच्चसंघतणं - ખોટી પ્રતિજ્ઞા
(૨૭) विवक्खो - સત્યમાં શત્રુતાભર્યું
(૨૮) उवहीयं - અવહેલનાવાળા શબ્દો
(૨૯) उवहिअसुद्धं - સાવદ્યકારી વચન
(૩૦) अवलोवोत्ति - સદ્‌ભાવને ઢાંકનારૂં વચન

(પ્રશ્ન વ્યાકરણ)

## ૪૯૩. અદત્તાદાનનાં 30 નામો

(૧) चोरिक्कं - ચોરી કરવી
(૨) परहडं - પરધનને હરવું
(૩) अदत्तं - નહિ આપેલી વસ્તુ લેવી
(૪) कूरिकडं - ક્રૂર કાર્ય કરવું.
(૫) परलाभो - પરદ્રવ્યનો લાભ લેવો.

(६) असंजमो - અસંયમ
(७) परघणंमिगेही - પરધનમાં ગુદ્ધ થવું
(८) लोलिक्कं - લોલુપી થવું
(९) तक्करतणंमि - તસ્કરપણું
(१०) अवहारो - અપહરણકરવું
(११) इत्थलहुत्तणं - હાથ ચાલાકી કરવી.
(१२) पावकम्मकरणे - પાપકર્મ કરવું
(१३) तेणिक्कं - ચોરીનો ભાવ
(१४) हरणविपपणासो - હરીને ધનની હાનિ કરવી
(१५) आदियणा - પરધનને લેવું
(१६) लुंपणाधणाणं - પરધન છીનવી લેવું
(१७) अपच्चओ - અપ્રીતિજનક કાર્ય
(१८) अवीलो - પીડાજનક કાર્ય
(१९) अक्खेवो - પરધન લેવા ઉદ્યમ
(२०) खेतो - સંતાડવું
(२१) विक्खेवो - વિશેષ કરીને છુપાવવું
(२२) कूड्या - કુડા તોલમાપા
(२३) कुलमसी - કુલને કલંક આપવું.
(२४) कंखा - ચોરીની ઇચ્છા કરવી.

(૨૫) लालप्पणपत्थणा - દીનતા દર્શાવવી
(૨૬) आसमाणायक्सणं - વિનાશ કારક વ્યસન
(૨૭) ईच्छामुच्छाय - ચોરીની ઇચ્છા પછીથી મૂર્ચ્છા
(૨૮) तण्हागेहि - પામેલા ધનની તૃષ્ણા નહિ પામેલાની ઇચ્છા
(૨૯) नियडिकम्मं - ચોરીને ઢાંકવા માયા
(૩૦) अपच्छतिविय - નજર ચુકવી ચોરી કરવી તે.

(પ્રશ્ન વ્યાકરણ)

## ૪૯૪. અબ્રહ્મચર્યનાં ૩૦ નામો

(૧) अबंभं - અબ્રહ્મચર્ય
(૨) मेहुणं - મૈથુનકર્મ
(૩) चरंतं - ખોટો ભાવ વિચારવો
(૪) संसग्गि - સ્ત્રી-પુરુષનો સંસર્ગ
(૫) सोहणाधिकारो - અકાર્ય સેવન
(૬) संकप्पो - સંકલ્પ વિકલ્પ હેતુ
(૭) वाहणापदाणं - બાધા પીડાનો હેતુ
(૮) दप्पो - ગર્વ ઉત્પન્ન કરવો.
(૯) मोहो - મોહ ઉત્પન્ન કરવો.
(૧૦) मणसंखोभो - મનમાં સંક્ષોભ થવો
(૧૧) अण्णिगहो - ઇંદ્રિયને સ્વછંદી બનાવે

(૧૨) वुग्गहो - ક્લેશનો હેતુ
(૧૩) विद्याओ - ગુણઘાતનો હેતુ
(૧૪) विभंगो - ગુણની વિરાધના
(૧૫) विब्भमो - વિભ્રમનો હેતુ
(૧૬) अधम्मो - અધર્માચરણ
(૧૭) असीलया - શીલનું વિનાશક
(૧૮) गामधमगत्तिती - શબ્દાદિને શોધનાર
(૧૯) रती - કામ સેવા
(૨૦) रागचिंता - સ્નેહ ચિંતા
(૨૧) कामभोगमारो - કામભોગમાં આસક્ત બની મરણાંત
(૨૨) वेरं - વેરનો હેતુ
(૨૩) रहस्सं - ગુપ્ત કર્તવ્ય
(૨૪) गुज्झं - છુપાવવા યોગ્ય
(૨૫) बहुमानो - ઘણાંનો માન્ય
(૨૬) बंभचेरविग्धो - બ્રહ્મચર્ય ઘાતચક
(૨૭) वावत्ति - ગુણનું ઘાતક
(૨૮) विराहणा - ચરિત્રની વિરાધના કરનાર
(૨૯) पसंगो - કામાસક્તિ
(૩૦) कामगुणो - કંદર્પનાં ગુણકાર્ય રૂપ

(પ્રશ્ન વ્યાકરણ)

## ૪૯૫. પરિગ્રહનાં ૩૦ નામો

(૧) परिग्गहो - ભેગું કરવું.

(૨) संचयो - ભેગું કરીને સંગ્રહવું.

(૩) चयो - એકઠું કરવું.

(૪) उवचयो - મોટો ઢગલો કરવો.

(૫) निदान - ભૂમિમાં રાખવું

(૬) संभारो - સારી રીતે રાખવું.

(૭) संकरो - મિશ્ર કરીને રાખવું.

(૮) आयरो - આદરપૂર્વક રાખવું.

(૯) पिंडो - પિંડો બનાવવા.

(૧૦) दव्वसारो - દ્રવ્યલક્ષણનો સાર કાઢવો.

(૧૧) महिच्छा - મોટી ઇચ્છા રાખવી.

(૧૨) पडिबंधो - સ્નેહ રાખવો

(૧૩) लोहप्पा - લોભી બનવું

(૧૪) महिद्धि - મોટી માંગણી

(૧૫) उपकरणं - ઘરવખારનોસંગ્રહ

(૧૬) संरक्खणा - શરીરનું વિશેષ રક્ષણ

(૧૭) भारो - ભાર આપવો.

(૧૮) संपायउपायको - અનર્થનું ઉત્પાદન

(૧૯) कलिकरंडो - ક્લેશનો કરંડિયો
(૨૦) पावित्थरो - ધનધાન્યનો વિસ્તાર
(૨૧) अणत्थो - અનર્થનું કારણ
(૨૨) संथवो - ધનસ્વજનનો પરિચય
(૨૩) अकीत्ति - મનનું આગોપન
(૨૪) अगुत्ती - શરીરનું દુઃખ
(૨૫) अविओगो - ધનાદિનો વિયોગમાં દુઃખ
(૨૬) अमुत्ती - જલ્દી ન છોડવું
(૨૭) तण्हा - તૃષ્ણા રાખવી
(૨૮) अणात्थको - માત્ર સ્વાર્થની ભાવના
(૨૯) आसत्ती - ધનાદિનો સંગ
(૩૦) आसंतोसोत्तीविय - અસંતુલવૃત્તિ

(પ્રશ્ન વ્યાકરણ)

## ૪૯૬. વાયુકાયની હિંસા કેવી રીતે થાય ?

**सुप्प-वियण-तालचंद्र-परिथुनक-हुणमुह-करचलसग्गपित्त-वत्थ एवमादिएहिं अणिलं :** સૂપડે ઝાટકવું, વીંઝણો વીંઝવો, બેપડો વીંઝવો, મોર પીંછી ફેરવવી, મુખે ઉચ્ચાર કરવો, તાલોટા વગાડવા, સાગપત્ર ફરકાવવું, વસ્ત્રથી વાયુ નાંખવો, આનાથી વાયુકાયની હિંસા બતાવેલ છે.

**(પ્રશ્ન વ્યાકરણ)**

## ૪૯૭. ગુણવર્મા રાજાનાં ૧૭ પુત્રો અને ૧૭ પૂજા દ્વારા મોક્ષ

| | પુત્રનામ | | પૂજાનામ | | પુત્રનામ | | પૂજાનામ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | પ્રથમ રાજા | - | અભિષેક | (૧૦) | દશાનન | - | આભૂષણ |
| (૨) | સિંહ | - | વિલેપન | (૧૧) | અચલ | - | પુષ્પનું ઘર |
| (૩) | હરિ | - | અંગલૂછણા | (૧૨) | ભદ્રબુદ્ધિ | - | પુષ્પનો ઢગલો |
| (૪) | ગજ | - | વાસક્ષેપ | (૧૩) | તારૂણ | - | અષ્ટ મંગલ |
| (૫) | પદ્મ | - | પુષ્પ | (૧૪) | ચક્રપાણિ | - | ધૂપ |
| (૬) | છાયાકર | - | પુષ્પમાળા | (૧૫) | પૂર્ણ | - | ગીતસ્તવન |
| (૭) | શંખ | - | અંગરચના | (૧૬) | સોમ | - | નૃત્યં |
| (૮) | અનંત | - | ચૂર્ણ(બરાસ) | (૧૭) | સાગર | - | વાંજીત્ર |
| (૯) | નાગ | - | મહાધ્વજા | | | | |

- **પૂર્વભવનાં એમનાં નામો :** (૧) દત્ત (૨) વાસુદત્ત (૩) સુદત્ત (૪) મિત્તનંદન (૫) લક્ષ્મીધર (૬) ધનેશ (૭) ધનનાથ (૮) ધનેશ્વર (૯) કનક (૧૦) કનકાભ (૧૧) હેમાંભ (૧૨) હેમવર્ણક (૧૩) શ્રીદ (૧૪) શ્રીદત્ત (૧૫) શંખ (૧૬) ધર્મ (૧૭) ધીર
- ૧૫વી પૂજામાં ઇન્દ્ર મહાપૂજા પરમાત્માની સામે ડાબો ઢીંચણ કરી મસ્તક સુધી હાથજોડી ૧૦૮ સ્તોત્રો અને નમુત્થુણં દ્વારા ગીતસ્તવનની પૂજા પૂર્ણ કરે છે.
- આ સત્તર પ્રકારની પૂજા ઇન્દ્ર મહારાજએ ગુણવર્મા રાજાની સાથે કરેલ.
- ગુણવર્મા રાજાનાં પિતા નરવર્મા રાજા દીક્ષા લઈ કેવળી બનેલા.

- ત્યારપછી ગુણવર્મા રાજા પણ દીક્ષા લઈ ચૌદપૂર્વી થાય છે. ૧૭ પુત્રોને ૧૭ પ્રકારનાં રાજ્યમાં સ્થાપન કરે છે.
- ૧૭ પુત્રો પણ ૧૭ પ્રકારની પૂજા ભણાવે છે. ૧-૧ પુત્રો ૧-૧ પ્રકારની પૂજા ભણાવેલ છે. આ ૧૭ પુત્રો એ પૂર્વભવમાં દીક્ષા લીધી હતી.
- નરવર્મા કેવળી ૧૭ પુત્રોનાં પૂર્વ ભવ પણ બતાવે છે.
- ૧૭ પુત્રો પણ પોતાનાં ૧૭ પુત્રોને રાજ્ય આપી ગુણવર્મા મુનિ પાસે દીક્ષા લઈ પાલી પાંચવાં દેવલોકમાં જાય છે.
- દેવલોકમાંથી ચ્યવી ૧૭ પુત્રો મહાવિદેહમાં જન્મ પામી દીક્ષા લઈ મોક્ષે જશે.
- આ ગુણવર્મા રાજા હસ્તિનાપુર નગરમાં થાય છે.
- રાજગૃહી નગરીમાં વીરપ્રભુએ શ્રેણિક રાજા આગળ જે કથા કહેલ તેજ કથાની રચના અચલગચ્છનાં માણિક્ય સુંદરસૂરિ સાંચોરમાં વીરપ્રભુની મૂર્તિ આગળ વિ.સં. ૧૪૮૪માં કરેલ. (ગુણવર્મા ચરિત્ર)

## ૪૯૮. મૌન અગ્યારસનો મહિમા

- નેમિનાથ પરમાત્માએ કૃષ્ણ રાજાને માગસર સુદ-૧૧નો મોટો દિવસ બતાવેલ. કારણ એ દિવસે ૧૫૦ કલ્યાણક પરમાત્માનાં છે.
- વર્તમાન ચોવીશીનાં ત્રણ તીર્થંકરનાં પાંચ કલ્યાણક
- ગઈ ચોવીશીનાં ત્રણ તીર્થંકરનાં પાંચ કલ્યાણક
- આવતી ચોવીશીનાં ત્રણ તીર્થંકરનાં પાંચ કલ્યાણક
- આમ ૧૫ કલ્યાણક થયા. આવી રીતે પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રનાં મળીને ૧૫૦ કલ્યાણક થાય. અને ૧૫૦ તીર્થંકરોના નામ પણ

પ્રાપ્ત થાય છે. માટે આવાં ઉત્તમ દિવસે મૌન સાથે ઉપવાસ કરી અવશ્ય આરાધના કરવી.

- **સુવ્રત શેઠની આરાધના**
- શૂરશેઠે - ૧૧ વર્ષ ૧૧ માસની આરાધના કરેલ.
- આરાધના કરવાથી ૧૧માં દેવલોકમાં ગયા.
- પુત્ર ઉત્પન્ન થતાં સમુદ્રદત્તને - ૧૧ કરોડ સોનૈયા પ્રાપ્ત થયેલ
- પ્રીતીમતિ માતાને વ્રત લેવાની ઈચ્છાથી સુવ્રત નામ રાખેલ.
- સુવ્રત યૌવનવયમાં - ૧૧ કન્યાઓ સાથે લગ્ન કરેલ.
- ધર્મઘોષસૂરિ પાસે પૂર્વભવ સાંભળી સુવ્રત - ૧૧ વર્ષ ૧૧ માસની આરાધના કરેલ.
- સુવ્રતનાં ઘેર ચોરી કરવા ચોરો - અગ્યારસનાં દિવસે ગયેલ.
- જયશેખરસૂરિ પાસે - ૧૧ પત્ની સાથે દીક્ષા ગ્રહણ કરી.
- માસક્ષમણ તપ સુવ્રત શેઠની - ૧૧ પત્નીઓએ દીક્ષા પછી કરેલ.
- તપના પ્રભાવે - ૧૧ પત્ની મોક્ષે ગઈ.
- સુવ્રત શેઠ પણ મોક્ષે ગયા - ૧૧ (અગ્યારસ)ની આરાધના દ્વારા

(ઉપદેશ ધારા)

## ૪૯૯. સંગ્રામ સોની દ્વારા શાસન પ્રભાવના

- શુભ શુકન થવાનાં કારણે માંડવગઢનાં ઉદ્યાનમાં પ્રવેશ કરેલ.
- ઉદ્યાનમાં ગ્યાસુદ્દીન બાદશાહ જ્યારે વાંઝીયાવૃક્ષને છેદવાનો હુકમ કરે છે ત્યારે સંગ્રામ સોની કહે જેમ વાંઝીયા માણસને જીવવાનો અધિકાર છે તેમ એને પણ અધિકાર છે.

- બાદશાહ કહે જો જેઠ માસમાં ન ફળે તો જે વૃક્ષની હાલત થવાની હતી તેવી તારી હાલત થશે.
- સંગ્રામ સોનીએ વૃક્ષ નીચે સ્નાત્રપૂજા ભણાવી ગહુંલી વિગેરે કરી તેથી વૃક્ષનો અધિષ્ઠાયક દેવ પ્રસન્ન થયો.
- દેવનાં સાનિધ્યથી સંગ્રામ સોનીને વૃક્ષ નીચે દાટેલ ધન મળ્યું સાથે વૃક્ષ ઉપર પણ કેરી આવવા માંડી.
- ચાંદીના થાળમાં ભરી કેરીઓ રાજાને ત્યાં મોકલાવી.
- બાદશાહ ખુશ થયો. ધન આપ્યું સાથે પોતાનો કામદાર બનાવેલ.
- આ. સોમસુંદરસૂરિજીનું ચાતુર્માસ માંડવગઢમાં કરાવી ભગવતી સૂત્રનાં શ્રવણ વખતે પોતે ૧ સોનામહોર, માતાએ અડધી સોનામહોર અને પત્નીએ પા સોનામહોર મૂકીને ભગવતી સૂત્રની પૂજા કરેલ.

  ૩૬ + ૧૮ + ૯ = ૬૩,૦૦૦ સોના મહોર થયેલ.
- આ સોના મહોર દ્વારા કલ્પસૂત્ર તથા કાલકાચાર્ય કથાની પ્રતો લખાવીને દરેક ભંડારોમાં ભેટ આપેલ.
- વિ.સં. ૧૪૭૨માં માડંવગઢમાં સુપાર્શ્વનાથનો ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવેલ.
- ત્યારપછી મક્ષી, મંદસોર, બ્રહ્મમંડળ, સામલીઆ, ધાર, નગરખેડ, ચંડાઉલી વિ. ૧૭ સ્થાનોમાં ૧૭ ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવેલ.
- ૫૧ જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવેલ.
- માંડવગઢમાં ૧૪૯૨ થી ૧૫૨૫ સુધી મહમ્મદ ખીલજીનો મોટો ખજાનચી બનેલ.

- વિ.સં. ૧૫૨૦માં બુદ્ધિસાગર ગ્રંથનાં ૪૧૪ શ્લોકની રચના કરેલ. જેમાં ધર્મશુદ્ધિ તરંગ, નપતરંગ, વ્યવહારતરંગ, પ્રકીર્ણક તરંગ ચાર તરંગો બનાવેલ. (માંડવગઢ ઈતિહાસ)

## ૫૦૦. ૬૩ પ્રકારનાં દુર્ધ્યાનો અને કથાઓ નામો

| | ધ્યાનના નામ | કથાઓ |
|---|---|---|
| (૧) | અજ્ઞાનધ્યાન | - અશક્ટાપિતા |
| (૨) | અનાચારધ્યાન | - કોંકણસાધુ |
| (૩) | કુદર્શનધ્યાન | - સુરાષ્ટ્રશ્રાવક |
| (૪) | ક્રોધધ્યાન | - કુલવાલક મુનિ |
| (૫) | માનધ્યાન | - બાહુબલી |
| (૬) | માયાધ્યાન | - ધનશ્રી |
| (૭) | લોભધ્યાન | - વણિકમિત્ર |
| (૮) | રાગધ્યાન | - વિક્રમયશોરાજ |
| (૯) | દ્વેષધ્યાન | - ધર્મરૂચિ-નાવિક |
| (૧૦) | મોહધ્યાન | - બલભદ્ર |
| (૧૧) | ઈચ્છાધ્યાન | - કપિલઃ |
| (૧૨) | મિથ્યાધ્યાન | - જમાલિ |
| (૧૩) | મૂર્ચ્છાધ્યાન | - કનકધ્વજઃ |
| (૧૪) | શંકાધ્યાન | - અષાઢાચાર્યશિષ્યો |
| (૧૫) | કાંક્ષાધ્યાન | - મરિચિ |
| (૧૬) | ગૃદ્ધિધ્યાન | - મંગુસૂરિ |
| (૧૭) | આશાધ્યાન | - મૂલદેવ |
| (૧૮) | તૃષ્ણાધ્યાન | - ક્ષુલ્લકમુનિ |
| (૧૯) | ક્ષુદ્રધ્યાન | - સનત્કુમાર |
| (૨૦) | પથિધ્યાન | - વલ્કલચિરિ |
| (૨૧) | પ્રસ્થાનધ્યાન | - સનત્કુમાર |
| (૨૨) | નિદ્રાધ્યાન | - મહિષમંસભક્ષિઃ |
| (૨૩) | નિદાનધ્યાન | - નંદિષેણ |
| (૨૪) | સ્નેહધ્યાન | - મરૂદેવીમાતા |
| (૨૫) | કામધ્યાન | - કુમારનંદિસોની |
| (૨૬) | ક્લુષધ્યાન | - બાહસુબાહુ |

| ધ્યાનના નામ | કથાઓ |
|---|---|
| (૨૭) કલહધ્યાન | - દુર્યોધન |
| (૨૮) યુદ્ધધ્યાન | - કોણિકરાજા |
| (૨૯) નિયુદ્ધધ્યાન | - બાહુબલીભરત |
| (૩૦) સંગધ્યાન | - રાજીમતી |
| (૩૧) સંગ્રહધ્યાન | - મમ્મણશેઠ |
| (૩૨) વ્યવહારધ્યાન | - સાર્થવાહિની |
| (૩૩) ક્રયવિક્રયધ્યાન | - નંદ |
| (૩૪) અનર્થદંડધ્યાન | - ગંગદત્ત |
| (૩૫) આભોગધ્યાન | - બ્રહ્મદત્ત |
| (૩૬) અનાભોગધ્યાન | - પ્રસન્નચંદ્ર |
| (૩૭) ઋણવિલધ્યાન | - યતિભગિની |
| (૩૮) વૈરધ્યાન | - પરશુરામ |
| (૩૯) વિતર્કધ્યાન | - ચાણક્ય |
| (૪૦) હિંસાધ્યાન | - કાલસૌકરિક |
| (૪૧) હાસધ્યાન | - ચંડરૂદ્રાચાર્ય |
| (૪૨) પ્રજ્ઞાધ્યાન | - ચંડપ્રદ્યોત |
| (૪૩) પ્રદ્વેષધ્યાન | - મરૂભૂતિ-કમઠ |
| (૪૪) પરૂષધ્યાન | - યુગબાહુ |

| ધ્યાનના નામ | કથાઓ |
|---|---|
| (૪૫) ભયધ્યાન | - ગજસુકુમારમુનિ |
| (૪૬) રૂપધ્યાન | - સનત્ચક્રી |
| (૪૭) આત્મપ્રશંસાધ્યાન | - વરરૂચિ |
| (૪૮) પરનિંદાધ્યાન | - કુરગડુમુનિ |
| (૪૯) પરગર્હાધ્યાન | - ગોષ્ઠામાહિલ |
| (૫૦) પરિગ્રહધ્યાન | - મુનિપતિમુનિ |
| (૫૧) પરપરિવાદધ્યાન | - સુભદ્રા સતી |
| (૫૨) પરદૂષણધ્યાન | - અંગઋષિ |
| (૫૩) આરંભધ્યાન | - દ્વીપાયન |
| (૫૪) સંગમધ્યાન | - ક્ષુલ્લકમુનિ |
| (૫૫) પાપાનુમોદનધ્યાન | - રાજા |
| (૫૬) અધિસણધ્યાન | - નંદમણિયાર |
| (૫૭) અસમાધિમરણધ્યાન | - ખંધકાચાર્ય |
| (૫૮) કર્મોદયધ્યાન | - વિષ્ણુ |
| (૫૯) ઋદ્ધિગારવધ્યાન | - દશાર્ણભદ્ર |
| (૬૦) સાલગારવધ્યાન | - જિતશત્રુરાજા |
| (૬૧) શાતાગારવધ્યાન | - શશિરાજ |
| (૬૨) અવિમરણધ્યાન | - મેતાર્યમુનિ |
| (૬૩) અમુક્તિમરણધ્યાન | - સંભૂતિમુનિ |

➻ આ બધા ધ્યાનોની કથા વિવરણ આઉર પચ્ચક્ખાણ નામનાં આગમમાં છે. (આઉર પચ્ચક્ખાણ)

## અઢાર પ્રકારનાં પાપોનું સ્વરૂપ

(૧) **પ્રાણાતિપાત :** પ્રમાદનાં યોગથી પ્રાણોને દૂર કરવા તે.

(૨) **મૃષાવાદ :** મૃષા એટલે ખોટું વાદ એટલે બોલવું. જે વસ્તુ કે વ્યક્તિ જેવા છે તેવાં ન કહેવા અસત્ય અયથાર્થ કહેવું તે મૃષાવાદ. સદ્‌વિચાર, સદ્‌વિવેકનો અભાવ તે જૂઠ.

(૩) **અદત્તાદાન :** અદત્ત એટલે માલિકે નહિ આપેલું. આદાન એટલે ગ્રહણ કરવું તે અદત્તાદાન. પૂછ્યા વિના કોઈ વસ્તુ લેવી તે અદત્તાદાન.

(૪) **મૈથુન :** વેદ મોહનીય કર્મનાં ઉદયથી આત્માનો વિજાતીય સાથે વિકાર ભાવ ઉત્પન્ન થવો તે મૈથુન.

(૫) **પરિગ્રહ :** વસ્તુનો સંગ્રહ કરીને તેનાં ઉપર મમત્વ ભાવ રાખવો. આત્માનો ચારે બાજુથી જકડી રાખે તે પરિગ્રહ.

(૬) **ક્રોધ :** કારણ અથવા કારણ વિના પોતાનાં અધ્યવસાયો ને ક્રૂર બનાવીને ગુસ્સો કરવો તે ક્રોધ.

(૭) **માન :** આત્માને પ્રમાદમાં ઘેનમાં રાખીને પોતાનાં સ્વરૂપને ઓળખવા ન દે તે માન.

(૮) **માયા :** પોતાની જાતને તથા સામેવાળાને વ્યામોહ ઉત્પન્ન કરાવે તેવો પ્રકારનું શાઠ્ય, લુચાઈ, ઠગાઈ ને માયા કહેવાય.

(૯) **લોભ :** વસ્તુ પ્રાપ્ત થયા પછી વધારે વધારે મેલવવાની ઈચ્છા તે લોભ.

(૧૦) **રાગ :** જે વસ્તુ નાશવંત છે કાલ્પનિક સુખ આપનાર છે તેવા પદાર્થો ઉપર અસ્તિત્વભાવ, પ્રેમ, લાગણી કરવી તે રાગ.

(૧૧) **દ્વેષ :** અણગમતી વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ પ્રત્યે અણગમો અરૂચિ-દુર્ભાવ તિરસ્કાર ભાવ તે દ્વેષ.

(૧૨) **કલહ :** આગળ-પાછળનો વિચાર કર્યા વિના મોટા અવાજે બોલી ને વાદ વિવાદ કરવો તે કલહ.

(૧૩) **અભ્યાખ્યાન :** રાગ-દ્વેષથી પ્રેરાઈને અથવાદોષોનું આરોપણ કરવું. આળ દેવી કલંક લગાડવું તે અભ્યાખ્યાન.

(૧૪) **પૈશુન્ય :** કોઈનાં સાચા ખોટા દોષોને પીઠ પાછળ ખુલ્લા પાડવા નબળી વાત જાણી આગળ વાત વધારવી તે પૈશુન્ય.

(૧૫) **રતિ અરતિ :** ઈષ્ટ વસ્તુ મળતાં આનંદની અનુભૂતિ તે રતિ, અનિષ્ટ વસ્તુ જોતાં દુઃખની અનુભુતિ થવી તે અરતિ.

(૧૬) **પરપરિવાદ :** પર એટલે બીજાનો પરિ એટલે દોષ વાદ એટલે કહેવા. બીજાનાં દોષોને કહેવાતે પરપરિવાદ.

(૧૭) **માયામૃષાવાદ :** આયોજનપૂર્વક, બીજાને છેતરવા માટે જુઠ્ઠુ બોલવું તે માયામૃષાવાદ.

(૧૮) **મિથ્યાત્વશલ્ય :** જેમાં દેવ-ગુરુ-ધર્મનાં લક્ષણ ન હોય. તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા રાખીને બુદ્ધિમાં વિપર્યાસ પેદા થાય તે મિથ્યાત્વશલ્ય.

# श्री रंजनविजयजी जैन पुस्तकालय (मालवाडा) के प्रकाशन

-: संपादक :-

आचार्य विजय श्री रत्नाकर सूरीश्वरजी म.सा. के

शिष्य उपाध्याय श्री रत्नत्रयविजयजी, पन्यास श्री रत्नज्योतविजयजी




NAVNEET PRINTERS 9825261177